સાપ્તાહિક

# મુંબઈ સમાચાર

R.N.I. No. 1689/57 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૩ ■ Volume 67 ■ Issue 40

■ વિક્રમ સંવત ૨૦૮૦ ■ આશ્વિન સુદ-૧૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26

રવિવાર, ૧૩ ઓક્ટોબર ૨૦૨૪, (૧૬ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦


ઉત્સવ પૂર્તિ ૭ થી ૧૩

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

**દશેરાએ મુંબઈમાં શૂટઆઉટથી ખળભળાટ**

# એનસીપીના નેતા બાબા સિદ્દીકીની હત્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રધાન બાબા સિદ્દીકી પર બાન્દ્રામાં તેમના દીકરા ઝીશાન સિદ્દીકીના કાર્યાલય બહાર અજાણ્યા શખસોએ શનિવારે રાત્રે ગોળીબાર કરી હત્યા કરી હોવાની ઘટનાથી ખળભળાટ મચી ગયો હતો. લીલાવતી હૉસ્પિટલમાં બાબા સિદ્દીકીનું મૃત્યુ થયું હોવાની વાતને મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ મોડી રાત્રે સમર્થન આપ્યું હતું. આ વર્ષે જ બાબા સિદ્દીકી રાષ્ટ્રવાદી કૉંગ્રેસ (એનસીપી)ના અજિત પવાર જૂથમાં જોડાયા હતા. ચાર રાઉન્ડ ગોળીબાર કર્યા બાદ ફરાર થઈ ગયેલા એક હુમલાખોરની શોધ માટે પોલીસે તપાસ હાથ ધરી હતી જ્યારે બાકીના બે આરોપીને નિર્મલનગર પોલીસ સ્ટેશનના અધિકારીઓએ તાબામાં લીધા હતા. પકડાયેલા બે શૂટરમાંનો એક ઉત્તર પ્રદેશનો જ્યારે બીજો હરિયાણાનો છે.



**બાન્દ્રામાં ફટાકડા ફૂટી રહ્યા હતા ત્યારે દીકરાની ઑફિસની બહાર પૉઈન્ટ બ્લૅન્ક રેન્જથી ચાર રાઉન્ડ ગોળીબાર : બે શૂટર પકડાયા, એક ફરાર**

મોડી રાત્રે બહાર આવેલા એક વીડિયોમાં બાબા સિદ્દીકી ઉપરાંત તેમની સાથેના એક સાગરીતને પગમાં ગોળી વાગી હતી.

મળતી માહિતી અનુસાર ઘટના શનિવારે રાતે ૧૦ વાગ્યાની આસપાસ બાન્દ્રા પૂર્વમાં બની હતી. કહેવાય છે કે દશેરા નિમિત્તે ફટાકડા ફૂટતા હતા ત્યારે બાઈકસવાર હુમલાખોરોએ પિસ્તોલમાંથી ચાર રાઉન્ડ ફાયર કર્યા હતા, જેમાંથી એક ગોળી સિદ્દીકીને વાગી હતી. બાબા સિદ્દીકીને પખવાડિયા પહેલા જાનથી મારવાની ધમકી મળી હોવાનું પણ કહેવાય છે.

ગંભીર જખમી હાલતમાં બાબા સિદ્દીકીને લીલાવતી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. દરમિયાન બનાવની જાણ થતાં નિર્મલ નગર પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ક્રાઈમ બ્રાન્ચની ટીમ પણ તપાસમાં લાગી હોવાનું સૂત્રોનું કહેવું છે. પોલીસ હુમલાખોરોની (જુઓ પાનું ૨) ⏵⏵









## કડી નજીકના જાસલપુરમાં ભેખડ ધસી પડતાં નવ શ્રમિકનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ઉત્તર ગુજરાતના મહેસાણાના કડી તાલુકામાં આવેલા જાસલપુર નજીક કારખાનાની લાંબી દીવાલ બનાવની કામગીરી દરમિયાન ભેખડ ધસી પડતા નવ શ્રમિકોનાં ભેખડની માટી નીચે જ દટાઇ જતા મોત થયાં હતાં જ્યારે એકની હાલત ગંભીર બતાવાઇ રહી છે. બીજી બાજુ આ ઘટના અંગે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઉંડા દુ:ખની લાગણી વ્યક્ત કરીને મૃતકના પરિવારને રૂપિયા ૨ લાખની અને ઘાયલોને રૂ. ૫૦,૦૦૦ની સહાય કરાશે. જ્યારે ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે પણ મૃતકના પરિવારને રૂ. ૪ લાખ રૂપિયા અને ઘાયલને રૂ. ૫૦ હજારની ની સહાય મુખ્યમંત્રી રાહત નિધિમાંથી આપવાની જાહેરાત કરી હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા એક્સ પર પોસ્ટ કરીને લખ્યું, ગુજરાતના મહેસાણાં દીવાલ પડતાં થયેલી દુર્ઘટના અત્યંત દુ:ખદ છે. જે લોકોએ તેમના પરિવારજનો ગુમાવ્યા છે, તેમના પ્રત્યે મારી સંવેદના અને શોક વ્યક્ત કરું છું. ઈશ્વર તેમને પીડા સહન કરવાની (જુઓ પાનું ૨) ⏵⏵

## ગુજરાતમાં દશેરાએ મેઘરાજાનો ઘોડો દોડ્યો: દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં રેલમછેલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં સાતમા નોરતાથી આકાશમાં મંડારાયેલા મેઘરાજાએ છેલ્લા ત્રણ દિવસમાં છુટોછવાયો વરસાદ વરસાવ્યાં બાદ આજે સતત ચોથા દિવસે દક્ષિણ ગુજરાતમાં સુરતમાં બે ઇંચથી વધુ પાણી વરસાવતા ઠેર ઠેર પાણી ભરાઇ ગયાં હતાં. બીજી બાજુ સૌરાષ્ટ્રમાં રાજકોટ સહિતના નગરોમાં પણ ઝાપટાં શરૂ થતા ફરી એક વાર ચોમાસું શરૂ થયું હોય તેવા માહોલ જોવા મળ્યો હતો.

રાજ્યમાં આજે વહેલી સવારથી ૧૨થી વધુ તાલુકામાં વરસાદ શરૂ થયો હતો. ગીર સોમનાથના કોડીનાર, અમરેલીના સાવરકુંડલા, જૂનાગઢના માંગરોળ, ગીર સોમનાથના વેરાવળ, ઉનામાં મોડી સાંજ સુધી વરસાદ વરસ્યો હતો. રાજકોટમાં મોડી સાંજે જોરદાર ઝાપટાં શરૂ થતા નવરાત્રિના મંડપો પલળ્યાં હતા. જ્યારે રાવણના પૂતળા દહનના કાર્યક્રમમાં અવરોધ આવ્યો હતો. સુરત શહેરમાં સતત ત્રીજા દિવસે વીજળીના કડાકા ભડાકા સાથે શહેરમાં વરસાદ શરૂ થયો હતો. જેના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયાં છે. વેસુની મહાવીર યુનિવર્સિટી સામે ઘૂંટણસમા પાણી ભરાયા છે, જેના લીધે રસ્તાઓ પર પણ પાણી ભરાતાં વાહનચાલકોને ભારે હાલાકી પડી રહી છે. જો કે વરસાદને પગલે આજે રાવણ દહનના કાર્યક્રમમાં વિઘ્ન (જુઓ પાનું ૨) ⏵⏵

## 'શસ્ત્ર પૂજા'નો સ્પષ્ટ સંકેત, જો જરૂર પડશે તો શસ્ત્રોનો પૂરેપૂરો ઉપયોગ કરાશે: રાજનાથ

નવી દિલ્હી: સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે શનિવારે જણાવ્યું હતું કે ભારતે ક્યારેય કોઈ દેશ પર નફરત અથવા તિરસ્કારથી પહેલો હુમલો કર્યો નથી, પરંતુ જો તેનાં હિતો જોખમાશે તો અમે મોટું પગલું ભરવામાં અચકાઈશું નહીં.

વિજયાદશમીના અવસર પર રાજનાથ સિંહે પશ્ચિમ બંગાળના સુકના લશ્કરી સ્ટેશન ખાતે 'શસ્ત્ર પૂજા' (શસ્ત્રોની પૂજા) કરી અને કહ્યું કે આ ધાર્મિક વિધિ એ 'સ્પષ્ટ સંકેત છે કે જો જરૂર પડશે તો શસ્ત્રો અને સાધનોનો સંપૂર્ણ તાકાત સાથે ઉપયોગ કરવામાં આવશે.'

સુકના સ્થિત ૩૩ કોર્પ્સ જેને 'ત્રિશક્તિ' કોર્પ્સ તરીકે ઓળખવામાં આવે છે, તે (જુઓ પાનું ૨) ⏵⏵

**શસ્ત્રપૂજા:** પશ્ચિમ બંગાળના દાર્જીલિંગ જિલ્લામાં સુકના ખાતે ૩૩ કોર્પ્સ હેડક્વાર્ટર્સ ખાતે 'વિજયાદશમી' નિમિત્તે શસ્ત્રોની પૂજા કરતા સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ. (પીટીઆઇ)



## દેશભરમાં દશેરાની ધામધૂમથી ઉજવણી

નવી દિલ્હી: દેશભરમાં શનિવારે 'દશેરા'ની ધામધૂમથી ઉજવણી કરાઇ હતી. નવરાત્રિને અંતે રાજા રાવણ, તેના ભાઇ કુંભકર્ણ અને દીકરા મેઘનાદના પૂતળા સળગાવાયા હતા, શસ્ત્રોની પૂજા કરાઇ હતી, ગીતો ગવાયા હતા, નૃત્યના કાર્યક્રમો યોજાયા હતા તેમ જ મોટી સંખ્યામાં ફાફડા-જલેબી ખવાયા હતા.

રાવણ-દહન વખતે ફટાકડા પણ ફોડવામાં આવતા રાતના આકાશમાં રોશની જોવા મળી હતી.

સોશિયલ મીડિયા પર પણ લોકોએ એકબીજાને દશેરાની શુભેચ્છા આપતી રંગબેરંગી પોસ્ટ મૂકી હતી.

દેશમાં અનેક સ્થળે રામલીલાનું આયોજન પણ કરાયું હતું. દેવી દુર્ગાની મૂર્તિઓનું જળાશયોમાં વિસર્જન કરાયું હતું.રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, વડા પ્રધાન નરેન્દ્ર મોદી સહિત અનેક કેન્દ્રીય નેતાએ દિલ્હીમાં લાલ કિલ્લા ખાતે દશેરાના ખાસ કાર્યક્રમને માણ્યો હતો. (એજન્સી) ■



**શત્રુ (વિપક્ષો)ના નાશ માટે તીર:** નવી દિલ્હીમાં લાલ કિલ્લા ખાતે દશેરા નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં ધનુષ્ય-બાણ સાથે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી. (પીટીઆઇ)

## સૅમસન-સૂર્યાની સુનામીમાં બાંગ્લાદેશ ડૂબી ગયું

**ભારતનો ૨૯૭ રનનો વર્લ્ડ રેકૉર્ડ: એક ઓવરમાં સૅમસનની પાંચ સિક્સર**



હૈદરાબાદ: અહીં શનિવારે ભારતે બાંગ્લાદેશને ત્રીજી અને છેલ્લી ટી-૨૦માં ૧૩૩ રનથી હરાવીને પ્રવાસી ટીમનો ૩-૦થી વ્હાઇટવૉશ કર્યો હતો. ભારતના વિક્રમજનક ૨૯૭/૬ના સ્કોર સામે બાંગ્લાદેશની ટીમ ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૬૪ રન બનાવી શકી હતી. રવિ બિશ્નોઈએ ત્રણ અને મયંક યાદવે બે વિકેટ લીધી હતી.

બાંગ્લાદેશના બોલર્સ અને ફીલ્ડર્સનો ભારત સામે રકાસ થયો હતો. ભારતીય બૅટર્સે ધમાલ મચાવી દીધી હતી. ભારતે બૅટિંગ લીધા પછી ૨૦ ઓવરમાં છ વિકેટે ૨૯૭ રન બનાવ્યા હતા. મુખ્ય ક્રિકેટ-રાષ્ટ્રોમાં નવો વર્લ્ડ રેકૉર્ડ છે. ભારતે અફઘાનિસ્તાનનો આયરલૅન્ડ સામેનો ૨૭૮/૩નો પાંચ વર્ષ જૂનો વિક્રમ તોડી નાખ્યો છે. આ પહેલાં ભારત માટે ૨૬૦/૫નો સ્કોર હાઇએસ્ટ હતો જે પણ પાર થઈ ગયો છે. જોકે ભારતીય ટીમ ૩૦૦ રનનો જાદુઈ આંકડો માત્ર ત્રણ રન માટે ચૂકી ગઈ હતી. છેલ્લી ઓવરમાં (જુઓ પાનું ૨) ⏵⏵

## હિંદુસ્તાન ઍરોનૉટિક્સ બની દેશની 'મહારત્ન'

નવી દિલ્હી: સંરક્ષણ ક્ષેત્રે કામ કરતી જાહેર ક્ષેત્રની કંપની હિંદુસ્તાન ઍરોનૉટિક્સ લિમિટેડને 'મહારત્ન'નો દરજ્જો મળી ગયો છે. આ દરજ્જો મેળવનારી તે દેશની ૧૪મી કંપની બની છે.

સંરક્ષણ ઉત્પાદન વિભાગ (ડિપાર્ટમેન્ટ ઑફ ડિફેન્સ પ્રોડક્શન) હેઠળ કામ કરનારી આ કંપનીનું ૨૦૨૩-૨૦૨૪માં ઉત્પાદન રૂપિયા ૨૬,૧૬૨ કરોડનું હતું અને નફો રૂપિયા ૭,૫૯૫ કરોડનો થયો હતો.

હિંદુસ્તાન ઍરોનૉટિક્સ લિમિટેડને 'મહારત્ન'નો દરજ્જો મળતા તેના શૅરના ભાવમાં સોમવારે વધારો થવાની શક્યતા છે.

ડિપાર્ટમેન્ટ ઑફ પબ્લિક એન્ટરપ્રાઇઝીસે જાહેર કર્યું હતું કે નાણાં મંત્રાલયે હિંદુસ્તાન ઍરોનૉટિક્સ લિમિટેડને 'મહારત્ન'નો દરજ્જો આપ્યો છે. આ માટેની દરખાસ્તને પ્રધાનોના ગ્રૂપે અગાઉ જ મંજૂરી આપી દીધી હતી.

હિંદુસ્તાન ઍરોનૉટિક્સ લિમિટેડને ભારતના સંરક્ષણ ક્ષેત્રની દિગ્ગજ કંપની ગણવામાં આવે છે. 'મહારત્ન'નો દરજ્જો મેળવ્યા બાદ આ કંપની હવે અનેક નિર્ણય પોતાની જાતે જ લઇ શકશે અને તેના માટે સરકારની મંજૂરીની જરૂર નહિ પડે.

'મહારત્ન'નો દરજ્જો મળવાથી હિંદુસ્તાન ઍરોનૉટિક્સ લિમિટેડના પ્રોજેક્ટ્સ ઝડપથી આગળ વધારી શકાશે.

ભારતમાં સારી કામગીરી કરનારી કંપનીઓને ત્રણ (જુઓ પાનું ૨) ⏵⏵

## હરિયાણામાં કાર કેનાલમાં ખાબકતાં એક પરિવારના આઠનાં મોત

કૈથલ: હરિયાણામાં કાર કેનાલમાં ખાબકતાં એક પરિવારની ત્રણ મહિલાઓ અને પાંચ કિશોરીઓનાં મોત થયા હતા. આ માહિતી પોલીસે શનિવારે આપી હતી. પોલીસના જણાવ્યા અનુસાર કારમાં એક જ પરિવારના આઠ સભ્યો સહિત નવ લોકો સવાર હતા. તેઓ દશેરા નિમિત્તે આયોજિત બાબા રાજપુરીના મેળામાં ભાગ લેવા જઇ રહ્યા હતા. ડ્રાઇવરે વાહન પરનો કાબૂ ગુમાવ્યો હતો અને વાહન મુંદરી ગામ નજીક કેનાલમાં ખાબક્યું હતું. પોલીસે જણાવ્યું કે ડ્રાઇવરને બચાવી લેવામાં આવ્યો હતો, પરંતુ વાહનમાં સવાર અન્ય આઠ લોકો ડૂબી ગયા હતા. મૃતકોની ઓળખ સતવિંદર (૫૦), ચમેલી (૬૫), તીજો (૪૫), ફિઝા (૧૬), વંદના(૧૦), રિયા (૧૦), રમનદીપ (૬) અને કોમલ (૧૨) તરીકે થઇ છે. ■

## એક્સપ્રેસ ટ્રેન માલગાડી સાથે અથડાતાં આગ લાગી

### ચેન્નઇ પાસેની દુર્ઘટનામાં ટ્રેન પાટા પરથી ખડી પડી

ચેન્નઇ: મૈસુરથી દરભંગા જતી એક્સપ્રેસ ટ્રેન ક્રમાંક ૧૨૫૭૮ ચેન્નઇની નજીક ઊભી રહેલી માલગાડી સાથે શુક્રવારે અંદાજે ૮.૩૦ વાગ્યે અથડાતાં બે ડબામાં આગ લાગી હતી અને વાતાનુકૂલિત (એસીવાળા) ચાર ડબા પાટા પરથી ખડી પડ્યા હતા.

તિરુવલ્લુર જિલ્લાના કવરાપેટ્ટાઇ ખાતે ઊભેલી માલગાડી સાથે ખીચોખીચ ભરેલી એક્સપ્રેસ ટ્રેન જોરથી અથડાઇ હતી અને તેને લીધે અનેક લોકો ઘાયલ થયા હતા.

એક્સપ્રેસ ટ્રેન કલાક દીઠ ૧૦૯ કિલોમીટરની ઝડપે દોડતી હતી, પરંતુ પોન્નેરીના ગ્રીન સિગ્નલને પાર કરીને તેણે ઝડપ કલાક દીઠ ૯૦ કિલોમીટર કરી હતી, પરંતુ અથડામણ અટકાવી નહોતી શકાઇ.

લૂપ લાઇનમાંના ફેરફારને કારણે આ દુર્ઘટના થઇ હોવાનું મનાય છે, પરંતુ વધુ તપાસ ચાલુ છે.

રેલવેના ઉચ્ચ અધિકારીઓ, કર્મચારીઓ અને અગ્નિશામક દળે બચાવ તેમ જ રાહત કામગીરી હાથ ધરી હતી.બે ટ્રેન વચ્ચેની અથડામણની આ ઘટનાને લીધે અનેક ટ્રેન અટકાવાઇ હતી અને કેટલીક ટ્રેનોની અવરજવર ધીમી કરાઇ હતી. (એજન્સી) ■







## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૧૩-૧૦-૨૦૨૪ થી તા. ૧૯-૧૦-૨૦૨૪

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ તા. ૧૭મીએ તુલા રાશિમાં પ્રવેશે છે. મંગળ સમગ્ર સપ્તાહમાં મિથુન રાશિમાં ભ્રમણ કરે છે. બુધ સમગ્ર સપ્તાહમાં તુલા રાશિમાં મિશ્ર ગતિએ માર્ગીભ્રમણ કરે છે. ગુરુ વૃષભ રાશિમાં વક્રીભ્રમણ કરે છે. શુક્ર વૃશ્ચિક રાશિમાં મધ્યમ ગતિએ ભ્રમણ કરે છે. વક્રી શનિ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. રાહુ મીન રાશિમાં ભ્રમણ કરે છે. પ્રારંભે ચંદ્ર મકરમાંથી કુંભમાં તા. ૧૩મીએ આવે છે. તા. ૧૫મીએ મીન રાશિમાં પ્રવેશે છે. તા. ૧૭મીએ મેષમાં, તા. ૧૯મીએ વૃષભમાં આવે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારનાં વાયદાના વેપારમાં સાવધાની રાખવી જરૂરી છે. નોકરી માટે સપ્તાહના ગોચરગ્રહો એકંદરે શુભ છે. તા. ૧૪, ૧૫, ૧૮ના કામકાજમાં સફળતા મેળવશો. ભાગીદારી અનુકૂળ જણાશે. નવા કામકાજ પ્રારંભી શકશો. અર્થવ્યવસ્થા અનુકૂળ રહેશે. મહિલાઓને આ સપ્તાહમાં પતિનો સહયોગ નિજી પ્રવૃત્તિઓમાં પ્રાપ્ત થશે. સાહસિકતાથી નિર્ણયો લેવા માટે સફળતા અનુભવશો. વિદ્યાર્થીઓને અપેક્ષાનુસાર અધ્યયનના નિર્ણયો લેવામાં સ્વપ્રયત્ને સફળતા જણાશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં તેજીના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. નોકરી માટે તા. ૧૩, ૧૪, ૧૭ના નિર્ણયો સકારાત્મક, રચનાત્મક જણાશે. નવી નોકરીનો પ્રારંભ થઈ શકશે. નાણાવ્યવસ્થા સાનુકૂળ બની રહેશે. પ્રવાસ લાભદાયી પુરવાર થશે. કૌટુંબિક જવાબદારીઓ પૂર્ણ કરવામાં મહિલાઓને અનુકૂળતાઓ જણાશે. મહિલાઓને સંતાનની જવાબદારી પૂર્ણ કરવા માટે સફળતા જણાશે. વિદ્યાર્થીઓને અધ્યયન માટે જરૂરી સાધન સામગ્રી પ્રાપ્ત થતી જણાશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારના વાયદાના વેપાર તથા નાણારોકાણના નિર્ણયોમાં સફળતા મેળવશો. નોકરી માટે તા. ૧૩, ૧૫, ૧૬ શુભ જણાય છે. રાજકારણ, જાહેર જીવનની પ્રવૃત્તિઓમાં સફળતા મેળવશો. ભાઈ–બહેનો સાથેના નાણાવ્યવહાર પૂર્ણ થશે. વેપાર વધશે. મહિલાઓના કામકાજ સફળ બની રહેશે. હુન્નરલક્ષી પ્રવૃત્તિઓનું જ્ઞાન મેળવી શકશો. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં કુટુંબના સભ્યોનો સહયોગ, પ્રોત્સાહન પ્રાપ્ત થશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવું રોકાણ શક્ય જણાય છે. નોકરી માટે તા. ૧૬, ૧૭, ૧૮, ૧૯ શુભ પુરવાર થશે. નોકરીનાં સ્થળની બદલી પણ શક્ય છે. પરિવારના વડીલ વ્યક્તિનો આર્થિક સહયોગ મેળવી શકશો. ભાગીદાર કારોબારમાં ઉપયોગી થશે. મહિલાઓને પરિવાર માટે જરૂરી સાધન સામગ્રી સગવડતા પ્રાપ્ત થાય. વિદ્યાર્થીઓના નિત્ય અભ્યાસ પૂર્ણ થઈ શકશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારના લાંબા સમયના રોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપાર સફળ બની રહેશે. નોકરીના અધિકારીનો સહયોગ મેળવશો. નાણાઆવક જળવાઈ રહેશે. કારોબારમાં વૈવિધ્યતા લાવી શકશો. પ્રવાસ દ્વારા કારોબારના વિકાસના પ્રયત્નો સફળતાથી પૂર્ણ કરી શકશો. મિત્રો દ્વારા મહિલાઓના નિજી મૂંઝવતા પ્રશ્નનો ઉકેલ આવી શકે તેમ છે. પતિનો સહયોગ પણ પારિવારિક પ્રવૃત્તિઓમાં પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓને શિક્ષકનું માર્ગદર્શન પ્રાપ્ત થશે.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારના જૂનાં રોકાણમાંથી નાણાંની ઉપલબ્ધિ શક્ય જણાય છે. વ્યવહારિકપણ નોકરીના મૂંઝવતા પ્રશ્નનો ઉકેલ આવશે. તા. ૧૪, ૧૬, ૧૭ કારોબારમાં પ્રસિદ્ધિ અને પ્રગતિ જણાય છે. કારોબારની નાણાઆવકની વૃદ્ધિ થશે. મહિલાઓને નોકરીમાં સહકાર્યકરોનો સહયોગ પ્રાપ્ત થશે. મહિલાઓના ભાઈ–બહેનો સાથેના વિવાદનો ઉકેલ આવશે. વિદ્યાર્થીઓને અધ્યયન માટે માર્ગદર્શન, પ્રોત્સાહન અપેક્ષાનુસાર પ્રાપ્ત થશે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારના તેજીના વેપારમાં કામકાજ અનુકૂળ જણાય છે. નોકરી માટે તા. ૧૪, ૧૬, ૧૭, ૧૮ શુભ જણાય છે. કુટુંબના સભ્યો સાથેના આર્થિક વ્યવહાર સફળતાથી સંપન્ન થશે. સહપરિવાર પ્રવાસ પણ શક્ય જણાય છે. મહિલાઓને પડોશ મિત્રોના વિવાદનો ઉકેલ જણાશે. વ્યવહારુંપણે પરસ્પર વિવાદોનો ઉકેલ લાવી શકશો. વિદ્યાર્થીઓના અભ્યાસ સફળ બની રહેશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં લાંબા સમયનું નાણારોકાણ અને વાયદાનો વેપાર પણ સફળ થતો જણાય છે. નોકરીમાં તા. ૧૫, ૧૬, ૧૮, ૧૯ શુભ પુરવાર થશે. ભાગીદારીના મતભેદોનો ઉકેલ આવશે. કુટુંબના પ્રસંગોમાં મહિલાઓને અનુકૂળતાઓ જણાશે. કુટુંબીજનોનો સહયોગ પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં ધાર્યા મુજબ યશસ્વીપણું અભ્યાસમાં અનુભવાશે. સફળતા માટેની મહેનત પણ ગોચરગ્રહો શુભ દર્શાવે છે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા નાણારોકાણ, નવી કાર્યપદ્ધતિ અપનાવી શકશો. નોકરી માટે તા. ૧૩, ૧૪, ૧૮, ૧૯ શુભ જણાય છે. સપ્તાહમાં ભાગીદાર સાથેના મૂંઝવતા પ્રશ્નનો ઉકેલ આવશે. નિત્ય પ્રવૃત્તિઓ સફળ બનતી જણાશે. કારોબારની નાણાઆવકની વૃદ્ધિ થશે. મહિલાઓને પતિનો સહયોગ કાર્યક્ષેત્રે પ્રાપ્ત થતો જણાશે. વિભાગીય પરીક્ષામાં વિદ્યાર્થીઓને સફળતા જણાશે તથા શૈક્ષણિક પ્રવાસ સફળ બનતા જણાશે.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા નાણારોકાણ માટે સફળ તકો જણાશે. વ્યક્તિગત મૂંઝવણોમાં માર્ગદર્શન મેળવશો. નોકરીમાં તા. ૧૫, ૧૬, ૧૭ ધાર્યા મુજબ સફળતા દર્શાવે છે. પ્રવાસ દ્વારા નોકરીના કામકાજ પૂર્ણ કરી શકશો. કારોબારની ઉઘરાણીનાં નાણાંની વસૂલી સફળતાથી પૂર્ણ કરી શકશો. મહિલાઓને પતિનો સહયોગ કાર્યક્ષેત્રે પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓના અભ્યાસના મૂંઝવતા પ્રશ્નનો ઉકેલ આવશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં લાંબા સમયનું નવું રોકાણ શક્ય જણાય છે. નોકરીના કામકાજ માટે મુસાફરી શક્ય છે. તા. ૧૫, ૧૭, ૧૮ કારોબાર માટે સફળતાસૂચક છે. કારોબારની નાણાઆવકની વૃદ્ધિ થશે. ગૃહિણીઓને સંતાનની જવાબદારીમાં સફળતા જણાશે. વિભાગીય પરીક્ષામાં વિદ્યાર્થીઓને અનુકૂળતાઓ અને ઉત્સાહનો અનુભવ થશે. પરીક્ષાના પરિણામો વિશે આત્મવિશ્વાસ દૃઢ બનશે.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવીન કાર્યપદ્ધતિ અપનાવશો. દૈનિક સાપ્તાહિક વેપારથી નાણાલાભ મેળવશો. તા. ૧૬, ૧૮, ૧૯ના નિર્ણયો એકંદરે નોકરી માટે શુભ પુરવાર થશે. નોકરીમાં ઉપરી અધિકારીનું માર્ગદર્શન મેળવશો. જૂનાં અધૂરા મૂંઝવતા પ્રશ્નનો ઉકેલ આવશે. રાજકીય પ્રવૃત્તિઓમાં મહિલાઓને સફળતા જણાશે. પરિવારના જવાબદારીના કામકાજમાં લક્ષ્ય દાખવી શકશો. વિદ્યાર્થીઓ નવા વિષયના અભ્યાસનો પ્રારંભ કરી શકશે.

## આજનું પંચાંગ

**(ઉત્તરાયણ સૌર શરદઋતુ), રવિવાર, તા. ૧૩-૧૦-૨૦૨૪, પાશાકુશા (સ્માર્ત) એકાદશી, માધવાચાર્ય જયંતી**

ભારતીય દિનાંક ૨૧, માહે આશ્વિન, શકે ૧૯૪૬
વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, આશ્વિન સુદ –૧૦
જૈન વીર સંવત ૨૫૫૦, માહે આશ્વિન, તિથિ સુદ–૧૦
પારસી શહેનશાહી રોજ ૩૦મો અનેરાન, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૪
પારસી કદમી રોજ ૩૦મો અનેરાન, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૪
પારસી ફસલી રોજ ૨૬મો આસતાદ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૩
મુસ્લિમ રોજ ૯મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૬
મીસરી રોજ ૧૦મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૬
નક્ષત્ર ધનિષ્ઠા મધ્યરાત્રિ પછી ક. ૨૬–૫૧ સુધી (તા. ૧૪મી), પછી શતભિષા.
ચંદ્ર મકરમાં બપોરે ક. ૧૫–૪૩ સુધી, પછી કુંભમાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ, જ), કુંભ (ગ, સ, શ, ષ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ.૩૩ અમદાવાદ ક. ૦૬ મિ. ૩૫, સ્ટા. ટા.
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૧૬, અમદાવાદ ક. ૧૮ મિ. ૧૫, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

ભરતી : સવારે ક. ૦૮–૩૧, રાત્રે ક. ૨૦–૫૬
ઓટઃ બપોરે ક. ૧૪–૫૭, મધ્યરાત્રિ પછી ક. ૦૨–૩૯ (તા. ૧૪)
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, આશ્વિન શુક્લ – દસમી. પાશાકુશા (સ્માર્ત) એકાદશી, માધવાચાર્ય જયંતિ, વિષ્ટિ ક. ૧૯–૫૯થી, પંચક પ્રારંભ ક. ૧૫–૪૩થી, સૂર્ય મહાનક્ષત્ર ચિત્રામાં, વાહન મહિષી.
શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
મુહૂર્ત વિશેષઃ ગાયત્રી માતાનું પૂજન, જાપ, હવન, એકાદશી વ્રત ઉપવાસ, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, તુલસીપૂજા, શ્રીસુક્ત, પુરુસુક્ત, શ્રી ગણેશ અથર્વશીર્ષમ અભિષેક, વસુદેવતાનું પૂજન, મંગળ–સૂર્ય ગ્રહદેવતાનું પૂજન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, રાજ્યાભિષેક, મંદિરોમાં પાટ–અભિષેક પૂજા, મંદિરોમાં ધજા–કળશ પતાકા ચઢાવવી, અગાઉ વાસ્તુ થયેલ ઘરમાં રહેવા જવું. પરગામ પ્રયાણ, નવા વસ્રો, આભૂષણ, નોકરી વાહન, સવારી, દુકાન, રત્ન ધારણ, વિદ્યારંભ, નામકરણ, દેવદર્શન, અન્ન પ્રાશન, ધાન્ય ભરવું, વહેંચવું, બી વાવવું, હજામત, વૃક્ષ રોપવા, નિત્ય થતાં પશુ લે–વેંચ,
આચમનઃ ચંદ્ર–સૂર્ય ત્રિકોણ સ્વાસ્થ્ય સારુ રહે. ચંદ્ર–ગુરુ ત્રિકોણ કારોબારમાં પ્રગતિ જાળવી શકે. ચંદ્ર–શુક્ર ચતુષ્કોણ નાણાવ્યવહારમાં સાવધાની રાખવી જરૂરી ચંદ્ર–હર્ષલ ચતુષ્કોણ વાહનમાં અકારણ નાણાખર્ચ થયા કરે.
ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–સૂર્ય ત્રિકોણ, ચંદ્ર–ગુરુ ત્રિકોણ, ચંદ્ર–શુક્ર ચતુષ્કોણ, ચંદ્ર–હર્ષલ ચતુષ્કોણ
ગ્રહગોચરઃ સૂર્ય–કન્યા, મંગળ–મિથુન, બુધ–તુલા, વક્રી ગુરુ–વૃષભ, શુક્ર– વૃશ્ચિક, વક્રી શનિ–કુંભ, રાહુ–મીન, કેતુ–કન્યા, વક્રી હર્ષલ– વૃષભ, વક્રી નેપ્ચૂન–મીન, માર્ગી પ્લુટો–મકર

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૧૩-૧૦-૨૦૨૪ થી તા. ૧૯-૧૦-૨૦૨૪

રવિવાર, આશ્વિન સુદ–૧૦, વિ. સં. ૨૦૮૦, તા. ૧૩મી ઓક્ટોબર, ઈ. સ. ૨૦૨૪. નક્ષત્ર ધનિષ્ઠા મધ્યરાત્રિ પછી ક. ૨૬–૫૧ સુધી (તા. ૧૪મી), પછી શતભિષા. ચંદ્ર મકરમાં બપોરે ક. ૧૫–૪૩ સુધી, પછી કુંભ રાશિ પર જન્માક્ષર. પાશાકુશા (સ્માર્ત) એકાદશી (ટેટી), માધવાચાર્ય જયંતિ, વિષ્ટિ ક. ૧૯–૫૯થી, પંચક પ્રારંભ ક. ૧૫–૪૩થી. શુભ દિવસ.

સોમવાર, આશ્વિન સુદ–૧૧, તા. ૧૪મી, નક્ષત્ર શતભિષા ક. ૦૪–૪૨ સુધી, પછી પૂર્વાભાદ્રપદા. ચંદ્ર કુંભ રાશિ પર જન્માક્ષર. પાશાકુંશા ભાગવત એકાદશી (ટેટી), વિષ્ટિક. ૦૬–૪૨ સુધી, પારસી ૩જો ખોરદાદ માસારંભ. શુભ કાર્ય વર્જ્ય છે.

મંગળવાર, આશ્વિન સુદ–૧૩, તા. ૧૫મી, નક્ષત્ર પૂર્વાભાદ્રપદા રાત્રે ક. ૨૨–૦૮ સુધી, પછી ઉત્તરા ભાદ્રપદા. ચંદ્ર કુંભમાં સાંજે ક. ૧૬–૪૮ સુધી, પછી મીન રાશિ પર જન્માક્ષર. ભૌમ પ્રદોષ, પંચક, શુભ દિવસ.

બુધવાર, આશ્વિન સુદ–૧૪, તા. ૧૬મી, નક્ષત્ર ઉત્તરા ભાદ્રપદા રાત્રે ક. ૧૯–૧૭ સુધી, પછી રેવતી. ચંદ્ર મીન રાશિ પર જન્માક્ષર. શરદ પૂર્ણિમા, કોજાગરી પૂર્ણિમા, વ્રતની પૂનમ, અગ્રહાયણ નવાન્ન પૂર્ણિમા, લક્ષ્મી અને ઈન્દ્ર પૂજન, પંચક, વિષ્ટિક. ૨૦–૪૧થી. શુભ કાર્ય વર્જ્ય છે.

ગુરુવાર, આશ્વિન સુદ–૧૫, તા. ૧૭મી, નક્ષત્ર રેવતી સાંજે ક. ૧૬–૧૯ સુધી, પછી અશ્વિની. ચંદ્ર મીનમાં સાંજે ક. ૧૬–૧૯ સુધી, પછી મેષ રાશિ પર જન્માક્ષર. કાર્તિક સ્નાનારંભ, જયેષ્ઠાપત્ય નિરાંજન નવાન્નભક્ષણ, કુલધર્મ સૂર્ય નિરયન તુલા રાશિમાં ક. ૦૭–૪૩. સંક્રાંતિ પુણ્યકાળ ક. સૂર્યોદયથી ક. ૧૧–૪૨. અન્વાધાન, મહર્ષિ વાલ્મીકિ જયંતી, વિષ્ટિ ક. ૦૬–૪૮ સુધી, પંચક સમાપ્તિ ક. ૧૬–૧૯. શુભ કાર્ય વર્જ્ય છે.

શુક્રવાર, આશ્વિન વદ–૧, તા. ૧૮મી, નક્ષત્ર અશ્વિની બપોરે ક. ૧૩–૨૫ સુધી, પછી ભરણી. ચંદ્ર મેષ રાશિ પર જન્માક્ષર. ઈષ્ટિ. શુભ દિવસ.

શનિવાર, આશ્વિન વદ–૨, તા. ૧૯મી, નક્ષત્ર ભરણી સવારે ક. ૧૦–૪૬ સુધી, પછી કૃત્તિકા. ચંદ્ર મેષમાં સાંજે ક. ૧૬–૦૯ સુધી, પછી વૃષભ રાશિ પર જન્માક્ષર. વિષ્ટિ ક. ૨૦–૧૪થી. સામાન્ય દિવસ.

# બાંગ્લાદેશમાં દુર્ગાપૂજા પરના હુમલા સામે ભારતે વિરોધ નોંધાવ્યો

નવી દિલ્હીઃ બાંગ્લાદેશમાં તાજેતરમાં દુર્ગાપૂજા વખતે મંદિરો અને પૂજાના મંડપ પરના હુમલા તેમ જ મંદિરોમાંની ચોરી અંગે ભારતે ચિંતા વ્યક્ત કરીને તેની સામે જોરદાર વિરોધ નોંધાવ્યો હતો અને બાંગ્લાદેશની સરકારને હિંદુઓ પરના હુમલા રોકવા કડક પગલાં લેવા વિનંતિ કરી હતી.

ઢાકાના તાતી બજારમાંના મંદિરમાં તોફાનીઓએ આગ લગાડી હતી અને પૂજાના મંડપ પર હુમલા કરાયા હતા. તેને લીધે ત્યાં થયેલી ભાગદોડમાં ઓછામાં ઓછા પાંચ જણ ઘાયલ થયા હતા.

સતીખીરાના જેશોરેશ્વરી કાળકા માતાના મંદિરમાં ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ થોડા સમય પહેલાં માતાજીની મૂર્તિને ચઢાવેલો સોનાના ઢોળવાળો ચાંદીનો મુગટ પણ ચોરાઇ ગયો હોવાનું કહેવાય છે. ભારતે બાંગ્લાદેશની સરકારને આ ઘટનાની પણ તપાસ કરવા વિનંતિ કરી હતી.

બાંગ્લાદેશમાં નોકરીમાંની અનામત પ્રથાના વિરોધમાં થોડા સમય પહેલાં થયેલા હિંસક આંદોલન વખતે પણ અનેક હિંદુ પર અને હિંદુઓના ધાર્મિક સ્થળો પર હુમલા કરાયા હતા.

બાંગ્લાદેશમાં દુર્ગાપૂજા વખતે હિંસાની કુલ અંદાજે ૩૪ ઘટના બની હતી અને તેના સંબંધમાં ૧૭ જણની ધરપકડ કરાઇ હતી.

બાંગ્લાદેશની કુલ વસતિ અંદાજે ૧૭ કરોડ છે અને તેમાં હિંદુઓની ટકાવારી આઠ ટકા છે.

બાંગ્લાદેશના પોલીસ મહાનિરીક્ષક મોઇનુલ ઇસ્લામે હિંદુઓની સલામતી માટે બાંયધરી આપી હતી. (એજન્સી)

## બાંગ્લાદેશમાં દુર્ગા પૂજા સંબંધિત ૩૫ અપ્રિય ઘટનામાં ૧૭ની ધરપકડ

ઢાકાઃ બાંગ્લાદેશમાં દુર્ગા પૂજાની ઉજવણી સંબંધિત લગભગ ૩૫ અપ્રિય ઘટનાઓ નોંધાઇ હતી. ત્યારબાદ ૧૭ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. તેમ જ લગભગ એક ડઝન કેસ નોંધવામાં આવ્યા હતા.

બાંગ્લાદેશના દક્ષિણ-પશ્ચિમ સતખીરા જિલ્લામાં દુર્ગા પૂજાની ઉજવણી દરમિયાન એક હિંદુ મંદિરમાંથી વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ભેટમાં આપવામાં આવેલ હાથથી બનાવેલો સુવર્ણ મુગટ ચોરાઇ ગયો હોવાના એક દિવસ બાદ આ ઘટનાઓ સામે આવી છે. ભારતે આ ચોરી અંગે ચિંતા વ્યક્ત કરી છે.

પાંચ દિવસીય હિંદુ ધાર્મિક તહેવારની શરૂઆત બુધવારે દેવી દુર્ગાના આહ્વાન સાથે થઇ હતી, જેને મહા ષષ્ઠી કહેવાય છે. સમારોહનું સમાપન રવિવારે દેવી દુર્ગાની મૂર્તિઓના વિસર્જન સાથે થશે. બાંગ્લાદેશમાં લઘુમતી હિંદુઓને ૫ ઑગસ્ટે શેખ હસીના સરકારના પતન બાદ ભડકેલી હિંસા દરમિયાન ભારે તકલીફોનો સામનો કરવો પડ્યો હતો. હિંદુઓના વ્યવસાયો અને સંપત્તિઓની તોડફોડ કરવામાં આવી અને મંદિરોને નષ્ટ કરવામાં આવ્યા હતા. બાંગ્લાદેશની ૧૭ કરોડની વસ્તીમાં માત્ર આઠ ટકા હિંદુ છે.

અખબાર ઢાકા ટ્રિબ્યૂને પોલીસ મહાનિરીક્ષક(આઇજીપી) મોઇનુલ ઇસ્લામને ટાંકીને જણાવ્યું હતું કે ૧ ઑક્ટોબરથી દેશભરમાં ચાલી રહેલી દુર્ગા પૂજાની ઉજવણી સાથે સંબંધિત ૩૫ ઘટનાઓ બની છે, જેના કારણે ૧૧ કેસ નોંધવામાં આવ્યા છે, ૨૪ જનરલ ડાયરી(જીડી) નોંધવામાં આવી છે અને ૧૭ લોકોની ધરપકડ કરવામાં આવી છે. તેમણે શુક્રવારે ઢાકામાં જણાવ્યું કે દેશભરમાં ૩૨,૦૦૦થી વધુ મંડપમાં દુર્ગા પૂજાની ઉજવણી કરવામાં આવી રહી છે.

આઇજીપી ઇસ્લામે ખાતરી આપી કે પોલીસ પાસે ઘટનાઓ માટે જવાબદાર લોકોનો રેકોર્ડ છે અને કહ્યું કે વિક્ષેપ પાડવામાં સામેલ કોઇપણ વ્યક્તિને બક્ષવામાં નહીં આવે. જો કોઇ પણ દુર્ગા પૂજા દરમિયાન અરાજકતા ફેલાવવાનો અથવા દૂષિત પ્રવૃત્તિઓમાં સામેલ થવાનો પ્રયાસ કરશે તો અમે આકરા પગલાં લઇશું.

## અમિત શાહે આરએસએસના સ્થાપના દિવસ નિમિત્તે સ્વયંસેવકોને શુભેચ્છા પાઠવી

નવી દિલ્હીઃ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે શનિવારે આરએસએસના સ્થાપના દિવસ નિમિત્તે સ્વયંસેવકોને શુભેચ્છા પાઠવી હતી. તેમણે કહ્યું કે આ સંગઠન તેની સ્થાપનાની શરૂઆતથી જ ભારતીય સંસ્કૃતિનું રક્ષણ અને યુવાનોમાં દેશભક્તિના વિચારોને વિકસાવવા માટે નોંધપાત્ર કાર્ય કરી રહ્યું છે.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ની સ્થાપના ૧૯૨૫માં વિજયાદશમીના દિવસે નાગપુરમાં કેશવ બલિરામ હેડગેવારે કરી હતી. શાહે એક્સ પર જણાવ્યું કે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્થાપના દિવસની તમામ સ્વયંસેવકોને હાર્દિક શુભેચ્છાઓ. આ સંગઠન શિસ્ત અને દેશભક્તિનું અનોખું પ્રતીક છે. આરએસએસ તેની શરૂઆતથી જ ભારતીય સંસ્કૃતિનું રક્ષણ અને યુવાનોને સંગઠિત કરવા તથા તેમનામાં દેશભક્તિના વિચારો વિકસાવવાનું નોંધપાત્ર કાર્ય કરી રહ્યું છે. તેમણે કહ્યું કે આરએસએસ સમાજ સેવાના કાર્યને વધુ તીવ્ર બનાવી અને તેમના શૈક્ષણિક પ્રયાસોના માધ્યમથી દેશના કલ્યાણ માટે સમર્પિત દેશભક્તોનું નિર્માણ કરીને દરેક વર્ગને સશક્ત બનાવી રહ્યું છે. ગૃહ પ્રધાને દેશવાસીઓને વિજયાદશમીની શુભકામનાઓ પણ પાઠવી હતી. તેમણે સંદેશમાં જણાવ્યું કે વિજયાદશમી અધર્મ પર ધર્મના અને અસત્ય પર સત્યના વિજયનું પ્રતીક છે. તેમણે હિન્દીમાં સંદેશમાં કહ્યું કે વિજ્યાદશમીનો આ તહેવાર દરેકને પોતાની અંદર રહેલી બુરાઇઓને દૂર કરવા અને ધર્મ અને માનવતાના માર્ગ પર ચાલવાની પ્રેરણા આપે છે. ભગવાન શ્રીરામ દરેકનું ભલું કરે. જય શ્રી રામ.

## આરજી કર કેસ મામલે ઝડપી ન્યાયની માગણી સાથે સીબીઆઈ ઓફિસ સુધી કૂચ

કોલકાતા : ડૉક્ટરો, વકીલો સહિત સેંકડો લોકોએ શનિવારે સોલ્ટ લેકમાં સીજીઓ સંકુલમાં સીબીઆઈ કાર્યાલય તરફ કૂચ કરી હતી અને રાજ્ય સંચાલિત આરજી કર મેડિકલ કોલેજ અને હૉસ્પિટલના એક મહિલા ડૉક્ટરની ઘૃણાસ્પદ બળાત્કાર અને હત્યા મામલે ઝડપી ન્યાયની માગ કરી હતી.

સોલ્ટ લેકના કરુણામયી વિસ્તારમાંથી નીકળેલી, રેલીએ ''અમને ન્યાય જોઈએ છે'' જેવા સૂત્રો પોકારતા સીજીઓ સંકુલ તરફ કૂચ કરી હતી.

તેઓએ સીબીઆઈ પર પણ 'આશ્ચર્ય' વ્યક્ત કર્યું હતું કે કેન્દ્રીય તપાસ સંસ્થાની ચાર્જશીટ વ્યવહારીક રીતે કોલકાતા પોલીસની તપાસના તારણોને સમર્થન આપે છે જેણે સંજય રોયને એકમાત્ર ગુનેગાર તરીકે ઠરાવ્યો હતો, જે હવે કસ્ટડીમાં છે.

''અમને આશ્ચર્ય થાય છે કે સીબીઆઈ થોડા દિવસો પહેલા રજૂ કરાયેલ તેની ચાર્જશીટમાં કોલકાતા પોલીસની તપાસને કેવી રીતે સમર્થન આપી શકે છે. અમારા ધ્યાનમાં આમાં પારદર્શિતાનો અભાવ છે અને આ ક્રૂરતા પાછળના અન્ય લોકોનો પર્દાફાશ થવો જોઈએ.'' તેવું એક જણે કહ્યું હતું.

પોલીસે સીજીઓ કોમ્પ્લેક્સમાં સીબીઆઈ ઓફિસ તરફ જતા રસ્તાઓ પર બેરિકેટ લગાવી દીધા હતા.

જો કે, પ્રદર્શનકારીઓના પાંચ પ્રતિનિધિને માંગણીઓનું મેમોરેન્ડમ સબમિટ કરવા માટે સીબીઆઈ ઓફિસની અંદર જવા દેવામાં આવ્યા હતા. સીબીઆઈ આરજી કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલના ડૉક્ટરના બળાત્કાર અને હત્યાની તપાસ કરી રહી છે.

## ડૉકટરો દ્વારા સામૂહિક રાજીનામું અસ્વીકાર્ય, વ્યક્તિગત રાજીનામું આપોઃ બંગાળ સરકાર

કોલકાતાઃ પશ્ચિમ બંગાળ સરકારે શનિવારે જણાવ્યું હતું કે રાજ્ય સંચાલિત હૉસ્પિટલોના ડૉક્ટરોનું સામૂહિક રાજીનામું સેવા નિયમો અનુસાર માન્ય નથી અને તે વ્યક્તિગત રીતે રજૂ કરવું આવશ્યક છે. કોલકાતાની આરજી કર મેડિકલ કોલેજ અને હૉસ્પિટલમાં બળાત્કાર અને હત્યા કરાયેલી પોસ્ટ ગ્રેજ્યુએટ ટ્રેઇની માટે ન્યાય મેળવવા ઉપવાસ પર ઉતરેલા જુનિયર તબીબોના સમર્થનમાં રાજ્ય સંચાલિત હૉસ્પિટલોના કેટલાક ડોકટરોએ તેમની માંગણીઓ માટે દબાણ કરવા માટે સરકારને સામૂહિક રીતે સહી કરેલ ''રાજીનામું'' મોકલ્યું છે.

પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનરજીના મુખ્ય સલાહકાર અલાપન બંદ્યોપાધ્યાયે અહીં રાજ્ય સચિવાલય નબન્નામાં પત્રકારોને જણાવ્યું હતું કે, ''સેવાના નિયમો અનુસાર જ્યાં સુધી કોઈ કર્મચારી એમ્પ્લોયરને વ્યક્તિગત રીતે પોતાનું રાજીનામું મોકલે નહીં, ત્યાં સુધી તે રાજીનામું ગણાતું નથી.'' તેમણે સ્પષ્ટ કર્યું હતું કે ડૉક્ટરો દ્વારા મોકલવામાં આવેલા પત્રો ચોક્કસ મુદ્દાઓને સંબોધિત કર્યા વિના માત્ર સામૂહિક હસ્તાક્ષર હતા.

## પહેલા પાનાનું ચાલુ

### સૅમસન-સૂર્યાની

નીતિશ રેડ્ડી (૦) અને હાર્દિક પંડ્યાની વિકેટ ન પડી હોત તો ઇન્ટરનૅશનલ ક્રિકેટના મોટા દેશોમાં પહેલા ૩૦૦ રન ભારતના નામે લખાયો હોત.

ક્રિકેટના નાના દેશોની પણ ગણતરી થાય તો નેપાલનો મોંગોલિયા સામેનો ૩૧૪/૩નો સ્કોર રેકૉર્ડ-બુકમાં મોખરે છે. સંજુ સૅમસન (૧૧૧ રન, ૪૭ બૉલ, આઠ સિક્સર, અગિયાર ફોર)એ પહેલી ટી-૨૦ ઇન્ટરનૅશનલ સેન્ચુરી ફટકારી હતી. તેણે બાવીસ બૉલમાં ૫૦ રન પૂરા કર્યા હતા અને ૪૦મા બૉલ પર ૧૦૦ રન પૂરા કર્યા હતા અને રોહિત શર્મા (૨૦૧૭માં શ્રીલંકા સામે ૩૫ બૉલમાં સદી) પછીનો ભારતનો બીજા નંબરનો ફાસ્ટેસ્ટ સેન્ચુરિયન બન્યો હતો. તેની અને કૅપ્ટન સૂર્યકુમાર યાદવ (૭૫ રન, ૩૫ બૉલ, પાંચ સિક્સર, આઠ ફોર) વચ્ચે બીજી વિકેટ માટે ૧૭૩ રનની વિક્રમી ભાગીદારી થઈ હતી.

ભારતની ઇનિંગ્સમાં કુલ બાવીસ સિક્સર અને પચીસ ફોર ફટકારવામાં આવી હતી.

એક તબક્કે સૅમસને રિશાદ હોસૈનની એક ઓવરમાં (ભારતની ૧૦મી ઓવરમાં) ઉપરાઉપરી પાંચ બૉલમાં સિક્સર ફટકારી હતી. ઓવરમાં પ્રથમ બૉલ ડૉટ-બૉલ હતો.૨૦૨૪ની આઇપીએલમાં ધમાલ મચાવનાર સનરાઇઝર્સ હૈદરાબાદનો બૅટર અભિષેક ફક્ત ચાર રન બનાવીને આઉટ થઈ ગયો હતો. સૅમસન-સૂર્યાની ફટકાબાજી બાદ રિયાન પરાગ (૩૪ રન, ૧૩ બૉલ, ચાર સિક્સર, એક ફોર), હાર્દિક પંડ્યા (૪૭ રન, ૧૮ બૉલ, ચાર સિક્સર, ચાર ફોર) તેમ જ રિન્કુ સિંહ (૮ અણનમ, ચાર બૉલ, એક સિક્સર)એ પણ ફટકાબાજી કરીને ભારતનો સ્કોર ૩૦૦ રનની નજીક પહોંચાડ્યો હતો. તેન્ઝિમે સૌથી વધુ ત્રણ વિકેટ લીધી હતી.

### 'શસ્ત્રપૂજા'નો

સિક્કિમ સેક્ટરમાં ચીન સાથેની વાસ્તવિક નિયંત્રણ રેખા (એલએસી)ની સુરક્ષા માટે જવાબદાર છે.

'ભારતે ક્યારેય કોઈ દેશ પર નફરત કે તિરસ્કારથી હુમલો કર્યો નથી. અમે ત્યારે જ લડીએ છીએ જ્યારે કોઈ અમારી અખંડિતતા અને સાર્વભૌમત્વનું અપમાન કરે અથવા નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરે. ધર્મ, સત્ય અને માનવીય મૂલ્યો વિરુદ્ધ યુદ્ધ કરવાની શીખ અમને વારસામાં મળી છે. અમે આ વારસાને જાળવવાનું ચાલુ રાખીશું, એમ સિંહે સંરક્ષણ મંત્રાલય દ્વારા જારી કરેલા નિવેદનમાં જણાવ્યું હતું.

અમારાં હિતો સામે કોઈ સંકટ હશે તો અમે મોટું પગલું ભરવામાં અચકાઈશું નહીં. 'શસ્ત્ર પૂજા' એ સ્પષ્ટ સંકેત છે કે જો જરૂર પડશે, તો શસ્ત્રો, સાધનોનો સંપૂર્ણ બળ સાથે ઉપયોગ કરવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું. ભારતમાં વિજયાદશમીના અવસર પર, શસ્ત્ર પૂજાની લાંબા સમયથી પરંપરા રહી છે. આજે, મેં દાર્જિલિંગના સુકનામાં ૩૩ કોર્પ્સના મુખ્યાલયમાં 'શસ્ત્ર પૂજા' કરી, એમ તેમણે હિન્દીમાં એક્સ પર પોસ્ટ કર્યું હતું. નિવેદનમાં એમ પણ કહેવામાં આવ્યું હતું કે, શક્તિ, સફળતા અને સલામતી માટે આશીર્વાદ મેળવવા માટે કરવામાં આવતી ધાર્મિક વિધિઓ, દશેરાના સાંસ્કૃતિક અને આધ્યાત્મિક ઊંડાણની પુષ્ટિ કરે છે, જે દેશની સુરક્ષામાં શસ્ત્ર પ્રણાલીની મુખ્ય ભૂમિકા પર ભાર મૂકે છે.

તે રાષ્ટ્રની સુરક્ષા માટે સશસ્ત્ર દળોની સજ્જતા, સંકલ્પ અને અતૂટ સમર્પણનું પ્રતીક છે, એમ તેમાં કહેવામાં આવ્યું હતું. આ નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, આ સમારોહમાં ભારતીય સેનાની પરંપરા અને આધુનિકીકરણના મિશ્રણને દર્શાવવામાં આવ્યું હતું, જેમાં ભારતના સાર્વભૌમત્વની જાળવણી અને સ્વદેશી સંરક્ષણ પ્રણાલી અને પ્લેટફોર્મને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. સરહદો પર શાંતિ અને સ્થિરતા જાળવવામાં સશસ્ત્ર દળોની તકેદારી અને મહત્ત્વપૂર્ણ ભૂમિકાની પ્રશંસા કરીને તેમણે એમ પણ કહ્યું કે દશેરા એ બુરાઈ પર સારાની જીતનું પ્રતીક છે. સિંહ શુક્રવારે ગંગટોકમાં આર્મી કમાન્ડર્સ કોન્ફરન્સને રૂબરૂમાં સંબોધિત કરવાના હતા, પરંતુ સિક્કિમની રાજધાનીમાં ખરાબ હવામાનને કારણે તેમણે સુકનામાં આર્મી લોકેશનથી વીડિયો કોન્ફરન્સ દ્વારા સંબોધન કર્યું હતું. આ પરિષદ પૂર્વી લદાખમાં વિલંબિત સરહદી હરોળ વચ્ચે આવી હતી. તેનો પ્રથમ તબક્કો સિક્કિમના ગંગટોકમાં આગળના વિસ્તારમાં યોજવામાં આવ્યો હતો, જે ભારતીય સેના માટે મહત્ત્વનું સ્થાન ધરાવે છે, જે વાસ્તવિક નિયંત્રણ રેખા (એલએસી)ની નજીક છે. રાજનાથ સિંહે આર્મીના ટોચના કમાન્ડરોને તેમના સંબોધનમાં 'કોઈપણ આકસ્મિક' સ્થિતિનો સામનો કરવા માટે દળો સક્ષમ હોવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો, તેમ છતાં તેમણે કહ્યું હતું કે શાંતિપૂર્ણ ઉકેલ માટે ચીન સાથે ચાલી રહેલી વાટાઘાટો 'તમામ સ્તરે ચાલુ રહેશે.'

### કડી નજીકના

શક્તિ આપે. ઉપરાંત ઘાયલ થયેલા લોકો ઝડપી સ્વસ્થ થાય તેવી પ્રાર્થના કરું છું.

મહેસાણા જિલ્લાના કડી તાલુકાના જાસલપુર નજીક એક કારખાનાની દીવાલ બનાવવાનું કામ ચાલી રહ્યું હતુ તે દરમિયાન અચાનક ભેખડ ધસી પડતા ૧૦ થી વધુ શ્રમિકો દટાયા હતા, ફાયર વિભાગે ઘટના સ્થળે આવીને ભેખડની માટી હટાવીને નીચેથી નવ શ્રમિકોના મૃતદેહ બહાર કાઢયાં હતા. આ ઘટનાને પગલે લોકોનાં ટોળા સ્થળ પર દોડી આવ્યા હતા તેમજ પોલીસ અને ઉચ્ચ અધિકારીઓ પણ સ્થળ પર આવી પહોંચ્યાં હતા. જોકે માટીની ભેખડ નીચે કેટલા મજૂરો દટાયાં હતા તે અંગે પ્રાથમિક તબક્કે કોઇ જાણકારી બહાર આવી નહોતી.

સમગ્ર ઘટનામાં પોલીસે પણ ઘટના સ્થળે સીસીટીવીના આધારે તપાસ કરવામાં આવી રહી હતી. મૃતદેહોને પીએમ અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પોલીસે બચી ગયેલા બીજા શ્રમિકોના નિવેદન નોંધ્યા હતા. શ્રમિકો બહારના રાજયના હોવાની વાત સામે આવી છે અને તેઓ મજૂરી અર્થે મહેસાણા આવ્યા હતા. આ ઘટનાની જાણ થતાની સાથે મામલતદારની ટીમ પણ ઘટના સ્થળે પહોંચી ગઇ હતી. આ ઘટનાને પગલે કારખાનાના માલિકો તેમજ મેનેજર દોડી આવ્યા હતા.

પોલીસે હાલમાં તો અકસ્માતે મોતનો ગુનો નોંધીને અને કારખાનાના માલિકની પૂછપરછ પણ કરી હતી. સ્થળ પર તપાસમાં એફએસએલની ટીમને પણ કામે લગાડવામાં આવી હતી. મૃતકોમાં ૭ દાહોદના અને ૨ રાજસ્થાનના હોવાનું સામે આવ્યું છે.

### એનસીપીના નેતા

ઓળખ મેળવવા માટે ઘટનાસ્થળ આસપાસના પરિસરમાં લાગેલા સીસીટીવી કેમેરાનાં ફૂટેજ તપાસી રહી છે. બાબા સિદ્દીકી આ વર્ષના ફેબ્રુઆરીમાં જ કૉંગ્રેસમાંથી એનસીપીના અજિત પવાર જૂથમાં જોડાયા હતા. અભિનેતા સયાજી શિંદે શુક્રવારે એનસીપીમાં જોડાયા તે વખતે બાબા સિદ્દીકી ત્યાં હાજર રહ્યા હતા. એનસીપીના અજિત પવાર જૂથના પ્રદેશાધ્યક્ષ સુનીલ તટકરેએ સિદ્દીકી પર થયેલા ગોળીબારના અહેવાલને સમર્થન આપ્યું હતું. પ્રસાર માધ્યમો સાથે વાત કરતાં તેમણે પોલીસ કમિશનર, મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને રાજ્યના ગૃહ પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને આ બાબતે યોગ્ય તપાસની માગણી કરી હતી.

### ગુજરાતમાં દશેરાએ

આવ્યું હતું. સમગ્ર શહેરમાં વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી છે અને લોકોને ભારે ઉકળાટથી રાહત મળી હતી.

રાજ્યના હવામાન વિભાગ દ્વારા રાજ્યભરમાં સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી છે.

આગામી બે દિવસ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

ગાજવીજ અને પવન સાથે વરસાદ રહેશે. આજે નર્મદા, ભરૂચ, સુરત, પોરબંદર, જૂનાગઢ, ગીર સોમનાથ, દીવમાં ભારે વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી છે.

### હિંદુસ્તાન ઍરૉનૉટિક્સ

દરજ્જા - મિનિરત્ન, નવરત્ન અને મહારત્નમાં વિભાજિત કરાય છે. દરેક દરજ્જા સાથે કંપનીના મેનેજમેન્ટની તાકાત વધે છે અને મોટા ભાગના નિર્ણય લેવા સરકાર પર નિર્ભર રહેવું નથી પડતું.

ભારત સરકારે બીએચઇએલ, બીપીસીએલ, કોલ ઇન્ડિયા, ગૅઇલ, એચપીસીએલ, ઇન્ડિયન ઓઇલ, એનટીપીસી, ઓએનજીસી, પાવર ગ્રિડ, સેલ, ઓઇલ ઇન્ડિયા અને પીએફસીને મહારત્નનો દરજ્જો આપ્યો છે.

# થાણે રાસ રંગનું શાનદાર સમાપનઃ આજે મળીશું, કાલે મળીશું અને ફરી મળીશું થાણે રાસ રંગ-૨૦૨૫માં

મુંબઈ સમાચાર નવરાત્રિ સ્પેશિયલ

ક્રેડાઈ એમસીએચઆઈ થાણે આયોજિત રાસ રંગ-૨૦૨૫ના પટાંગણમાં મહારાષ્ટ્રના ઓનરેબલ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેજીનું દશેરાની પૂર્વ રાત્રિએ જિતુ મહેતાની લાગણી અને પ્રેમના કારણે થાણે કોપરીના ગ્રાઉન્ડમાં આગમ થયું ત્યારે હાજર રંગરસિયાઓએ પટાંગણ અંબેમા અંબેમાના નારાથી ગજવી દીધું હતું અને આખા ગ્રાઉન્ડમાં ભગવો લહેરાવા માંડ્યો હતો. આ ઉત્સાહ અને ઉમંગ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન માટે નહીં, પણ એક સાચા સનાતની હિન્દુ માટે હતો. તેઓએ વોટ બેન્કની પરવા કર્યા વિના ગૌમાતા માટે જે કાનૂન બનાવીને ઠરાવ પસાર કરાવ્યો તે બદલ આયોજક જિતુ મહેતાએ ખૂબ ખૂબ અભિનંદન આપ્યાં હતાં. તેમનું ખરા દિવથી બહુમાન કર્યું હતું અને તેમના બહુમાનને પટાંગણમાં હાજર અંબેમાના ભક્તોએ તાળીઓથી વધાવી લીધું હતું. આ ઉપરાંત જિતુ મહેતાએ હર્ષપૂર્વક જાહેર કર્યું હતું કે ગૌમાતા અંગેના કાનૂન ઉપરાંત તેઓ જૈન સમાજ માટે અલ્પ સંખ્યક આર્થિક વિકાસ મહામંડળ મંજૂર કરીને મુંબઈ મહારાષ્ટ્રના વિકાસમાં અગ્રેસર છે. આ જૈન સમાજ માટે ગૌરવની ક્ષણ છે. આ ઉપરાંત મહારાષ્ટ્રમાં રહેતા સિનિયર સિટિઝનો માટે જાત્રાની વ્યવસ્થાનું નક્કી કર્યું છે તે સબબ થાણે રાસ રંગે તેમને શ્રવણ કુમારનું બિરુદ આપ્યું હતું.









### આયોજક જિતુ મહેતા, થાણે રાસ રંગની સફળ-ચપળ ટીમ

- ★ હરેશ અવલાણી – પી.આર. વર્ક
- ★ સુમીત ગુડકા – ઓફિસ મેનેજમેન્ટ
- ★ મહેમાનગતિ – શ્રીરથ કેટરર્સ, મીતેષ પલાણ
- ★ શૂટિંગ ફોટોગ્રાફી – જિનલ સ્ટુડિયો, બન્ટી-ભાવિક
- ★ ગ્રાઉન્ડ વ્યવસ્થા – મોન્ટુ ટીબરેવાલ, બ્લીન્ગ સ્કવેર ઈવેન્ટ્સ
- ★ મંદિર પૂજા આરતી – પ્રશાંત મહારાજ
- ★ એલઈડી – સમીર મહેતા
- ★ સોશ્યલ મીડિયા – ડાઈવર્સ મીડિયા વરુણ – તેજવી કોટીચા
- ★ બાઉન્સર સિક્યોરિટી – સુશાંક
- ★ સાઉન્ડ – કલ્પેશ
- ★ જજ કો-ઓર્ડિનેટર – જય ઠક્કર

### થાણે રાસ રંગના સફળતાના સાથીદારો

કોરિયોગ્રાફર્સ – જય ઠક્કર, રાજેશ જોશી, સ્વાતિ ઠક્કર, હાર્દિક સંપટ, વૈશાલી લીંબચિયા, કલ્પના નંદુ, પિન્કી ત્રિવેદી, દીપ્તિ વોરા, અમિત સોની, વીણા નાગડા, ડૉ. ચાર્મી શાહ, મનીષા શેઠ, પીયૂષ લાલન અને વિદ્યા છેડા ઝમકુડી.

### મોન્ટુ ટીબરેવાલ - બ્લીન્ગ ઈવેન્ટ્સ - થાણે રાસ રંગ-૨૦૨૪



આયોજક જિતુભાઈ મહેતા થાણે, રાસ રંગની સફળતાનો સંપૂર્ણ શ્રેય બ્લીન્ગ ઈવેન્ટ્સ મોન્ટુ ટીબરેવાલને આપે છે. થાણે રાસ રંગના વિશાળ નવરાત્રિ પટાંગણમાં અત્રતત્રસર્વત્ર મોન્ટુની કળાનું દર્શન થાય છે. એન્ટ્રી, લોબી, વિશાળ વુડન પ્લેટફોર્મ, તેના પર મખમલી કારપેટ, જાજરમાન અંબેમાનું મંદિર, સાજિંદાઓનું સ્ટેજ, મહેમાનો માટે લક્ઝુરિયસ એસી વ્યુ ગેલેરી. મોન્ટુ ટીબરેવાલ અને જિતુ મહેતાનો નવરાત્રિનો સંબંધ ઘાટકોપરથી છે. થાણે રાસ રંગની બધી નવરાત્રિ તથા પ્રોપર્ટી એક્ઝિબિશનનું દરેક કાર્ય મોન્ટુ ટીબરેવાલ કરે છે.







Arihant Mattresses & Furniture

ONE STOP SHOP

GHATKOPAR & SEWRI

Festive Offer

Spruce up your space for this festive season

WE PROVIDE COMPLETE MODULAR FURNITURE SOLUTIONS

1 BHK - Cost ₹ 3,66,300
2 BHK - Cost ₹ 5,22,432
3 BHK - Cost ₹ 6,74,100

(It includes Wardrobe, Bed, Mattress, Side Table, 3 Seater Sofa, Modular Kitchen 6 Seater Dining Table, 6' Base LCD Unit With Min. 10 Years Warranty)

HEAVY DISCOUNTS ON

SOFAS | MATTRESS | CURTAINS | HEADBOARD | RECLINER | WARDROBE | DINING CHAIRS | MODULAR KITCHEN

100 % Customization | 60 Days Trial Offer | We provide Refurbishing Service also

* T & C Apply

Shop No. 21, Fern Tower, Aradhya One Earth, Pantnagar, Ghatkopar (E), Mumbai - 400 075.
Zakaria Bunder Rd., Nr. Krypton Towers, Sewri (W), Mumbai - 400 015.
8879872664/ 9223596088/ 9167932980 OPEN ALL DAYS TILL DIWALI 4.6 ★★★★
@ARIHANTFURNITURE_

# નાટ્ય દર્પણ

## મિસ્ટર એન્ડ મિસિસ દિવાન

તેજસ ગોહિલ પ્રસ્તુત અમી કીર્તિભાઈ અજમેરા નિર્મિત સંજય દેવચંદ્ર ઝા લિખિત જયદીપ શાહ દિગ્દર્શિત. કલાકારોઃ હરિકૃષ્ણ દવે, સાંચી પેસવાની, પુજા દમણિયા, સ્પંદન કુમાર, પુનીત મોદી, અક્ષત ગઢવી, ખુશ્બુ ભાનુશાળી, જીગ્નેશ સોની, રમેશ પરદેશી અને શરદ શર્મા છે. શુભારંભઃ આ રવિવાર તા. ૧૩ ઓક્ટોબર સાંજે ૭.૩૦ ક. નહેરુ ઓડિટોરિયમ, વર્લી ખાતે ભજવાશે.

## પત્ની નચાવે એને કોણ બચાવે

લીલા આર્ટસ - ગૌતમ જોષી - ઓસિફ પટેલ - જીતેન્દ્ર જોષી નિર્મિત ચિત્રક શાહ-કિરણ માલવણકર પ્રસ્તુત ઈમ્તિયાઝ પટેલ લિખિત કિરણ ભટ્ટ દિગ્દર્શિત કેતકી દવે-દિલીપ દરબાર અભિનિત. કલાકારોઃ હિતેષ અઉપાધ્યાય, હાર્દિક જોષી, હિના વેલાણી છે. આ રવિવાર તા. ૧૩ ઓક્ટોબર રાત્રે ૯.૦૦ ક. અસ્પી ઓડિટોરિયમ, મલાડ (વેસ્ટ) ખાતે અને આવતો રવિવાર તા. ૨૦ ઓક્ટોબર સાંજે ૭.૩૦ ક. નહેરુ ઓડિટોરિયમ, વર્લી ખાતે ભજવાશે.

## બ્લફમાસ્ટર ગુજ્જુભાઈ

સિદ્ધાર્થ રાંદેરિયા પ્રોડક્શનનું ચિત્રક શાહ, કિરણ માલવણકર પ્રસ્તુત પ્રવીણ સોલંકી લિખિત સિદ્ધાર્થ રાંદેરિયા દિગ્દર્શિત-અભિનિત. કલાકારોઃ સિદ્ધાર્થ રાંદેરિયા, તેજલ વ્યાસ, હિમાંશુ ઉપાધ્યાય, જીતેન્દ્ર સુમરા, જ્યુથિકા શાહ, રિદ્ધિ વોરા, જય દેસાઈ, રામમિલન રજક, તેજસ શાહ અને નિલેશ જોષી છે. આ રવિવાર તા. ૧૩ ઓક્ટોબર સાંજે ૭.૩૦ ક. તેજપાલ ઓડિટોરિયમ, ગોવાલિયા ટેન્ક ખાતે ભજવાશે.

# હરિયાણા ચૂંટણીમાં કૉંગ્રેસની હારના પડઘા ધારાવીમાં પડ્યા

## મહારાષ્ટ્રમાં આગામી ચૂંટણીમાં કોંગ્રેસની ક્ષમતા પર સવાલ ઉઠાવ્યા આપના નેતાએ

મુંબઈઃ હરિયાણા વિધાનસભા ચૂંટણીનાં પરિણામોના ગણતરીના કલાકોમાં, કોંગ્રેસના કેટલાક સાથીઓએ પાર્ટીને તેના અતિશય આત્મવિશ્વાસ સંબંધે આત્મનિરીક્ષણ કરવાનું કહ્યું છે. મહારાષ્ટ્રના રાજકીય સૂત્રોએ જણાવ્યું હતું કે ઉદ્ધવ સેનાના નેતાઓએ પણ મહારાષ્ટ્રમાં આગામી ચૂંટણીમાં સારો દેખાવ કરવાની કોંગ્રેસની ક્ષમતા પર સવાલ ઉઠાવ્યા હતા.હવે, હરિયાણાના ચૂંટણી પરિણામો ધારાવીમાં પડઘો પાડી રહ્યા છે, જ્યાં પહેલેથી જ કોંગ્રેસના વર્તમાન સાંસદ વર્ષા ગાયકવાડ દ્વારા ભત્રીજાવાદની રમઝટ ચાલી રહી છે. ધારાવીથી વિધાનસભા ચૂંટણી લડવા માટે કોંગ્રેસની ટિકિટ માટે વર્ષા ગાયકવાડ તેની બહેન જ્યોતિ ગાયકવાડ માટે તૈયારી કરી રહી હોવાની રાજકીય ચર્ચા વચ્ચે, આમ આદમી પાર્ટીના મુંબઈના નેતા એડવોકેટ સંદીપ કટકેએ એક વીડિયોમાં સમગ્ર ગાયકવાડ પરિવાર પર આકરા પ્રહારો કર્યા છે.

તાજેતરમાં રિલીઝ થયેલા વીડિયોમાં ગાયકવાડ પરિવાર પર પ્રહાર કરતા કટકેએ કહ્યું, છેલ્લા ૪૦ વર્ષથી ધારાવી પર રાજ કરનાર પરિવારે ધારાવી માટે કંઈ કર્યું નથી. આ લોકોએ કેટલી શાળાઓ બનાવી? તેઓએ મહિલાઓ માટે સુવિધાઓ ઊભી કરવા શું કર્યું? બાળકો માટે કેટલાં રમતનાં મેદાન બનાવવામાં આવ્યાં છે?

કટકેએ ગાયકવાડ પરિવારનો ઉલ્લેખ કરતા કહ્યું કે તેમણે ફક્ત ચમચા જ બનાવ્યા જેઓ તેમની આસપાસ દોડે છે. ધારાવીમાં કોઈ નેતૃત્વ નથી. તેઓએ (વર્ષા) ગણપતિ વખતે બેનરો પાછળ ૩ કરોડ રૂપિયા ખર્ચ્યા હતા અને હવે નવરાત્રીમાં ફરીથી બેનરો પાછળ કરોડો રૂપિયા ખર્ચાયા છે. આ પૈસા ક્યાંથી આવ્યા? આ પૈસા કોના છે?

### સાયબર ફ્રોડના પાંચ કેસ

# મુંબઈ, નવી મુંબઈ, હરિયાણા, દિલ્હીથી દસ ફ્રોડસ્ટર પકડાયા

મુંબઈઃ સાયબર ફ્રોડના પાંચ કેસમાં સંડોવાયેલા ૧૦ આરોપીઓને સાયબર પોલીસે મુંબઈ, નવી મુંબઈ, હરિયાણા અને દિલ્હીથી પકડી પાડ્યા હતા. આ પાંચ કેસમાં ૧.૪૭ કરોડ રૂપિયાની ઠગાઇ આચરવામાં આવી હતી.

પહેલા કેસમાં શેર ટ્રેડિંગમાં રોકાણ પર આકર્ષક વળતરની લાલચે દક્ષિણ મુંબઇના વેપારી સાથે ૫૮.૪૯ લાખની છેતરપિંડી આચરવા પ્રકરણે સાઉથ રિજન સાયબર પોલીસે જયેશ ઉન્ની, શૈલેશ પટેલ અને અજય કરચેની ધરપકડ કરી હતી. છેતરપિંડીથી મેળવેલા રૂપિયામાંથી પાંચ લાખ રૂપિયા નવી મુંબઈના જયેશ ઉન્નીના બેન્ક એકાઉન્ટમાં ડિપોઝિટ થયા હતા, જ્યારે શૈલેશ વચેટિયો છે, જેણે હવાલા મારફત રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. મલાડના રહેવાસી અજયના બેન્ક એકાઉન્ટનો ઉપયોગ ગુનો આચરવા માટે કરાયો હતો. બીજા કેસમાં સેન્ટ્રલ રિજન સાયબર પોલીસે મધ્ય મુંબઈના રહેવાસી સાથે રૂ. ૧૬.૯૬ લાખની છેતરપિંડી આચરવાના કેસમાં શુક્રવારે નવી મુંબઈના રહેવાસી અરબાઝ સમીર ખાનની ધરપકડ કરી હતી. ખાનની શેલ કંપનીના બેન્ક એકાઉન્ટમાં પાંચ લાખ રૂપિયા જમા થયા હતા.

દરમિયાન વેસ્ટ રિજન સાયબર પોલીસે સાયબર ફ્રોડના બે કેસ ઉકેલી કાઢ્યા હતા અને અમિત સિંહની દિલ્હીથી, જ્યારે હિતેશ સિંહ અને સાહિલ કુમારની હરિયાણાથી ધરપકડ કરવામાં આવી હતી. એ જ પ્રમાણે શેર ટ્રેડિંગમાં રોકાણ પર સારા વળતરની લાલચે રૂ. ૨૨.૨૨ લાખ રૂપિયાની છેતરપિંડીના કેસમાં સંડોવાયેલા ત્રણ આરોપી નીતિન ચેંદવણકર, રાજેશ સોનાવણે અને ઉદય સાળવીની શુક્રવારે ધરપકડ કરી હતી.

# મુંબઈ-અમદાવાદ હાઈવે પરના રોડના કામે વસઈના યુવાનનો જીવ લઈ લીધો

### આ બાઈકસવારના ડિસેમ્બરમાં લગ્ન થવાના હતા

વસઈઃ મુંબઈ-અમદાવાદ હાઈવે પર ચાલી રહેલા સિમેન્ટ કોન્ક્રીટાઈઝેશન (વ્હાઈટ ટોપિંગ)ના કામને કારણે વસઈના એક ટૂ-વ્હિલર સવારનું મૃત્યુ થયું હતું. હાઇવે પર સસૂનનવઘર નજીક અધૂરી કામગીરીને કારણે યુવકનું બાઇક સ્લીપ થઇ તે કન્ટેનર હેઠળ કચડાઈ જતા તેનું મૃત્યુ થયું હતું. નાયગાંવના અમોલ નગરની નીલાંબરી સોસાયટીનો રહેવાસી ૩૦ વર્ષનો એલ્ટન ફર્નાન્ડિઝ અંધેરીની એક કંપનીમાં કામ કરતો હતો. નાઈટ શિફ્ટ પૂરી કરી ગુરુવારે વહેલી સવારે બાઇક પર ઘરે આવી રહ્યો હતો. મુંબઈ - અમદાવાદ હાઈવે પર સિમેન્ટ કોન્ક્રીટાઇઝેશન (વ્હાઇટ ટોપિંગ)નું કામ ચાલતું હોવાથી રસ્તો સમતળ ન હોવાથી એલ્ટનની બાઇક ખાંચામાં ફસાઈ જતા એલ્ટન લપસીને નીચે પડ્યો અને બરાબર એ જ સમયે એને અડીને પસાર થઈ રહેલા કન્ટેનરની નીચે કચડાઈ જવાથી તેનું મૃત્યુ થયું હતું. અકસ્માત બાદ કન્ટેનર ચાલક ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો. હાઈવેની કામગીરીના કારણે રસ્તાઓ સમતલ નથી રહ્યા અને ઠેર ઠેર ખાડા પડી ગયા છે. સહાયક પોલીસ નિરીક્ષક બાળારામ પાલકરે રસ્તાની અવદશા ને કારણે અકસ્માત થઈ એલ્ટનનું મૃત્યુ થયું હોવાનું જણાવ્યું હતું. નાયગાંવ પોલીસે અજાણ્યા કન્ટેનર ચાલક વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૬ (૧), ૨૮૧, ૧૨૫(એ), ૧૨૫ (બી) અને મોટર વ્હીકલ એક્ટની કલમ ૧૮૪ અને ૧૮૭ હેઠળ કેસ નોંધ્યો છે. એલ્ટનના અવસાનથી નાયગાંવના અમોલ નગર વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. મિલનસાર સ્વભાવના એલ્ટનના લગ્ન પાંચમી ડિસેમ્બરે થવાના હતા.

## છેલ્લા પાનાનું ચાલુ

### હું નથી રણ-છોડ

દાઢીવાળા માણસે મહાવિકાસ આઘાડીનો નાશ કર્યો. આ દાઢીને કારણે પાટે ચડી રાજ્યની ગાડી એમ એકનાથ શિંદેએ જણાવ્યું હતું.

હું બાળાસાહેબનો શિવસૈનિક છું. તેઓ આનંદ દિઘેના શિષ્ય છે. મને હળવાશથી ન લો. હું મેદાન છોડવાનો નથી. આજે એકનાથ શિંદે મહારાષ્ટ્રમાં જ્યાં પણ જાય છે ત્યાં તેઓ મારું સ્વાગત કરે છે અને મને આશીર્વાદ આપે છે. આ અમારી કમાણી છે. કેટલાક લોકોને હવે હિંદુ શબ્દથી શરમ આવે છે.

હિંદુ હૃદયસમ્રાટ બોલવામાં માટે જીભ કરડે છે, પરંતુ અમને આ શબ્દ પર ગર્વ છે, એમ જણાવતાં એકનાથ શિંદેએ એવી ટીકા કરી હતી કે જેઓ બાળાસાહેબના વિચારો સાથે બેઈમાન હતા તેમનાથી શિવસેના મુક્ત થઈ ગઈ છે.

### આ છે ભાજપની સત્તા જિહાદ

મહાભારતની સ્થિતિ આપણી સામે છે. મારા જ પરિવારના સભ્યો મારી સામે ઉભા છે. તો કૃષ્ણે કહ્યું હતું તેમ અમે દુશ્મનોને કચડી નાખવાના છીએ, એમ ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું.

શિવાજી પાર્કની દશેરા રેલીમાં બોલતાં ઉદ્ધવ ઠાકરેએ ભાજપની આકરી ટીકા કરી હતી. ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે, દસ-બાર દિવસ પહેલા હું નાગપુર ગયો હતો. હું શહેરનો છોકરો છું, તેમ છતાં મેં ખેડૂતોને દેવામાંથી મુક્ત કર્યા. મેં મારી ફરજ તરીકે તે કર્યું હતું. દસ રૂપિયામાં પોળી-ભાજી (રોટલી-શાક) આપવાની ફરજ પૂરી કરી હતી. મેં કોરોનામાં કામ કર્યું. તે એક ફરજ તરીકે આ બધા કામ મેં કર્યા હતા. હું નાગપુર ગયો. લોકોએ મારી પાસે તેમનું દુઃખ વ્યક્ત કર્યું. સોયાબીનને કોઈ ભાવ નથી. નારંગી પર રોગ થાય છે. કપાસના ડોડા પર ગુલાબી કીડા જોવા મળે છે.

મને ખબર નથી કે તેઓ જેકેટ પહેરે છે કે નહીં. અમિત શાહજી તમારા ભાજપના છોડને દાઢીવાળો કીડો લાગ્યો છે અને તમારા કપાસના ડોડા ગુલાબી કીડો લાગ્યો છે. અમારા એક સમયના મિત્રને પોકળ બની રહ્યા છે તેનું અમને દુઃખ છે. તેમને કોઈપણ હાલતમાં સત્તા જોઈએ છે. કોઈપણ ચાલી શકે છે, પરંતુ સત્તાની જરૂર છે. આને સત્તા જિહાદ કહેવાય છે.

બે મહિના રાહ જુઓ. અમારી સરકાર આવી રહી છે. આ તમારી મજા છે ૧૧ દિવસમાં ૧૬૦૦ સરકારી નિર્ણયો જારી. આમાંથી અનેક નિર્ણયો અમે રદ કર્યા વગર રહીશું નહીં. બિલ્ડરનાં ખિસ્સા ભરનારા રાજ્યને નુકસાનકર્તા નિર્ણય રદ કરીશું, પણ અધિકારીઓને હું ચેતવણી આપું છું કે તેમના પાપમાં ભાગીદાર થશો નહીં, કેમ કે નહીં તો તમને જેલમાં નાખીશું, એમ તેમણે કહ્યું હતું.

તમે રાજ્યના ત્રણ લાખ કરોડ રૂપિયા વેડફ્યા છે. આજે તેઓએ રાજ્ય સરકાર પાસેથી પણ લોન લેવાનો વિચાર કરે છે એમ જણાવતાં ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે તમે લોન લઈને દિવાળી મનાવી રહ્યા છો.

(અક્ષય) શિંદેની હત્યા થાણેમાં થવી જોઈતી હતી. આનંદ (દિઘે) જીવ્યા હોત તો તેમણે પણ આવું જ કર્યું હોત, એમ જણાવતાં ઉદ્ધવ ઠાકરેએ એમ પણ કહ્યું કે જો ભાજપના લોકોને બચાવવા માટે તેને ગોળી મારવામાં આવી હોય તો તે જાહેર થવું જોઈએ.

# નવી મુંબઈના ઉલવે માટે સ્વતંત્ર પોલીસ સ્ટેશનને રાજ્યની મંજૂરી

મુંબઈઃ મહારાષ્ટ્રના ગૃહ વિભાગે ૧૦ ઑક્ટોબરે સરકારી ઠરાવ (જીઆર) જારી કરીને નવી મુંબઈના ઉલવે ખાતે સ્વતંત્ર પોલીસ સ્ટેશનને મંજૂરી આપી છે. રાજ્ય દ્વારા નવા એકમના નિર્માણ માટે ૨.૧૨ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે.

૧૨ ઑગસ્ટ, ૨૦૨૪ના રોજ ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ (પ્લાનિંગ એન્ડ કોઓર્ડિનેશન) દ્વારા વિસ્તારમાં અલગ પોલીસ સ્ટેશનની જરૂર હોવાનો પ્રસ્તાવ સુપરત કરાયો હતો. આ વિસ્તારમાં મોટા પાયે બાંધકામ પ્રવૃત્તિ ચાલી રહી છે, મોટા પ્રોજેક્ટો આવી રહ્યા છે. આને કારણે ૧.૬૦ લાખ રહેવાસીઓનો વધારો થશે, જેથી ગુનાના પ્રમાણમાં વધારો થશે. આથી પોલીસ સ્ટેશનની જરૂર છે, એવું પ્રસ્તાવમાં જણાવાયું હતું.

અટલ સેતુ પુલ અને શિવાજીનગરથી નવી મુંબઈ ઇન્ટરનેશનલ એરપોર્ટને જોડતો કોસ્ટલ રોડ ખુલ્લો મુકાતાં રિજનમાં ટ્રાફિકમાં નોંધપાત્ર રીતે વધારો થશે. હાલમાં ઉલવે પોલીસ સ્ટેશનની હદ એનઆરઆઇ કોસ્ટલ પોલીસ, ન્હાવા શેવા પોલીસ અને પનવેલ સિટી પોલીસ દ્વારા સંભાળવામાં આવે છે, જેથી નાગરિકો અને પોલીસોને પણ પડકારોનો સામનો કરવો પડે છે.

આ વિસ્તારમાં ઘણો વિકાસ થઇ રહ્યો છે. આથી આ વિસ્તારને પહોંચી વળવા સ્વતંત્ર પોલીસ સ્ટેશનની જરૂર પડી છે. હાલમાં ત્રણ પોલીસ સ્ટેશન વચ્ચે ઘણી બધી ન્યાયસીમા સંભાળવામાં આવે છે, જેથી પાસપોર્ટ વેરિફિકેશન અને ચારિત્ર્ય પ્રમાણપત્રો જારી કરવાનાં કામોમાં સમસ્યા ઊભી થઇ છે. આને ધ્યાનમાં લેતાં જીઆર દ્વારા સરકારે નવા પોલીસ સ્ટેશન માટે સંમતિ આપી છે. હવે પોલીસ વિભાગ વિસ્તારની યોગ્ય મર્યાદાઓ નક્કી કરશે અને તે અનુસાર પોલીસ સ્ટેશન સ્થાપશે. નવી મુંબઈમાં હાલ ૨૦ પોલીસ સ્ટેશન છે. હવે ઉલવે સેક્ટર ૧૦માં સિડકોએ ફાળવેલી જગ્યામાં પોલીસ સ્ટેશન ઊભું કરવાનું નિર્ધારિત છે. ચૂંટણીની આચારસંહિતા લાગુ થવા પૂર્વે ભૂમિપૂજન કરાશે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

# ૪૭ લાખ રૂપિયાનું ડ્રગ્સ, કોડિન મિશ્રિત સિરપની બોટલો જપ્તઃ ત્રણની ધરપકડ

મુંબઈઃ મુંબઈ ક્રાઇમ બ્રાન્ચના એન્ટિ નાર્કોટિક્સ સેલે (એએનસી) જોગેશ્વરી, ગોવંડી અને બાંદ્રા વિસ્તારમાંથી ૪૭ લાખ રૂપિયાનું ડ્રગ્સ અને કોડિન મિશ્રિત સિરપની બોટલો જપ્ત કરીને વિદેશી નાગરિક સહિત ત્રણને પકડી પાડ્યા હતા.આરોપીઓની ઓળખ નાઇરોબીના રિચર્ડ કોમ્મે (૩૪) અને ગોવંડીના અરબાઝ ઉર્ફે જબ્બાર અને ઇમરાન તરીકે થઇ હતી. ત્રણેય આરોપી હાલ પોલીસ કસ્ટડીમાં છે.એએનસીના આઝાદ મેદાન યુનિટે ૧૦ ઑક્ટોબરે જોગેશ્વરી વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન રિચર્ડ કોમ્મેને શંકાને આધારે તાબામાં લીધો હતો. રિચર્ડ કોમ્મેની તલાશી લેવામાં આવતાં ૪૪.૪૦ લાખ રૂપિયાનું કોકેઇન મળી આવ્યું હતું. આથી રિચર્ડ વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો દાખલ કરી તેની ધરપકડ કરવામાં આવી હતી.

## પારસી મરણ

બરજોર એરચશા ગાંધી તે મરહૂમ જરુના ધની. તે મરહૂમો ગઈમાય એરચશા ગાંધીના દીકરા. તે ફીરોઝ તથા મરહૂમો આલુ, દીના, બેજન, જમશેદ, રુસીના ભાઈ. તે ફીયા હનોઝ માલેસર, દો દાનીશ જે ગાંધીના બપાવા. તે નતાશા ને રીશાદ કોનત્રકતરના મમાવા. (ઉં.વ. ૮૯) રે.ઠેઃ એમ-૪, ફલેત ૧૩, પહેલે માળે, મેરવાનજી કામા પારક, કામા રોડ, અંધેરી (વે), મુંબઈ-૪૦૦૦૫૮.

યઝદી નરીમાન દારુવાલા તે મરહૂમો ફ્રેની નરીમાન દારુવાલાના દીકરા. તે હેકતર, જીમી તથા ફરીદા જીજીલોવના ભાઈ. તે કૈઝાદ, યોહાન, ખુશરુ ને કૈનાઝના કાકા. તે ગુલશન ને નીલમના મામા. તે દીનાઝ ને શેરનાઝના દેર. તે મરહૂમ રુસીના સાલા. (ઉં.વ. ૬૮) રે.ઠેઃ ૮/૧૫, સર રતન તાતા બિલ્ડિંગ, સી. જે. કોલોની, સર રતન તાતા રોડ, તારદેવ, મુંબઈ-૪૦૦૦૩૪. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૩-૧૦-૨૦૨૪ને દિને બપોરે ૩.૪૦ વાગે કપ્પાવાલા અગ્યારીમાં છે.

કેતી બોમી ભક્કા તે ઓસતા બોમી શાવક ભક્કાના ધન્યાની. તે મરહૂમો રોશન એરચ મિસ્ત્રીના દીકરી. તે ઓસતા હોરમઝના માતાજી. તે ઓસતી અરનાવાઝના સાસુ. તે શાહરુખ તથા મરહૂમો દાદી મિસ્ત્રી, પોઉરુ રાઈતર, દીનુ રીવેતના બહેન. તે ફેયાના ને એરવદ જહાનના બપઈજી. (ઉં.વ. ૭૭) રે.ઠેઃ ૨૫ અચલ સ્મુરુતી, ફલેત ૫૧, પાચમે માળે, જી.ડી. આંબેકર માર્ગ, વડાલા, ૨૫, કાતરક રોડ, મુંબઈ- ૩૧. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૪-૧૦-૨૦૨૪ને દિને બપોરે ૩.૪૦ વાગે રુસ્તમફરામ અગ્યારીમા દાદર.

ઝરીન બોમી કુમાના તે બોમીના ધનિયાની. તે દારાયસ તથા મરહુમ કેતી લાકદાવાલાના બહેન. તે જેસમીન ને પરલના ફૂઇ. તે રતી બીલીમોરયાના ભાભી. હોમાય કાવસજી બિલિમોરયાના દીકરી. તે અદીલ બોમી હુમાનાના માતાજી. (ઉં. વ. ૭૭) રે. ઠે. ઓ-૧૫, શાપુર, ભરૂચા બાગ, લલ્લુભાઇ પાર્ક રોડ, શોપર સ્ટોપની સામે, અંધેરી (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૮. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૩-૧૦-૨૪ના દિને બપોર ૩.૪૦ વાગે ઉપરની બેનેટ નં-૬માં ડુંગરવાડી પર.

પોલી કેખશરૂ એલાવીયા તે મરહુમ કેખશરૂ એલાવીયાના દીકરા. (ઉં. વ. ૯૪). રે. ઠે. ૧૧ મોદી બિલ્ડિંગ, રૂમ નં. ૭, ગામદીયા કોલોની, તારદેવ, મુંબઇ-૪૦૦૦૨૭.

# વિક્રોલીમાં સ્કૂટર સ્કીડ થતાં સિનિયર સિટિઝનનું મોત

મુંબઈઃ વિક્રોલીમાં ઇસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે પરના સર્વિસ રોડ પર સ્કૂટર સ્કીડ થતાં ૬૧ વર્ષના સિનિયર સિટિઝનનું મૃત્યુ થયું હતું.

વિક્રોલી પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે શુક્રવારે આ અકસ્માત થયો હતો, જેમાં મૃત્યુ પામેલા સિનિયર સિટિઝનની ઓળખ મનોજ સોનાવેલા તરીકે થઇ હતી, જે મુલુંડ પશ્ચિમમાં રહેતો હતો.

મનોજ સોનાવેલા શુક્રવારે સવારે સ્કૂટર પર ઇસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે પરથી જઇ રહ્યો હતો ત્યારે ઐરોલી બ્રિજ નજીક સ્કૂટર સ્કીડ થતાં તે રસ્તા પર પટકાયો હતો અને તેને ગંભીર ઇજા પહોંચી હતી. સોનાવેલાને સારવાર માટે તાત્કાલિક હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું.

# સગીરની હત્યા કરી મૃતદેહ કૂવામાં ફેંક્યોઃ આરોપીની ધરપકડ

જાલનાઃ જાલના જિલ્લામાં ૧૭ વર્ષના સગીરની હત્યા કર્યા બાદ તેનો મૃતદેહ કૂવામાં ફેંકવા બદલ ૧૯ વર્ષના યુવકની ધરપકડ કરવામાં આવી હતી.

ભોકરદાન તહેસીલમાં સિરસગાંવ માદપ ખાતે ૧૦ ઑક્ટોબરે કૂવામાંથી સગીરનો મૃતદેહ મળી આવ્યો હતો. સગીરે સ્ત્રીનાં કપડાં પહેર્યાં હતાં અને મેકઅપ કર્યો હતો.

પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કરીને અનવર શહા (૧૯)ની ધરપકડ કરી હતી. અહિલ્યાનગરનો રહેવાસી અનવર હેલ્પર તરીકે કામ કરતો હતો.

તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે સગીર વ્યંઢળ નહોતો, પણ તેને સ્ત્રીનાં કપડાં પહેરવાની આદત હતી. તે છત્રપતિ સંભાજીનગરમાં આરોપી સાથે રહેતો હતો, એમ લોકલ ક્રાઇમ બ્રાન્ચના ઇન્સ્પેક્ટર પંકજ જાધવે જણાવ્યું હતું.

આરોપી અને સગીર વચ્ચે સંબંધ હતા અને તેને કારણે સગીરની હત્યા કરવામાં આવી હોવાનું અમને અમને લાગી રહ્યું છે. આરોપીએ સગીરનું ગળું ચીરીને હત્યા કરી હતી અને બાદમાં મૃતદેહ કૂવામાં ફેંકી દીધો હતો, એમ જાધવે કહ્યું હતું.

## હિન્દુ મરણ

પ્રજ્ઞાબેન કિરણભાઈ સોનપાલ હાલ ઉંબરગામ સ્વ. દેવિકાબેન દેવજીભાઈ ઠક્કરના પુત્રી. સ્વ. જ્યોતિબેન રમણલાલ સોનપાલના પુત્રવધૂ. તેજલ મિહિર સોનપાલ અને હેતલ પાર્થ સોનપાલના સાસુમા. કેયા મિશ્રી અને નીરજાના દાદી. ચંદ્રાશ વ્યોમેશ ગિરીશ ચતુર અને મીરાના બેન ૧૦-૧૦-૨૪ ગુરૂવારે શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા સોમવાર ૧૪-૧૦-૨૪ના બપોરે ૪ થી ૬ ઉંબરગામ ટાઉન ગાંધીસદન હૉલમાં રાખેલ છે.

મૂળ ગામ દમણ હાલ થાણા સ્વ.દશરથલાલ ગોપાલદાસ મિસ્ત્રીના પત્ની ગં.સ્વ.મમતા મિસ્ત્રી (ઉં. વ. ૮૪) તે સ્વ.લક્ષ્મીબેન અંબારામ પંચાલના દીકરી. તૃપ્તી, કુમારના માતા. મોનાકુમાર મિસ્ત્રી અને પ્રકાશ ઝાડના સાસુ. કનિકા, જાનવી, રીયાના નાની અને દાદી. તા.૧૧/૧૦/૨૦૨૪ના દેવલોક પાવેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

અ. નિ. પ્રેમજી હરિરામ (ઢોલુબાપા) ચંદન કચ્છ ગામ રવાપર તાલુકા નખત્રાણા હાલે પૂના નિવાસીના પૌત્ર. તે અ. નિ. મોહનલાલ અને અ. નિ. મંજુલાબેનના પુત્ર. તે કસ્તુરીબેનના પતિ દિનેશભાઇ (ઉં. વ. ૬૮) ગુરુવાર તા. ૧૦-૧૦-૨૪ના કચ્છ ગામ રવાપર મુકામે અક્ષરનિવાસ પામેલ છે. સુભાષભાઇ, પ્રકાશભાઇ, મહેશભાઇ અને સ્વ. રાજેશભાઇના ભાઇ. રાજેશના માનસ પિતા. શ્વેતા રાજેશ ચંદનના સસરા. બન્ને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર, તા. ૧૩-૧૦-૨૪ના સાંજે ૪થી ૫. ઠે. રવાપર લોહાણા મહાજન વાડી મધ્યે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**માંગરોળ દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

મુકુન્દલાલ ભગત (ઉં. વ. ૮૬) તે સ્વ. દ્વારકાદાસ રામદાસ ભગત તથા સ્વ. દિવાળીબેન દ્વારકાદાસ ભગતના પુત્ર. સ્વ. રમીલાબેનના પતિ. સ્વ. વ્રજદાસ તારાચંદ પારેખ તથા સ્વ. લક્ષ્મીબાઈ વ્રજદાસ પારેખના જમાઈ. સ્વ. પંકજભાઈના પિતા. ગં.સ્વ. બંસરીબેનના સસરા. સ્વ. લક્ષ્મીકાંતભાઈ, નવનીતભાઈ, ગં.સ્વ. ઉર્મિલાબેન, સ્વ. પદ્માબેન, ગં.સ્વ. કુમુદબેન, ગં.સ્વ. ચંપકબેન તથા કૃષ્ણાબેન નવીનચંદ્રના ભાઈ ૮-૧૦-૨૪, મંગળવારના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થના તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

ઠા. વિશનજી પવાણી (ઉં. વ. ૭૩) ગામ મઉ મોટી, મુલુંડ, તે સ્વ. મઠામાં દયાળજી પવાણીના પુત્ર. સ્વ. નાથીબાઈ પરસોતમ ભગદેના જમાઇ. સાવિત્રીબેનના પતિ. પુરુષોત્તમભાઇના ભાઇ. હરેશ, નરેન્દ્ર, કલ્પનાબેન પરેશભાઈ સેજપાલના પિતા. રશ્મિ હરેશ પવાણી, પૂજા નરેન્દ્ર પવાણીના સસરા ૧૧-૧૦-૨૪ને શુક્રવારના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા, લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી મોઢ વણિક**

ભાવનગરના હાલ બોરીવલી અ.સૌ. ચારુબેન (ઉં.વ. ૭૪) તે ગુરુવાર, ૧૦-૧૦-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે ભરત દિનકરભાઈ વોરાના ધર્મપત્ની. કેયુર અને ધ્રુવી કેયુર દોશીના માતુશ્રી. પાયલ તથા કેયુર દોશીના સાસુ. ભાવનગરવાળા સ્વ. રસીલાબેન કાંતિલાલ મણિયારના દીકરી. વંશિકા, જહાનવીના દાદી. રેહાનના નાની. સાદડી પ્રથા બંધ રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા સોરઠિયા વણિક**

મૂળ ગામ પિલવાઇ હાલ અમદાવાદ નિવાસી સતીષભાઇ રમણલાલ (ઉં. વ. ૭૦) તે કોકિલાબેનના પતિ. સ્વ. નીલમબેન, તથા સ્વ. મનસુખલાલ ઝવેરીના જમાઇ. દિલીપભાઇ, નિલેશભાઇ, જયોતિબેન રવિન્દ્રકુમાર સંઘવી, સ્વ. મીનાબેન રાજેન્દ્રકુમાર રાજકોટીયાના બનેવી તા. ૯-૧૦-૨૪ના બુધવારના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૪-૧૦-૨૪ સોમવારના પથી ૭. ઠે. ૧લે માળે, પાવનધામ, નિયર એમ. સી. એ. ગ્રાઉન્ડ, સત્યનગર, કાંદિવલી (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા સોરઠીયા વણિક**

સરધાર નિવાસી હાલ વિલેપાર્લે સ્વ. અનોપચંદ હીરાચંદ પારેખના સુપુત્ર દિનેશભાઇ (ઉં. વ. ૭૭) સોમવાર, તા ૭-૧૦-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે નલિનીબેનના પતિ. તે સ્વ. રમણીકલાલ પ્રભુદાસ શ્રીમાંકરના જમાઇ. હિમાંશુ, ચેતનના પિતાશ્રી. મોના, મેઘાના સસરા. તે સ્વ. હરેશભાઇ, ચંદ્રકાંતભાઇ, મંજુલાબેન (ગીતા) ભરતભાઇ રઘાણીના મોટાભાઇ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઈ ભાટિયા**

અ.સૌ. વૃંદા રાજેશ આશર (ઉં. વ. ૫૫) તે રાજેશ ચત્રભુજ આશરના ધર્મપત્ની, ચિ. શમીતના માતા. સ્વ.ચત્રભુજ આશર અને નીલુબાઈ ચત્રભુજ આશર (વલ્લભદાસ કાનજી)ના પુત્રવધૂ અને સ્વ.મનોજ ખેતશી સંપટ, અરુણાબેન મનોજ સંપટના પુત્રી. તા.૧૧/૧૦/૨૦૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

મનોજ સોનાઘેલા (ઉં. વ. ૬૨) કચ્છ ગામ વીંગાબેર તા.નલિયા હાલે મુલુન્ડ તે પ્રીતિબેનના પતિ. સ્વ.પાર્વતીબેન મેઘજી મુળજી સોનાઘેલાના જ્યેષ્ઠ સુપુત્ર. ગં. સ્વ.ઈન્દિરાબેન હંસરાજ પુરષોત્તમના જમાઈ. હિતેશ, અજય, રાજુ, ભાવેશ, જાગૃતિ નરેન્દ્ર, અંજના રાજીવ, પ્રીતિ વિરલના મોટાભાઈ. નૈતિક અને વિનિતના પિતા. ધ્વનિ નૈતિકના સસરા. બંને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર તા.૧૩/૧૦/૨૪ના ૫ થી ૭. ગોપુરમ હોલ, જ્ઞાન સરિતા સ્કુલ ની બાજુમા, ડૉ. આર પી રોડ, મુલુંડ વેસ્ટ, લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**કચ્છી બ્રહ્મક્ષત્રિય**

અલકા કપૂર (ઉં. વ. ૪૧) તે દીપક કપૂરના પત્ની, રાધાબેન કરસનદાસ મૂળજી કપૂરના પુત્રવધૂ, વેદના માતા. દક્ષાબેન હીરાલાલ શિવજી મિસ્ત્રી દાંધડા થાણાના પુત્રી. રશ્મિ રમેશ મચ્છર, નયના મનીષ, ભાવના મિતેષ, દિના રાજેશ, આશિષ, હિતેષ, વૈશાલી દીપક લિયાના ભાભી તા.૬-૧૦-૨૪ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૩-૧૦-૨૪ના રવિવારે ૩ થી ૪. પાંજીવાડી, કાંજુરવિલેજ રોડ કાંજુરમાર્ગ પૂર્વ.

**મોડાસા એકડા દશા ખડાયતા**

સાતરડાના વતની હાલ કલ્યાણ નવીનચંદ્ર ગોવર્ધનદાસ શાહ (ઉં. વ. ૮૦) તા. ૯.૧૦.૨૪નાં શ્રીજીચરણ પામ્યા છે. તે ગં.સ્વ.વૃજબાળાબેનનાં પતિ. સ્વ.ચંદુભાઈ, જયંતીભાઈ, સ્વ.મધુબેન, સ્વ.સુમિત્રાબેનનાં ભાઇ. વિરલભાઈ, સૌ.જીજ્ઞાબેન, સૌ.વર્ષાબેનનાં પિતા. સૌ.લીનાબેન, હર્ષદકુમાર, શીતલકુમારનાં સસરા. કુંજ, સોહમ, નિધિ, આયુષ, સોહમનાં દાદા. બેસણું તા.૧૩.૧૦.૨૪ને રવિવારનાં ૩.૦૦ થી ૫.૦૦. મહાવીર હોલ, મહાવીર શૉપિંગ સેન્ટર, સરદાર પટેલ માર્ગ (આગ્રા રોડ), કલ્યાણ (પશ્ચિમ), પિયર પક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે રાખેલ છે.

**લુહાર સુથાર**

દલખાણીયા નિવાસી હાલ મલાડ શાંતિલાલ હરસોરા (ઉં. વ. ૮૯) તા.૯/૧૦/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે કુસુમબેનના પતિ. સ્વ.મણીબેન નાનજીભાઈ હરસોરાના પુત્ર. સ્વ.પરષોત્તમભાઈ ત્રિભોવનભાઈ કવાના મહુવાવાળા જમાઈ. શીતલ હિતેશ, આશા જયેશ, કિરણબેન ભુપેન્દ્રભાઈ, સોનલના પિતા. સ્વ.ભીમજીભાઈ, કનુભાઈ, સ્વ. કેશવજીભાઈ, સ્વ.પ્રભુદાસ, સ્વ.વજીબેન ઘુસાભાઈ, ગં.સ્વ.સમજુબેન ગોરધનભાઈ, ગં.સ્વ.મંગુબેન ગોકળભાઈ, ગં.સ્વ.જયાબેન જયંતીભાઈના ભાઈ. પ્રાર્થનાસભા તા.૧૪/૧૦/૨૪ના ૫ થી ૭. લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ ૩, અંબામાતા મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ.

## જૈન મરણ

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ આધોઈના સ્વ. લાખઈબેન બૌવા (ઉં.વ. ૮૬) ૧૦-૧૦-૨૪ ગુરુવારના અવસાન પામેલ છે. સ્વ. પુરાબેન ભુરા હાજા બૌવાના પુત્રવધૂ. સ્વ. કોરશી ભુરાની ધર્મપત્ની. દેવજી, પ્રેમજી, રમણીક, નેમચંદના માતુશ્રી. કસ્તુર, દિવાળી, દમયંતી, અલ્પાના સાસુ. રતનશી, અમીત, હર્ષીદ, રજનીક, આરવ, મીતલ, ધ્રુવીના દાદીમા. ગામ આધોઈના સ્વ. નાથીબેન/સ્વ. દેમતબેન ખેતશી ધનજી ગીંદરાની દીકરી. પ્રાર્થના ૧૩-૧૦-૨૪, રવિવારના ૨.૩૦ થી ૪. રઘુલીલા મોલ, ૪થે માળે, લોટસ બેંકવેટ પોઈસર, બોરીવલી-વેસ્ટ.

**મચ્છુકાંઠા વિશા શ્રીમાળી જૈન**

મોરબી નિવાસી હાલ માટુંગા મુંબઇ સ્વ. ત્રંબકલાલ કરસનજી મહેતાના પુત્રવધૂ બીના બીપીન મહેતા (ઉં. વ. ૭૪) તે જીજ્ઞેશનાં માતુશ્રી. પ્રતીભા દિનેશચંદ્ર, હર્ષિકા હર્ષદભાઇના દેરાણી. રંજનબેન દિનેશભાઇ દોશી અને દિવ્યાબેન રમેશચંદ્ર સંઘવીના ભાભી. તથા પિયર પક્ષે કાંતિલાલ નથુભાઇ વારીઆના સુપુત્રી. તે દિવ્યકાંત, બીપીન, યોગેશ, કલ્પના, નયના, પલ્લવીનાં મોટાબેન શુક્રવાર તા. ૧૧-૧૦-૨૪ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જૂનાગઢ નિવાસી હાલ ઘાટકોપર સુશીલાબેન હિંમતલાલ મહેતાના સુપુત્ર યોગેશભાઇ (ઉં. વ. ૬૯) તે મીનાબેનના પતિ. ભાવીન અને ચિરાગના પિતા. શ્રદ્ધા અને સૃષ્ટિના સસરા. સ્વ. કુમુદબેનના ભાઇ. મનસુખલાલ પ્રેમચંદ મહેતાના જમાઇ. તા. ૧૧-૧૦-૨૪ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી દશા શ્રીમળી સ્થા. જૈન**

વિછિયા નિવાસી હાલ દહિસર, સ્વ.મંજુલાબેન મનસુખલાલ લાઠીયાના સુપુત્ર પરેશ લાઠીયા (ઉં. વ. ૫૬) તે રૂપલના પતિ. શુભના પિતા. ઉષાબેન જગદીશભાઈ પંચમીયા તથા ધીરેનભાઈ, સંજયભાઈના ભાઈ. સુરેન્દ્રનગર નિવાસી સ્વ.રસીલાબેન અમૃતલાલ દોશીના જમાઈ તા.૬/૧૦/૨૦૨૪ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થા. જૈન**

ધાંગ્રધા નિવાસી હાલ ચિંચપોક્લી મધુબેન પંકજભાઈ શાહ, (ઉં. વ. ૭૬) તે સ્વ. પંકજભાઈના પત્ની. બાલુબેન ઉમેદભાઈ શાહના દીકરી. વૈભવ આશિષના માતા. અંજના, વર્ષાના સાસુ. ધ્રુવ, માહી, અક્ષવીના દાદી. રમેશભાઈ, ભરતભાઈ, જશીબેન, રેખાબેનના ભાભી શુક્રવાર ૧૧/૧૦/૨૪ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન**

ગજોડના કંકુબેન દામજી હીરજી દેઢીયા (ઉં. વ. ૯૦) તા. ૧૧-૧૦-૨૪ના અવસાન પામેલ છે. દામજીના ધર્મપત્ની. તેજબાઇ હીરજી ગોસર દેઢીયાના પુત્રવધૂ. પત્રીના વનિતા (ભારતી) ભરત ગડા, નાના ભાડીયાના ગુણવંતી ભરત રાંભીયા, ભુજપુરના રીટા મનોજ ગડા, મહેન્દ્ર, હરીશના માતુશ્રી. ચુનડીના સુંદરબેન વિજપાર ગંગરના પુત્રી. દેવજી, સુરજી, ભવાનજી, પુનડીના લક્ષ્મીબેન ઉમરશી, નાની તુંબડીના વેલબાઇ ચાંપશી, બિદડાના હીરબાઇ લક્ષ્મીચંદના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. મહેન્દ્ર દામજી દેઢીયા, સી-૪૦૧, અનુપમ કો.પ.હા.સો., સેક્ટર-૯, સ્વામી સમર્થ મંદિરની બાજુમાં, ચારકોપ, કાંદીવલી (વે.).

ગોધરાના ભારતી કીર્તી દેવજી છેડાના પૌત્રી પૂર્વી જિનેશ છેડાના પુત્રી ક્રિશા જિનેશ છેડા (ઉં.દિ. ૭૧) તા. ૧૧-૧૦-૨૪ના અરીહંત શરણ પામેલ છે. કાંડાગરાના સ્નેહલતા પ્રાણલાલ શેઠના દોહીત્રી. પ્રાર્થના રાખેલ નથી. ઠે. કીર્તી છેડા, ૪૧-બી, ગણેશ પેલેસ, ચિત્તરંજનદાસ રોડ, રામનગર, ડોંબીવલી (ઇસ્ટ).

તલવાણાના દેવચંદ મેઘજી ફુરીયા (ઉં. વ. ૮૪) તા. ૦૯-૧૦-૨૪ના અવસાન પામેલ છે. માતુશ્રી હીરબાઇ મેઘજી કરમશીના સુપુત્ર. સ્વ. સોનબાઇના પતિ. તે જયશ્રી, રમેશ, મનોજના પિતાજી. સ્વ. કસ્તુરબેન, સ્વ. રતીલાલ તથા જયંતીલાલના ભાઇ. ભુજપુરના સ્વ. ખીમઇબાઇ કુંવરજી ભેદાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. રમેશ દેવચંદ ફુરીયા, ૩૦૨, સાઇદીપ એપાર્ટમેન્ટ, લોકમાન્ય નગર પાડા નં. ૨, શંકર મંદિરની બાજુમાં, થાણા (વેસ્ટ) ૪૦૦૬૦૬.

સમાઘોઘા હાલે નાંદેડના ઉર્મિલાબેન જાદવજી ગાલા (ઉં. વ. ૯૨) તા. ૧૧-૧૦-૨૪ના અવસાન પામ્યા છે. ગંગામા કુંવરજી ઓભાયાના પુત્રવધૂ. જાદવજીભાઇના ધર્મપત્ની. કિશોર, ચંદ્રીકા, જ્યોતી, ભારતી, ગુણવંતી, હેમાના માતુશ્રી. કપાયા મકાબાઈ હીરજી આશારીયાના દીકરી. શાંતિલાલ, નાગજી, મગનલાલ, સંતોકબેન શાંતિલાલ કુંવરજીના બેન. મુંબઈમાં પ્રાર્થના રાખેલ નથી. નિ. કિશોર ગાલા, ઉર્મી વિલા, બોરબન ફેક્ટરી, નાંદેડ -૪૩૧૬૦૧.

પત્રીના વલમજી કુંવરજી ગોગરી (ઉં. વ. ૮૪) તા. ૯.૧૦.૨૪ના અવસાન પામ્યા છે. મઠાબાઈ કુંવરજી રામજીના સુપુત્ર. મણીબેનના પતિ. જયેશ, પ્રફુલ્લા, મીના, મનીષના પિતાશ્રી. હીરજી, મણીલાલ, ચુનીલાલ, હરીલાલ, ગંગાબેન શામજી, કસ્તુરબેન દેવશીના ભાઈ. પત્રી પાનબાઈ રામજી લઘાભાઈ ધરોડના જમાઈ. પ્રા. યોગી સભાગૃહ, દાદર. ટા. ૨ થી ૩.૩૦. નિ. જયેશ વી. ગોગરી : ૬-ઇ, શિવકૃપા-'એ', ઓલ્ડ નાગરદાસ રોડ, અંધેરી- ઈસ્ટ.

રાયણના નિખિલ મણીલાલ ગડા (ઉં. વ. ૬૦) તા. ૧૧-૧૦ના અવસાન પામેલ છે. અમૃતબેન, નવલબેન, મણીલાલ નાનજીના પુત્ર. હેમલના પતિ. અંકિતા, વત્સલના પિતા. નરેન્દ્ર, પ્રિતીના ભાઇ. કોડાય પ્રભાબેન મણીલાલ શામજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. : હેમલ ગડા, ૧૦૧, મહાવીર હાઇટ્સ, ગણેશ મંદિર રોડ, ડોંબિવલી (ઈ) .

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
| --- | --- | --- |

## પ્રાર્થના સભા

ખૂબજ દુઃખ સાથે અમે અમારા પ્રિયજનના અવસાનની જાણ કરીએ છીએ



**પ્રીતિ ઠક્કર**
(ઝવેરબેન અર્જુનભાઈ ઠક્કર ની સુપુત્રી)
(૨૭.૭.૧૯૫૨ થી ૧૨.૧૦.૨૦૨૪)
ચેરપર્સન એમ એચ ફૂડ્સ (અમેરિકન ડ્રાય ફ્રુટ્સ)

શોકાતૂર
પતિ: દિલીપભાઈ ઠક્કર;
પુત્રો અને પુત્રવધૂ: મનોજભાઈ અને મેઘા, સમીરભાઈ અને ભક્તિ
પ્રિય પૌત્રો અને પૌત્રી: સ્મેરા, નૈશા અને સનય
ભાઈ અને ભાભી: સ્વ. રમેશભાઇ અને મહાલક્ષ્મી ઠક્કર, કિશોરભાઈ અને ભાનુ ઠક્કર, અશોકભાઈ અને સ્વ.હર્ષા ઠક્કર, પ્રતાપભાઈ અને સ્મિતા ઠક્કર

તારીખ: ૧૩મી ઓક્ટોબર ૨૦૨૪ સમય: બપોરે ૩.૩૦ થી ૫.૩૦ વાગ્યા સુધી
સ્થળ: યશવંતરાવ ચવ્હાણ સેન્ટર
૪થો માળ, કલ્ચરલ હોલ, નરીમાન પોઈન્ટ, મુંબઈ - ૪૦૦૦૨૧


# હિન્દુઓ એક થાવ, નબળાઓને તો ઈશ્વર પણ નથી બક્ષતાઃ ભાગવત

## બાંગ્લાદેશમાં ભારત વિરોધી કાવતરું રચાયું છે અને હિન્દુઓના માથે તલવાર લટકી રહી છે એમ તેમણે કહ્યું હતું

નાગપુરઃ છેલ્લા કેટલાક વર્ષોમાં વિશ્વસનિયતા વધારી ભારત વિશ્વમાં વધુ મજબૂત અને વધુ આદરણીય બન્યું છે પરંતુ આજકાલ ભયાનક ષડયંત્રો દેશના દૃઢ મનોબળની કસોટી કરી રહ્યા છે એવું જણાવી રાષ્ટ્રીય સેવક સંઘ (આરએસએસ) પ્રમુખ મોહન ભાગવતે શનિવારે ઉમેર્યું હતું કે દેશમાં અશાંતિ ફેલાવવા અને અસ્થિર કરવાના પ્રયાસો તમામ દિશાઓમાંથી વેગ પકડી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે અને બીજી તરફ બાંગ્લાદેશમાં ભારતને ખતરારૂપ ગણાવી અસલામત દર્શાવવા જાતજાતની વાતો ફેલાવવામાં આવી રહી છે. આટલું જ નહીં બાંગ્લાદેશમાં હિન્દુઓના માથા પર તલવાર લટકી રહી છે.

દેશની સલામતી માટે હિન્દુઓને એક થવાની હાકલ કરતા ભાગવતે કહ્યું હતું કે, ખુદ ઇશ્વર પણ નબળાઓ પર ધ્યાન નથી આપતા. ભગવાન પણ નબળાઓને શિક્ષા આપે છે. એક વસ્તુ યાદ રાખજો કે યજ્ઞમાં ઘોડો, વાઘ કે હાથીની બલિ નથી ચડાવાતી પણ બકરાની બલિ ચડાવાય છે. શું કામ? કારણ કે ઘોડો લાત મારશે, હાથી મહાકાય છે અને વાઘ હુમલો કરશે. જોકે બકરો મોતની સામેય પ્રતિકાર નથી કરતો.

નાગપુરમાં આરએસએસની વાર્ષિક વિજયાદશમી રેલીને સંબોધિત કરતા ભાગવતે કહ્યું હતું કે પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ વ્યક્તિગત અને રાષ્ટ્રીય ચરિત્રની દૃઢતા શુભ સંકલ્પ અને સદાચારની જીત માટે શક્તિનો પાયો બની જાય છે. દરેકનું માનવું છે કે છેલ્લાં કેટલાક વર્ષોમાં વધેલી વિશ્વસનીયતા સાથે ભારત વિશ્વમાં વધુ શક્તિશાળી અને વધુ આદરણીય બન્યું છે. કોઈ પણ દેશ તેના લોકોના રાષ્ટ્રીય ચરિત્રથી મહાન બને છે. આ વર્ષ મહત્ત્વપૂર્ણ છે કારણ કે આરએસએસ તેના શતાબ્દી વર્ષમાં પ્રવેશ કરે છે. દેશની જનતા આશાવાદી છે અને મહત્ત્વાકાંક્ષા પણ સેવે છે અને સાથે સાથે તેની સામે પડકારો અને સમસ્યાઓ પણ છે.

'આરએસએસના અધ્યક્ષે વધુમાં જણાવ્યું હતું કે 'દેશના કલ્યાણ, ધર્મ, સંસ્કૃતિ અને સમાજના ઉત્કર્ષ માટે પોતાનું જીવન સમર્પિત કરનારા અહિલ્યાબાઈ હોળકર, દયાનંદ સરસ્વતી, બિરસા મુંડા અને અન્ય ઘણા લોકો જેવી હસ્તીઓ પાસેથી આપણે પ્રેરણા લેવી જોઈએ.'

તેમણે વધુમાં જણાવ્યું હતું કે 'આરએસએસની સ્થાપના ૨૭ સપ્ટેમ્બર, ૧૯૨૫ના રોજ થઈ હતી. શતાબ્દી વર્ષમાં સંઘ સમાજ અને પર્યાવરણમાં સંવાદિતા અને સદ્‌ભાવના, મૂલ્યોની જાગૃતિ, નાગરિક શિસ્ત, આત્મસન્માન, વિચાર, વાણી અને કાર્યમાં સંયમ અને વિવેકબુદ્ધિ, સંગઠિત શક્તિ અને નિષ્કલંક ચરિત્ર જેવા મુદ્દાઓને પ્રાધાન્ય આપી શાંતિ અને પ્રગતિ માટે કોશિશ કરશે.' (પીટીઆઈ)■

## રત્નાગિરિમાં આરએસએસના સરઘસ વખતે કોમી તંગદિલી

મુંબઈઃ રત્નાગિરિમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના સરઘસ દરમિયાન લઘુમતી કોમના સભ્યોએ કથિત સૂત્રોચ્ચાર કરતાં વાતાવરણ તંગ બન્યું હતું.

રત્નાગિરિ શહેર પોલીસના અધિકારીએ જણાવ્યું હતું કે કોંકણ નગર વિસ્તારમાં શુક્રવારે રાતના આ ઘટના બની હતી, જેને પગલે પોલીસે બે કેસ નોંધ્યા હતા.

મળેલી ફરિયાદોને આધારે અમે બે કેસ નોંધ્યા હતા અને પાંચ આરોપીને ઓળખી કાઢવામાં આવ્યા છે. અમે તેમને નોટિસ મોકલી છે. જોકે આ કેસમાં હજી સુધી કોઇની ધરપકડ કરવામાં આવી નથી, એમ અધિકારીએ કહ્યું હતું.

દશેરાની પૂર્વસંધ્યાએ આરએસએસ દ્વારા એ વિસ્તારમાં સરઘસ (પથ સંચાલન) કાઢ્યું હતું, ત્યારે લઘુમતી કોમના લોકોએ ધાર્મિક લાગણી દુભવતા સૂત્રોચ્ચાર કર્યા હતા. ત્યાં કોઇ હિંસા થઇ નહોતી, પણ અનેક લોકો મોડી રાતે પોલીસ સ્ટેશન ખાતે એકઠા થયા હતા અને ઘટનામાં સામેલ વ્યક્તિઓ વિરુદ્ધ એફઆઇઆર નોંધવાની માગણી કરી હતી.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે આ પ્રકરણે ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત જોગવાઇઓ હેઠળ કેસ નોંધવામાં આવ્યા છે અને તપાસ ચાલી રહી છે. (પીટીઆઇ)■

## સમાજની ભ્રષ્ટ નૈતિકતાનું કારણ છે ઓટીટી પ્લેટફોર્મ

મુંબઈઃ દેશની સૌથી મોટી સ્વયંસેવી સંસ્થા આરએસએસ(રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ)ના ૧૦૦મા સ્થાપના દિને આરએસએસના પ્રમુખ મોહન ભાગવતે ઓટીટી(ઓવર ધ ટોપ મીડિયા સર્વિસ) પ્લેટફોર્મ પર નિશાન સાધ્યું હતું અને તેને લોકોની નૈતિકતા ભ્રષ્ટ થવાનું એક કારણ ગણાવ્યું હતું.

નાગપુરના રેશિમબાગ ખાતે દશેરાની પારંપારિક રીતે યોજાતી રેલીને સંબોધતા તેમણે કહ્યું હતું કે લોકોની નૈતિકતા ભ્રષ્ટ થવાનું એક કારણ ઓટીટી પ્લેટફોર્મ છે અને તેના પર કાયદાકીય અંકુશો લાદવા જરૂરી છે. ઓટીટી પર દેખાડવામાં આવતી વસ્તુઓ એટલી ઘૃણાસ્પદ હોય છે કે તેના વિશે વાત કરવું પણ અસભ્ય ગણાશે, એટલે હું કહું છું કે તેના પર કાયકાદીય અંકુશો લાદવા જરૂરી છે. ■

## કોલકાતાના બળાત્કાર માટે સાંસ્કૃતિક પતન જવાબદાર

નાગપુરઃ કોલકાતાની સરકારી આર.જી.કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં જુનિયર ડોક્ટર પર બળાત્કાર અને હત્યાને ઢાંકવાના 'પ્રયાસો' ની રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના અધ્યક્ષ મોહન ભાગવતે શનિવારે ઝાટકણી કાઢી હતી.


ભાગવતે નાગપુરમાં વાર્ષિક વિજયાદશમી ઉત્સવમાં આરએસએસના કાર્યકરોને સંબોધતા કહ્યું હતું કે 'આવી ઘટનાઓ સમાજમાં મોટા સાંસ્કૃતિક પતન અને ભ્રષ્ટાચારનું પરિણામ છે.' ભારતની જૂની પરંપરાઓને ટાંકી ભાગવતે કહ્યું હતું કે 'દ્રૌપદીના વસ્ત્રોને સ્પર્શ કરવામાં આવ્યો ત્યારે મહાભારત બન્યું હતું અને જ્યારે સીતાનું અપહરણ કરવામાં આવ્યું ત્યારે રામાયણ બન્યું હતું. કોલકાતાની આર.જી.કર હોસ્પિટલમાં જે થયું તે શરમજનક ઘટના હતી, જે આપણા બધાનું ઘોર અપમાન છે.' આરએસએસ પ્રમુખે પશ્ચિમ બંગાળમાં મમતા બેનરજીના નેતૃત્વવાળી તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) સરકાર પર નિશાન સાધતા કહ્યું કે આ ઘટનાને છુપાવવા અને ગુનેગારોને બચાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. અપરાધ, રાજકારણ અને ઝેરી સંસ્કૃતિની સાઠગાંઠ આપણને બરબાદ કરી રહી છે. (પીટીઆઈ)■

## થાણેમાં પાંચ મહિનાના બાળકનું અપહરણઃ બે મહિલા સહિત ત્રણની ધરપકડ

થાણેઃ થાણેમાં પાંચ મહિનાના બાળકનું અપહરણ કરવા બદલ પોલીસે બે મહિલા સહિત ત્રણની ધરપકડ કરી હતી અને બાળકીનો છુટકારો કરાવ્યો હતો.

આરોપીઓની ઓળખ જાવેદ અજમતઅલી ન્હાવી (૩૫), જયશ્રી યાકુબ નાઇક (૪૫) અને સુરેખા રાજેશ ખંડાગળે (૩૪) તરીકે થઇ હતી. જાવેદ ન્હાવી વિરુદ્ધ રાબોડી, થાણે નગર તેમ જ કલવા પોલીસ સ્ટેશનમાં ગુના દાખલ છે. જાવેદે કેટલાંક વર્ષ અગાઉ પત્ની અને સંતાનને ગુમાવ્યા હતા અને તે હાલ બંને મહિલામાંથી એક સાથે રહેતો હતો, જે વિધવા છે.

પોલીસના જણાવ્યા મુજબ થાણેમાં રાબોડી બ્રિજ નીચે વનિતા પવાર (૨૫) તેના પાંચ મહિનાના પુત્ર સાથે શુક્રવારે રાતે રાબોડી બ્રિજ નીચે સૂતી હતી, ત્યારે મોડી રાતે તેના પુત્રનું અપહરણ કરાયું હતું. દરમિયાન વનિતા જાગી જતાં તેને પુત્ર નજરે પડ્યો નહોતો. પુત્રની શોધ ચલાવ્યા છતાં તેનો કોઇ પત્તો લાગ્યો નહોતો. આથી તેણે થાણે નગર પોલીસ સ્ટેશનમાં પુત્રના ગુમ થવા અંગે ફરિયાદ નોંધાવી હતી.

Deepak Somaiya


# કોલાબા, નરીમાન પોઈન્ટ, ચર્ચગેટને સમાવતો 'એ' વોર્ડ છે સૌથી ગંદો

## ગંદકી કરવાના આ વોર્ડમાં ૬૪,૦૦૦થી પણ વધુ કેસ નોંધાયા છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈનો અત્યંત વ્યસ્ત અને અસંખ્ય સરકારી અને કોર્પોરેટ ઓફિસો આવેલી છે તે વિસ્તારમાં જ નાગરિકો દ્વારા સૌથી વધુ ગંદકી ફેલાવવામાં આવતી હોવાનું જણાઈ આવ્યું છે. 'એ' વોર્ડમાં આવતા નરીમાન પોઈન્ટ, કોલાબા, ચર્ચગેટ અને ફોર્ટ વિસ્તારમાં ગંદકી ફેલાવીને સ્વચ્છતાના નિયમનું ઉલ્લંઘન કરવાના કુલ ૬૪,૦૦૦ કેસ નોંધાયા છે.

સુધરાઈના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ બીએમસીની ન્યુસન્સ ડીટેક્શન (એનડી) સ્કવોડ અને ક્લીનઅપ માર્શલ્સ દ્વારા એકલા 'એ' વોર્ડમાં જ ગંદકી ફેલાવનારા ૬૪,૦૦૦ કેસ નોંધવામાં આવ્યા છે. સુધરાઈની આ ટીમ દ્વારા એપ્રિલથી સપ્ટેમ્બર વચ્ચે આ વિસ્તારોમાંથી ૪૭.૮૧ લાખ રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો છે. તો મુંબઈના તમામ ૨૪ વોર્ડમાં કુલ ૧,૨૪૫૭૮ કેસ નોંધાયા છે અને ૩.૫૬ કરોડ રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. મુંબઈમાં ચાલુ વર્ષમાં ફરી એક વખત ક્લીનઅપ માર્શલ્સની નિમણૂક કરવામાં આવી હતી. પારદર્શિતા વધારવા માટે સુધરાઈના આઈટી વિભાગે સ્કીમના ભાગરૂપે એક ઓનલાઈન પેનલ્ટી પ્લેટફૉર્મ રજૂ કર્યું હતું. દરેક વોર્ડમાં ૩૦ માર્શલની ટીમ બનાવામાં આવી છે, જ્યારે 'એ'વોર્ડમાં સ્વચ્છતા જાળવી રાખવા માટે ૧૦૦થી વધુ માર્શલો છે. આ માર્શલો બ્લુટૂથ દ્વારા તેમના મોબાઈલ ઉપકરણ સાથે જોડાયેલા પ્રિન્ટરથી સજ્જ છે, તેનાથી તેઓ સ્થળ પર દંડની રસીદ આપી શકે છે.

દંડની રકમ સીધી એજન્સીના ખાતામાં જમા કરવામાં આવે છે, જેનાથી માર્શલો સામે ગેરવસૂલાતની ફરિયાદ ઊભી થાય નહીં. તેમ જ સ્વચ્છતાના નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ પર વોચ રાખવા માટે વોર્ડ મુજબ એનડી સ્કવોડને સક્રિય કરવામાં આવી છે.

સુધરાઈના અધિકારીના જણાવ્યા મુજબ એનડી સ્કવોડે ૪૨,૦૦૦ કેસ નોંધ્યા છે, જ્યારે ક્લીનઅપ માર્શલે 'એ' વોર્ડમાં ૨૨,૬૦૪ કેસ નોંધ્યા છે. આ વિસ્તારમાં ઘણા ટુરીસ્ટ સ્પોટ, મહત્ત્વની સરકારી ઓફિસો અને મંત્રાલય સહિત ખાનગી ઓફિસ અને બેન્કો આવેલી છે. અહીં ટ્રાફિક પણ વધુ રહેતો હોય છે, તેને કારણે અહીં મોટી સંખ્યામાં ક્લીનઅપ માર્શલ તહેનાત કરવામાં આવ્યા છે

સુધરાઈના ૨૦૦૬ના સોલિડ વેસ્ટ બાય-લો હેઠળ જાહેર સ્થળોએ સ્વચ્છતાનાં ધોરણોને લાગુ કરવા માટે સુધરાઈ દ્વારા ક્લીન-અપ માર્શલની નિમણૂક કરવામાં આવે છે. તેઓ કચરો નાખવા, કચરો સળગાવવા, થૂંકવા અને પાલતુ પ્રાણીઓ ગંદકી કરે પછી તેની સફાઈ ન કરવા જેવા ગુના માટે ૧૦૦થી ૧,૦૦૦ રૂપિયા સુધીનો દંડ લાદી શકે છે. ■




KAAJAL ADS


### સૌથી વધુ દંડ વસૂલ કરવામાં આવેલા વોર્ડ (એપ્રિલથી સપ્ટેમ્બર)

| વોર્ડ | દંડ વસૂલ કર્યો (રૂપિયામાં) |
|---|---|
| એ( કોલાબા, ફોર્ટ) | ૪૭ લાખ |
| એલ (કુર્લા) | ૨૮ લાખ |
| ડી (મલબાર હિલ) | ૨૪ લાખ |
| એચ-વેસ્ટ( બાન્દ્રા વેસ્ટ) | ૨૨ લાખ |








## રાજ ઠાકરે સંઘ પર ઓળઘોળ

મુંબઈઃ લોકસભાની ચૂંટણીમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીને બિનશરતી સમર્થન આપનારા મહારાષ્ટ્ર નવનિર્માણ સેના(મનસે)ના અધ્યક્ષ રાજ ઠાકરેનો પોડકાસ્ટ ખૂબ જ ચર્ચામાં છે. ઉલ્લેખનીય છે કે આજકાલ યુવાનોમાં યુટ્યુબ પર ચાલતા પોડકાસ્ટ ખૂબ જ લોકપ્રિય થઇ રહ્યા છે, જેમાં પારંપારિક રીત કરતાં જુદા અંદાજે સંવાદ સાધવામાં આવે છે, જેમાં રાજ ઠાકરેએ ભાગ લીધો હતો, અને તેમાં પણ તેમણે આરએસએસ(રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ)ના અધ્યક્ષ મોહન ભાગવતના કરેલા વખાણને પગલે રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે. આરએસએસના સ્થાપના દિવસે તેમણે આ સંગઠનને અભિનંદન પાઠવ્યા હતા. દશેરાના દિવસે આરએસએસના ૯૯ વર્ષ પૂરા થયા હતા અને ૧૦૦મા વર્ષમાં પ્રવેશ કર્યો હતો. આ દરમિયાન રાજ ઠાકરેએ કહ્યું હતું કે ભારતને પોતાની માતૃભૂમિ માનનારા બધા જ હિંદુ છે અને આ હિંદુ સમાજનું એકીકરણ કરવાના ઉદ્દેશથી આરએસએસની સ્થાપના કરવામાં આવી હતી. ભારતીયતા, રાષ્ટ્રવાદ, હિંદુત્વનું સમાજ અભિમાન કરે એ માટે છેલ્લાં ૯૯ વર્ષથી સંઘે નિઃસંદેહ મોટું કામ કર્યું છે. તેમનું કામ હંમેશા મને અચંબો પમાડે છે. દેશમાં કોઇપણ નૈસર્ગિક કોપ વરસે ત્યારે ત્યાં જઇને સેવા આપવામાં આરએસએસ સૌથી અગ્રેસર હોય છે. ■

## સૉલ ઓફ ટૂર





ઑરોરા ટ્રાવેલ ટૂર્સ પ્રાઇવેટ લિમિટેડના ચૅરમૅન ધવલ જાંગલા

• **પ્રશ્નઃ ધવલભાઈ, ન્યુઝીલેન્ડની મુલાકાત લેવાની પ્રેરણા તમને શેનાથી મળી?**
ધવલભાઈઃ અદ્‌ભુત લેન્ડસ્કેપ્સની છબીઓ મેં જ્યારથી જોઈ ત્યારથી જ મનમાં થઈ ગયું કે મારે ન્યુઝીલેન્ડની મુલાકાત અવશ્ય લેવી પડશે. ભવ્ય પર્વતોથી લઈ લીલીછમ ખીણો સુધી એક જ જગ્યાએ સાહસ અને અદ્‌ભુત શાંતિની પ્રતીતી થાય છે.

• **ન્યુઝીલેન્ડની મુલાકાત લેવાનો શ્રેષ્ઠ સમય ક્યારે હોય છે?**
ધવલભાઈઃ ન્યુઝીલેન્ડની મુલાકાત માટે માર્ચ મહિનો શ્રેષ્ઠ હોય છે કારણ આ સમયમાં સુખદ હવામાન અને અદ્‌ભુત પાનખરનો સંગમ હોય છે. આઉટડોર પ્રવૃત્તિઓ માટે ઉત્તમ હોય છે, જ્યારે માર્ચ એપ્રિલમાં ઓછી ભીડ અને વાયબ્રન્ટ રંગોની બહાર આકર્ષક લેન્ડ-સ્કેપ્સની શોધ કરવા અને સ્થાનિક તહેવારોનો આનંદ માણવા યોગ્ય છે. સાહસ અને આરામ બંને માટે આ ઉત્તમ સમય છે.

• **ક્વીન્સટાઉન વિશે તમારા મનમાં કેવી છાપ હતી?**
ધવલભાઈઃ ક્વીન્સટાઉન મન મોહક છે જે વાકાટીપુ તળાવ અને મનમાં છવાઈ જાય એવી પર્વતમાળાઓથી ઘેરાયેલું તે ખરેખર વિશ્વની સાહસિક રાજધાની છે. ત્યાં મેં મારા દિવસો સ્કાયડાઈવિંગ જેવી આનંદદાયક પ્રવૃત્તિઓ કરીને વિતાવ્યા. અદ્‌ભુત દૃશ્યો પર ફ્રી-ફોલિંગથી ધસારો ન ભૂલવા જેવો રહ્યો.

• **મિલફોર્ડ સાઉન્ડમાં તમારો શું અનુભવ રહ્યો?**
ધવલભાઈઃ મિલફોર્ડ સાઉન્ડે મારો શ્વાસ થંભાવી દીધો. મેં એક મનોહર ક્રૂઝ કર્યું જ્યાં ઊંચા ખડકો અને ધોધમાંથી પસાર થતી વખતે પણ શાંતિ દેખાતી હતી અને બીજી દુનિયામાં પગ મૂક્યો હોય એવી અનુભૂતિ થઈ. રમતિયાળ ડોલ્ફિનને હોડી સાથે સ્વીમિંગ કરતા જોઈ.

• **તમે ન્યુઝીલેન્ડમાં કઈ સાહસિક પ્રવૃત્તિઓનો પ્રયાસ કર્યો?**
ધવલભાઈઃ ન્યુઝીલેન્ડના દરેક ખૂણે સાહસ જોવા મળે છે. આકર્ષક લેન્ડસ્કેપ્સ પર સ્કાયડાઈવિંગનો અનુભવ ખૂબ જ રોમાંચક છે. અદ્‌ભુત ફજોર્ડસ જોવા એક હેલિકોપ્ટર રાઈડ લો અને ક્રિસ્ટલ-કલીયર પાણીમાં જેટ સ્કીઈંગના ઉત્સાહનો આનંદ માણો. વધુ સાહસ માટે પેરાગ્લાઈડીંગના પ્રયાસથી મનોહર ખીણો પર ગ્લાઈડ કરો. અન્ય આનંદદાયક પ્રવૃત્તિઓમાં બંજી જમ્પિંગ, વ્હાઈટ-વોટર રાફટીંગ અને હોર્સબેક સફારી પણ છે જે રોમાંચ શોધનારા માટે કંઈક છે તેની ખાતરી કરાવે છે.

• **તમારી સફર દરમ્યાન આરામ કરવાનો સમય શું તમને મળ્યો?**
ધવલભાઈઃ ચોક્કસ! રોટોરૂઆમાં પોલિનેશિયન સ્પાની મુલાકાત વિશિષ્ટ હતી ખનિજ સમૃદ્ધ થર્મલ પૂલમાં પલળવાનો આનંદ તમામ સાહસો બાદ સંપૂર્ણ હતો.

• **હોબિટન મૂવી સેટ અંગેની માહિતી શું છે?**
ધવલભાઈઃ હોબિટન મૂવી સેટની મુલાકાત ફિલ્મોના ચાહકો માટે સ્વપ્ન સાકાર કરવા જેવું છે. આઈકોનિક હોબિટ છિદ્રો અને રસદાર શાયર કોઈ પરીકથામાં પ્રવેશ કરવા જેવું લાગ્યું. વિસ્તૃત ધ્યાન અદ્‌ભુત હતું અને મેં હોબિટોન-થીમ આધારિત તહેવારનો પણ આનંદ માણ્યો.

• **સારાંશમાં તમે અમારા વાચકો અને પ્રવાસીઓ માટે ન્યુઝીલેન્ડને કઈ રીતે જોડશો?**
ધવલભાઈઃ ન્યુઝીલેન્ડ એ સાહસ અને આરામનું મનમોહક મિશ્રણ છે, જેમાં આકર્ષક લેન્ડસ્કેપ્સ, આનંદદાયક પ્રવૃત્તિઓ અને ત્યાંના લોકોની હૂંફ છે. માર્ચ ૨૦૨૫માં અમારી ટૂરમાં જોડાઈ આ અદ્‌ભુત ડેસ્ટિનેશનમાં તમારી યાદોને અવિસ્મરણીય બનાવો.





Aurora Travel Tours Pvt Ltd :- 22, Paradise Compound, Bhulabhai Desai Road, Nr. Mahalaxmi Chamber, Breach Candy, Mumbai - 400026
Contact Nos.:- +91 222 3519710 / 11 / 12 / 14, 98219 21920. E-mail :- info@auroratravels.com

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# અજય જાડેજાને જામનગર સ્ટેટના રાજવી પરિવારના ઉત્તરાધિકારી બનાવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગરના પૂર્વ રાજવી જામસાહેબ શત્રુશલ્યસિંહજી જાડેજાના ભાવી ઉત્તરાધિકારી તરીકે પૂર્વ ક્રિકેટર અજય જાડેજાના નામની ખુદ જામસાહેબે ગત મોડી રાત્રે સત્તવાર રીતે જાહેરાત કરી હતી. જામસાહેબે આ જાહેરાતમાં સ્પષ્ટ કર્યું હતું કે સ્ટેટ ઓફ નવાનગર (જામનગર)ના મારા ઉત્તરાધિકારી તરીકે અજય જાડેજાએ લોકોની સેવા કરવાની જવાબદારીનો સ્વીકાર કર્યો તે બદલ હું પ્રસન્નતા ઉપરાંત તેના પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરું છું.

સૌરાષ્ટ્ર-ગુજરાત જ નહીં પરંતુ દેશભરમાં આવેલા રજવાડામાં જામનગર એટલે કે તે સમયના નવાનગર રાજ્યની ગણના મહત્ત્વના રાજ્ય તરીકે થતી હતી. જામસાહેબના પિતા દિગ્વિજયસિંહજીએ દેશ આઝાદ થયો અને સરદાર વલ્લભભાઇ પટેલ જામનગર આવ્યા હતાં ત્યારે તેમને સત્કારી પોતાનું રાજપાટ છોડી અખંડ ભારતના નિર્માણમાં યોગદાનરૂપે નવાનગર સ્ટેટનું ભારતમાં વિલીનીકરણ કરવાની જાહેરાત કરી હતી.


૫૩ વર્ષના અજય જાડેજાએ ૨૧૧ મેચમાં ૬૦૦૦ જેટલા રન કર્યા હતા.

મહારાજા જામસાહેબ શત્રુશલ્યસિંહજીના પિતા દિગ્વિજયસિંહજી જાડેજા અને અજય દોલતસિંહજી જાડેજાના દાદા પ્રતાપસિંહ જાડેજા સગા ભાઇઓ થતાં હતાં. આ રીતે શત્રુશલ્યસિંહજી અને દોલતસિંહજી બન્ને પિતરાઇ ભાઇઓ થતાં હતાં. આમ અજય જાડેજા સંબંધમાં શ્રી શત્રુશલ્યસિંહજીના ભત્રીજા થાય છે. ■

# બુમરાહ ન્યૂ ઝીલૅન્ડ સામે વાઇસ-કૅપ્ટન, પણ ઑસ્ટ્રેલિયા સામે પહેલી ટેસ્ટમાં કૅપ્ટન?

બેન્ગલૂરુઃ બુધવાર, ૧૬મી ઑક્ટોબરે ઘરઆંગણે ન્યૂ ઝીલૅન્ડ સામે શરૂ થનારી સિરીઝ માટે રોહિત શર્મા કૅપ્ટન જાહેર થયો છે, પરંતુ ત્યાર બાદ નવેમ્બરમાં ઑસ્ટ્રેલિયામાં રમાનારી ટેસ્ટ-શ્રેણીની પ્રથમ મૅચમાં જો તે અંગત કારણસર નહીં રમે તો તેના સ્થાને સુકાન સંભાળવાની જવાબદારી જસપ્રીત બુમરાહને સોંપવામાં આવશે એવી પાકી સંભાવના છે. કારણ એ છે કે કિવીઓ સામેની ત્રણ ટેસ્ટની શ્રેણી માટે જાહેર કરવામાં આવેલી ટીમમાં વાઇસ-કૅપ્ટન બુમરાહને બનાવવામાં આવ્યો છે અને સ્વાભાવિક રીતે જ તે જો પોતાની જવાબદારી સારી રીતે સંભાળશે તો બાવીસમી નવેમ્બરે પર્થમાં શરૂ થનારી શ્રેણીની પ્રથમ ટેસ્ટમાં રોહિતના સ્થાને બુમરાહને જ નેતૃત્વ સંભાળવાનું કહેવામાં આવશે. રોહિતે સિલેક્ટર્સને કહી દીધું છે કે અંગત અને અનિવાર્ય કારણસર તે ઑસ્ટ્રેલિયા કદાચ મોડો જશે અને પર્થની પ્રથમ ટેસ્ટમાં નહીં રમે.

ન્યૂ ઝીલૅન્ડ સામેની ૧૫ ખેલાડીઓની ટીમમાં શુભમન ગિલ પણ છે. ગિલને ભારત વતી અગાઉ પાંચ ટી-૨૦ મૅચમાં કૅપ્ટન્સી સંભાળવા મળી છે.

### ટેસ્ટ-સિરીઝનું ટાઇમટેબલઃ

(૧) પ્રથમ ટેસ્ટ, ૧૬-૨૦ ઑક્ટોબર, બેન્ગલૂરુ
(૨) બીજી ટેસ્ટ, ૨૪-૨૮ ઑક્ટોબર, પુણે
(૩) ત્રીજી ટેસ્ટ, ૧-૫ નવેમ્બર, મુંબઈ



### ભારતની ટેસ્ટ ટીમઃ

રોહિત શર્મા (કૅપ્ટન), જસપ્રીત બુમરાહ (વાઇસ-કૅપ્ટન), રિષભ પંત (વિકેટકીપર), ધ્રુવ જુરેલ (વિકેટકીપર), યશસ્વી જયસ્વાલ, શુભમન ગિલ, વિરાટ કોહલી, કે. એલ. રાહુલ, સરફરાઝ ખાન, આર. અશ્વિન, રવીન્દ્ર જાડેજા, અક્ષર પટેલ, કુલદીપ યાદવ, મોહમ્મદ સિરાજ અને આકાશ દીપ.

### રિઝર્વ ખેલાડીઓઃ

હર્ષિત રાણા, મયંક યાદવ, નીતિશ કુમાર રેડ્ડી, પ્રસિદ્ધ ક્રિષ્ના. ■

# બરોડાને બોલર્સે ડિફેન્ડિંગ ચૅમ્પિયન મુંબઈ સામે લીડ અપાવી

વડોદરાઃ રણજી ટ્રોફીના પ્રથમ રાઉન્ડમાં શનિવારે ચાર દિવસીય મૅચના બીજા દિવસે બરોડાની ટીમને બોલર્સે ગઈ સીઝનના વિજેતા મુંબઈ સામે ૭૬ રનની સરસાઈ અપાવી હતી. બરોડાના ૨૯૦ રન સામે મુંબઈની ટીમ ૨૧૪ રનમાં ઑલઆઉટ થઈ ગઈ હતી અને રમતના અંત સુધીમાં બરોડાએ બીજા દાવમાં વિના વિકેટે નવ રન બનાવ્યા હતા.

શુક્રવારે બરોડાનો સ્કોર છ વિકેટે ૨૪૧ રન હતો, પરંતુ શનિવારે બીજા ૪૯ રનમાં બાકીની ચાર વિકેટ પડી ગઈ હતી. જોકે ૯૦ રનમાં પાંચ વિકેટના સ્કોર પછી ૨૯૦ રન બનાવવા એ બરોડાની ટીમની મોટી સફળતા કહેવાય. એમાં વિકેટકીપર મિતેશ પટેલના ૮૬ રન તથા અતિત શેઠના ૬૬ રન સામેલ હતા.

મુંબઈએ પૃથ્વી શૉ (૭)ની વિકેટ વહેલી ગુમાવ્યા બાદ આરંભને વધુ ઝાંખો નહોતો થવા દીધો. આયુષ મ્હાત્રે (બાવન રન) અને વિકેટકીપર હાર્દિક તમોરે (૪૦ રન) વચ્ચે ૬૩ રનની અને ત્યાર બાદ હાર્દિક તમોરે અને કૅપ્ટન અજિંક્ય રહાણે (૨૯ રન) વચ્ચે ૫૭ રનની પાર્ટનરશિપ થઈ હતી. જોકે ૧૪૦ રનના સ્કોર પર બે વિકેટ અને ૧૪૧ રનના સ્કોર પર વધુ એક વિકેટ પડી જતાં મુંબઈની ટીમ સરસાઈ નહીં મેળવી શકે એવું લગભગ નિશ્ચિત થઈ ગયું હતું.

બરોડાના સ્પિનર ભાર્ગવ ભટ્ટ (૫૩ રનમાં ચાર), આકાશ સિંહ (૧૯ રનમાં ત્રણ) અને મહેશ પીઠિયા (પંચાવન રનમાં બે) તેમ જ કૅપ્ટન કૃણાલ પંડ્યા (૪૭ રનમાં એક)ના બોલિંગ પર્ફોર્મન્સને લીધે મુંબઈની ટીમ અંકુશમાં રહી હતી.

### અન્ય મૅચોમાં શું બન્યું?

(૧) સિકંદરાબાદમાં ગુજરાતે બીજા દિવસે મનન હિંગરાજિયાના ૧૮૧ રન અને વિકેટકીપર ઉર્વિલ પટેલના ૬૦ રનની મદદથી પ્રથમ દાવમાં ૩૪૩ રન બનાવ્યા એના જવાબમાં હૈદરાબાદે સાત વિકેટે ૨૨૨ રન બનાવ્યા હતા. રિન્કેશ વાઘેલાએ સૌથી વધુ બે વિકેટ લીધી હતી.

(૨) કોઇમ્બતુરમાં સૌરાષ્ટ્રએ અર્પિત વસાવડાના અણનમ ૬૨ રનની મદદથી ૨૦૩ રન બનાવ્યા હતા જેના જવાબમાં તામિલનાડુએ ત્રણ વિકેટે ૨૭૮ રન બનાવીને ૭૫ રનની સરસાઈ મેળવી હતી. ઓપનર નારાયણ જગદીશને ૧૦૦ રન અને સાઇ સુદર્શને ૮૨ રન બનાવ્યા હતા.

(૩) જયપુરમાં પોંડિચેરીએ પ્રથમ દાવમાં ૨૪૮ રન બનાવ્યા પછી રાજસ્થાને કૅપ્ટન દીપક હૂડા (૧૦૫ નૉટઆઉટ)ની સદીની મદદથી છ વિકેટે ૨૩૪ રન બનાવ્યા હતા.

(૪) શ્રીનગરમાં જમ્મુ-કાશ્મીરે શુભમ ખજુરિયા (૨૫૫ રન)ની ડબલ સેન્ચુરી તથા વિકેટકીપર શિવાંશ શર્મા (૧૦૬ અણનમ)ની મદદથી ૫૧૯/૭ના સ્કોર પર દાવ ડિક્લેર કર્યા બાદ મહારાષ્ટ્રએ ૨૮ રનમાં એક વિકેટ ગુમાવી દીધી હતી.

(૫) લખનઊમાં બેન્ગાલે ભારતીય ખેલાડી યશ દયાલની ચાર વિકેટને કારણે ૩૧૧ રનનો સાધારણ સ્કોર નોંધાવ્યા બાદ ઉત્તર પ્રદેશે કૅપ્ટન-વિકેટકીપર આર્યન જુયલના ૯૦ નૉટઆઉટની મદદથી ત્રણ વિકેટે ૧૯૮ રન બનાવ્યા હતા.

(૬) નાગપુરમાં ૨૦૨૩ના રનર-અપ વિદર્ભના ૧૧૮ રન સામે આંધ્રની ટીમ ૧૬૭માં આઉટ થઈ ગઈ ત્યાર બાદ વિદર્ભએ બીજા દાવમાં અથર્વ ટૈડના અણનમ ૧૧૫ રનની મદદથી એક વિકેટે ૧૯૨ રન બનાવ્યા હતા. લીડ ઊતાર્યા બાદ વિદર્ભના ૧૪૩ રન હતા. ■

# મનુ ભાકરને જ્યારે ટીચરે ક્લાસમાં આવવાની ચોખ્ખી મનાઈ કરી હતી...



નવી દિલ્હીઃ પૅરિસ ઑલિમ્પિક્સમાં શૂટિંગના બે બ્રૉન્ઝ મેડલ જીતનાર અને નિશાનબાજીમાં પોતાના વર્ગ (૧૦ મીટર ઍર પિસ્તોલ)માં વર્લ્ડ ચૅમ્પિયન બની ચૂકેલી મનુ ભાકરે ગુરુવારે દિલ્હીમાં એક ફૅશન શો દરમ્યાન રૅમ્પ પર કૅટવૉક કરીને સૌ કોઈને ચોંકાવી દીધા ત્યાર પછી આપેલા ઇન્ટરવ્યૂમાં પોતાની કૉલેજનો ખાસ ઉલ્લેખ કર્યો હતો અને ત્યારની કેટલીક ઘટના યાદ કરીને એનું પણ વર્ણન કર્યું હતું. એક દિવસ ટીચરે તેને ક્લાસમાં પ્રવેશવાની મનાઈ કરી હતી એ કિસ્સાની વાત તેણે કરી હતી.

મનુ ભાકર બાવીસ વર્ષની છે. તેનો જન્મ હરિયાણા રાજ્યના ગોરિયા ગામમાં થયો હતો. પૉલિટિકલ સાયન્સનો વિષય પસંદ કરીને તેણે દિલ્હીની લૅડી શ્રી રામ એલએસઆર કૉલેજમાં અભ્યાસ કર્યો હતો અને ત્યાંથી ગ્રૅજ્યૂએટ થઈ હતી. નિશાનબાજીની ચૅમ્પિયન મનુ ભાકરે દિલ્હીના ફૅશન શોમાં કૅટવૉક કરતી વખતે ‘ફાયરિંગ પોઝ’ આપ્યો હતો. તેણે મૉડલની અદાથી કૅટવૉક કરીને સૌને ચોંકાવી દીધા હતા.

તેણે કૉલેજની વાત કરતા કહ્યું, ‘ઘણા લોકો એવું માને છે કે આ કૉલેજની છોકરીઓ નારીશક્તિવાદના અભિગમવાળી તેમ જ મજબૂત મનોબળવાળી હોય છે. હું આ વાત સાથે સહમત છું. શરૂઆતમાં તો હું આ કૉલેજમાં જોડાતા ખચકાતી હતી, કારણકે હું એવું માનતી હતી કે આ કૉલેજનું એટલું મોટું નામ છે કે હું એને અનુરૂપ નહીં રહી શકું. જોકે હું મીનાક્ષી મૅમને પહેલી વાર મળી અને તેમની સાથે જે વાતચીત થઈ ત્યારે મને થયું કે આ જ મારી ડ્રીમ કૉલેજ છે. આવી કૉલેજમાં ભણવાનું જ મારું સપનું હતું જે સાકાર કરી શકીશ. ઘણી વાર મારે અચાનક જ શૂટિંગ રૅન્જમાં તાલીમ લેવા પહોંચી જવું પડતું અને ક્યારેક કૉલેજમાં ક્લાસ અટૅન્ડ કરવા પણ દોડી જતી હતી. જોકે આ બાબતમાં હું સારી સમતુલા જાળવતી હતી. એક દિવસ હું કૉલેજમાં મોડી પહોંચી અને ક્લાસમાં આવવા દેવા ટીચરને વારંવાર વિનંતી કરી તો પણ તેમણે મને અંદર ન જ આવવા દીધી, કારણકે હું બહુ મોડી પહોંચી હતી. એ કિસ્સા પરથી હું બોધ શીખી કે જીવનમાં સમતુલા ખૂબ જરૂરી હોય. બધું કંઈ આપણા ધાર્યા પ્રમાણે ન થાય.’ ■

# ધમાકેદાર ધોનીઃ માહીનો નવો સ્ટાઈલિશ લૂક


૪૩ વર્ષનો ધોની ન્યૂ લૂકમાં જાણે ૧૦ વર્ષ નાનો લાગે છે.

મુંબઈઃ ટીમ ઈન્ડિયાનો ભૂતપૂર્વ કેપ્ટન એમ. એસ. ધોની ક્રિકેટ સિવાય અન્ય કારણોસર પણ ખબરોમાં રહે છે. આ વખતે ધોની તેની નવી હેર સ્ટાઇલને લીધે સમાચારમાં છે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી સંન્યાસ લીધા બાદ ધોની હાલ માત્ર આઈપીએલમાં જ રમે છે, તેથી તેના ચાહકો હંમેશાં તેની બેટિંગ જોવા આતુર હોય છે. ધોની આમ તો શાંત સ્વભાવ માટે જાણીતો છે પણ સ્ટાઈલ મામલે કોઈથી પાછળ નથી. ધોનીનો લૂક હંમેશાં ચર્ચામાં રહે છે. માહી થોડા થોડા સમયે હેરસ્ટાઇલ અને લુક બદલતો રહેતો હોય છે. તેણે ફરી એક વખત લૂક બદલીને સૌને આશ્ચર્યમાં મૂકી દીધા છે. ધોની જ્યારે ભારતીય ટીમમાં આવ્યો ત્યારે તેના વાળ પહેલાં તો (૨૦૦૭માં) ખૂબ લાંબા હતા. તેના વાળના પ્રશંસક પાકિસ્તાનના પૂર્વ રાષ્ટ્રપતિ પરવેઝ મુશર્રફ પણ હતા. સમયની સાથે ધોનીએ તેના લૂકમાં પણ બદલાવ કર્યો છે. ધોનીના અત્યાર સુધીમાં અનેક લૂક આવી ગયા છે અને દરેક વખતે શાનદાર લાગે છે. ધોની આઈપીએલમાં ચેન્નઈ સુપર કિંગ્સ તરફથી રમે છે અને તેની કૅપ્ટન્સીમાં પાંચ વખત ટીમને જીતાડી ચૂક્યો છે. ધોનીની આ ફ્રૅન્ચાઇઝીએ તેના નવા લૂકની તસવીર પોસ્ટ કરી છે. ધોનીએ તેના વાળ વધારે ટૂંકા નથી કરાવ્યા, પરંતુ હેર સ્ટાઇલ બદલી છે. માહીએ વાળને કલર પણ કરાવ્યો છે. લીલા રંગના ચશ્મા પહેરીને ધોની આ ફોટોમાં શાનદાર લાગી રહ્યો છે. ફ્રૅન્ચાઇઝીએ કેપ્શનમાં લખ્યું છે...એક્સટ્રીમ કૂલ. ■

## ગુજરાત

# વિસાવદરમાં બે બાળકનાં શંકાસ્પદ મોતઃ આરોગ્ય તંત્રમાં દોડધામ

અમદાવાદઃ જૂનાગઢ જિલ્લાના વિસાવદર પંથકમાં બે દિવસમાં બે નાના ભુલકાઓનાં શંકાસ્પદ મોત થતાં અરેરાટી વ્યાપી જવા પામી છે. નાના બાળકોને કોઇ બીમારી ન હોવા છતા અચાનક જ મોત નોંધાતા પરિવાર શોકમાં ડુબી જવા પામ્યો છે. આ અંગે આરોગ્ય વિભાગે તપાસ હાથ ધરી છે.

જાંબુડી ગામે બનેલી ઘટનામાં એક મહિલાએ બે દિવસ પહેલા બાળકીને જન્મ આપ્યો હતો. જૂનાગઢ ખાતે ડિલિવરી થયા બાદ બાળકીની તબિયત સારી હતી માતા અને બાળકી ઘરે જતા રહ્યા બાદ બાળકી વહેલી સવારે જાગી જવા પામી હતી તેને ઘોડીયામાં સુવડાવી હતી જેમાં બાળકી સુઈ ગયા બાદ ઉઠી ન હતી. અને બાળકીનું મોત નોંધાયુ હતું. બીજી ઘટના વિસાવદરના જ પિયાવા ગામે અઢી ત્રણ માસના બાળકનું પણ કોઈ બીમારી વીના જ મૌત નોંધાતા પરિવાર શોકમાં ડૂબી ગયો હતો. ■

# ગુજરાતમાં વિજયાદશમી પર્વની પરંપરાગત ઉજવણી

## મુખ્ય પ્રધાને શસ્ત્રપૂજન કર્યું

અમદાવાદઃ રાજ્યમાં ગઇકાલે શુક્રવારે પૂરાં થયેલા નવરાત્રિ પર્વ બાદ આજે શનિવારે વિજયાદશમી પર્વની પરંપરાગત રીતે ઉજવણી થઇ હતી. ક્ષત્રિય સમાજ દ્વારા શસ્ત્રપૂજન કરવામાં આવ્યું હતું તેમજ ગાંધીનગરમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે પણ શસ્ત્રપૂજન કરીને પરંપરા નિભાવી હતી. સવારથી જ રાજ્યમાં ફાફડા-જલેબીના સ્ટોલ પર લાંબી લાઇનો લાગી હતી. જ્યારે લોકોએ નવા વાહનો સહિતના મોટા પાયે ખરીદી કરી હતી.

આસુરી શક્તિ પર દૈવી શક્તિના વિજયના પ્રતીક સમાન દશેરા વિજયાદશમી તહેવારે શસ્ત્રપૂજનની ભારતીય સંસ્કૃતિમાં સદીઓથી પરંપરા રહેલી છે.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે આ પરંપરા અનુસાર મુખ્યમંત્રી નિવાસના પ્રાંગણમાં પોતાના સુરક્ષા-સલામતી રક્ષકોના શસ્ત્રોનું પૂજન શાસ્ત્રોક્ત વિધિથી કર્યું હતું. તેમણે સુરક્ષા કર્મીઓને ફરજ, કર્તવ્યભાવના સાથે કર્મબંધન જોડાયેલું છે તેની વિસ્તૃત સમજ આપી હતી. તેમણે વધુમાં કહ્યું કે રક્ષા-સુરક્ષાનું દાયિત્વ નિભાવવા સાથોસાથ સંવેદના,કરુણા અને સતકર્મો થકી મોક્ષ પ્રાપ્તિનો વિચાર પણ રાખીને કર્તવ્યરત રહીએ તે જ સાચો કર્મયોગ અને ફરજનિષ્ઠા ભાવના છે. મુખ્ય પ્રધાન સુરક્ષા વ્યવસ્થા સંભાળતા સુરક્ષા કર્મીઓના વડા પોલીસ અધિક્ષક ચિંતન તેરૈયાએ મુખ્ય પ્રધાનને શસ્ત્રપૂજન અવસરે આવકાર્યા હતા. મુખ્ય પ્રધાન સુરક્ષા-સલામતી વ્યવસ્થાના નાયબ પોલીસ અધિક્ષકશ્રીઓ, પોલીસ ઇન્સ્પેક્ટરશ્રીઓ, તેમ જ પી.એસ.આઇ. અને કમાન્ડોઝ તેમજ વાહનચાલકો વગેરે આ શસ્ત્રપૂજનમાં જોડાયા હતા. મુખ્યમંત્રી નિવાસસ્થાને વિજયાદશમી પર્વે શસ્ત્રપૂજનની આ પ્રણાલી વર્તમાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં મુખ્યમંત્રી તરીકેના તેમના કાર્યકાળમાં શરૂ કરાવેલી છે.

# ગુજરાતમાં નવરાત્રિ પર્વમાં ₹૨૧૦૦ કરોડનાં ફોર વ્હિલર વેચાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં વિજયા દસમીના વણજોયા મુહૂર્તમાં ખરીદીનો માહોલ જોવા મળ્યો હતો. રાજ્યમાં ૯૦૦ કરોડનાં ટૂ-વ્હિલર અને ૨૧૦૦ કરોડનાં ફોર-વ્હિલરની ખરીદી કરવામાં આવી હોવાનો અંદાજ બાંધવામાં આવ્યો છે.

ફેડરેશન ઓફ ઓટોમોઈલ ડીલર્સ એસોસિયેશન દ્વારા એવો અંદાજ પણ કરાયો છે કે એકલા અમદાવાદમાં જ ૫૦૦ કરોડથી વધુનાં વાહનો ખરીદાયાં છે. આજના આધુનિક યુગમાં લોકો વાહનોની પૂજા કરે છે. ત્યારે દશેરાના દિવસે નવું વાહન ખરીદવું પણ શુભ મનાય છે, જેથી દર વર્ષે કરોડો રૂપિયાનાં વાહનો દશેરાના દિવસે લોકો ખરીદે છે. આ વર્ષે પણ નવરાત્રિ અને દશેરાના દિવસે વાહનના વેચાણમાં વૃદ્ધિ થઈ છે, જેમાં ટૂ-વ્હિલરમાં ૮થી૧૦ ટકા, જ્યારે ફોર-વ્હિલરમાં ૬થી ૮ ટકા જેટલા વેચાણમાં વૃદ્ધિ થઈ છે. અમદાવાદીઓ આ વર્ષે ૧૧૫ કરોડનાં ટૂ-વ્હિલર અને ૪૦૦ કરોડની કાર ખરીદી કરશે. સુરતીઓ પણ ખરીદશે.

૨૦૨૪માં સમગ્ર ગુજરાત રાજ્યમાં નવરાત્રિ દરમિયાન ૯૫ હજારથી વધુ વાહનોની ડિલિવરી કરવામાં આવી છે, જેમાંથી ૪૦ ટકા વાહનો ફક્ત દશેરાના દિવસે જ ડિલિવરી થયા છે. આ ઉપરાંત એમાંથી ૬૦ હજાર જેટલાં ટૂ-વ્હિલર અને ૨૨,૦૦૦ જેટલાં ફોર-વ્હિકલનું વેચાણ નવરાત્રિના નવ દિવસ અને દશેરાના દિવસે એટલે કે દસ દિવસ દરમિયાન થાય છે. આ વર્ષે વાહનોના વેચાણમાં ઉછાળો આવ્યો છે. અનેક લોકો નવાં વાહનો ખરીદી રહ્યા છે.

દર વર્ષે નવરાત્રિ અને દશેરાના તહેવાર નિમિત્તે સામાન્ય દિવસોની સરખામણીમાં વાહનોના વેચાણમાં ૧૫ ટકા જેટલો વધારો થાય છે. આ વર્ષે પણ આરટીઓ અધિકારીના મતાનુસાર ૨૦૨૩ની સરખામણીએ નવાં વાહનોના રજિસ્ટ્રેશનમાં ૨૦ ટકા જેટલો વધારો થયો છે, પરંતુ આ વર્ષે ઇલેક્ટ્રિક વ્હિકલના વેચાણમાં ઘટાડો આવ્યો છે.

અમદાવાદ શહેર આરટીઓ કચેરી ખાતે ૧ ઓક્ટોબરથી લઈને ૧૦ ઓક્ટોબર સુધીમાં ફક્ત ૭૬ ઈલેક્ટ્રિક વ્હિકલનું રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું છે, જેમાંથી સૌથી વધુ નવાં ટૂ-વ્હિલરનું વેચાણ થશે. આ વર્ષે નવરાત્રિ અને દશેરા પર નવાં ૫૭ ઈલેક્ટ્રિક ટૂ-વ્હિલર, ૧૨ ઇવી કાર અને ૭ ઇવી થ્રી-વ્હિલરનું રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું છે.

# પ્રયાગરાજ રેલવે સ્ટેશન પર બ્લોકથી રાજકોટ ડિવિઝનના ચારના રૂટ ફેરવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટઃ ઉત્તર મધ્ય રેલવેના પ્રયાગરાજ સ્ટેશન પર યાર્ડ રિમેડલિંગ અને રૂટ રિલે ઈન્ટરલોકિંગ ને ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગમાં રૂપાંતરિત કરવાની કામગીરીના લીધે, રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી કેટલીક ટ્રેનો પ્રભાવિત થશે.

પ્રભાવિત થનાર ટ્રેનમાં ૧૬ ઓક્ટોબરની ટ્રેન નંબર ૦૯૫૨૫ હાપા-નાહરલાગુન સ્પેશિયલ, ૧૯ ઓક્ટોબરની ટ્રેન નંબર ૦૯૫૨૬ નાહરલાગુન-હાપા સ્પેશિયલ ટ્રેનનો સમાવેશ થાય છે. આ ઉપરાંત પરિવર્તિત માર્ગ પર ચાલનારી ટ્રેનોમાં ૧૭ ઓક્ટોબરની ટ્રેન નંબર ૨૨૯૬૯ ઓખા-બનારસ સુપરફાસ્ટ એક્સપ્રેસને પરિવર્તિત માર્ગ વાયા જંઘઈ - લખનઊ - કાનપુર સેન્ટ્રલના માર્ગ પર ચલાવવામાં આવશે.

૧૯ ઓક્ટોબરની ટ્રેન નંબર ૨૨૯૭૦ બનારસ-ઓખા સુપરફાસ્ટ એક્સપ્રેસને પરિવર્તિત માર્ગ વાયા કાનપુર સેન્ટ્રલ-લખનઊ-જંઘઈના માર્ગ પર ચલાવવામાં આવશે. ■

# રૂપાલમાં વરદાયિની માતાની પલ્લી યાત્રા સંપન્નઃ ગામમાં ઘીની નદીઓ વહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં આવેલા રૂપાલ ગામમાં પાંડવ કાળથી શરૂ થયેલી વરદાયિની માતાની પલ્લી યાત્રાની પરંપરા આ વર્ષે પણ નવરાત્રિના છેલ્લા નોરતે પરપરાંત રીતે સંપન્ન થઇ હતી. રૂપાલ ગામમાં માતાજીને ઘીનો ચઢાવો કરવાની પ્રથા પણ પાળવામાં આવી હોવાથી આઠમની રાત્રે રૂપાલ ગામની શેરીમાં ઘીની નદીઓ વહી હોય તેવો માહોલ જોવા મળ્યો હતો.

રૂપાલમાં દર વર્ષે નવમાં નોરતે વરદાયિની માતાજીની પલ્લી ભરાય છે. લાખોની મેદની આ પલ્લીના દર્શન કરવા આવે છે. નોમની રાત્રે આ પલ્લીને યોજવામાં આવે છે. વરદાયિની માતાના દેવસ્થાને યોજાય છે પલ્લી અને મધ્ય વિસ્તારથી નીકળીને નિજમંદિરે યાત્રા પૂર્ણ થઈ હતી. યાત્રા દરમિયાન રૂપાલ ગામમાં ઘીની નદીઓ વહે છે, લોકો ઘી લાવીને આ પલ્લીમાં પૂરે છે અને માનતા પણ માને છે.

એવું કહેવાય છે કે, પાંડવોનો અજ્ઞાતવાસ પૂર્ણ થતા પ્રથમ પલ્લીયાત્રા યોજાઈ હતી અને આ પલ્લીમાં નિઃસંતાન દંપતી માનતા રાખે તે પૂર્ણ થતી હોવાની માન્યતા પણ જોડાયેલી છે. રાત્રે ૧૨ વાગ્યે માતાજીની પલ્લી પરંપરાગત રીતે નીકળી હતી. વર્ષો જૂની પરંપરા પ્રમાણે પલ્લીમાં ઘી ચડાવવામાં આવ્યું. આ વર્ષે પલ્લી પર કરોડ રૂપિયાથી વધુની કિંમતના ઘીનો અભિષેક કરવામાં આવે છે. ત્યારે આ વર્ષે યોજાયેલી પલ્લીમાં મોટી સંખ્યામાં ભાવિકભક્તો જોડાયા હતા. રૂપાલ ગામે પલ્લી યાત્રા દરમિયાન વાહન પાર્કિંગ તેમજ ભોજન સમારોહ અને દર્શનાર્થીઓ માટે નિઃશુલ્ક નાસ્તો પણ રાખવામાં આવ્યો હતો. નોમની રાતે પલ્લી યાત્રામાં મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ પહોંચ્યા હતા અને વરદાયિની માતા સમક્ષ શીશ ઝુકાવ્યું આશીર્વાદ લીધા હતા. ■

# ગુજરાતમાં સ્વાગત કાર્યક્રમમાં અત્યાર સુધીમાં ૯૯.૨૦ ટકા રજૂઆતોનું સુખદ નિરાકરણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં લોકોની ફરિયાદોનું નિરાકરણ કરવા માટે ગુજરાતના તત્કાલીન મુખ્ય પ્રધાન નરેન્દ્ર મોદીએ શરૂ કરેલા સ્વાગત કાર્યક્રમમાં અત્યાર સુધીમાં સાડા છ લાખથી વધુ સામાન્ય નાગરિકોનીની વિવિધ સમસ્યાઓનો હકારાત્મક ઉકેલ આવ્યો છે.

આવા જન ભાગીદારીના કાર્યક્રમોને ઉજાગર કરવા રાજ્ય સરકાર દ્વારા તા. ૭ ઓક્ટોબરથી ૧૫ ઓક્ટોબર દરમિયાન વિકાસ સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે.

નાગરિકોના કોઇપણ પ્રશ્નનું યોગ્ય સ્તરે નિરાકરણ ન આવે તો તે પ્રશ્ન ફરિયાદનું સ્વરૂપ લે છે. નાગરિકોના આવા વણ ઉકેલ્યા પ્રશ્નોના નિવારણ માટે ગુજરાતના તત્કાલીન મુખ્ય પ્રધાન અને હાલના વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા ગુજરાતમાં ૨૪મી એપ્રિલ, ૨૦૦૩થી સ્ટેટ વાઇડ અટેન્શન ઓન ગ્રીવાન્સીસ બાય એપ્લિકેશન ઓફ ટેક્નોલોજી(સ્વાગત)કાર્યક્રમની શરૂઆત કરી હતી.

અરજદારોની રજૂઆતો સ્વાગત કાર્યક્રમમાં આવે છે. જે પૈકી મોટાભાગની રજૂઆતો અને ફરિયાદોનું સુખદ નિવારણ કરાઈ રહ્યું છે. સ્વાગત કાર્યક્રમ શરૂ થયો ત્યારથી અત્યાર સુધીમાં ૬.૭૧ લાખથી વધુ રજૂઆતો આવી છે, જેમાંથી ૬.૬૬ લાખથી વધુ એટલે કે ૯૯.૨૦ ટકા રજૂઆતોનું સુખદ નિરાકરણ કરવામાં આવ્યું છે. વિભાગ મુજબ વાત કરીએ તો મહેસૂલ વિભાગની ૯૮.૧૪ ટકા અરજીઓનું સુખદ નિરાકરણ કરાયું છે. જ્યારે ગૃહ વિભાગ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, પંચાયત, ગ્રામ વિકાસ વિભાગ તેમજ જળ સંપતિ, પાણી પુરવઠા વિભાગની ૧૦૦ ટકા અરજીઓનું હકારાત્મક નિરાકરણ લાવવામાં આવ્યું છે.

આમ, લોકોની ફરિયાદોને વાચા આપતા સ્વાગત કાર્યક્રમ થકી તેમના પડતર પ્રશ્નોનું નિવારણ આવી રહ્યું છે. સ્વાગત કાર્યક્રમ થકી આજે નાનામાં નાનો અને છેવાડાનો માણસ પણ સીધો મુખ્યમંત્રીશ્રીને મળીને પોતાના પ્રશ્નોની રજૂઆત કરતો થયો છે. આ સ્વાગત કાર્યક્રમને બે દાયકા પૂર્ણ થયા છે. સામાન્ય નાગરિકોને સ્પર્શતા પ્રશ્નોમાં નીતિ વિષયક સુધારાઓની જરૂર હોય ત્યારે સ્વાગતના પ્રશ્નોના આધારે સરકારે જરૂરી નીતિ વિષયક ફેરફાર પણ કર્યા છે.

ગ્રામ્ય વિસ્તારની ફરિયાદોના નિવારણ માટે અરજદારોએ રાજ્યના મુખ્યમથકની મુલાકાત ન લેવી પડે તે માટે વહીવટી વ્યવસ્થાના વિવિધ સ્તરે તંત્રને જવાબદારી સોંપીને સ્થળ પર જ પ્રશ્નોનું નિવારણ લાવવા વર્ષ ૨૦૦૮માં તાલુકા સ્વાગત અને વર્ષ ૨૦૧૧માં ગ્રામ સ્વાગતની પણ શરૂઆત કરવામાં આવી છે.

કવર સ્ટોરી

વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

## હરિયાણામાં ભાજપની આબાદ વ્યૂહરચના.. જમ્મુ-કશ્મીરમાં ધર્મ આધારિત મતદાત

# અહીં પાસા કઈ રીતે પલટાયા..?

**આ બંને રાજ્યોનાં એક્ઝિટ પોલ સદંતર ખોટાં પડ્યાં. એ પરથી સાબિત થાય છે કે અગાઉની ચૂંટણીઓની જેમ આ વખતે પણ એક્ઝિટ પોલવાળા અંધારામાં નહીં, હવે તો ધોળે દિવસે પણ એમનાં નિશાન ચૂકી જાય છે!**



હરિયાણા તથા જમ્મુ- કાશ્મીર વિધાનસભાની ચૂંટણીનાં પરિણામ આવી ગયાં,જે લોકોને પણ આંચકો આપી દીધો કેમ કે જમ્મુ - કાશ્મીરમાં ભાજપની સરકાર આવશે એવું લાગતું હતું જ્યારે હરિયાણામાં સો ટકા કૉંગ્રેસ સરકાર રચશે એવું સો માનતાં હતાં. આ બન્ને ધારણા સાવ ખોટી પડી. ભાજપે હરિયાણામાં જીતની હેટ્રિક કરી જ્યારે જમ્મુ તથા કાશ્મીરમાં છેલ્લા યોજાયેલી ચૂંટણી કરતાં વધારે બેઠકો જીતીને સારો દેખાવ કર્યો, પણ પક્ષ બહુમતી ના મેળવી શક્યો. તેના બદલે 'નેશનલ કોન્ફરન્સ' અને કૉંગ્રેસની સરકાર સત્તા પર આવી ગઈ.

હરિયાણાનાં પરિણામ ભાજપ માટે સુખદ આશ્ચર્ય સમાન છે કેમ કે હરિયાણામાં ભાજપ ખરાબ રીતે હારશે એવી આગાહી થતી હતી. કૉંગ્રેસમાં તો ભૂપિન્દરસિંહ હુડ્ડા મુખ્યમંત્રી બનશે કે કુમારી શૈલજા ગાદી પર બેસશે તેની વાતો શરુ થઈ ગયેલી ને મીડિયા પણ બેની લડાઈમાં ત્રીજા રણદીપસિંહ સૂરજેવાલા ના ફાવી જાય એવી ચર્ચામાં વ્યસ્ત હતું. ભાજપ જીતશે ને સરકાર રચશે એવી કોઈ વાત જ નહોતી. આશ્ચર્યજનક રીતે ભાજપે ૯૦ બેઠકોની હરિયાણા વિધાનસભામાં ૪૮ બેઠકો જીતીને ભાજપ સત્તા જાળવી રાખવામાં સફળતા મેળવી છે.

૨૦૧૯ની ચૂંટણીમાં ભાજપને ૪૦ બેઠકો મળતાં 'જનનાયક જનતા પાર્ટી' (જેજેપી)નો ટેકો લેવો પડેલો, પણ આ વખતે ભાજપને કોઈના ટેકાની જરૂર નથી.

ભાજપની હરિયાણાની જીત ચમત્કારિક ગણી છે કેમ કે ભાજપે પોતે પણ જીતની આશા નહોતી રાખી. કૉંગ્રેસે આ પરિણામોને સ્વીકારવાનો ઈન્કાર કર્યો છે અને ઈલેક્ટ્રોનિક્સ વોટિંગ મશીન (ઈવીએમ)માં ગરબડ કરીને ભાજપે હારની બાજીને જીતમાં પલટી નાંખી હોવાના આક્ષેપ પણ કર્યા છે. બીજી તરફ, કૉંગ્રેસ જીતે ત્યારે ઈવીએમ મુદ્દે ચૂપ થઈ જાય છે અને હારે ત્યારે ઈવીએમની વાત માંડીને બેસી જાય છે એવી ટીકા પણ થાય છે.

વાત સાચી પણ છે અને કૉંગ્રેસ આ રીતે વર્તે જ છે. હરિયાણામાં કૉંગ્રેસ ભાજપની જીત વિશે જે દાવા કરે છે એ આ પ્રકારના જ છે કેમ કે વાસ્તવમાં ભાજપે જબરદસ્ત વ્યૂહરચના દ્વારા જીત મેળવી છે. હરિયાણામાં કૉંગ્રેસનો બધો મતદાર જાટ અને દલિત મતદારો પર હતા. ભાજપે કૉંગ્રેસની જાટ મતબેંકથી થતા નુકસાનને સરભર કરવા બિન જાટ મતદારોને એક કર્યા હતા. આ માટે કૉંગ્રેસના મતોને તોડી શકે એવા ઈન્ડિયન લોકદળ, બસપા સહિતના રાજકીય પક્ષો સાથે જોડાણ કરવાના બદલે ભાજપે પોતાની સામે ઉભા કર્યા. આ ઉપરાંત જ્ઞાતિવાદનાં સમીકરણોનો તોડ કાઢવા માટે મોટી સંખ્યામાં અપક્ષોને મેદાનમાં ઉતાર્યા. ભાજપના આ ત્રિપાંખિયા હુમલા સામે કૉંગ્રેસ વામણી પુરવાર થઈ તેથી હારી ગઈ છે.

ભાજપની આ વ્યૂહરચના અક્સીર હતી કેમ કે બસપાએ ૧.૭૮ ટકા, લોકદળે ૪.૨૧ ટકા, આમ આદમી પાર્ટીએ ૧.૭૭ ટકા મત લઈને ભાજપને ફાયદો કરાવ્યો. ભાજપને સૌથી મોટો ફાયદો અપક્ષોએ કરાવ્યો છે. હરિયાણા વિધાનસભાની ચૂંટણીમાં કુલ ૪૫૦ અપક્ષ મેદાનમાં હતા ને તેમાંથી ૧૫૦ અપક્ષ ભાજપ પ્રેરિત હતા કે જેમણે કૉંગ્રેસના મત કાપીને ભાજપને મદદ કરી. અપક્ષ ઉમેદવારો ૧૧.૭૧ ટકાથી વધારે મતો લઈ ગયા અને ભાજપે જીતેલી ૫૦ ટકા એટલે કે ૨૩ વધારે બેઠક એવી છે કે જ્યાં લોકદળ, અપક્ષ કે બીજા કોઈ ઉમેદવારને મળેલા મતો કરતાં ભાજપના ઉમેદવારની જીતની સરસાઈ ઓછી છે.

ભાજપની આ વ્યૂહરચના સામે કૉંગ્રેસ પરંપરાગત રીતે અને અહંકારી વલણ પર ચૂંટણી લડી. કૉંગ્રેસના પ્રચારની કમાન ભૂપિન્દરસિંહ હુડ્ડાના હાથમાં હતી. હુડ્ડાએ તમામ ઉમેદવારો નક્કી કરેલા અને કુમારી શૈલજા અને રણદીપસિંહ સૂરજેવાલા જેવાં ટોચના નેતાઓ સાથે પણ વાત ના કરી. રાહુલ સહિતના નેતાઓએ પણ એ નેતાઓને એક કરવા કોઈ પ્રયત્ન ના કર્યા. અતિ આત્મવિશ્વાસમાં રાચતી કૉંગ્રેસે સાથી પક્ષોને પણ સાવ અવગણ્યા. 'આમ આદમી પાર્ટી' સહિતના સાથી પક્ષોને થોડીક બેઠકો આપીને સાથે રાખ્યા હોત તો જીતી ગઈ હોત. સાથી પક્ષોની અવગણના અને અતિ આત્મવિશ્વાસ કૉંગ્રેસને ભારે પડ્યાં પણ કૉંગ્રેસ આ વાત સ્વીકારવા તૈયાર નથી.

હરિયાણાથી વિપરીત જમ્મુ - કાશ્મીરમાં ભાજપની કોઈ વ્યૂહરચના કામ ના કરી શકી કેમ કે કાશ્મીરમાં ધર્મના આધારે મતદાન થયું. કાશ્મીરનાં પરિણામોએ સ્પષ્ટ કરી દીધું છે કે, કાશ્મીરની પ્રજામાં ધર્મના આધારે વિભાજન તીવ્ર બન્યું છે અને હિંદુ-મુસ્લિમ ખાઈ પૂરી ના શકાય એટલી મોટી થઈ ગઈ છે. ભાજપને કાશ્મીરમાં મુસ્લિમો સ્વીકારતા નથી, જ્યારે હિંદુઓને કૉંગ્રેસ સહિતના રાજકીય પક્ષો માન્ય નથી. આ કારણે જ 'નેશનલ કોન્ફરન્સ' અને કૉંગ્રેસે મુસ્લિમ બહુમતીવાળા કાશ્મીર ખીણ વિસ્તારમાં સપાટો બોલાવ્યો છે, જ્યારે જમ્મુમાં ભાજપનો ડંકો વાગી ગયો.

'નેશનલ કોન્ફરન્સે' જીતેલી ૪૨ બેઠકમાંથી ૩૫ બેઠક કાશ્મીર ખીણમાંથી જીતી છે, જ્યારે જમ્મુ વિસ્તારમાંથી ૭ બેઠક જ જીતી. કૉંગ્રેસે કુલ ૬ બેઠકમાંથી ૫ બેઠક કાશ્મીર ખીણમાંથી જીતી છે. ૨૦૧૪માં 'નેશનસ કોન્ફરન્સ' અને કૉંગ્રેસે ભેગા મળીને ૨૭ બેઠક જીતી હતી. આ વખતે જોડાણની બેઠકોનો આંકડો બહુમતીને પાર કરી ગયો છે કેમ કે મુસ્લિમો સાગમટે નેશનલ કોન્ફરન્સ' અને કૉંગ્રેસ તરફ વળી ગયાં. મુસ્લિમોના ઝૂકાવના કારણે કાશ્મીર ખીણમાં 'નેશનલ કોન્ફરન્સ' અને કૉંગ્રેસનું જોડાણ મજબૂત મનાતું હતું, પણ આવી જબરદસ્ત જીતની કોઈને આશા નહોતી. અગાઉની ચૂંટણીઓમાં મુસ્લિમ મતદારોના મત પીડીપી, નેશનલ કોન્ફરન્સ અને કૉંગ્રેસ વચ્ચે વહેંચાઈ જતા પણ મુફતી મોહમ્મદ સઈદ અને પછી મહેબૂબા મુફતીએ ભાજપ સાથે જોડાણ કર્યું તેના કારણે મુસ્લિમ મતદારોએ મહેબૂબાને જ કોરાણે મૂકી દીધાં છે. પરિણામે ૨૦૧૪માં ૨૭ બેઠકો જીતનારાં મહેબૂબાને માત્ર ૩ બેઠકો મળી છે.

જમ્મુ - કાશ્મીરનાં પરિણામોએ સ્પષ્ટ કર્યું છે કે, જમ્મુ અને કાશ્મીરમાં ભાજપ માટે પોતાના જોરે સરકાર બનાવવાની કે સત્તામાં આવવાની કોઈ શક્યતા નથી. તેનું કારણ એ કે, નરેન્દ્ર મોદી ગમે તેટલો વિકાસ કરે કે કાશ્મીર માટે નવાં નવાં પગલાં લે પણ ધર્મના આધારે વિભાજન એ હદે વધી ગયું છે કે, કાશ્મીર ખીણના મુસ્લિમો ભાજપને સ્વીકારવા તૈયાર નથી.

નરેન્દ્ર મોદી સરકારે કલમ ૩૭૦ નાબૂદ કરીને જમ્મુ અને કાશ્મીરને દેશના મુખ્ય પ્રવાહમાં લાવવાની કોશિશ કરી, છતાં કાશ્મીર ખીણના મુસ્લિમો ભાજપને સ્વીકારતા નથી. ભાજપ મુસ્લિમ વિરોધી છે અને હિંદુઓનો પક્ષ છે એ માન્યતા એમના માનસમાં એ હદે ઘર કરી ગઈ છે કે, ભાજપને કાશ્મીર ખીણમાં સ્વીકૃતિ મળવાની જ નથી. કાશ્મીરમાં ડેમોગ્રાફી બદલાવાની નથી ને મુસ્લિમો બહુમતીમાં જ રહેશે એ જોતાં ભાજપ તડજોડ કરીને સરકાર બનાવી શકે, પણ એકલા હાથે સરકાર રચે એવી શક્યતા નજીકના ભવિષ્યમાં તો નથી જ દેખાતી. ■

---

અરાઉન્ડ દ વર્લ્ડ



નીલ પાટીલ
Founder, COO & CTO
Veena World
neil@veenaworld.com

# ઝુરિક

## આધુનિકતાનું જ્યાં અલ્પાઈનના સૌંદર્ય સાથે મિલન થાય છે



સ્વિટઝર્લેન્ડ, મંત્રમુગ્ધ કરનારાં લેન્ડસ્કેપ્સ, સુંદર શહેરો અને અસાધારણ અનુભવોની ધરતી છે. આ અલ્પાઈનના સ્વર્ગની સેર કરવા માગતા તમારા અને મારા જેવા પ્રવાસીઓ માટે ઝુરિચ ઉત્તમ પ્રવેશદ્વાર છે. આધુનિક ખૂબીઓ, ઐતિહાસિક મોહિની અને નૈસર્ગિક અજાયબીઓના સાંનિધ્યના સંમિશ્રણ માટે પ્રસિદ્ધ ઝુરિચ કોઈ પણ સ્વીસ સાહસનું હાર્દ છે. વીણા વર્લ્ડ સાથે મહેમાનો બરફાચ્છાદિત શિખરોથી આહલાદક સરોવરોની પડખેવસેલાં શહેરો સુધી સ્વિટઝર્લેન્ડનાં સૌથી મંત્રમુગ્ધ કરનારાં સ્થળોને ગૂંથતા કાળજીપૂર્વક ઘડવામાં આવેલા પ્રવાસને માણી શકે છે. તો આજે હું એક અત્યંત નોંધપાત્ર સ્થળ સ્વિટઝર્લેન્ડનું શ્રેષ્ઠ તમારી સામે રજૂ કરવા માગું છું.

**ઝુરિચ: સ્વીસ સૌંદર્યનું પચરંગી પ્રવેશદ્વાર:** ઝુરિચ સ્વિટઝર્લેન્ડનું સૌથી વિશાળ શહેર છે. તેને મોટે ભાગે બેન્કિંગ અને ફાઈનાન્સ માટે વૈશ્વિક કેન્દ્ર તરીકે જોવામાં આવે છે, પરંતુ આ સ્વર્ણિમ મહાનગર વિશે તે ઉપરાંત ઘણું બધું છે. લેક ઝુરિચના દરિયાકાંઠા પર વસેલું અને દૂર પહાડીઓની પાર્શ્વભૂ સાથે ઝુરિચ અજોડ મોહિની પાથરે છે,જ્યાં જૂની દુનિયાના ઈતિહાસનું આધુનિક મનોહરતા સાથે મિલન થાય છે. સરોવરો ખાતે લટાર મારો, અદભુત કુન્સ્થાઉસ ઝુરિચ આર્ટ મ્યુઝિયમની મુલાકાત લો અથવા મજેદાર કેફે ખાતે સ્વીસ ચોકલેટ માણો.

ઝુરિચ બાકી સ્વિટઝર્લેન્ડ જોવા માટે આદર્શ બેઝ છે, જે તેની ઉત્કૃષ્ટ પરિવહન લિંક અને મધ્યવર્તી સ્થળને આભારી છે. તમે આલ્પ્સના સૌંદર્યને માણવા માગતા હોય કે તેની આસપાસનાં શહેરોની ઐતિહાસિક ગલીઓમાં સાહસ ખેડવા માગતા હોય, ઝુરિચ દેશના સૌથી પ્રતિકાત્મક અનુભવો માટે પચરંગી પ્રવેશદ્વાર છે.

**એંગલબર્ગ અને માઉન્ટ ટિટલિસ :** ઝુરિચની પાર સ્વિટઝર્લેન્ડ ઊંચાં શિખરોના સાંનિધ્યમાં વસેલા એન્જલબર્ગના નયનરમ્ય ગામડામાં તેની અલ્પાઈનની ભવ્યતા ઉજાગર કરે છે.આ આદર્શ સ્થળ રોમાંચક સ્વીસ પહાડીઓનો અનુભવ પ્રદાન કરે છે, જ્યાં મુલાકાતીઓ મધ્યવર્તી સ્વિટઝર્લેન્ડનાં સર્વોચ્ચ શિખરમાંથીએક માઉન્ટ ટિટલિસની મનોહરતા માણી શકે છે.

દુનિયાની પ્રથમ ફરતી કેબલ કાર ટિટલિસ રોટેરમાંથી શિખર પર ચઢતા હોય ત્યારે આસપાસની બરફાચ્છાદિત પહાડીઓ અને ગ્લેશિયરનો મંત્રમુગ્ધ કરનારો 360 ડિગ્રી નજારો જોવા મળે છે. ટોચ પર પણ રોમાંચ ચાલુ રહે છે, જ્યાં તમે અદભુત આઈસ ગ્રોટ્ટો જોઈ શકો, આઈસ ફ્લાયર પર ક્રેવાસીસમાં ગ્લાઈડ કરી શકો અથવા યુરોપના સર્વોચ્ચ સસ્પેન્શન બ્રિજ ક્લિફ્ફ વોક પર તમારી હિંમતની કસોટી કરી શકો છો. માઉન્ટ ટિટલિસના શિખર પરથી સ્વીસ આલ્પ્સનું નિર્ભેળ સૌંદર્ય સર્વ દિશામાં પ્રસરેલું છે, જે મુલાકાતીઓને સ્વિટઝર્લેન્ડની નૈસર્ગિક અજાયબીઓની અવિસ્મરણીય યાદો આપે છે.

**લુસર્ન: લેકસાઈડ ફેરીટેલ:** એન્જલબર્ગથી પ્રવાસ લુસર્ન તરફ આગળ વધે છે, જે સ્વિટઝર્લેન્ડનાં સૌથી નયનરમ્ય અને વહાલાં શહેરમાંથી એક છે. અદભુત સરોવર અને ઊંચી પહાડીઓના સાંનિધ્યમાં વસેલું લુસર્ન સમૃદ્ધ મધ્યયુગીન વારસો ધરાવે છે, જ્યાં ઉત્તમ સંવર્ધન કરેલાં સ્થાપત્યો અને મોહક જૂનું શહેર જોતાં પરીકથાની દુનિયામાં આવી ગયા હોય તેવું મહેસૂસ થયા વિના રહેતું નથી. શહેરનું સૌથી પ્રતિકાત્મક સીમાચિહન કેપલબ્રુક (ચેપલ બ્રિજ) છે, જે દુનિયામાં સૌથી જૂનો કવર્ડ વૂડન બ્રિજ છે, જે સદીઓ જૂનાં પેઈન્ટિંગ્સથી શોભે છે.

વધુ એક અચૂક જોવાનું સ્થળ પોઈન્ટ લાયન મોન્યુમેન્ટ છે, જે ફ્રેન્ચ ક્રાંતિ દરમિયાન પ્રાણ આપનારા સ્વીસ રક્ષકોને શ્રદ્ધાંજલી છે. લુસર્નની સ્વર્ણિમ ગલીઓમાંથી વોક કરો ત્યારે ઈતિહાસ અને આધુનિક સ્વીસ સંસ્કૃતિનું સંમિશ્રણ જોવા મળે છે, જ્યાં ધમધમતા કેફે અને બુટિક શોપ મુલાકાતીઓનું ઉષ્માભર્યું સ્વાગત કરે છે.

**જુંગફ્રાઉજોક: ધ ટોપ ઓફ યુરોપ :** જુંગફ્રાઉજોકની મુલાકાત વિના કોઈ પણ સ્વિટઝર્લેન્ડની ટ્રિપ પૂરી થતી નથી. તેને 'ટોપ ઓફ યુરોપ' તરીકે ઓળખવામાં આવે છે. આ અસાધારણ સ્થળ યુરોપના સર્વોચ્ચ રેલવે સ્ટેશનનું ઘર છે, જે સમુદ્રની સપાટીથી 3,454 મીટર (11,332 ફીટ) પર વસેલું છે.

આધુનિક આઈગર એક્સપ્રેસ ગોંડોલામાં ગ્રિંડલવોલ્ડ અને કોગવ્હીલ ટ્રેનમાં નયનરમ્ય પ્રવાસ પછી પ્રવાસીઓ પોતાને બરફાચ્છાદિત શિખરો અને નિરંતર ગ્લેશિયર્સના મંત્રમુગ્ધ કરનારા વિસ્તારથી ઘેરાયેલા હોય તેવું મહેસૂસ કરે છે. જુંગફ્રાઉજોકની એક ખૂબી મંત્રમુગ્ધ કરનારું આઈસ પેલેસ છે, જ્યાં નાજુક ઘડવામાં આવેલા બરફના શિલ્પો પ્રકાશમાં ઝળહળે છે અને સ્ફિંક્સ ઓબ્ઝર્વેટરી આલ્પ્સમાં સૌથી લાંબા ગ્લેશિયર અદભુત એલેશ્ચ ગ્લેશિયરનો મનોહર નજારો પ્રદાન કરે છે.

**ઈન્ટરલેકન: ધ એડવેન્ચર કેપિટલ:** લેક થુન અને લેક બ્રાયન્ઝના સાંનિધ્યમાં ઈન્ટરલેકનનું મનોરમ્ય શહેર નૈસર્ગિક સૌંદર્ય અને બહારી સાહસોનું મંત્રમુગ્ધ કરનારું સંમિશ્રણ પ્રદાન કરે છે. સ્વિટઝર્લેન્ડની સાહસિક રાજધાની તરીકે પ્રસિદ્ધ ઈન્ટરલેકન પેરાગ્લાઈડિંગ, સ્કાયડાઈવિંગ જેવી પ્રવૃત્તિઓ માણવા અથવા જુંગફ્રાઉ પર્વતમાળાનો સુંદર નજારો જોવા માટે ઉત્તમ સ્થળ છે.

**બર્ન: વિશ્વનું હેરિટેજ રત્ન:** સ્વિટઝર્લેન્ડનું રાજધાની શહેર બર્ન ઈતિહાસ અને આધુનિકતાનું અજોડ સંમિશ્રણ પ્રદાન કરે છે. તેનું મધ્યયુગીન જૂનું શહેર યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ સેન્ડસ્ટોન ઈમારતો, આર્કેડ્સ અને નયનરમ્ય ગલીઓથી ધમધમે છે, જે ખળખળ વહેતી આરે નદી દ્વારા ઘેરાયેલાં છે.

શહેરનું એક સૌથી પ્રસિદ્ધ સીમાચિહન ઝાઈટગ્લોગ છે, જે ખગોળશાસ્ત્રીય ઘડિયાળ સદીઓથી સમયની નોંધ કરે છે. બર્ન્સના પશુનું ઘર ધ બેર પિટ્સ વધુ એક અજોડ આકર્ષણ છે, જે શહેરનાં મધ્યયુગીન મૂળમાં પાછળ લઈ જાય છે.

**બ્રોક: સ્વીસ ચોકલેટનું મીઠું આકર્ષણ:** સ્વિટઝર્લેન્ડ વિશ્વ કક્ષાની ચોકલેટ માટે પ્રસિદ્ધ છે અને બ્રોકનું ગામડું તેની સૌથી પ્રસિદ્ધ ચોકલેટિયર્સમાંથી એક મેસનકેઈલરનું ઘર છે. પ્રતિકાત્મક ચોકલેટ ફેક્ટરીની મુલાકાત રોમાંચક અનુભવ પ્રદાન કરે છે, જ્યાં મુલાકાતીઓ સ્વીસ ચોકલેટનો ઈતિહાસ જોઈ શકે, તેનું ઉત્પાદન જોઈ શકે અને દેખીતી રીતે જ સ્વિટઝર્લેન્ડની ખૂબી અમુક ઉત્કૃષ્ટ ચોકલેટનો સ્વાદ પણ લઈ શકે છે.

**મોન્ત્રો અને સ્વીસ રિવિયેરા:** લેક જીનિવાના દરિયાકાંઠા સ્વીસ રિવિયેરા નયનરમ્ય શહેરો, વાઈનયાર્ડસ અને ઐતિહાસિક સીમાચિહનોનો અદભુત પટ્ટો છે. મોન્ટ્રિક્સ શહેર તેના સુંદર લેકસાઈડ પ્રોમેનેડ માટે પ્રસિદ્ધ છે, જ્યારે નજીકનો અદભુત ટાપુ કિલ્લો ચેટ્યુ દ ચિલ્લો સ્વિટઝર્લેન્ડના મધ્યયુગીન ભૂતકાળની ઝાંખી કરાવે છે.

વેવેમાં મુલાકાતીઓ ચેપ્લિનની દુનિયા જોઈ શકે છે, જે મ્યુઝિયમ દંતકથા સમાન કોમેડિયન ચાર્લી ચેપ્લિનને સમર્પિત છે, જેણે આ મનોહર શહેરને પોતાનું ઘર બનાવ્યું હતું. અહીંના વાઈનયાર્ડસ લેક જીનિવાના અદભુત દરિયાકાંઠા સાથે વાઈનનો સ્વાદ લેવા માટે ઉત્તમ તક પણ પ્રદાન કરે છે.

**ઝર્મેટ અને મેટરહોર્ન:** સ્વીસ સૌંદર્યના પ્રતિક સ્વિટઝર્લેન્ડના સૌથી પ્રતિકાત્મક સ્થળમાંથી એક ઝર્મેટનું માઉન્ટન રિસોર્ટ છે, જે વિખ્યાત મેટરહોર્નના બેઝ ખાતે સ્થિત છે. અજોડ પિરામિડ આકાર માટે પ્રસિદ્ધ મેટરહોર્ન દુનિયામાં સૌથી પ્રસિદ્ધ પહાડીમાંથી એક છે.

મુલાકાતીઓ ઝર્મેટની કાર મુક્ત ગલીઓ જોવા અથવા આસપાસના શિખરોનો મંત્રમુગ્ધ કરનારો નજારો માણવા માટે કેબલ કાર રાઈડ પણ લઈ શકે છે,જે અલ્પાઈનની રોમાંચક મનોહરતા દર્શાવે છે. અહીંની અદભુત લેન્ડસ્કેપ્સ સ્વીસ આલ્પ્સના વણસ્પર્શી સૌંદર્યની ઝાંખી કરાવે છે,જે ઝર્મેટને નિસર્ગપ્રેમીઓ તેમ જ સાહસિકો માટે પણ અવશ્ય મુલાકાત લેવા જેવું સ્થળ બનાવે છે.

એકંદરે ઝુરિચની પચરંગી મનોહરતાથી લઈને જુંગફ્રાઉજોકના મંત્રમુગ્ધ કરનારાં શિખરો અને લેક જીનિવાના નિર્મળ દરિયાકાંઠા સુધી સ્વિટઝર્લેન્ડ કોઈ પણ અન્યથી અનોખો પ્રવાસ અનુભવ કરાવે છે. તો તમે આ અદભુત દેશનું શ્રેષ્ઠતમ અનુભવવા તૈયાર છો? સ્વિટઝર્લેન્ડની મંત્રમુગ્ધ કરનારી લેન્ડસ્કેપ્સ અને સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાના હાર્દ થકી પ્રવાસ પર વીણા વર્લ્ડ અને અમારા ટુર મેનેજરને તમારા ગાઈડ બનાવો.તમારું સ્વીસ સાહસ વાટ જોઈ રહ્યું છે! ચાલો, જીવનની ઉજવણી કરીએ!

નીલ પાટીલ, વીણા પાટીલ અને સુનિલા પાટીલના દર અઠવાડિયે અખબારોમાં પ્રસિદ્ધ થતા લેખ વીણા વર્લ્ડની વેબસાઇટ veenaworld.com પર વાંચવા માટે ઉપલબ્ધ છે.


## વીણા વર્લ્ડ યુરોપ 2025... બુકિંગ શરૂ!

**તમારા ટ્રાવેલ મિશનમાંના યુરોપનું સપનું સાકાર કરવા માટે હવે નીકળો...**

| | | | |
|---|---|---|---|
| યુરોપિયન એક્સપ્લોરર (યુરોપ + સ્કોટલેન્ડ + સ્પેન + નીસ) (27D) 650000 - 660000 | | યુરોપિયન ડ્રીમ (યુરોપ + સ્પેન + નીસ) (23D) 575000-580000 | યુરોપિયન મેજિક (યુરોપ + સ્કોટલેન્ડ) (19D) 500000-505000 |
| યુરોપિયન માર્વેલ્સ 17 Days 450000-455000 | યુરોપિયન જ્વેલ્સ 15 Days 400000-410000 | યુરોપિયન ડિલાઈટ 13 Days 365000-370000 | યુરોપિયન હાઈલાઈટ્સ 11 Days 330000-335000 |
| લંડન પેરિસ સ્વિસ ઈટાલી (9D) 285000-290000 | યુરોપિયન વંડર્સ 13 Days 34000-345000 | યુરોપિયન સ્પ્લેન્ડર્સ 10 Days 275000-280000 | યુરોપિયન પેનોરમા 8 Days 250000-255000 |

*T&C Apply




Email: travel@veenaworld.com | veenaworld.com | Toll-Free: 1800 22 7979

સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@bombaysamachar.com




સીમાના મનમાં જાગેલા તમામ સવાલો સાચા હતા....એની શંકા પણ સાચી હતી, પરંતુ અભિ પાસે એના સાચા જવાબ આપવાની હિંમત નહતી. એક, એ સીમાને કાંઇ નહીં કહે એવું એણે ચંદનને વચન આપ્યું હતું. બે, હકીકત કહી દઇને એ સીમાનો સંસાર ખરાબ કરવા નહોતો માગતો. આમેય ચંદનની અસલિયત સામે આવી જ રહી હતી....ને પોતે નોકરી મળ્યે રૂમ ખાલી કરવાની વેતરણમાં હતો.

'મને સુનીલ મોઝીઝ સિવાય ચંદનના બીજા કોઇ દોસ્તનો ખયાલ નથી. બીજું, એ રાતે એવી કોઇ ખાસ વાત થઇ નથી...સાચું કહું તો એને ગપ્પા કહી શકાય.' અભિએ કાંડું ફેરવીને વોચમાં જોયું.

'તુ જા, તને મોડું થતું હશે.' સીમાએ કહ્યું. અભિ એના કહેવાની રાહ જ જોતો હોય એમ નીકળી ગયો.

*********************

અભિ રસ્તામાં ચંદનના ગૂમ થઇ જવા વિશે વિચારતો રહ્યો. પોલીસ એની પાછળ પડી હશે. એણે ન જાણે કેટલાં રાજ્યોના ભાગેડુઓને પોતાને ત્યાં છુપાવ્યા હશે.....કોને ખબર કેટલા સ્ટેટની પોલીસ એને શોધતી આવશે.

એણે એક રાત બબલુ નામના ભાગેડુ સાથે વિતાવી હતી. એ ફફડી ઉઠ્યો.

મારે વહેલામાં વહેલી તકે રૂમમાંથી નીકળી જવું જોઇએ. આગ લાગે ત્યારે માણસ પોતાનો વિચાર પહેલાં કરે છે. અભિ એમાંથી બાકાત નહતો.

જોકે આ એટલું સહેલું નથી. બધો આધાર નોકરી મળે એના પર હતો.. બીજી મિનિટે એને સીમાનો વિચાર આવ્યો. સીમા ક્યાં જશે....એણે તો પોલીસનો સામનો કરવો જ પડશે. સીમા એનું ફોડી લેશે.

અભિ ચૌબેજીએ આપેલી તકને ગુમાવવા માગતો નહતો...રિહર્સલમાં ગયો...બધું ભૂલીને, મન લગાવીને કામ કર્યું. સાંજે રિહર્સલ પતાવીને અકબર પીઆર પાસે પહોંચ્યો. ખબર નહીં પણ કેમ એને ઊંડે ઊંડે એમ થતું કે અકબર પીઆર એનો મસીહા છે. એ નોકરી અપાવશે. અને થયું પણ એવું જ. સાંજે એ અકબર પીઆરને મળ્યો તે તરત જ કોઇ કંપનીનો લેટર તૈયાર હોય એમ એણે એક વિઝિટીંગ કાર્ડ અભિની સામે મૂક્યું.

'તારે એક્સપ્રેશન્સ એડ એજન્સી માં જઇને પિન્ટોને મળવાનું છે. એને હિન્દી માટે પાર્ટ ટાઇમ કોપી રાઇટર જોઇએ છે.' અભિએ કાર્ડ વાંચ્યું.

'ક્યારે મળવા જાઉં?' એણે પૂછ્યું.

'હમણાં જ....અત્યારે.' અકબર પીઆરના શબ્દો પૂરા થાય તે પહેલાં જ અભિએ બગલ થેલો ખભે નાખ્યો ને દાદરા ઊતરી ગયો.

*********************

અભિ નરીમાન પોઇન્ટની આલીશાન એડ એજન્સીની ઓફિસની લોન્જમાં પિન્ટોના બોલાવવાની રાહ જોતો બેઠો હતો. થોડી થોડી વારે કેબિનમાં આવજાવ કરતી પ્રિયા નામની સુંદર છોકરીએ એને વરસોની ઓળખાણ હોય એમ મોટું સ્માઇલ આપીને બેસવાનું કહ્યું હતું.

'આપકો રાહ દેખની પડેગી.' એણે કહ્યું હતું.

'કોઇ બાત નહીં.' અભિ એક્સપ્રેશન્સ એડ એજન્સીના રિસેપ્શન હોલની દીવાલો પર વિખરાયેલી રોનક જોતો હતો. મુંબઈની આ વિખ્યાત એડ એજન્સીએ કરેલી જાણીતી પ્રોડક્ટસની એડવર્ટાઇઝ અને એડ ફિલ્મોનો ચિતાર અભિની આંખોને આંજી નાખતો હતો. ભારતભરના ઘરઘરમાં વપરાતી લગભગ બધી પ્રોડક્ટસની જાહેરાત પાછળ 'એક્સપ્રેશન્સ'ના માલિક પિન્ટો અને એની ટીમની કલાત્મક મહેનત હતી. અભિ તસવીરો અને પોસ્ટરો જોઇને અંજાઇ ગયો હતો.

'અભિનય, યુ કેન ગો ઇન.' પ્રિયાનો મધુર અવાજ આવ્યો. દરવાજે બે ટકોરા મારીને અભિ અંદર ગયો.

'અભિનય, આઇ એમ સો સોરી....તુમ કો વેઇટ કરના પડા. પ્લીઝ સીટ.'

અભિ ખોળામાં બગલ થેલો રાખીને બેઠો.

'થેલા બાજુ કા ખુરસી મે રખો...એન્ડ રિલેક્સ હો કે બૈઠો.' શો બિઝનેસની એક ખૂબી રહી છે કે પહેલીવાર મળતો માણસ પણ જાણે વરસોની ઓળખાણ હોય એમ પેશ આવે...અભિ થોડો રિલેક્સ થયો.

'અકબર બોલા તુમ્હારા હિન્દી બહુત અચ્છા હૈ....ડ્રામા મેં કામ કરતે હો.'

'એક્ચ્યુલી સર, મૈં ફિલ્મો મેં કામ કરને કે લિયે ભોપાલ સે આયા હું.'

સંખ્યાબંધ એડ ફિલ્મો બનાવનારો પિન્ટો અભિને અલગ અલગ એન્ગલથી જોવા લાગ્યો. અભિને વિચિત્ર લાગ્યું.

> 'પ્રિયા, સચ કહું તો કોપી રાઈટિંગ ઈઝ નોટ માય કપ ઓફ ટી.' પછી થોડો પોઝ લઈને બોલ્યો. 'ઈટ્સ માય બ્રેડ એન્ડ બટર'

'અકબર પીઆરને કહા કી પહેલે તુમ મુંબઇ મેં નાટક સે શુરુઆત કરો....મુઝે ચૌબેજી કે પાસ ભેજા' અભિ વાક્ય પુરું કરે તે પહેલાં જ પિન્ટો બોલ્યોઃ 'સત્યદીપ ચૌબે...વો પાગલ...વો તો મેરા દોસ્ત હૈ....હપ્તે મેં દોચાર બાર યહાં આતા હૈ.'

'ઉનકા એક નાટક હૈ અંતહીન અંત....મૈં ઉસ મેં મેઇન રોલ કર રહા હું.'

પિન્ટો વિચારમાં પડી ગયો. ચૌબે જેવા ધૂની તરંગી રાઇટર ડાયરેક્ટરે અભિને ભૂમિકા આપી એનો મતલબ કે બંદે મેં દમ હૈ.

'તુમ કોપી રાઇટિંગ જાનતે હો.?' પિન્ટોએ અભિને જે કામ માટે બોલાવ્યો હતો એની પર ફોકસ કર્યું.

'થોડા બહુત જાનતા હું સર' પિન્ટો એની થોડી સફેદી પકડી ગયેલી ફ્રેન્ચ દાઢી પર હાથ ફેરવવા લાગ્યો. પછી એણે ઇન્ટર કોમ પર કોલ કરીને પ્રિયાને બોલાવી.

'યસ સર,'

' પ્રિયા, યે અભિનય હૈ...ઉનકો અપની નયી એડ કા હિન્દી કોપી રાઇટિંગ કા કામ દો. એન્ડ હેલ્પ હિમ. અભિ, યે પ્રિયા હૈ....યે અંગ્રેઝી, હિન્દી, મરાઠી, ગુજરાતી, તમિળ લેન્ગ્વેજીસ જાનતી હૈ. ઓલ ધ બેસ્ટ.'

*************************

બહાર આવીને પ્રિયાએ પોતાના ટેબલના ખાનામાંથી પ્રોડક્ટના વિવિધ ફોટાઓ...એનું લિટરેચર વગેરે કાઢ્યું. અભિને બોર્ડ રૂમમાં લઇ જઇને બધું ટેબલ પર પાથર્યું.

યે હૈ મધુરા સીંગતેલ કી પિક્ચર્સ.. ઔર યે ડિટેઇલ્ડ લિટરેચર....શુદ્ધ પ્યોર સીંગતેલ....બ્લા બ્લા બ્લા...સબ પઢો. ફિર સોચો...ફિર લાઇન લિખો.'

'પ્રિયા, સચ કહું તો કોપી રાઇટિંગ ઇઝ નોટ માય કપ ઓફ ટી.' પછી થોડો પોઝ લઇને બોલ્યો 'ઇટ્સ માય બ્રેડ એન્ડ બટર.' પ્રિયા અભિની સેન્સ ઓફ હ્યુમર પર હસી પડી.

'ઓહહહહ....ચલો ઇસ બાત પર કોફી પીતે હૈ.' પ્રિયા હસીને બોલી.

'હમ સ્ટ્રગલર્સ કે લિયે ચાય મિલ જાયે વો ભી નસીબ હૈ.' અભિએ કહ્યું.

પ્રિયાએ ફોન કરીને ઓફિસ બોયને એક ચા અને એક કોફી લાવવા કહ્યું.

'પિન્ટો સરને બતાયા કી તુમ બહુત સારી લેન્ગ્વેજીસ જાનતી હો...ગુજરાતી કૈસે જાનતી હો?'

મારા પડોશી મહેતા એન્ડ ફેમિલી છે...હું નાનપણથી મોટાભાગે એમના ઘરે જ રહેતી. એને લીધે વાંચતા..લખતા બોલતા... શીખી ગઇ. મુંબઇમાં રહું એટલે મરાઠી આવડી જ જાય. અંગ્રેજી મીડિયમમાં ભણી એથી ઇંગ્લિશ આવડી ગયું.'

'અને તમિળ?'

'મારી મા તમિળ છે' પ્રિયાએ કહ્યું.

'તું ગુજરાતી જાણે છે?' પ્રિયાએ આશ્ચર્યથી પૂછ્યું...

'મારી મા ગુજરાતી ને બાપ ભૈયો....પછી પૂછના હી ક્યા.?'

ચા અને કોફી આવ્યા. ચાની સિપની સાથે અભિ મધુરા સીંગતેલના સાહિત્યનો અભ્યાસ કરવા લાગ્યો....વચ્ચે વચ્ચે કાંઇક ટપકાવવા માંડ્યો.

પ્રિયા અંગૂઠો બતાવી..આંખોથી ઓલ ધ બેસ્ટ કહીને જતી રહી.

**************************

પ્રિયાએ અભિએ લખેલી થોડી લાઇનો પિન્ટોની સામે મૂકી. પિન્ટોએ એમાંથી એક લાઇન અલગ તારવીને બાકીની બાજુ પર મુકી....પછી એની ફોનેટીક વેલ્યૂ જોવા મોટેથી લાઇન વાંચી.

'શુદ્ધ સીંગતેલ મધુરા....જૈસે પવિત્ર ગંગા કી ધારા.' પરફેક્ટ લાઇન એ બોલ્યો. 'પ્રિયા અબ તુમ ટ્રાય કરો.' પ્રિયાએ એના મીઠા અવાજમાં લાઇન બોલી બતાવી.

'અભિ, અબ તુમ બોલો' અભિએ નાટ્યાત્મકતા ઉમેરીને લાઇન બોલી બતાવી.'નાવ વી ઓક વિલ સે ઇટ ટુ ગેધર' ત્રણેયે એકી સાથે એકી અવાજે લાઇન બોલીને કેબિન ગજવી દીધી.

શુદ્ધ સીંગતેલ મધુરા....જૈસે પવિત્ર ગંગા કી ધારા.

'અભિ, યુ આર વેરી ગુડ.....કલ સે આ જાઓ.....તુ હમારા હિન્દી કોપી રાઇટર હો.'

થેન્ક યુ સર,' અભિએ કહ્યું. 'પ્રિયા, અભિ કલ સે તુમ્હારે સાથ કામ કરેગા. તુમ હમારે વર્ક કલ્ચર કે બારે મે બતા દેના.'

'શ્યોર સર.' પ્રિયાએ કહ્યું. પછી અભિને અભિનંદન આપ્યા.

**********************

રાતે લગભગ અગિયાર વાગ્યે અભિ રૂમ પર ગયો ત્યારે સીમાને ઘરની લાઇટ બળતી હતી. અભિ એને નોકરીના સમાચાર આપવાની ઇચ્છાને રોકી ન શક્યો. એણે હળવેથી ટકોરા માર્યા. સીમાએ અડધું બારણું ખોલીને ડોકું બહાર કાઢ્યું.

'સીમા, એક ખુશ ખબર આપવા હતા.' સાંભળીને સીમાએ આખો દરવાજો ખોલી નાખ્યો.

'અંદર આવીને આપી શકાય.'

'મને એક એડ એજન્સીમાં નોકરી મળી ગઇ.' અભિએ કહ્યું.

'અરે વાહ' કહીને સીમા ભેટવા માટે અભિની એકદમ નિકટ જઇને અટકી ગઇ. બંનેની આંખો મળી. સીમાની આંખોમાંથી વરસોથી નહીં છીપાયેલી તરસ છલકાઇ. સ્ત્રીની તરસ એની આંખોમાં તગતગતી હોય છે. કૂવા કાંઠે ઊભેલી સીમા વધુ પ્યાસી રહી શકે એમ નહતી. એણે અભિને કોલરેથી પકડીને ભીંસી નાખતું...તસતસતું ચુંબન કર્યું. બે હાથ પહોળા રાખીને ઊભેલા આશ્ચર્યચકિત અભિએ એને પોતાની બાંહોમાં સમાવી લીધી. પુરુષની ભૂખ અને સ્ત્રીની તરસ એકરસ થઇ ઊઠી.... (ક્રમશઃ)■

આકાશ મારી પાંખમાં

કલ્પના દવે
feedback@bombaysamachar.com

# માતૃરૂપેણ સંસ્થિતા



દક્ષિણ મુંબઈના ભદ્રવિસ્તારમાં રહેતી ૪ વર્ષીય દિવ્યા શેઠનું મન આજે તેની માતાની સ્મૃતિવનમાં ભટકી રહ્યું હતું. એક તરફ વિગત થયેલી માતાની સ્મૃતિ તો બીજી તરફ માદુર્ગાની આરાધનામાં એનું હૈયું ચકડોળે ચઢ્યું હતું.

દિવ્યા મનોમન વિચારી રહી હતીઃ- મારી વહાલી મોમ, તારા વગર નવરાત્રિનો ઉત્સવ કેવી રીતે એન્જોય કરું? તું આમ અચાનક પરધામ જતી રહી! એ વાતને ત્રણ વર્ષ થઈ ગયા, હું એ કારમો દિવસ ભૂલી શકી નથી. આજે આપણે કરતા હતા એમ જ હું નવરાત્રિની પૂજાપાઠ, ઉપવાસ બધું કરું છું, પણ મોમ તું નથી તો કશું નથી.

મોમ, તારા આશિષ થકી હું ખૂબ સુખી છું. મને યાદ આવે છે-

મમ્મા મારે સાસરે જયારે અમે ચંડીપાઠની પૂજા કરીએ, ગરબાનો કાર્યક્રમ હોય ત્યારે તું, પપ્પા, અમિતભાઈ, પ્રીતિભાભી બધા આવતા... મેં નવરાત્રિના સ્પેશિયલ ચણિયાચોળી પહેર્યા હોય, મને જોઈને તું રાજીની રેડ થઈ જાય. મને વહાલથી ભેટે, પછી મને કોઈની નજર ન લાગે એટલા માટે મારાં ઓવારણાં લે. અને હર્ષાશ્રુ સાથે તું કહેતી, તું તો મારી પરી છે.

મોમ, તારી એ લાલ સાડી, કપાળ પર મોટો લાલ ચાંદલો, સુંદર મેકઅપ કરેલો, હસતો ચહેરો હું કયારેય નહીં ભૂલી શકું. જીવનમાં ડગલે ને પગલે તું યાદ આવે છે. આપણી અવનિ પણ પાંચ વર્ષની થઈ ગઈ છે. ભીંત પર લટકાવેલા તારા ફોટાની હું પૂજા કરીને હાર ચઢાવું ત્યારે એ મારી બાજુમાં ગૂપચૂપ ઊભી રહે, પછી મને કહેઃ-

મમ્મા. નાનીને હાર પહેરાવતાં તું કેમ રડે છે?

બેટા, આય મીસ માય મમ્મા. કહેતાં દિવ્યાની આંખો ભરાઈ આવી.

મમ્મા, નાની કયાં ગયાં, અહીં કેમ નથી આવતા.

બેટા, નાની ભગવાન પાસે ગયાં છે, હવે નહીં આવે.

જો, મોંમ તું રડ નહીં, હું ગોડને પ્રેયર કરીને કહું છું કે મારી નાનીને મારે ઘેર મોકલો. એવું કહી રહેલી નાનકી અવનિને દિવ્યા ભેટી પડી. અવનિની નાની આંગળીઓ દિવ્યાનાં આંસુ લૂછી રહી.

દિવ્યાએ આંખ બંધ કરીને પૂજામાં મન પરોવવાનો પ્રયત્ન કર્યો.

દીવો કરીને માતાજીની સ્તુતિ કરી રહેલી દિવ્યામાં આજે કોઈ દિવ્ય અનુભવ થવા લાગ્યો.

મા જગદંબાની મૂર્તિ જાણે દિવ્યાને કહી રહી હતી- બેટા, હું તો તારી સાથે જ છું. સ્થૂળ સ્વરૂપે ભલે તું મને ન જોઈ શકે, પણ તારામાં ચૈતન્ય સ્વરૂપે રહેલી છું. તારા નસેનસના રક્તસંચારમાં હું જ તો વહું છું. દિવ્યા એકીટકે માતાની મૂર્તિ સામું જોઈ રહી. તેના આખા દેહમાં કોઈ અદ્ભુત શક્તિનો સંચાર થઈ રહ્યો હતો. આ કોણ બોલ્યું- મારી મમ્મા કે સાક્ષાત્ દેવી!

દિવ્યાએ પ્રસન્નતાથી માતાજીની સ્તુતિ અને આરતી કરી. એને લાગ્યું કે મારી મા ભલે સદેહે અહીં નથી પણ મારામાં એક શક્તિસ્વરૂપે મારી સાથે જ છે.

ત્યાં જ સાસુજીનો સાદ સંભળાયો- દિવ્યા, બેટા ચાલ, આપણે મહાલક્ષ્મી મંદિરે દર્શન કરવા જવાનું છે. જો, તારા માટે મસાલાદૂધ અને ફળ મૂકયા છે. ના, કહું છું તો ય નકોરડા ઉપવાસ કરે છે. આખો દિવસ ઑફિસમાં કામ કરે, ઘરનું કામકાજ સંભાળે છે.

મમ્મીજીના વહાલના ભરેલાં શબ્દો સાંભળી દિવ્યાને લાગ્યું કે મારી મમ્મા જ જાણે બોલી રહી છે.

લગ્ન પહેલાંથી જ દિવ્યા એની મમ્મા સાથે નવરાત્રિના ઉપવાસ કરતી હતી. એક વાર મમ્માએ કહ્યું હતું કે દિવુ, માતાજીને પ્રાર્થના કર કે મનગમતો ભણેલો ભરથાર આપે.

મા, ભરથાર નહીં મને સમજે એવો બેસ્ટ મિત્ર હોવો જોઈએ.

અને એના માતા-પિતા પણ તમારા જેવા જ પ્રેમાળ હોય. કોઈ ગુસ્સો કરે કે ઝઘડા કરે તે હું સહન ન કરી શકું.

તો, બેટા સાસરામાં તો આપણે એડ્જસ્ટ થવું જ પડે, કંઈ સાસરામાં મમ્મી જેવા લાડ ન મળે.

તો પછી આપણે સાસરે શું કામ જઈએ. દિવ્યાને આજે સાસુમાના એ મીઠા સાદમાં મમ્માનો જ સાદ સંભળાયો.

દિવ્યાને યાદ આવી ગયું કે તે નવરાત્રિની પૂજા કરીને મમ્મીને પગે લાગતાં તે કહેતીઃ- નવરાત્રિમાં હું આદ્યશક્તિ માઅંબાની આરાધના કરું છું. એ પરમશક્તિને હું જોઈ શકતી નથી, એ પ્રત્યક્ષ નથી, પણ સાક્ષાત્ દેવીરૂપ શક્તિસ્વરૂપ મારી માને મારા પ્રણામ. આજે મમ્મા યાદ આવતાં એનું હૈયું મંમાને જ ઝંખી રહ્યું હતું. એણે મમ્માનાફોટાને પુષ્પહાર પહેરાવ્યો.

આજે મારી મમ્મા નથી, આ નવરાત્રિની પૂજા અમે સાથે જ કરતાં, મમ્મા જે સ્તોત્ર-આરતી બોલે એ મારે સાથે જ બોલવાની. ફ્રૂટ અને મસાલાદૂધ તો મને મમ્મા જ કરી આપે. મમ્મા કહેતીઃ- બેટા, આ માની ભક્તિ જ આપણને મુશ્કેલીઓનો સામનો કરવાની શક્તિ આપે છે. દર આઠમે અમે બ્રાહ્મણને બોલાવીને ચંડીપાઠની પૂજા કરાવીએ.

દિવ્યા આજે મમ્માની સ્મૃતિમાં ખોવાઈ ગઈ હતી. અવનિ તો ટી.વી.ના કાર્ટૂન જોઈને ખૂશ હતી. ત્યાં જ મયંકનો ફોન આવ્યો.

હાય, સ્વિટી શું કરે છે, તું અને મમ્મી મંદિરે જઈ આવ્યા? તારી પૂજા થઈ ગઈ કે બાકી છે. જો, મેં પાસ ખરીદી લીધા છે, આજે આપણે ગરબા રમવા જઈશું. મારી બ્યુટીક્વીન જલદી તૈયાર થજે. ગ્રૂપમાં આપણો વટ પડવો જોઈએ. મયંકે ઉત્સાહથી કહ્યું.

પણ, મયંક, મારો આજે જરા ય મુડ નથી. દિવ્યાએ રડમસ અવાજે કહ્યું. જો, દિવુ હું જાણું છું કે નવરાત્રિના દિવસોમાં તને મમ્મા યાદ આવે છે, પણ જીવનની સચ્ચાઈને સ્વીકારવી જ પડે. તું તારા મનને સમજાવ. તારી મમ્મા કરતી હતી તેવા સામાજિક કામ તું કર. અનાથ બાળકોને મદદ કર. એ જ સાચી શ્રદ્ધાંજલિ છે. હું અને મમ્મી-પપ્પા તારી સાથે જ છીએ. લવ યુ ચીયર અપ. હું જલદી આવીશ. મયંકે કહ્યું.

ઓ.કે. કહી દિવ્યાએ ફોન મૂકયો. દિવ્યા ભૂલી જ શક્તિ ન હતી કે એની મમ્મા ૬૨ વર્ષની વયે અચાનક મેસીવ હાર્ટ ઍટેકમાં જતી રહી. આજે એ વાતને ત્રણ વર્ષ થયાં, પણ એ ઘા રૂઝાયો નથી. અને નવરાત્રિમાં એ વધુ ઉદાસ રહે છે.

દિવ્યા, જલદી તૈયાર થઈ જા. આપણે મંદિરમાં પૂજા લખાવી છે. મમ્મીજીનો મીઠા સાદમાં દિવ્યાને મમ્માનો જ સાદ સંભળાયો.

લગ્ન બાદ પહેલી દિવાળીમાં મમ્મીજીએ આપેલી પીળા રંગની લાલ બોર્ડરની સિલ્કની સાડી દિવ્યાએ પહેરી. એને અનુરૂપ જવેલરી પહેરી. એના સુગંધિત પરફ્યુમની સોડમ ઓરડામાં પ્રસરી રહી હતી. સાઈઠ વર્ષે સાસુમાનો ઠસ્સો પણ જરા ય ઓછો ન હતો.

મમ્માની જેમ જ આજે મમ્મીજીએ વહુબેટાના ઓવારણા લીધા. અને વહાલથી ભેટતાં કહ્યું- બેટા, તું તો મારા ઘરની સાક્ષાત્ લક્ષ્મી છે. સવારે મા અંબાના ફોટામાં પોતાની મમ્માનું રૂપ જોયું હતું. ત્યારથી એ અસ્વસ્થ હતી. નવરાત્રિના આ પર્વમાં દિવ્યા એની મમ્માને યાદ કરીને ઉદાસ રહેતી.

આજે સાસુમાએ મન મક્કમ કર્યું અને દિવ્યાનું મન જીતવા જ મંદિરમાં પૂજા રખાવી હતી. સાસુમાના સ્નેહાળ શબ્દોમાં દિવ્યા ભીંજાઈ ગઈ. એક તરફ ઘરમંદિરમાં વિરાજેલા માતાજી, તસવીરમાંથી આશિષ આપી રહેલી મમ્મા અને સાક્ષાત્ પ્રેમની મૂર્તિસમા સાસુમા- મમ્મીજી.

*દિવ્યાના મુખમાંથી શબ્દો સરી પડ્યા-*
*યા દેવી સર્વભૂતેષુ શક્તિ રૂપેણસંસ્થિતા*
*નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમોનમઃ.*
*યા દેવી સર્વભૂતેષુ માતૃરૂપેણ સંસ્થિતા,*
*નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમોનમઃ* ■

વિશેષ

વીણા ગૌતમ
feedback@bombaysamachar.com

# અભ્યાસના દિવસોમાં જ જે વિદ્યાર્થીઓએ દુનિયા બદલી નાખી



ભાવિશ અગ્રવાલ, બાયજુ રવીન્દ્રન, દિવ્યા ગોકુલનાથ, રિતેશ અગ્રવાલ, લેરી પેજ, સર્ગેઈ બિન, ગ્રેટા થનબર્ગ. આખરે, આ બધામાં શું વિશેષતા છે? હા, આ બધાએ, કાં તો તેમના વિદ્યાર્થીકાળ દરમિયાન અથવા તેમનો અભ્યાસ પૂર્ણ કર્યા પછી, દુનિયાનો જબરદસ્ત વિકાસ કર્યો છે અથવા એમ કહી શકાય કે દુનિયા બદલી નાખી છે. ભાવિશ અગ્રવાલે આઇઆઇટી બોમ્બેમાંથી બી.ટેકનો અભ્યાસ કર્યો છે. આ પછી, માઈક્રોસોફ્ટ રિસર્ચમાં તેમની બે વર્ષની નોકરી દરમિયાન, તેમણે એક ઓનલાઈન વેબસાઈટ 'ઓલાટ્રીપ ડોટ કોમ' વિકસાવી અને તરત જ ટેક્સી ડ્રાઈવર સાથેની લડાઈ પછી, તેમણે દેશની સૌથી મોટી કેબ એગ્રીગેટર કંપની ઓલા કેબ્સની સ્થાપના કરી. કંઇક આવું જ પરાક્રમ રિતેશ અગ્રવાલે ઓયો હોટેલ ચેઇનની સ્થાપના કરીને કર્યું, જ્યારે તે હજુ અભ્યાસ કરી રહ્યો હતો. બાયજુના સ્થાપક બાયજુ રવિન્દ્રન અને દિવ્યા ગોકુલનાથની પણ સમાન સ્ટોરી છે. લેરી પેજ અને સેર્ગેઈ બિન વિશે તો આપણે બધા જાણીએ જ છીએ કે તેમણે તેમના અભ્યાસ દરમિયાન, ગૂગલ જેવી વિશ્વની સૌથી મોટી કન્ટેન્ટ ક્રિએટર વેબસાઇટ બનાવી હતી. ગ્રેટા ધનબર્ગને પણ આ જ ક્રમમાં મૂકી શકાય છે, જેમણે પોતાની કિશોરાવસ્થામાં પણ જબરદસ્ત સક્રિયતા દ્વારા વિશ્વભરના રાજકારણીઓને બગડતા પર્યાવરણ અને આબોહવા પરિવર્તન જેવા મુદ્દાઓ સાથે જોડ્યા છે.

વિશ્વને સુધારવામાં વિદ્યાર્થીઓના યોગદાનને મહત્ત્વ આપવા માટે, વર્ષ ૨૦૧૦ થી ભારતના ૧૧મા રાષ્ટ્રપતિ એપીજે અબ્દુલ કલામની જન્મજયંતી ૧૫ ઓક્ટોબરના રોજ વિશ્વ વિદ્યાર્થી દિવસ તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું હતું. તેનો મુખ્ય ઉદ્દેશ્ય વિશ્વના વિકાસ અને વિશ્વની સુધારણામાં વિદ્યાર્થીઓના યોગદાનને ઉજાગર કરવાનો હતો. આ વર્ષે એટલે કે ૧૫ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ ૧૫મો વિશ્વ વિદ્યાર્થી દિવસ ઉજવવામાં આવશે. હકીકતમાં, ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ સ્વર્ગીય એપીજે અબ્દુલ કલામને યાદ કરવાનો આ શ્રેષ્ઠ માર્ગ છે. મિસાઈલ મેન તરીકે જાણીતા ડો. એપીજે અબ્દુલ કલામ એક મહાન વૈજ્ઞાનિક હોવાની સાથે સાથે એક મહાન શિક્ષક પણ હતા. ભારતની વિવિધ સરકારોના વૈજ્ઞાનિક સલાહકાર રહીને

જ્યારે તેઓ રાષ્ટ્રપતિ બન્યા અને રાષ્ટ્રપતિ પદ પરથી નિવૃત્ત થયા બાદ તેમણે એવી ઈચ્છા વ્યક્ત કરી હતી કે હવે તેઓ માત્ર વિદ્યાર્થીઓ વચ્ચે જ રહેવા માગે છે, વિદ્યાર્થીઓને ભણાવવા માગે છે. આના પરથી સમજી શકાય છે કે તેમને વિદ્યાર્થીઓ માટે કેટલો પ્રેમ હતો અને તેઓ શિક્ષણને કેટલું આદરપાત્ર માનતા હતા. તેથી, જ્યારે વિશ્વ વિદ્યાર્થી દિવસની ઉજવણી કરવાની યોજના બનાવવામાં આવી હતી, ત્યારે એપીજે અબ્દુલ કલામની જન્મજયંતીથી વધુ સારો કોઈ દિવસ હોઈ શકત નહીં.

આજે, સમગ્ર વિશ્વમાં વિશ્વ વિદ્યાર્થી દિવસની ઉજવણી વિદ્યાર્થીઓના મહત્ત્વને વિવિધ રીતે સ્વીકારવાના ઉદ્દેશ્ય સાથે કરવામાં આવે છે અને હકીકતમાં આ ઉજવણીમાં ડો. એપીજે અબ્દુલ કલામના સન્માનનો સમાવેશ થાય છે. જો કે ડો. એપીજે અબ્દુલ કલામ ભારતના રાષ્ટ્રપતિ હતા, તેથી ભારતમાં તેમને સૌથી વધુ સન્માન મળે તે સ્વાભાવિક છે. આ જ કારણ છે કે વિશ્વ વિદ્યાર્થી દિવસ ભારતમાં જ શ્રેષ્ઠ રીતે ઉજવવામાં આવે છે. આ દિવસની ઉજવણી કરવાની બે રીત છે. સૌપ્રથમ તો આપણે વિચાર કરીએ કે શિક્ષણ વિદ્યાર્થીઓને મહત્ત્વપૂર્ણ નાગરિક બનાવવા માટે કેટલું સક્ષમ છે અને બીજું, શિક્ષણ વિદ્યાર્થીઓને વિશ્વને સુધારવા માટે તેમની પ્રતિભાનો ઉપયોગ કરવા માટે કેટલું પ્રતિભાશાળી બનાવવામાં સક્ષમ છે. જ્યાં સુધી આ દિવસની ઉજવણી કરવાની રીતનો સવાલ છે, આ દિવસની ઉજવણીની સૌથી લોકપ્રિય રીત એ છે કે આ દિવસે સમગ્ર વિશ્વની શૈક્ષણિક સંસ્થાઓમાં વિશ્વને વધુ સારું બનાવવામાં વિદ્યાર્થીઓના યોગદાન પર સેમિનાર યોજવામાં આવે છે અને તાજેતરના વર્ષોમાં, વિદ્યાર્થીઓના મહત્ત્વપૂર્ણ યોગદાનને યાદ કરવામાં આવે.

આપણે બધા જાણીએ છીએ કે વિદ્યાર્થીઓ એ એક મહત્ત્વપૂર્ણ પેઢી છે જે વિશ્વને બદલી રહી છે અને વિશ્વની સમસ્યાઓનો જાતે અનુભવ કર્યો છે. ડો. એપીજે અબ્દુલ કલામ કહેતા હતા કે આપણે વિકાસને વર્તમાન પેઢીના જીવનને સુધારવાના માપદંડ પર માપીએ છીએ. તેથી માત્ર વર્તમાન પેઢી જ કોઈપણ વિકાસને વધુ ઉપયોગી બનાવવા માટે તેને વધુ સારાં પરિમાણો આપી શકે છે. ડો. એપીજે અબ્દુલ કલામના જીવનનાં વિવિધ પાસાઓને પણ આ દિવસે અલગ અલગ રીતે યાદ કરવામાં આવે છે અને તેમની સિદ્ધિઓ અને વિદ્યાર્થીઓ પ્રત્યેના તેમના વલણને સમજવા માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. તેથી આ દિવસ મહત્ત્વપૂર્ણ છે. આપણા ભારતીયો માટે ગૌરવની વાત છે કે આ દિવસ આપણા એક વૈજ્ઞાનિક અને આધુનિક વિચારના મહાન ભારતીયના સન્માનમાં ઉજવવામાં આવે છે. તેથી દુનિયાના અન્ય દેશો ભલે આ દિવસની અવગણના કરે, પરંતુ આપણે હંમેશાં તેને મહત્વના દિવસ તરીકે ઉજવીએ છીએ અને ઉજવતા રહીશું, એ આ દિવસની વિશેષતા છે. ■

મિજાજ મસ્તી

સંજય છેલ
feedback@bombaysamachar.com

# આથમતા આયખાની એકલતાઃ સાંજ ઢલે ગગન તલે



**ટાઇટલ્સઃ**

**ઉંમર માત્ર આંકડો છે, પણ છે તો ખરો. (છેલવાણી)**

એક વૃદ્ધ પિતા એમના દીકરા-વહુને ૮-૯ વરસના પૌત્ર સાથે રહેતા હતા. એ વૃદ્ધ પિતા જમે ત્યારે ક્યારેક એમના મોંમાંથી ખાવાનું નીચે પડી જતું ને ટેબલ ગંદું થઇ જતું. દીકરા-વહુ, ક્યારેક એમને પ્રેમથી ટોકતાં. એકવાર વહુએ સસરાને કાચની પ્લેટમાં જમવાનું આપ્યું. વૃદ્ધના હાથમાંથી પ્લેટ પડીને તૂટી ગઈ. વહુએ સહેજ ઠપકો આપતા કહ્યું :

'બાપુજી, જરા ધ્યાન રાખોને, ભૈ સાબ!'

'સોરી' કહી પિતા, ડાઇનિંગ ટેબલ પરથી ઉઠવા લાગ્યા.

પુત્રએ તરત કહ્યું, 'ઇટ્સ ઓકે, પપ્પા. જમી લો.'

બીજા દિવસે પતિ-પત્નીએ જોયું કે બંગલાના બગીચામાં નાનો દીકરો લાકડાનાં નાના ટુકડામાંથી કશુંક બનાવતો હતો.મમ્મીએ પૂછ્યુંઃ

'બેટા, શું બનાવે છે?'

'હું લાકડાની ડિશ બનાવું છું. જ્યારે તું ને પપ્પા દાદાની જેમ એકદમ 'ઓલ્ડ' થઈ જશો, ત્યારે હું આ લાકડાની થાળીમાં તમને ડિનર આપીશ.' દીકરાએ કહ્યું!

પતિ-પત્ની ચોંકી ગયાંઃ

'પણ બેટા, આપણે ક્યાં દાદાને લાકડાની થાળી આપીએ છીએ? તને આ આઇડિયા આવ્યો ક્યાંથી?'

છોકરાએ ભોળાભાવે કહ્યુંઃ

'વોટ્સ-એપ પર સ્ટોરી વાંચેલી!'

હકીકતમાં તો આ ટોલસ્ટોયની જૂની વાર્તા છે પણ સોશિયલ મીડિયા પર ફરતા ફરતા બાળક પાસે આવી અને કૂમળા મન પર અસર કરી ગઇ.

શું છે કે દાદા-દાદી કે વૃદ્ધો વિશેની લાગણી...હવે ફોરવર્ડ થયેલા મેસેજોમાં અટવાઈ ગઇ છે. બધાં પુત્ર-પુત્રવધૂઓ ખરાબ છે- એવું નથી પણ ક્યાંક કશે, એક તિરાડ કે દૂરતા છે, જે હવે મેલોડ્રામા કે નાટકીયતાથી પાર મૂંગી વેદના બની ગઇ છે. આપણે સમયના એવા ક્રોસ-રોડ પર છીએં, જ્યાં વૃદ્ધો સાવ આશ્રિત કે પાંગળા નથી. બધા વૃદ્ધાશ્રમમાં રિબાતા નથી, છતાં હર્યાભર્યા પરિવારના સહવાસ સાથે ય વૃદ્ધો અબોલ એકલતા અનુભવે છે. સ્માર્ટ ફોનના ઉપયોગથી માંડીને અવનવા ટી.વી.ના રિમોટ કંટ્રોલને ચલાવવામાં હાંફી જાય છે. ફોન પર જાતજાતની લિંક દ્વારા 'પૈસાની ફસામણી'; થી સતત ડરી ડરીને જીવે છે. સમય આગળ નીકળી ગયો છે ને સમજ પાછળ રહી ગઇ છે.

હવે આયુષ્ય વધ્યું ને એટલું જ અટપટું થયું છે. વૃદ્ધો રોજ ચાલવાથી માંડીને યોગ કે ઓસડિયાનાં આઇડિયાના ભારથી મોત આગળ ધકેલીને કુદરત સામે રેસ માંડી બેઠા છે. પરંપરાને લીધે પરિવાર સાચવી લે છે, પણ જુવાનોની લાઇફ-સ્ટાઇલની કદમતાલમાં વૃદ્ધોનાં કદમ પાછા પડવા માંડે છે.

અજીબ કશ્મકશની સ્થિતિ છે, જેમાં રાવ-ફરિયાદ પણ નથી ને છતાં યે જીવતરનો જંપ પણ નથી.

**ઇંટરવલઃ**

**મૌત કે સાથ હુઇ હૈ શાદી મેરી સો**
**ઉમ્ર કે આખિરી લમ્હાત મેં દુલ્હા હુઆ મૈં (ઝફર ઇકબાલ)**

જો કે આપણે લોકો હજુ યે સહેજ વૃદ્ધ દાદા-દાદીને જીવન વીમાની જાહેરાતનાં પાત્રોની જેમ ટિપિકલ નજરે જ જોઇએ છીએ, પણ દુનિયાનો નજરિયો કરોડો માઇલની સ્પીડથી બદલાઇ રહ્યો છે. ચીનના શાંઘાઈમાં વિધવા, વિધુર, છૂટાછેડા લીધેલા લોકો દર અઠવાડિયે પીપલ્સ પાર્કમાં પાર્ટનર કે સાથીદાર શોધવા મળે છે. એકલતા દૂર કરવા મોટી ઉંમરના લોકો ગીતો ગાવા માટે કરાઓકે મશીનો લાવે છે, ડાંસ કરવા માટે સ્પિકર્સ લાવે છે, થર્મોસમાં કોફી ભરીને લાવે છે ને પછી પોતપોતાની જૂની યાદોને બાળપણની પીપરમિંટની જેમ ચગળે રાખે છે. ચીનમાં, પ્રેમ અને લગ્ન વિશે જૂના ખયાલો ખંખેરાઇ રહ્યા છે. બુઢાપામાં ઘણાં ચીનીઓ બીજાં કે ત્રીજાં લગ્ન કે રોમાંસને શોધી રહ્યા છે. કોઇ ગિલ્ટ વિના.

બીજા દેશોની સરખામણીએ ચીનમાં ૬૫ કે વધુ ઉંમરનાઓની સંખ્યા સૌથી વધુ છે. વળી, ચીનમાં રિટાયર થવાની વિશ્વમાં ઉંમર સૌથી ઓછી છે. ઉપરથી ચીનીઓ જીવે છે ય લાંબું. એવામાં જેમના જીવનસાથી ગુજરી ગયા હોય કે પછી જીવતા હોય છતાં જીવનમાં એકલવાયું લાગે એમની લાચારીનું શું?

'ઇન્ટરનેશનલ મોનેટરી ફંડ' મુજબ ચીનમાં આગામી ત્રણ દાયકામાં ૬૫ કે વધુ ઉંમરના લોકોની વસ્તી ૪૦૦ કરોડ સુધી પહોંચવાની ધારણા છે. જાપાનની હાલત ચીનથી યે વરવી છે. આપણે ત્યાં પણ ૧-૨ દાયકા બાદ, વૃદ્ધોની પ્રચંડ સંખ્યા હોઇ શકે છે એવા આંકડાઓ આવ્યા છે. એ બધી ગમગીનીની વાતો જવા દો. હમણાં ગયા વર્ષે, 'મુંબઈ મેરેથોન'માં ૮૦ વર્ષનાં ભારતીબેન પાઠક, ઉત્સાહપૂર્વક સાડી અને સ્નીકર્સ શૂઝ પહેરીને હાથમાં તિરંગા સાથે ૫૧ મિનિટમાં ૪.૨ કિલોમીટર દોડ્યાં હતાં. એમના જેવી અનેક ભારતીય દાદીઓ છે જેઓ પુશ-અપ્સ કરતી કે વેઈટ લિફ્ટિંગ કરતી રીલ્સ ઇન્સ્ટાગ્રામ-ફેસબુક જેવા સોશિયલ મીડિયામાં મૂકે છે.

બીજી બાજુ, આપણે ત્યાં કોઇ ૬૦નું થાય એટલે- 'હવે શાંતિથી બેસો છાનામાના, ભગવાનનું નામ લો, ઉંમરનું તો જરા ધ્યાન રાખો'...વગેરે કહી કહીને પરાણે બુઢાપાને બાથ ભરવાનું જાણે-અજાણે કહેવામાં આવે છે.

અમેરિકામાં 'વ્હુ વોટ વેર?' નામનાં પોડકાસ્ટમાં ફેશન કે સ્ટાઈલની વાતો હોય છે. એમાં ૫૦ વર્ષની લોકપ્રિય ઇન્ફલુએન્સર ગેબ્રિયલ વેડ કહે છે કે એક વખત એણે સોશિયલ મીડિયા પર બિકિનીમાં પોતાના ફોટા મૂકેલા. પછી લોકોએ એને ખૂબ વખોડી નાખી કે ટ્રોલ કરી હતી. ત્યારે ગેબ્રિઅલ વેડે દકિયાનુસી સમાજને તીખો તમતમતો જવાબ ફટકારેલોઃ

'મારી કોફિન કે શબપેટીમાં પણ હું બિકિની જ પહેરીશ. બોલો! શું કરી લેશો?!'

'યે હુઇ ના બાત..આને કહેવાય અભી તો મૈં જવાન હૂં' વાળી સદાબહાર સ્પિરિટ! એકવાર તમારા દાદા-દાદીને અચાનક ભેટીને 'આઇ લવ યુ' કહી જોજો.. એમની આંખોમાં વિતેલા આયખાંનો ઓથાર ઊતરી જશે. સફેદ વાળમાં ચાંદી ચમકી જશે ને ઝાંખી નજરોમાં સો સો સૂરજ ઊગી નીકળશે!

**એંડ-ટાઇટલ્સઃ**

**આદમઃ મને બુઢાપામાં ય ચાહીશ?**
**ઈવઃ ચાહું જ છું ને?**

■

સર્જકના સથવારે

રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# ગરવા- ગંભીર- સરળ ને સૌમ્ય શાયર સગીર

આપણા શરૂઆતમાં સમર્થ શાયર રતિલાલ 'અનિલ' લખે છે કે મુંબઈ મુશાયરા પ્રસંગે ગયો ત્યારે શાયર 'નસીમ' અને શાયર 'સગીર' જેવા પીઢ સૌજન્યશીલ વડીલ શાયરોને મળ્યો હતો. અનિલે આ બે નામ આપ્યા તે આપણા ગઝલ પ્રારંભના પાયાના પથ્થર છે આપણે આ બન્નેની વાત વારાફરતી કરીશું.

ગુજરાતી ભાષાના મહાન વિવેચક રામપ્રસાદ બક્ષીએ 'સગીર' વિશે વાત કરતાં કહ્યું છે કે 'ગરવી અને ગંભીર, સરલ અને સૌમ્ય-એવી છે ભાઈશ્રી સગીરની પ્રકૃતિ અને એવી છે એમની ગઝલો.'

સગીર મુશાયરામાં પેશ થાય ત્યારે બધા જ ઉપસ્થિત શાયરો અને શ્રોતાઓ બાઅદબ સલામી આપે. મુશાયરામાં એમનું ગઝલ પઠન આવેશ વિના, ઉમળકાના ઉછાળા વિના, એમના ખ્યાલની ખૂબીથી સાંભળનારાની દાદ પામે, વાહ વાહ મેળવે.

ગુજરાતમાં, ગુજરાતીમાં ગઝલને લોકપ્રિય બનાવવામાં શયદાને સગીરનો સાથ હતો. ગઝલ માટેનો એમનો પ્રેમ અને પક્ષપાત કેવો હતો તે ઈ.સ. ૧૯૫૧માં પ્રકટ થયેલો એમની ગઝલોનો પહેલો સંગ્રહ-'સગીરની ગઝલો' એમાં આપેલી રચના 'ગઝલ' પરથી જાણવા મળે છેઃ

*આ અરબ ઈરાન ને ઉર્દૂ તણી,*
*થૈ ગઈ ગુજરાતને પ્યારી ગઝલ*

*** ***

*સર્વ ભાષાઓની ઓઢી ઓઢણી*
*દેહથી નિજના ગઈ દીપી ગઝલ*
*તુજને ઓ ગુજરાત લોહીથી લખી,*
*ભેટ આપે છે 'સગીર' નિજની ગઝલ*

'સગીરની ગઝલો' પુસ્તકમાં ૫૪ ગઝલ છે ત્યારે પણ ગઝલનો વિષય માત્ર પ્રેમ-ઈશ્ક નહોતો રહ્યો હા, પાર્થિવ પ્રેમ એટલે પ્રિયજન પ્રત્યેનો સ્નેહ એટલે ઈશ્કે-મિજાજી અને તેમાં ગર્ભિત તત્ત્વજ્ઞાન એટલે ઈશ્કે-હકીકી તો ગઝલના સનાતન વિષયો છે, પણ કહેવાની રીત અને પ્રતીકો, રૂપકો અને ઉપમાઓ બદલાતા રહે છે. અલબત્ત, ભાષા પણ સંચરતી રહે છે. પહેલા ચમન, ગુલ, બુલબુલ, શમા, પરવાના જેવાં પ્રતીકો પ્રમોજાતા પણ પછી જીવનના સુખ-દુઃખ, દોસ્તી અને દુશ્મનીના વિષયો આત્મા સાથે સાથે જિંદગી અને મૃત્યુનાં રહસ્યો પણ વિષય તરીકે આવ્યા. આવા વિષયો અને એને રજૂ કરતી મુલાયમ ભાષા સગીરની ગઝલોમાં નજરે પડે છે. પરંપરાગત પ્રતીકોની પંગતમાં ઘૃણા, હૃદયદ્વાર, પ્રતિજ્ઞા, ઉન્નતિ, પ્રણય ભાષા, ત્રિકાળ જેવા શબ્દો પણ અધિકારની રૂએ નજરે પડે છેઃ



શાયર સગીર

*આંખ દોષિત કે રૂપ દોષિત છે*
*આ તો અઘરો હિસાબ છે બિલકુલ*

*રજકણને સંબોધીને શેર કહ્યો છે જે* અણુએ અણુમાં વસેલા વિરાટના દર્શન કરાવે છેઃ

*ઊડે ન ગગનમાં તું, ગગન તુજ મહીં ઊડે*
*ઓ રજ ! હું દઉં એટલો વિસ્તાર અહીં આવ!*

એમની ગઝલોનો ભાવ છાનો રાખવાની કોશિશ છતાં છાનો ન રહે એવી એમની ઈબાદત છે અને તેથી જ એમણે કહ્યું છે :

*મેં ચાહ્યું ઘણું કે રહે ભાવ છાનો*
*સમજદાર સમજી ગયા મુજ કવનમાં*

એમના શાયરીમાં નેક સમજદારી છે, ઈન્સાનિયતનો પક્ષપાત છે, દિલની દિલાવરી છે અને મોઘમ ઈશારા છેઃ

*ચિતારો ચીતરે છે દિલ હશે આકાર એ કેવળ*
*તમન્તા હોય દિલમાં, દિલના નકશામાં નથી હોતી.*

******

*હું સમજી વાત એ લઉં છું, જે વત્યામાં નથી હોતી*
*મઝા જે શબ્દ --- છે, વ્યાખ્યામાં નથી હોતી.*

સગીરનો જન્મ મુંબઈમાં થયો હતો. વીસમી સદીની શરૂઆતમાં એટલે ૧૯૦૧માં જન્મ. એમનું મૂળ વતન કચ્છ. આખું નામ હતું ગુલામહુસેન મહમદ સગીર . એ સ્વભાવે ખૂબ જ સાલસ, બધાના પ્રતિપાત્ર અને આદરણીય હતા. નમ્રતા, નિખાલસતા અને સાદગી એમના વ્યક્તિત્વમાં શ્વાસની જેમ વણાઈ ગયા હતા. જુઓ આ શેરઃ

*ઘૃણાથી મને જોઈને જાનાર અહીં આવ*
*દૃષ્ટિથી હું દૃષ્ટિને કરું પ્યાર અહીં આવ*

બાળપણમાં રમતિયાળ અને તોફાની એથી શિક્ષણમાં જાજું મન લાગેલું નહીં, પરંતુ એમના કાકા વિદ્વાન હતા એટલે એમણે ભત્રીજામાં ખૂબ રસ લઈને વાંચનનો નાદ લગાડ્યો. એમણે નાટકો પણ લખ્યાં હતાં.

આમ તો ૧૪-૧૫ વર્ષે કવિતા લખવાની શરૂઆત કરી ઉપનામ 'સગીર' સ્વીકાર્યું અને જીવનના છેલ્લા શ્વાસ સુધી એ ગઝલમય જ રહ્યા. જિંદગીના સાતમાં દાયકામાં લખાયેલી કેટલીક ગઝલોના શેર માણીએ...

*પ્રણય ભાષા અનોખી છે, નથી મહોતાજ શબ્દોની*
*ન એ ઉચ્ચાર માગે છે, ન એ ઉદ્ગાર માગે છે*

*** *** ***

*ન છે પ્રશ્ન સીધો, ન ઉત્તર છે સીધો*
*છે કૈં મારા મનમાં, છે કૈં એના મનમાં*

*** *** ***

*સગીર એના દિલાસામાં છુપાઈ છે અદાવત પણ*
*મને એ ઘાવ કરવાને દીધે છે સાંત્વન પહેલાં*

*** *** ***

*પ્રશ્ન પર મારા એની ખામોશી*
*મનને ગમતો જવાબ છે બિલકુલ*

*** *** ***

*નિજની સાથે ધીરે ધીરે એમને ભૂલી ગયો*
*પ્રેમમાં બન્ને ગુમાવ્યાં ધ્યાન પણ ને ભાન પણ*

*** *** ***

*કેમ આવ્યો, કેમ બેઠો, કેમ હું ચાલ્યો ગયો.*
*પારખી તેઓ શક્યા ના મારું મન છેવટ સુધી.*

*** *** ***

*શ્વાસો તો ઓછા થાય છે પ્રત્યેક પળ મહીં*
*પડતો નથી ફરક કાંઈ જીવનના ભારમાં*

*** *** ***

*જીવનભરની પછી એને અમરજ્યોતિ મળી જાશે*
*તમારા દિવ્ય દર્શન મુજ નયન પખવાર માગે છે.*

■

ટ્રાવેલ પ્લસ

કૌશિક ઘેલાણી
feedback@bombaysamachar.com

# ગીર રાષ્ટ્રીય ઉદ્યાનના દરવાજાઓ ખુલી રહ્યા છે, આવો ગુજરાતની શાન એવા સાવજને મળીએ

ગરવા ગિરનારમાં વરસાદની મહેકને માણવી, ભવનાથની ભૂમિ પરથી પ્રકૃતિને નિહાળવી, હરખમાં દોટ લગાવીને જતાં વાદળો સાથે વાતો કરવી, વર્ષા ઋતુ પછી તરોતાજા જ ખીલી ઉઠેલા સાગડાઓ સાથે કુદરતની તાજગીને ગજવે ભરવી એથી રૂડું શું હોઈ શકે આ સમા માં? કાળા ડિબાંગ વાદળો જાણે ગિરનારની આંખનું કાજળ બન્યા હોય એવું કંઈક દીસે એવો કુદરતી માહોલ દરેક ઉંમરનાં વ્યક્તિઓને એક અલગ જ સૂકુન ભર્યા સૌમ્ય માહોલમાં લઇ જાય છે. હાલમાં જ સમગ્ર દેશમાં વન્ય પ્રાણી સપ્તાહ ઉજવાઈ ગયું જેમાં વન્યજીવો અને વન્યજીવનની જાળવણી માટેની જાગૃતિ દેશમાં ફેલાવવાનાં પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે જેનો હિસ્સો આપણે સહુ કોઈએ બનવું જ જોઈએ અને આપણી કુદરતી સંપદાને જાળવવી જ જોઈએ. આપણે ખરેખર નસીબદાર છીએ કે ૧૬૦૦ કિમી લાંબો દરિયા કિનારો, વિવિધ પ્રકારનાં જંગલોથી સજ્જ એવા ચાર રાષ્ટ્રીય ઉદ્યાનો, ચાર જેટલી રામસર સાઈટ અને સમગ્ર વિશ્વમાં એકમાત્ર સ્થળે જેનું કુદરતી અસ્તિત્વ હોય એવા દેશનાં જ નહિ પણ આખા એશિયાનાં ગૌરવ સમા એશિયાઈ સિંહો આપણા ગુજરાતમાં ધરાવીએ છીએ. આ ૧૬ ઓક્ટોબરથી ગીર રાષ્ટ્રીય ઉદ્યાન જાહેર જનતા માટે ખુલ્લું મુકાશે તો એ પહેલા જ આપણે વનરાજને મળવા માટેની પૂર્વ તૈયારીઓ આરંભીએ અને એના ઘર વિષે જાણકારી મેળવીએ.





એક સમયે સમગ્ર એશિયામાં ગર્જના કરતા એશિયાઈ સિંહોની વસ્તી ધીરે ધીરે કરતા સમગ્ર વિશ્વમાંથી ખતમ થઇ ગઈ અને છેલ્લે સાસણ ગીરમાં આંગળીનાં વેઢે ગણી શકાય એટલી જ રહી ગઈ. જે તે સમયે સરકાર અને નવાબના સંરક્ષણના પ્રયત્નો અને સિંહ સાથે તાલમેલ મેળવીને જીવતા માલધારીઓનાં કારણે અહીં સિંહની વસ્તી ફરી જંગલમાં ગર્જના કરતી થઇ અને છેક પાલિતાણા સુધી તો આ તરફ છેક ઊનાનાં દરિયા કાંઠા સુધી આજે સિંહની ડણક સંભળાય છે. વિશાળ ગિરનાર પહાડને ઘેરીને આવેલું કુદરતનું અદભુત જંગલ સાસણગીર ૧૪૧૨ ચોરસ કિમિ વિસ્તારમાં અભ્યારણ્ય તરીકે અને ૧૧૫૩ ચોરસ કિમી રાષ્ટ્રીય ઉદ્યાન તરીકે સંરક્ષિત છે. અહીં આજે ૬૭૪ કરતાં પણ વધારે સિંહો મુક્તપણે જંગલમાં મહાલતા જોવા મળે છે અને એને કુદરતી વાતાવરણમાં મહાલતા જોવાની તક ક્યારેક ન ચુકી શકાય. વિશ્વભરમાંથી પ્રકૃતિપ્રેમીઓ અહીં વનરાજની એક ઝલક જોવા માટે ઊમટી પડે છે. દર વર્ષે ચોમાસા દરમ્યાન દેશનાં દરેક રાષ્ટ્રીય ઉદ્યાનની જેમ જ ૧૫મી જૂનથી ૧૫ ઓક્ટોબર સુધી ગીર રાષ્ટ્રીય ઉદ્યાન જાહેર જનતા માટે બંધ હોય છે. ૧૬મી ઓક્ટોબરથી રાબેતા મુજબ પાર્ક ખુલે છે અને અહીં સફારી કરીને પાર્કનો આનંદ લઇ શકાય છે.

ગીરનાં જંગલોમાં ફરવું એટલે કુદરતી સંપદાને નજીકથી નિહાળવી. ગીર રાષ્ટ્રીય ઉદ્યાનની મુલાકાત લેવા માટે સૌપ્રથમ વન વિભાગ દ્વારા સંચાલિત વેબસાઈટ-https://girlion.gujarat.gov.in/ પરથી સફારીનું બુકીંગ થઇ શકે છે. એ કરાવ્યા બાદ સાઈટ પર જ રજિસ્ટર્ડ ડ્રાઈવર્સના નંબર્સ હોય છે જે મેળવીને જંગલનાં સફરે જઈ શકાય. વહેલી સવારે ૬ વાગ્યે, ત્યાર બાદ આઠ વાગે અને ત્યાર બાદ સાંજનાં સમયની સફારીના અલગ અલગ વિકલ્પો ઉપલબ્ધ છે. ખરા અર્થમાં જંગલનો માહોલ માણવો હોય તો સવારની છ વાગ્યાની સફારીમાં મુલાકાત લેવી વધુ યોગ્ય છે. ગીરનાં જંગલમાં પ્રવેશતાં જ વિવિધ પક્ષીઓ એના કલરવથી જ આપણું સ્વાગત કરીને એમની હાજરીનો પરિચય આપશે. અહીં આવીને આંખો અને કાન ખુલ્લા રાખવા એટલે ક્યાંક ઝાડની ઓથે સાવ ઝાડનાં થડને મળી આવતું ઘુવડ જોવા મળશે તો એવી જ રીતે કુદરતી માહોલમાં પોતાની જાતને ઢાળી દેતું વન દશરથિયું પણ જોવા મળશે. ક્યાંક વળી કોઈ ઊંચી ડાળના ટોચે સાપમાર ગરુડ દેખા દેશે તો વળી આમતેમ ઉડાઉડ કરતુ દૂધરાજ આંખોને અલગ જ આનંદ આપશે. વિવિધ જાતનાં પક્ષીઓને માણવા માટે સમગ્ર ગુજરાત રાજ્યનાં પંથકમાં સાસણ ગીરથી સુંદર એક પણ જગ્યા નથી. થોડા આગળ વધો કે હિરણની કર્ણપ્રિય ધૂન સંભળાય અને એની આસપાસ વાંદરાઓ કાન સરવા કરીને બેઠા હોય. હરણો એકસાથે ટોળાંમાં ચોતરફ નજર ફેરવીને એકદમ સચેત હોય એવા જોઈ શકાય. અહીં હરણ અને વાંદરાઓ એકમેક સાથે મળીને એકબીજાનું અસ્તિત્વ ન જોખમાય એ રીતે જીવતા હોય છે. હરણાંઓની ઘ્રાણેન્દ્રિય શક્તિ ખૂબ જ તીવ્ર હોય છે તો વાંદરાંઓની દ્રષ્ટિ ખૂબ જ સચોટ અને તીવ્ર હોય છે અને તેઓ છેક ઝાડની ટોચેથી દૂરથી આવતા ખતરાને પારખી શકે છે. વાંદરાંઓ જેવા દીપડા કે સિંહને જુએ કે એક અલગ જ પ્રકારના અલાર્મ કોલથી હરણાંઓને ચેતવણી આપે છે અને એ ચેતવણી સૂચક કોલથી હરણાંઓ સાવધ થઇ જાય છે અને બીજા હરણાંઓને પણ આવા જ કોલથી સચેત કરે છે. આ રીતે જ ક્યારેક વાંદરાંઓ જમીન પર બેધ્યાન થઈને ફરતા હોય અને હરણાંઓ સિંહ કે દીપડાને આવતો પારખી લે તો તેઓ પણ ચેતવણી સૂચક કોલ આપીને વાંદરાંઓને સચેત કરે છે અને વાંદરાંઓ સુરક્ષિત સ્થળે જતા રહે છે. કુદરતની રચના કેટલી અદ્ભુત છે કે નાનામાં નાનો જીવ એકબીજાને મદદ કરીને શાંતિપૂર્વક આનંદમય જીવન જીવવાનો પ્રયાસ કરે છે જેમાં પોતાનાં અસ્તિત્વને ટકાવી રાખવા સિવાયનો કોઈ પ્રકારનો સ્વાર્થ નથી હોતો. જીવનનાં ખરા પાઠ કુદરત અને વન્યજીવો આ રીતે જ શીખવી જાય છે.

જંગલના દરેક ખૂણાંમાં જીવન ટકાવી રાખવા માટે સંઘર્ષ જ મહત્ત્વનો છે. જેમ જેમ જંગલમાં આગળ ધપીએ એમ કુદરતી માહોલને સીધો જ મનમાં ઊતરતો અનુભવી શકીએ. રસ્તામાં સાવ જ સાદું જીવન જીવતા માયાળુ લોકોનાં નેસડાં દેખાય, આ એ જ માલધારીઓ છે જેની અમાન્યા સાવજ અને સાવજની અમાન્યા તેઓ જાળવે છે અને એકબીજાનાં સહઅસ્તિત્વમાં કુદરતી જીવનશૈલીથી જીવન જીવે છે. સાવજની વસ્તી વધવામાં અને તેઓની સુરક્ષામાં આ માલધારી પ્રજાઓનો જ મુખ્ય ફાળો છે. તેઓની ગાય, ભેંસ કે બકરી જ્યારે સાવજ નો શિકાર બને તો ટેરો સાવજને ધુત્કારવાનાં બદલે શાંતિથી એનું ભોજન કરી લેવા દે એટલા દિલેર છે. નેસડાં આસપાસ સિંહ પણ જાણે પોતાની જાતને સુરક્ષિત મહેસૂસ કરતો હોય એમ આરામથી મહાલતો જોવા મળે છે. જરાક આગળ ધપીએ કે આખુંયે જંગલ જેના પર નભે છે એવો વિશાળ કમલેશ્વર ડેમ જોવા મળે. એક સમયે મગરમચ્છનાં અસ્તિત્વ સામે ખતરો હતો પણ વનવિભાગના પ્રયાસથી અહીં ક્રોકોડાઈલ બ્રીડિંગ સેન્ટર શરૂ કરવામાં આવ્યું અને જોત જોતમાં હજારોની સંખ્યામાં મગર થઇ ગયા. આ જ ડેમમાં ઠેર ઠેર મગરમચ્છ જોવા મળે છે વળી ક્યારેક અહીં દીપડો કે સિંહ પણ સરળતાથી જોઈ શકાય.

ગીરનો વૈભવ સદીઓ જૂનો છે અને ગુજરાતી લોકસાહિત્યમાં અલગ અલગ લોકબોલી, વિવિધ શૈલીથી કવિઓ- લેખકોની કલમે ખૂબ જ લખાયો છે અને સાવજને આપણી સંસ્કૃતિનાં અવિભાજ્ય અંગ તરીકે સમાવ્યો છે. ક્યાંકને ક્યાંક અહીંનું લોકજીવન અહીંના વન્યજીવો અને વન્યસૃષ્ટિ સાથે જોડાયેલું છે અને એટલે જ એશિયાઈ સિંહો આ વિસ્તારને પોતાનો બનાવીને મોજથી જીવી રહ્યા છે. ઝવેરચંદ મેઘાણીએ હાવજની ડણકને સાહિત્યમાં ઉતારી છે તો ધ્રુવ ભટ્ટે અહીંનું જંગલ, લોકજીવન અને સંસ્કૃતિને આબેહૂબ રજૂ કરી છે તો વળી કવિ દાદે અહીંના વગડાને સરળ રીતે સમજાવ્યો છે જાણે આપણે ગીરને નિહાળતા હોઈએ. ઝવેરચંદ મેઘાણીની ચારણકન્યામાં નેસડામાં રહેતી કન્યાની બહાદુરી અને સાવજ પ્રત્યેનો એનો અભિગમ દર્શાવ્યો છે તો ધ્રુવ ભટ્ટ સાહેબની અકૂપારમાં એક સરસ મજાનું દ્રશ્ય વર્ણવ્યું છે એવું મને આછું પાતળું યાદ છે. સાંસાઈ રામઝાનાને સંબોધીને કહે છે કે તારા બચોળીયાને મારે કાંઈ નથ કરવું મા અને ઝાંઝર ફેંકીને તેનું ધ્યાન ભટકાવે છે. જંગલનાં જનાવરોમાં નાનાં બચ્ચાઓનો ઉછેર કરવો સહુથી ચેલેંજિંગ હોય છે એવું કહો તો ચાલે. જંગલમાં દરેક પ્રજાતિનાં કોઈને કોઈ દુશ્મન હોય છે પણ સિંહના આમ તો કોઈ જ દુશ્મન નથી હોતા એટલે જ એની જ પ્રજાતિથી એને ડર હોય છે. સિંહણને બચ્ચા જન્મે કે સહુથી પહેલો ખતરો નર સિંહથી જ હોય છે જે બીજા સિંહના બચ્ચાનો ખાત્મો બોલાવી દે છે જેથી પોતાનો જ વંશવેલો વિકસે અને પોતાનું વર્ચસ્વ કાયમ રહે, આ સિવાય બચ્ચાઓ દોઢ બે વર્ષના ન થાય ત્યાં સુધી તેઓને શ્રેષ્ઠ શિકારી બનાવવા, શિકાર કરવાથી માંડીને જંગલ પર સંઘર્ષ કરીને વર્ચસ્વ જમાવતા શીખવવું અને છેલ્લે બચ્ચાઓ મોટા થાય એટલે પોતાના વિસ્તારમાંથી કાઢી મુકવા જેથી કરીને પોતાનો વિસ્તાર જાતે બનાવીને પોતાનું અલાયદું સામ્રાજ્ય બનાવી શકે. અહીં આવીને સિંહના નાના બચ્ચાંઓને સિંહણ સાથે વિહરતાં જોવા એટલે જાણે જેકપોટ કહી શકાય. જંગલમાં કેટલીક વિરલ ઘટનાઓ ઘટતી હોય છે અને નસીબથી ક્યારેક આપણે એવી ઘટનાઓનાં ક્ષણભર માટે સાક્ષી બની જતા હોઈએ છીએ. અહીં જ ખૂબસૂરત સિંહણ સાથે નાનકડું બચ્ચું ગમ્મતે ચઢતાં મા સાથે વ્હાલ કરતા કરતા મારા કેમેરામાં ઝડપાઇ ગયું હતું. કુદરત જાણે અજાણે આપણી સમક્ષ તેનો સાક્ષાત્કાર કરતું જ હોય છે, આપણે ભૌતિક આનંદમાં ધ્યાન ન ભટકાવીએ તો. ગ્યરનો રાજા સઘળી તાકાત ધરાવતો હોવા છતાં સૌમ્ય જ જોવા મળે છે. એની શાલીનતા જ એનો ખરો પરિચય છે. પ્રાણી સામાન્ય રીતે હિંસક વૃત્તિ ધરાવતું હોય છે પણ પ્રાણીઓનાં રાજા સિંહમાં એવું જોવા નથી મળતું અને એટલે જ એ રાજા છે. સાસણગીર બંધ થયું એ પહેલા જંગલની ઊડતી મુલાકાત વેળાએ આ સૌમ્ય સિંહને હું મળ્યો અને એવો અનુભવ થયો જાણે એ મને એના જંગલમાં આવકાર આપતો હોય આ સિંહના શાલીન સ્વભાવને જોઈને એક વસ્તુ દ્રઢપણે સમજાઈ ગઇ, જીવનમાં ગમે તેટલું હાંસલ કરી લો પણ સ્વભાવમાં શાલીનતા વિના સઘળું નિરર્થક છે.

■

ઈકો-સ્પેશિયલ

જયેશ ચિતલિયા
feedback@bombaysamachar.com

# સતર્ક ને સ્માર્ટ ઈન્વેસ્ટર નહીં બનો તો ખતા ખાશો!

**શૅરબજારમાં ગ્લોબલ પરિબળોને કારણે એકસાથે ઘણું બધું બદલાઈ રહ્યું છે. રોકાણકારોના નાણાપ્રવાહ અને ભરપૂર 'ઉત્સાહ' જોઈને એમની માનસિકતાનો લાભ લેવા સાચા-ખોટા ખેલાડીઓ સક્રિય છે. આવે વખતે સ્માર્ટ ઈન્વેસ્ટર્સ કમાશે, પણ જો બીજાની જેમ ગાડરિયા પ્રવાહમાં તણાશો તો 'ડૂબી' જશો....**




આપણી એક બહુ જાણીતી કહેવત : 'વર મરો, કન્યા મરો, પણ ગોરનું તરભાણું ભરો' જેવો જ માહોલ અત્યારે શૅરબજારમાં જોવા મળે છે. તેજીના (ભલે વચ્ચે કરેકશન આવે) ટ્રેન્ડને ધ્યાનમાં રાખી આઈપીઓની કતાર હંમેશાંની જેમ લાગી ગઈ છે. ગયા સપ્ટેમ્બરમાં એક જ દિવસમાં એકસાથે ૪૧ કંપનીએ પોતાના ઈસ્યૂ લાવવાના દસ્તાવેજો 'સેબી'માં ફાઈલ કર્યા હતા. આમ જોવા જઈએ તો તેજીનો લાભ લેવા લોકો પાસેથી જંગી ભંડોળ ઊભું કરી લેવાની આ હોડ છે, જેમાં સાચા-ખોટા દરેક લોકો મેદાનમાં આવી ગયા છે. આનો લાભ ઈસ્યૂ લાવનાર કંપનીઓને તો મળશે જ, પણ હાલ તો ઈન્વેસ્ટમેન્ટ (આઈ)-બેન્કર્સ મજાથી આ લાભ લઈ રહ્યા છે , કારણ કે એમને આ ઈસ્યૂ લાવવાની ફી રૂપે તગડી રકમ મળી રહી છે. છેલ્લા છ મહિનામાં આઈપીઓ અને એફપીઓ (ફોલો ઓન ઓફર) મારફત આ આઈ-બેન્કર્સ દ્વારા ૧૪૦૦ કરોડથી વધુ ફીની કમાણી કરવામાં આવી છે. આ ઈસ્યૂઓનું લિસ્ટિંગ કોઈપણ ભાવે થાય અને લિસ્ટિંગ બાદ પણ આ કંપનીઓ શૅરબજાર પર કેટલો સમય ટકે, કેવી કામગીરી બજાવે, રોકાણકારોને તેનાથી કેટલો લાભ થાય એ પછીની વાત છે, પરંતુ હાલ તો તેમના આઈપીઓના નામે આ લોકો કમાણી કરી બેઠાં છે અને હજી પણ વધુ કમાણીના 'અચ્છે દિન' આવી રહ્યા છે. આશરે સવાલ લાખ કરોડ રૂપિયાના આઈપીઓ કતારમાં છે. એને સફળ બનાવવા માટેની ફોજ હાલ સક્રિય છે. આમાં બ્રોકર્સ - સટોડિયા- હાઈનેટવર્થ ઈન્વેસ્ટર્સ , ઈત્યાદિ વર્ગ પણ સામેલ છે. એટલું જ નહીં, આઈપીઓવાળા સ્ટોકસમાં ચાલતા પ્રીમિયમ માર્કેટના ખેલાડીઓ પણ સજજ છે.

## જેમણે મંદી જોઈ નથી એવા ઈન્વેસ્ટર્સ

ભારતીય રોકાણકારોમાં છેલ્લા પાંચ વરસમાં એક એવો વર્ગ પ્રવેશ્યો છે, જેણે શૅરબજારમાં મંદી જોઈ નથી. ભયંકર કડાકાની કન્સિસટન્સી જોઈ નથી, કોઈ મોટા આર્થિક કૌભાંડ જોયા નથી કે જેની શૅરબજાર પર અસર થઈ હોય અને જેને કારણે માર્કેટ કડડડભૂસ થયું હોય.... આ વર્ગે મહદ્અંશે અથવા માત્ર તેજીના દિવસો અને ભાવો તેમ જ ઈન્ડેકસની નવી-નવી ઊંચાઈ જોઈ છે. જેમણે તેજી-મંદીની બંનેની સાઈકલ જોઈ ન હોય એવા રોકાણકારને એક રીતે અપરિપકવ કહેવાય તેથી જ હવેના રોકાણકારો આડેધડ રોકાણ કરી રહ્યા છે અને તેમાં જ માર્કેટ આડેધડ વધતું રહ્યું હોવાનું પણ જોવામાં આવે છે. આ સંજોગોમાં અનેક ઈન્વેસ્ટર્સ સતત ભૂલ કરવા લાગ્યા છે અને નિયમન તંત્ર હોય કે એકસપર્ટ વર્ગ હોય, તેમની વાત ધ્યાનમાં લેવા આ લોકો રાજી નથી. આવો એક વર્ગ પ્રાઈમરી માર્કેટમાં સતત સક્રિય રહે છે. આ વર્ગને ૧૯૮૫થી લઈ અત્યાર સુધીમાં આવેલા અસંખ્ય આઈપીઓના લેભાગુ પ્રમોટર્સનો અનુભવ થયો નથી. કયાંક છુટાછવાયા અનુભવ થયા હશે, પણ મોટેભાગે તેજીના અનુભવ, લિસ્ટિંગ ગેનના અનુભવ થયા છે. આઈપીઓમાં અરજી કરવા જંગી સંખ્યામાં ડિમેટ એકાઉન્ટસ ખૂલતા રહ્યા છે, જે પછીથી સેકન્ડરી માર્કેટમાં સક્રિય થાય છે, અન્યથા તેમનો ઉપયોગ યા દુરુપયોગ (ગેરલાભ) આઈપીઓમાં વધુ ફાળવણી મેળવવા કરવામાં આવે છે. આ વરસનો તાલ કેવો રહયો ? ૨૦૨૪ના અત્યારસુધીના ગાળામાં ૬૨ કંપની ૬૪ હજાર કરોડ રૂપિયાથી વધુ ભંડોળ ઊભું કરી બેઠી છે, જેના હાલ ( કે હવાલ !) તો ભવિષ્યમાં ખબરપડશે. ૨૦૨૩માં ૫૭ કંપનીએ પ્રાઈમરી માર્કેટમાંથી રૂ.૪૯ હજાર કરોડ ઊભા કર્યા હતા. નોર્મલ આઈપીઓ તેમ જ એસએમઈ આઈપીઓના આડેધડ છલકાવાના તાલ મગજમાં પચાવવાનું મુશ્કેલ બની જાય એવા અસાધારણ માત્રામાં તેને છલકાતા જોઈ કોઈને પણ નવાઇ લાગે, પરંતુ અત્યારે તો નવાઈની ચરમસીમા પહોંચી ગયા પછી પણ કોઈને અસર નથી. આ બેફામ-બેહદ રિસપોન્સ સ્વીકાર્ય બની ગયો છે. જેમની પાસે ભરપુર પૈસા છે એ બધા વધુ ને વધુ કમાવા માટે માર્કેટમાં સક્રિય બન્યા છે. બીજી તરફ, જેમની પાસે ઓછાં નાણાં છે એ પણ હાલના સંજોગોને પૈસા કમાવા માટેની તક માને છે.

## રોકાણકારે પોતે જ જાગવું પડશે

ભારતીય શૅરબજારમાંની ઓપ્શન માર્કેટનો જ દાખલો લઈએ તો છેલ્લા અમુક મહિનાઓથી, ઓપ્શન્સ સેગ્મેન્ટમાં રિટેલ ઈન્વેસ્ટરોને થતા આર્થિક નુકસાન વિશે નિયામકો અને વિશ્લેષકો સતત સલાહ અને ચેતવણી આપતા રહ્યા છે, જેનાથી વ્યાપક માન્યતા એવી પ્રસરે છે કે ઈન્વેસ્ટરોને પોતાને ખબર જ નથી પડતી કે એ શું કરી રહ્યા છે. એ લોકો ટ્રેડર્સને તાબે થઈ ગયા છે, જે નફો કમાવવા માટે અદ્યતન એવી યાંત્રિક ગણતરીનો ઉપયોગ કરી રહ્યા છે. એ વાત ખરી છે કે લોકો આવા કોન્ટ્રાક્ટમાં નાણાં ગુમાવતા હોય છે, પરંતુ આ પ્રકારની ખોટ જ એમને અનુભવી ખેલાડી કે શિક્ષક બનાવતી હોય છે. ભારતીય અર્થવ્યવસ્થા અને તેની બજારો પરિપક્વ બની ગઈ છે ત્યારે આવી બાબતનું તો આપોઆપ સમાધાન થઈ જશે. ઓપ્શન્સ માર્કેટ કેવી રીતે કામ કરે છે એની જેમને ખબર નહીં હોય એ સતત નુકસાન કરવાનું પસંદ નહીં કરે અને આખરે આ સેગ્મેન્ટમાં ટ્રેડિંગ કરવાનું બંધ કરી દેશે. આમ કરવામાં શરૂઆતમાં તકલીફ થશે, પણ એ પછી વધુ સજાગ અને કાબેલ ઈન્વેસ્ટરોનો પાયો વિસ્તરશે. આમ તો 'સેબી' 'એફ એન્ડ ઓ' સેગમેન્ટ માટે નવેમ્બરના ત્રીજા સપ્તાહથી નવા કડક ધોરણો લાગુ કરવાનું છે, જે મુજબ નાના ટ્રેડર્સ આ જોખમી અને સટ્ટાકીય માર્કેટથી દુર થશે એવી ધારણા છે. જોકે, આ વાત કેવી રીતે આકાર લે છે તે સમય પર જ ખબર પડશે. બાકી 'એફ એન્ડ ઓ' માર્કેટ હોય, આઈપીઓ માર્કેટ હોય કે ઈન્ટ્રા-ડે માર્કેટ હોય, લેભાગુઓ સક્રિય રહેવાના જ છે. રોકાણકારો પોતે સજાગ-સતર્ક- સ્માર્ટ નહીં બને તો પોતે જ માત્ર ખતા નહીં ખાય- ધોવાઈ જશે! ■

મોર્નિંગ મ્યૂસિંગ

રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com


# રતન ટાટા
# સોલ્ટથી સોફ્ટવેર સુધીની એક અનેરી પ્રેરણાદાયી કહાની

ગયા મંગળવારે- ૯ ઓકટોબરના દિવસે ૮૬ વર્ષની સમૃદ્ધ ઉંમરે અલવિદા ફરમાવી ગયેલા દિગ્ગજ ઉદ્યોગપતિ રતન ટાટાએ દેશને આગળ વધારવા માટે તો એવાં ઘણાં કામ કર્યાં છે, જેના કારણે દેશવાસીઓ એમનું નામ સન્માન સાથે લે છે.

રતન ટાટા અબજોપતિ ઉદ્યોગપતિ હોવાની સાથે સાથે ખૂબ જ ઉદાર આદમી પણ હતા. એમના જવાથી જે રીતે લાખો અજાણ્યા લોકોએ ઉદાસીનો અહેસાસ કર્યો હતો, તે એમના ચારિત્ર્યની ગવાહી છે.



એમનો જન્મ ૨૮ ડિસેમ્બર ૧૯૩૭ના રોજ થયો હતો. એ ટાટા જૂથના સ્થાપક જમશેદજી ટાટાના પૌત્ર છે. રતન ટાટાએ પોતાની મહેનત અને દ્રઢતાથી ઘણાં મુશ્કેલ કાર્ય કર્યા છે, જે સૌના ગજાની વાત નથી. પોતાના સંઘર્ષને કારણે એ સફળતાના શિખર પર પહોંચ્યા હતા. એમની પાસેથી તમે માત્ર વ્યવસાય જ નહીં, પરંતુ જીવનશૈલી પણ શીખી શકો છો. એ ઘણીવાર કહેતા હતા : 'હું યોગ્ય નિર્ણય લેવામાં માનતો નથી. હું નિર્ણયો લઉં છું અને પછી તેમને યોગ્ય બનાવું છું...! ' એમની આ વાતનો અર્થ એ થાય છે કે તમને તમારામાં આત્મવિશ્વાસ હોવો જોઈએ. જો તમને તમે લીધેલા નિર્ણયો વિશે વિશ્વાસ હોય તો તમને આજે નહીં તો આવતીકાલે ચોક્કસ સફળતા મળશે.



સોલ્ટથી લઈને સોફ્ટવેર સુધીની ચીજોનું નિર્માણ કરનારું ટાટા ગ્રૂપ માત્ર ભારતમાં જ નહીં, વિશ્વમાં પણ વિશ્વાસનીય નામ છે અને તેની સફળતાનો શ્રેય મોટા પ્રમાણમાં રતન ટાટાને જાય છે.

રતન ટાટાનો સ્વભાવ શરમાળ હતો. એ ખોટી ચમક-દમકમાં માનતા નહોતા. એકવાર એ એક લાખ રૂપિયાની સસ્તી 'નેનો' કારમાં બેસીને મુંબઈની તાજ પેલેસ હોટેલ' માં એક કાર્યક્રમમાં હાજરી આપવા ગયા હતા.

એકવાર એ પોતાની ટીમ સાથે મીટિંગ કરવા માટે બહારગામ જઈ રહ્યા હતા. રસ્તામાં, એમની કારનું એક ટાયર પંક્ચર થઈ ગયું. એ બહાને બધા ચા- નાસ્તો કરવા ઊભા રહ્યા. ટાટાએ જોયું કે એમનો ડ્રાઈવર સ્ટેપની બદલી રહ્યો છે એટલે એ પણ પોતાના શર્ટની બાંયો ચઢાવીને ડ્રાઇવરને મદદ કરવા લાગ્યા. આ જોઈને એમનો સ્ટાફ બોલ્યો :

'સર, તમે આ શું કરવા કરો છો?'

રતન ટાટા ત્યારે બોલ્યા હતા :

'જુઓ, આને એકલા હાથે કરતાં ૨૦ મિનિટ થશે. હું મદદ કરું તો કદાચ ૧૦ મિનિટમાં થઇ જશે. મીટિંગમાં મને એ બચેલી ૧૦ મિનિટ કામ આવશે ને!'

૨૦ વર્ષથી વધુ ટાટા ગ્રૂપ'ના ચેરમેન રતન ટાટાને ભારતીય ઉદ્યોગમાં એક જીવંત દંતકથા તરીકે જોવામાં આવે છે. રતન ટાટા ઉચ્ચ આદર્શોના માણસ હતા. એ માનતા હતા કે વ્યવસાયનો અર્થ માત્ર નફો મેળવવાનો જ નથી, પરંતુ સમાજ પ્રત્યેની પોતાની જવાબદારીને સમજવાનો પણ છે અને વ્યવસાયમાં સામાજિક મૂલ્યોનો પણ સમાવેશ થવો જોઈએ.

એક ઉદ્યોગપતિ હોવા ઉપરાંત, એમની સરળતા અને ઉદારતા માટે પણ એ જાણીતા હતા. પોતાના કર્મચારીઓને પરિવાર તરીકે માનતા ને એમની ખૂબ કાળજી રાખતા હતા. એકવાર એ પોતાના એક ભૂતપૂર્વ કર્મચારીની ખબર કાઢવા માટે એની પાસે પહોંચી ગયા ત્યારે એમને ખબર પડી હતી કે એ કર્મચારી બે વર્ષથી બીમાર છે અને રતનજી કોઈને કહ્યા વગર, સિક્યુરિટી વિના પુણેની હૉસ્પિટલમાં પહોંચી ગયા હતા, જ્યાં પેલાનો ઈલાજ ચાલી રહ્યો હતો.

રતન ટાટા બાળપણથી જ આર્કિટેક્ટ બનવા માંગતા હતા. એમના પિતા નવલ ટાટા ઇચ્છતા હતા કે રતન એન્જિનિયર બને અને એ પણ પિતાની ઇચ્છાનું સન્માન કરતા હતા. આ વાત યાદ કરીને કહ્યું હતું :

'હું હંમેશાં આર્કિટેક્ટ બનવા માંગતો હતો , કારણ કે તે માનવતાવાદની ઊંડી સમજણ આપે છે. ઉપરાંત, આર્કિટેક્ટ વ્યવસાયે મને પ્રેરણા આપી છે અને મને તે ક્ષેત્રમાં ઊંડો રસ હતો, પરંતુ મારા પિતા ઇચ્છતા હતા કે હું એન્જિનિયર બનું અને મેં એન્જિનિયરિંગમાં બે વર્ષ ગાળ્યા.'

રતન ટાટા અનુભવે ઘણું શીખ્યા હતા અને લોકોમાં એ જ્ઞાન વહેંચતા રહેતા હતા. એકવાર, એમને એક સ્કૂલના વાર્ષિક કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા. તેમાં એમણે આપેલા ભાષણની અમુક વાત ઘણી જાણીતી થઇ હતી. રતન ટાટાને સમજવા માટે અને એમની પાસેથી શીખવા માટે આ દસ વાત યાદ રાખવા જેવી છે:

૧) જીવન ઉતાર-ચઢાવથી ભરેલું છે. તેની આદત બનાવી લો.

૨ ) લોકોને તમારા સ્વાભિમાનની પડી નથી હોતી. ચિંતા નથી એટલે પહેલાં પોતાને સાબિત કરો.

૩) કૉલેજ પૂરી કર્યા પછી ૫ આંકડાના પગારનું સ્વપ્ન ન જુવો. રાતોરાત વાઈસ પ્રેસિડેન્ટ નથી બનાતું. તેના માટે ઘણી મહેનત કરવી પડે છે.

૪ ) તમારી ભૂલ માત્ર તમારી જ છે. તમારો પરાજય માત્ર તમારો જ છે. બીજાને દોષ ન આપો. તમારી ભૂલોમાંથી શીખો અને આગળ વધો.

૫) તમારાં માતા-પિતા તમારા જન્મ પહેલાં એટલાં નીરસ અને કંટાળાજનક નહોતાં, જેટલાં તમને હવે લાગે છે.

તમારા ઉછેરમાં એ એટલાં ઘસાઈ ગયાં છે કે એમનો સ્વભાવ બદલાઈ ગયો છે.

૬) સાંત્વના પુરસ્કાર માત્ર સ્કૂલમાં જ મળે છે. અમુક સ્કૂલમાં તો પાસ થવા સુધી જ પરીક્ષા આપી શકાય છે, પરંતુ બહારની દુનિયાના નિયમો અલગ છે. ત્યાં હારનારને ફરી તક મળતી નથી.

૭) જીવનની સ્કૂલમાં, કોઈ ધોરણ અને કલાસરૂમ નથી હોતા અને મહિનાનું લાંબું વેકેશન પણ નથી હોતું. તમને શીખવવા માટે કોઈ સમય નથી આપતું. આ બધું તમારે જાતે કરવું પડે છે.

૮ ) ટીવીનું જીવન સાચું નથી. જીવન ટીવી સિરિયલ નથી. અસલી જીવનમાં આરામ નથી હોતો, માત્ર કામ અને કામ જ હોય છે. તમને ખબર છે જગુઆર, હમર, બીએમડબલ્યુ, ઓડી, ફેરારી જેવી લક્ઝરી ક્લાસવાળી કારની જાહેરખબરો ટીવી પર કેમ નથી આવતી? કારણ કે તે કાર કંપનીઓ જાણે છે કે આવી કાર લેનારા લોકો પાસે ટીવી સામે બેસી રહેવાનો ફાલતું સમય નથી.

૯) બહુ ભણતા અને મહેનત કરતા મિત્રોને ચીડવો નહીં. એક એવો સમય પણ આવશે જ્યારે તમારે એના હાથ નીચે કામ કરવું પડશે.

૧૦) દરેક વ્યક્તિ તમારી પ્રશંસા કરે તેવી ક્યારેય ઇચ્છા ન કરતા, ફક્ત તમારા માતા-પિતા તમારી પ્રશંસા કરે તેવી ઇચ્છા રાખો તે ઘણું છે. ■

સુખનો પાસવર્ડ

આશુ પટેલ
feedback@bombaysamachar.com

# મક્કમ નિર્ધાર કરો
# વિકટ સંજોગોમાંય રસ્તો મળી જશે

થોડા સમય અગાઉ એક યુવાને એક મિત્રના રેફરન્સ સાથે મને કોલ કર્યો હતો. પહેલાં તો એણે થોડાક દિવસો દરમિયાન અનેકવાર કોલ્સ કર્યા, પરંતુ હું અજાણ્યા નંબર રિસિવ કરતો નથી એટલે મેં એ નંબર પર મેસેજ મોકલ્યો કે 'તમે કોણ છો એ હું જાણી શકું? મારી પાસે તમારો નંબર નથી.'

તો એણે એ મેસેજનો જવાબ આપવાને બદલે કોલ્સ કરવાનું ચાલુ રાખ્યું. પછી જે મિત્રએ એને મારો નંબર આપ્યો હતો એણે મને કહ્યું કે 'મેં ફલાણા છોકરાને તમારો નંબર આપ્યો છે. એને ક્યાંક સારી નોકરી મળી શકતી હોય તો જોજો... એ કહે છે કે તમે એક અઠવાડિયાથી એનો કોલ રિસિવ પણ નથી કરતા અને વળતો કોલ પણ નથી કરતા!'

પહેલાં તો મને એ યુવાનની દયા આવી. એ શિક્ષિત છે ને અંગ્રેજી સમજે છે, છતાં મારા મેસેજનો જવાબ આપવાને બદલે જડતાપૂર્વક કોલ્સ કરવાનું ચાલુ રાખ્યું હતું.

મારા મિત્રએ એનો નંબર આપ્યો એટલે મેં એનો નંબર સેવ કર્યો પછી એને સામેથી કોલ કર્યો. એ વખતે પેલો યુવાન મને ફરિયાદ કરવા લાગ્યો કે 'મેં તમને અનેકવાર કોલ કર્યા, પણ તમે મારા કોલ રિસિવ ન કર્યા!'

મને થોડી અકળામણ થઈ, પરંતુ એ યુવાન બેકાર હતો એટલે કદાચ એની મનોસ્થિતિ ખરાબ હશે એમ માનીને મેં એની સાથે શાંતિથી વાત કરી.

એની પાસે ખૂબ ફરિયાદો હતી. એણે કહ્યું કે 'હું કૈંક કરી બતાવવા તૈયાર છું, પણ મને નોકરી મળતી નથી. મારા કુટુંબની આર્થિક સ્થિતિ સારી નહોતી એટલે મને કોચિંગ ક્લાસમાં જવાની તક મળી નહોતી, નહીં તો હું પણ ઘણું કરી બતાવત...'

મેં એને કહ્યું, 'સારું.. મારાથી શક્ય હશે એ કોશિશ કરીશ.' જોકે એમ છતાં પેલાએ ફરિયાદો ચાલુ રાખી. એ જે રીતે રોદણાં રડી રહ્યો હતો એને કારણે મેં એને આઈએએસ ઓફિસર દિવ્યા તંવરનો કિસ્સો કહ્યો.

દિવ્યા તંવરના કુટુંબની આર્થિક સ્થિતિ તો પેલા યુવાનથી પણ અનેક ગણી વધુ ખરાબ હતી, પરંતુ કોઈ જ સુવિધા વિના એ નાની ઉંમરે આઈપીએસ અને પછી આઈએએસ ઓફિસર બની. હરિયાણાના મહેન્દ્રગઢ જિલ્લાના નિમ્બી ગામની વતની દિવ્યાએ સરકારી શાળામાં અભ્યાસ કર્યો એ પછી તેણે મહેન્દ્રગઢના નવોદય વિદ્યાલયમાં ભણવાની તક મેળવી.



આઈએએસ ઑફિસર - દિવ્યા તંવર

દિવ્યા માત્ર આઠ વર્ષની હતી ત્યારે પિતાનું મૃત્યુ થઈ ગયું. પછી માતાએ મજૂરી કરીને દિવ્યા સહિત ત્રણ સંતાનને મોટાં કર્યાં- ભણાવ્યાં. માતા મજૂરીની સાથે દસ-દસ રૂપિયામાં સાડીના ફોલ લગાવીને પૈસા કમાતી હતી. માને સખત મહેનત કરતી જોઈ અને કુટુંબની ગરીબીને કારણે દિવ્યાએ નક્કી કર્યું હતું કે હું મોટી થઈને મારી માતાના સંઘર્ષનો અંત આણીશ અને મારા કુટુંબને ગરીબીમાંથી બહાર કાઢીશ.

દિવ્યા સ્કૂલમાં ભણતી હતી તે વખતે એની સ્કૂલમાં આસિસ્ટન્ટ કલેકટર કોઈ કાર્યક્રમમાં હાજરી આપવા માટે આવ્યા હતા. બધા એમને જે રીતે સમ્માન આપી રહ્યા હતા એ જોઈને દિવ્યાએ ત્યારે જ નિશ્ચય કરી લીધો કે હું પણ આઈએસ ઓફિસર બનીશ.

અભ્યાસ કર્યા પછી દિવ્યાએ વુમન્સ કોલેજમાંથી બી.એસસી.ની ડિગ્રી મેળવી. ગવર્નમેન્ટ વુમન્સ કોલેજમાં એડમિશન લીધા પછી એને યુપીએસસીની પરીક્ષાઓ વિશે જાણવા મળ્યું. દિવ્યા કોલેજમાં અભ્યાસ કરતી હતી એ દરમિયાન જ એણે ઇન્ટરનેટની મદદથી યુપીએસસીની પરીક્ષાની તૈયારી શરૂ કરી દીધી. કોચિંગ ક્લાસમાં જવાની તો કલ્પના પણ કરી શકે એમ નહોતી. પોતાનો ખર્ચ કાઢવા માટે નાના બાળકોને ટ્યુશન આપવાનું એણે શરૂ કર્યું. ઊંઘવા માટેના થોડાક કલાક બાદ કરતા એ સતત પ્રવૃતિશીલ રહેતી હતી. ભણવું-ભણાવવું ને યુપીએસસીની પરીક્ષાની તૈયારી કરવી એમ તે સતત વ્યસ્ત રહેતી હતી. એની મમ્મી બબીતા તંવરને ખબર નહોતી કે દિવ્યા શું ભણી રહી છે. જોકે એ દીકરીને પ્રોત્સાહન આપતી રહી.

૨૦૨૨નાં વર્ષમાં માત્ર ૨૧ વર્ષની ઉંમરે દિવ્યાએ પહેલી જ વખત યુપીએસસીની પરીક્ષા આપી. પ્રથમ પ્રયાસમાં જ ૪૩૮મી રેન્ક સાથે યુપીએસસીની પરીક્ષા પાસ કરી. જોકે યુપીએસસીની પરીક્ષા પાસ કરી હતી, પરંતુ તે આઈએએસ બની શકે એમ નહોતી. એની નીચી રેન્કને કારણે એની આઈપીએસ ઓફિસર તરીકે પસંદગી થઈ ગઈ. દિવ્યા તો આઈએએસ ઓફિસર બનવા ઈચ્છતી હતી એટલે તેણે વધુ તૈયારી કરીને બીજા વર્ષે - ૨૦૨૩માં ફરી વખત યુપીએસસીની પરીક્ષા આપી. અને એ વખતે તે ૧૦૫ નંબરની રેન્ક પર ઉત્તીર્ણ થઈ ને આઈએએસ ઓફિસર તરીકે એ પસંદગી પામી!

દિવ્યા તંવરની મણીપુર કેડરમાં આઈએસ ઓફિસર તરીકે નિમણુક થઈ. તે માત્ર ૨૨ વર્ષની ઉંમરે આઈપીએસ ઓફિસર બની અને ૨૩ વર્ષની ઉંમરે આઈએએસ ઓફિસર બની ગઈ.

જે લોકો સતત રોદણાં રડતા હોય એમણે દિવ્યા તંવર જેવી વ્યક્તિઓના દષ્ટાંત નજર સામે રાખવા જોઈએ. માણસ ગરીબ કુટુંબમાં જન્મે કે એને કોચિંગ ક્લાસમાં જવાની તક ન મળે કે ઉચ્ચ અભ્યાસની તક ન મળે એને કારણે એ જિંદગીભર રોદણાં રડતો રહે તો ક્યારેય આગળ વધી ન શકે. સફળતા ન મળે ત્યારે બીજા બધાં કારણ-બહાનાં આગળ ધરવાને બદલે વધુ મહેનત કરવી જોઈએ. માણસ મક્કમ નિર્ધાર કરી લે તો એને ગમે એવા વિકટ સંજોગો વચ્ચે પણ રસ્તો મળી જ રહેતો હોય છે. ■

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# નામનો અટકચાળો અટક દૂર કરે

જ્ઞાતિ, ગોત્ર, વ્યવસાય, વતન વગેરે દર્શાવતી વિવિધ પ્રકારની અટકની દુનિયા ઘણી રળિયામણી છે. નારીના શણગાર સંબંધિત વ્યવસાય પરથી અસ્તિત્વમાં આવેલી બે અટક વિશે જાણકારી મેળવીએ. તમે મગિયા અટક કદાચ સાંભળી હશે. ગુજરાતી સ્ત્રીઓના વિવિધ રંગી પહેરવેશમાં એક મગના રંગનું સુતરાઉ (કોટન) કાપડનો વપરાશ અગાઉ જોવા મળતો. આજે તો એ ભાગ્યે જ જોવા મળે છે. રેશમી કોરનું આ કાપડ મગિયું તરીકે ઓળખાય છે. આ કાપડ વેચનારા મગિયા અથવા મગિયાવાળા કહેવાયા. કાળક્રમે આ વેપારીઓની અટક જ મગિયાવાળા પડી ગઈ. હમણાં નવરાત્રી ગઈ. તમે કદાચ પ્રફુલ દવેના સ્વરમાં 'મણિયારો તે હલુ હલુ થઈ વિયો રે મુઝા દલડાં ઉદાસીમાં હોય રે' ગીત સાંભળ્યું હશે. મણિયાર એટલે બંગડી, ચૂડી વગેરે વેચવાનો વ્યવસાય કરનાર મણિયાર તરીકે ઓળખાતા અને કાળક્રમે વ્યવસાય અટક બની ગઈ.




ગુલઝાર સાહેબ લખી ગયા છે કે 'નામ ગુમ જાયેગા, ચેહરા યે બદલ જાયેગા, મેરી આવાઝ હી પેહચાન હૈ, ગર યાદ રહે.' જોકે વ્યક્તિના પરિચયમાં નામ નહીં, પણ અટક અસલી પેહચાન બને એવા ઉદાહરણો છે. એક જીવતું જાગતું અને રમૂજ પમાડે એવું ઉદાહરણ છે આ કોલમ લખનારનું. તમે જોયું હશે કે 'મુંબઈ સમાચાર'ની ઝબાન સંભાલ કે કોલમના લેખક તરીકે હેન્રી શાસ્ત્રી નામ આવે છે. નામ પરથી વ્યક્તિ ખ્રિસ્તી - ક્રિશ્ચન હોવાનું પ્રતીત થાય જે સ્વાભાવિક છે. સમજણો થયો ત્યારથી હું ખ્રિસ્તી નથી, હિન્દુ છું અને મારા માતા-પિતામાંથી કોઈ કરતા કોઈ ખ્રિસ્તી નથી કે નથી હું વટલાયેલો (કન્વર્ટ) એવા ખુલાસા અનેકવાર કરી ચુક્યો છું. ખરી મજા તો લગ્ન વખતે આવેલી. મારી પત્ની અન્ય જ્ઞાતિની છે અને લગ્ન થયા ત્યાં સુધી કન્યાના ઘરના લોકો સિવાય મને કોઈ નહોતું ઓળખતું. રજિસ્ટર મેરેજ હતા અને રિસેપ્શન પણ નહોતું રાખ્યું. કન્યાના સગા - સંબંધીઓમાં વાત ફેલાઈ ગઈ કે એના લગ્ન હેન્રી નામના છોકરા સાથે થયા છે. જરાય અતિશયોક્તિ વિના કહું છું કે 'છોકરી વટલાઈ ગઈ, ક્રિશ્ચન છોકરા સાથે મેરેજ કર્યા' જેવી વાતો વહેતી થઈ ગઈ. માત્ર નામને કારણે ગેરસમજ ઊભી થઈ હતી.

જોકે, અટક શાસ્ત્રી છે એનું અચરજ પણ થતું હતું અને અંતે કોઈ પ્રસંગમાં સપરિવાર બધા સાથે મુલાકાત થઈ ત્યારે એ અટક જ મારી સાચી ઓળખ સિદ્ધ કરી શકી. ટૂંકમાં નામનો 'અટકચાળો' અટકને કારણે દૂર થયો.

## સગ્ગી બહિણ — आडनावचा आनंद

મહારાષ્ટ્રીયન પ્રજામાં માતૃભાષા માટે અત્યંત આદર જોવા મળે છે. હજી પણ બોલચાલની કે લેખિત ભાષામાં માતૃભાષાનો જ આગ્રહ રાખનારા લોકોની સંખ્યા ઘણી છે. મોહનદાસ કરમચંદ ગાંધીને અનેક ગુજરાતીઓ એમ. કે. ગાંધી કહે જ્યારે અનેક મરાઠી ભાષી લોકો **मो. क. गांधी** તરીકે જ સંબોધન કરશે. મરાઠી ભાષાના બે દિગ્ગજ સાહિત્યકાર ગણાતા વિષ્ણુ વામન શિરવાડકાર વી. વી. શિરવાડકાર નહીં, પણ **वि. वा. शिरवाडकर** તરીકે અને ગજાનન દિગંબર માડગુળકર જી. ડી. માડગુળકર નહીં, પણ **ग. दी. माडगूळकर** તરીકે જ સંબોધિત થાય છે. મરાઠી અટકો પરથી એક સરસ મજાની ટીખળ જાણવા જેવી છે. પુણેના રહેવાસીઓની અટકની શબ્દરમત નિર્ભેળ આનંદ આપે છે. **रानडे राहतात कर्वे रोडवर, कर्वेचा घर आहे फडके मार्गवर आणि लेले राहतात सेनापती बापट रस्त्यावर**. રાનડે, કર્વે, ફડકે અને બાપટ જાણીતી અટક છે. અટક અને એ નામની સડક પરથી કેવી રમૂજ ઉત્પન્ન થઈ છે. આ ટીખળ આગળ ચાલે છે અને **बापट राहतात दांडेकर पुल जवळ आणि दांडेकर राहतात गोखले नगर मध्ये** પણ ગેલ કરાવે છે. બાપટ, ગોખલે અને દાંડેકર અટક પણ છે અને ગોખલે નગર અને દાંડેકર બ્રીજનું પણ નામ છે. **गोखलेंचं घर आहे भांडारकर रोडवर आणि भांडारकर यांचं वास्तव आहे रानडे रोडवर**. રાનડે રોડથી શરૂ કરવામાં આવેલી ટીખળ રાનડે રોડ પર જ સમાપ્ત થાય છે. છેલ્લે સ્વીટ ડીશ જેવી રજૂઆત આવે છે કે અરે, **कुणालाही स्वत:च्या गल्लीत राहवसं वाटत नाही का**? ભાઈસાબ, કેમ કોઈને પોતાની જ ગલીમાં રહેવાનું મન નથી થતું? મિસ્ટર ફડકે કેમ ફડકે માર્ગ પર નથી રહેતા? ભાષાનું સૌંદર્ય કેવું ગજબનાક છે.

## ENગ્લિશ વિંGLISH — NAME - SURNAME IDIOMS



દક્ષિણ ભારતના કેટલાક અપવાદો બાદ કરતા આપણા દેશમાં વ્યક્તિની ઓળખાણમાં નામ - પિતાનું નામ - અટક એવો શિરસ્તો મોટેભાગે જોવા મળે છે. બે સગા ભાઈ હોય તો તેમની ઓળખ આપતી વખતે કેવળ પ્રથમ નામ જ જુદું હોય. દાખલા ક્રિકેટમાં ભારતીય ટીમ વતી રમેલા પંડ્યા ભાઈઓ છે હાર્દિક હિમાંશુ પંડ્યા અને કૃણાલ હિમાંશુ પંડ્યા. **But that is not the case in foreign players' names.** વિદેશી ખેલાડીઓના નામમાં આવું નથી જોવા મળતું. ઓસ્ટ્રેલિયન ક્રિકેટ ટીમનું પ્રતિનિધિત્વ કરી ચૂકેલા ચેપલ બંધુના ઉદાહરણ પરથી સમજાઈ જશે. અલગ અલગ સમયે ઓસ્ટ્રેલિયન ટીમનું નેતૃત્વ કરી ચૂકેલા ભાઈઓના નામ છે **Ian Michael Chappell - Gregory Stephen Chappell. Here middle name does not signify father's name.** મોટાભાઈનું નામ છે ઈયાન માઈકલ ચેપલ અને નાનો ભાઈ છે ગ્રેગરી સ્ટીફન ચેપલ. બંને સગા ભાઈ છે એટલે પિતાના નામ તો અલગ ન જ હોય. એટલે ઈયાન ચેપલમાં વચ્ચે જ માઈકલ નામ આવે છે અને ગ્રેગ ચેપલમાં સ્ટીફન નામ છે એ પિતાનું નામ નથી દર્શાવતા.

**One of the meaning of NAME is reputation.** નામનો એક અર્થ ખ્યાતિ પણ થાય છે. **If a person or company is trying to protect their good name, it means they are trying to preserve their good reputation.** વ્યક્તિ કે કંપની પોતાનું નામ ઉજાળે એ અર્થ અહીં અભિપ્રેત છે. To give someone/something a bad name means to cause people to lose respect for that person/thing. કોઈ વ્યક્તિ કંપની ખરાબ કામ - આચરણથી નામ બોળે એટલે કે બગાડે, પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડે એ અર્થ છે. **To make a Name for yourself** એટલે કામ કે પ્રવૃત્તિ બદલ માનપાન મેળવવા કે પ્રતિષ્ઠિત બની જવું. **To drag someone's name through the mud** એટલે કોઈના નામ પર કાદવ ઉછાળવો. વ્યક્તિ કે સંસ્થા - કંપની વિશે ખરાબ બોલી એમની આબરૂ બગાડવી.

## રાષ્ટ્ર ભાષા — नगरों के उपनाम

ગુજરાતીમાં અટક **हिंदी में उपनाम** તરીકે ઓળખાય છે એના વધુ રસપ્રદ અને વૈવિધ્યપૂર્ણ ઉદાહરણ જાણીએ અને સમજીએ. **किसी कारणवश देश के कई शहर और नगरों को अनोखा उपनाम मिले है. ज्यादातर यह उपनाम उस विस्तार की लाक्षणिकता दर्शाता है.** કોઈ કારણસર દેશના કેટલાક શહેર - નગરને વિશિષ્ટ ઉપનામ એનાયત કરવામાં આવ્યા છે. મોટેભાગે આ ઉપનામ એ વિસ્તારની લાક્ષણિકતા દર્શાવે છે. **मुंबई – सात टापुओं का नगर के उपनाम से जाना जाता है.** મુંબઈ સાત ટાપુઓના નગરના ઉપનામથી જાણીતું છે. મુંબઈ મૂળ સાત ટાપુઓનો બનેલો વિસ્તાર હોવાથી એને ૫૦૦ વર્ષ પહેલા આ ઓળખ મળી હતી. **झारखंड का शहर धनबाद कोयला नगरी के उपनाम से प्रसिद्ध है.** અગાઉ બિહારમાં આવેલું અને વિભાજન પછી ઝારખંડનો હિસ્સો ગણાતું ધનબાદ કોલસા નગરીનું ઉપનામ ધરાવે છે. ધનબાદમાં કોલસાની ઘણી ખાણ હોવાથી અને અહીંથી વિશાળ માત્રામાં કોલસો મળતો હોવાથી આ ઉપનામ મળ્યું છે. **उसे काले हीरे की नगरी का उपनाम भी इसी वजह से मिला है.** આ જ કારણસર તેને કાળા હીરાની નગરી પણ કહેવાય છે. **तमिलनाडु का मदुरई नगर का मुख्य आकर्षण मीनाक्षी मंदिर है जिसके ऊंचे गोपुरम और दुर्लभ मूर्ति शिल्प श्रद्धालुओं और सैलानियों को आकर्षित करते हैं। इस कारण इसे मंदिरों का शहर भी कहते हैं.** તામિલનાડુનું મદુરાઈ શહેરનું મુખ્ય આકર્ષણ મીનાક્ષી મંદિર છે જેની દુર્લભ મૂર્તિ - શિલ્પ શ્રદ્ધાળુઓ અને સહેલાણીઓ માટે અનેરું આકર્ષણ હોવાથી મદુરાઈ મંદિરોના શહેર તરીકે પણ ઓળખાય છે. ■

ટેક વ્યૂહ

વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

# આમ કરો ફોનનું મેનેજમેન્ટ...

### કામ આવે એવી કેટલીક યુનિવર્સલ ટિપ્સ



ફેસ્ટિવલ સિઝન શરૂ થઈ ચૂકી છે. દિવાળીને ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ઘરથી લઈને ઓફિસ સુધીના દરેક માહોલમાં સ્વચ્છતા કાર્ય એક ઝુંબેશ બનીને ચાલી રહ્યું હશે. ન માત્ર ઘર-ઓફિસમાં પણ ફોનમાં પણ આવું કરી શકાય છે. આખા વર્ષનો કચરો નવા વર્ષના આગમન પહેલા ઈઝીલી-સહજતાથી કાઢી શકાય એમ છે. હવે દર વર્ષે આવો નક્કામો કચરો ભરાઈ ન જાય અને બેટરીથી લઈને ફોન સુધીની દરેક વસ્તુ કે ગેઝેટ મસ્ત ચાલે એવું કરવું હોય તો શું કરવું?

-તો લઈ લો આ ટિપ્સના સહારે ડિજિટલ રિઝોલ્યુશન જેમાં ફાયદો તો થાશે સાથે સાથે કેટલાક ખોટા ખર્ચા પણ બચી જશે. બીજા કોઈ ગેઝેટની નાની-મોટી અપડેટની વાત કરતાં પહેલાં કરીએ ડાયરેક્ટ એ જ વાત જે ખરેખર કામ આવે એમ છે, જેમ કે....

### ડિવાઈસ ક્લિનિંગ

એન્ડ્રોઈડ વાપરતા હોવ કે આઈફોન, ડિવાઈસ પર ધૂળ લાગવાનો કેસ તો ડાયમંડનો ફોન લો તો પણ બને. એમાં પણ કવર મસ્ત હોય તો પણ ધૂળ અંદર ન જાય એની કોઈ ગેરેન્ટી નથી આપતું.

આનું કોઈ સોલ્યુશન? યસ. ખૂબ જ સરળ.

ફોન ચાર્જમાં મૂકીએ ત્યારે કવર કાઢી નાંખવાનું. ફોન મસ્ત લૂછીને ચાર્જમાં મૂકી દેવાનો. ફોન ગરમ પણ ઓછો થશે. ધૂળ પણ ઓછી જશે અને મસ્ત ચાર્જ થઈ જશે. ફોન ખિસ્સામાં મૂકવાની દરેકની આદત હોય છે. આવા સમયે જે ચાર્જિંગ પોઈન્ટ છે એ ખિસ્સાની ઉપરની બાજું ન આવે એમ રાખવાથી પણ ફાયદો થાય છે. આવું થોડી હોય? પણ એકવખત ટ્રાય કરવા જેવી ખરા.

### સ્પેસ મેનેજમેન્ટ

દુનિયાભરના ફોટો અને વીડિયોથી ફોન વારંવાર હાંફી જતો હોય અને સ્પીડ પર અસર થતી હોય તો મેમરીકાર્ડનો ઓપ્શન છેલ્લો છે. તો પહેલો ક્યો?

ડ્યુપ્લિકેસી ટાળો. ફોટો ક્લિક કરીએ ત્યારે એક સાથે ૮-૧૦ ફોટો ક્લિક કરીએ છીએ. એના કરતાં બેથી ત્રણમાં મસ્ત ક્લેરિટી સાથે ક્લિક કરવાથી ફાયદો થશે. કેટલાક સારા અને મેમરીઝ વાળા ફોટો ડાયરેક્ટ મેલમાં પણ સેવ કરીને રાખી શકાય છે. આનાથી ફોનની સ્પેસ બચે છે. વોટ્સએપમાં ઓટો ડાઉનલોડ ઓપ્શન બંધ રાખવાથી ફોનમાં ઓટોમેટિકલી ડાઉનલોડ થતી ઈમેજ કે વીડિયો સ્પેસ નહીં રોકે. ઉપરાત, આ ફોલ્ડરમાં મોસ્ટ ફોર્વર્ડ વસ્તુને જે તે સમયે જ ક્લિન કરી નાંખવાથી ફાયદો થાય છે. હા. સેટિંગ્સમાં જઈ જે એપ્લિકેશન અનઈન્સ્ટોલ કરી છે એના ફોલ્ડર ડિલીટ ખાસ કરજો.

### નોટિફિકેશન વિન્ડો

સવારે ઊઠીએ ત્યારથી લઈને ગુડ નાઈટના મેસેજ સુધી સતત જે સ્ક્રિન જોવામાં આવે છે એ છે નોટિફિકેશન વિન્ડો. અહીંયા કેટલીક એવી જાહેરાત આવે છે કે, જે ફોનની બેટરી રીતસર ખાઈ જાય છે.

અહીં સોલ્યુશન એ છે કે છે સેટિંગ્સમાં જઈને આવી એપ્લિકેશનના નોટિફિકેશન બંધ કરી દો. વોટ્સએપના ગ્રૂપને સાયલન્ટ કરી દો. બને તો નોટિફિકેશન જોઈને ત્યાં જ રિપ્લાય આપવાનું ટાળો. આ ફોન પર લોડ વધારે છે.

### બ્રાઈટનેસ ઓછી ન રાખો

હા, સાચું વાંચ્યું. ઘણા લોકો પોતાના મોબાઈલની બ્રાઈટનેસ ઓછી રાખે છે. એમનું એવું માનવું હોય છે કે, એનાથી બેટરી બચે. વાત સાચી પણ ફોન ૯થી ૧૦ હજાર અણધાર્યો ખર્ચો કરાવશે એ પણ નક્કી. કેમ? જ્યારે બ્રાઈટનેસ લો હોય છે ફોન સિસ્ટમ સ્લિપ મોડમાં જતી રહે છે. લાંબા સમય સુધી આ મોડમાં હશે તો સિસ્ટમ કે ડિસપ્લે બગડવાના ચોક્કસ ચાન્સ છે. ફોનમાં લાઈટ વાપરવા માટે હોય છે. એનું લેવલ આંખને અનુકુળ આવે એ માટે લો અને હાઈના ઓપ્શન આપવામાં આવે છે. અન્યથા કંપની આ ઓપ્શન જ બંધ ન કરી દે? યાદ રાખો કે, સિક્યોરિટી કે બેટરીના મુદ્દે બ્રાઈટનેસ લો રાખતા હોવ તો માન્યતા ખોટી છે. ઘડીના છઠ્ઠા ભાગમાં તમારો ફોન ટ્રેક થઈ જાય છે. પાછળથી કોઈ આપણી સ્ક્રિન પર ન જોવે એવું હોય તો ફોનમાં જ એવું શા માટે રાખવું જોઈએ કે, જેને બીજા લોકો સામે સ્ક્રિન પર ઉઘાડી ન શકાય? પ્રાયવસી જરૂરી છે પણ એના બેનર નીચે લો લાઈટ કરવાથી અંતે નુકસાન તો ફોનને જ છે.

### નેટવર્ક ઈસ્યૂ હોય ત્યારે...

માની લો કે લોંગ ડ્રાઈવ પર જાવ છો અને રસ્તામાં મસ્ત મજાના ગીત વાગી રહ્યા છે. અચાનક ઈન્ટરનેટ નેટવર્ક જતું રહે છે. આવા સમયે શું કરવું? સોલ્યુશન છે, ઓફ લાઈન સોંગ સેવ કરી શકો. યુટ્યુબમાં ડાઉનલોડ ઓપ્શન આવે છે. ઓડિયો લીંક પણ પ્લે કરી શકાય. 'ટેલિગ્રામ' જેવી એપ્લિકેશનમાં સોંગ હોય તો એક પોઈન્ટ ઈન્ટરનેટ નેટ ઉપર પણ મસ્ત વાગશે. આ સિવાય કોઈ એવી જગ્યાએ છો કે ઈન્ટરનેટ નથી પકડાતું. આ સમયે ગેલેરીમાં જઈને ખોટા ફોટો વીડિયો મસ્ત ડિલિટ મારી શકાય. નેટવર્ક ઈસ્યૂ હોય, પ્રોપર મળતું ન હોય છતાં કોઈ મેસેજ આપવો જરૂરી હોય તો. એસએમએસ કે વોટ્સેપની સાથોસાથ નાનકડી ઈમેલ ટેક્સ્ટ મેસેજ સાથે રવાના કરી દો. ઓછા નેટમાં પણ ઈમેલ જશે.

### આઉટ ઓફ ધ બોક્સ

યુટ્યુબમાં ૩ મિનિટના શોર્ટ વીડિયો બનાવી શકાય. આ માટે તેને અપડેટ કરવું પડશે. હા, યુટ્યુબ ગૂગલની પોતાની પ્રોડક્ટ હતી જ નહીં. પછીથી એને પોતાના ગ્રૂપમાં એડ કરેલી છે. ■

હેં... ખરેખર?!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# હાયલા, એક સાથે ૧૫૦ આઈન્સ્ટાઈન!

## એક સ્કૂલના બાળકો સડસડાટ લખી શકે છે બન્ને હાથેથી




**Ambidextrous.** ગુજરાતીમાં આ શબ્દનો અર્થ શોધીએ તો અસ્પષ્ટ, કપટી, દ્વિમુખી અને સવ્યસાચી જેવા શબ્દો મળે છે. મરાઠીમાં 'ઉભયપક્ષી' જેવો શબ્દ સામે આવે છે. આપણા વિષયને કંઈક અંશે બંધબેસતો શબ્દ છે હિન્દીમાં: ઉભયહસ્ત.

મહાન વિજ્ઞાની આલ્બર્ટ આઈન્સ્ટાઈન, રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદ અને પ્રિન્સિપાલ વીરુ સહસ્ત્રબુધ્ધે Ambidextrous હતા. કદાચ ઘણાંને પ્રિન્સિપાલ વીરુ સહસ્ત્રબુધ્ધેના નામ સાથે 'થ્રી ઈડિયટ્સ' આવી હશે. હા, આ ફિલ્મમાં સહસ્ત્રબુધ્ધે પોતાના બે વિદ્યાર્થી રાજુ અને ફરહાનના માતા-પિતાને એક જ સમયે, એક જ સાથે બે હાથથી પત્ર લખતા બતાવાયા છે.

કોઈ વ્યક્તિ જમણા અને ડાબા બન્ને હાથે એક સાથે લખી શકે એ ઘણી દુર્લભ બાબત ગણાય છે, પરંતુ મધ્ય પ્રદેશની એક સ્કૂલમાં પહોંચી જાઓ તો એવું જરાય ન લાગે. જીહા, મધ્ય પ્રદેશના સિંગરૌલી જિલ્લાના મુખ્યાલયથી લગભગ ૧૫ કિલોમીટરના અંતરે આવેલા બુધેલા ગામમાં વીણા વાદિની પબ્લિક સ્કૂલ છે. દેખાવમાં જરાય નવીનતા નથી, એકદમ અન્ય શાળાઓ જેવી જ છે, પણ એને વિશિષ્ટ બનાવે છે ત્યાંના વિદ્યાર્થીની કળા, કરતબ અને કસબ.

અહીંના વિદ્યાર્થીઓને જે શીખવાડાય છે એ અદ્વિતીય છે. જુઓ તો એમ જ લાગે કે નજર સામે કોઈ ચમત્કાર થઈ રહ્યો છે. અહીંના પ્રતિભાવંત વિદ્યાર્થીઓ બન્ને હાથે લખી શકે છે. એ પણ એક જ સમયે બે અલગઅલગ ભાષામાં. એટલું જ નહીં, તેઓ છ ભાષા જાણે છે: હિન્દી, સંસ્કૃત, અંગ્રેજી, ઉર્દૂ, રોમન અને અરબી! એટલું જ નહીં, તેઓ એક મિનિટમાં બે ભાષાના ૨૫૦ શબ્દોનો અનુવાદ કરી લે છે.




આ જ નહીં, શાળામાં બાળકોને વ્યાયામ શીખવાડાય છે અને કરાવાય છે. કહેવાની જરૂર ખરી કે વીણા વાદિની પબ્લિક સ્કૂલને અનેક એવોર્ડ મળ્યાં છે!

પોતાના પ્રકારની આ ભારતની કદાચ એકમાત્ર સ્કૂલ છે. પોતાના માસૂમ બાળકો માટે સ્કૂલની પસંદગીમાં મા-બાપ અનેક પરીબળ પર ધ્યાન આપતા હોય છે: સ્કૂલ ક્યાં બોર્ડ સાથે સંલગ્ન છે! એનું પરિણામ કેટલાં ટકા આવે છે? સ્કૂલ-બસની સગવડ છે કે નહીં? રમતગમતનું મેદાન કેવડું છે? કેન્ટીન કેવીક છે? ભણાવનારા શિક્ષકોના સ્વભાવ અને યોગ્યતા કેવી કેટલી છે? આ સિવાય સ્કૂલ બાળકને આજીવન કામ લાગે, એમને અનોખા બનાવે અને એમની શક્તિનો મહત્તમ ઉપયોગ કરતા શીખવાડે છે કે નહીં એના પર વધુ ધ્યાન અપાતું નથી.

વીણા વાદિની પબ્લિક સ્કૂલની સ્થાપના ૧૯૯૯માં થઈ અને અહીંથી નીકળેલા ૪૮૦થી વધુ વિદ્યાર્થી બન્ને હાથથી લખી શકતા હતા. અત્યારે ય ૧૫૦થી વધુ વિદ્યાર્થી આ કલામાં મહારત મેળવી ચૂક્યા છે. આ શાળાની સ્થાપના કરનારા સજ્જન હતા વીરંગત શર્મા. બાળકોને બન્ને હાથેથી લખતા શીખવવાની પ્રેરણા એમને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદ પાસેથી મળી હતી. શર્માજીએ માત્ર સાંભળ્યું હતું કે રાજેન્દ્રબાબુ બન્ને હાથેથી લખી શકતા હતા.


બાળકોને આ વધુ શીખવવું જરાય જરૂરી કે અનિવાર્ય નહોતું પણ શર્માજી કંઈક અલગ માટીના જ બન્યા હતા. તેઓ દૃઢપણે માનતા કે બાળકોના કુમળા માનસને આપણે ઈચ્છીએ એ દિશામાં સક્રિય કરી શકીએ. અલબત્ત, આ કામ આસાન નહોતું પણ શર્માજી ય ક્યાં હાર માને એવા હતા? તેમણે પ્રયોગનો શુભારંભ કર્યો. માત્ર પૈસા પાછળ દોડવાને બદલે ખંત, નિષ્ઠા અને ધગશ સાથે જહેમત ઉઠાવી અને આજે એના ફળ દેખાઈ રહ્યાં છે.

બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર કાઢીને રચનાત્મક દિશામાં પલોટવાનું પુણ્ય-કર્મ કરનારા આવા સંસ્થાપક, આચાર્ય કે શિક્ષક ક્યાંય દેખાય છે ખરા? ન જાણે આ વીણા વાદિની સ્કૂલમાંના તેજસ્વી હુન્નરબાજ વિદ્યાર્થીઓમાંથી કેટલા વિજ્ઞાની, રમતવીર, ઈતિહાસવિદ્, સાહિત્યકાર, એન્જિનિયર, ડૉક્ટર કે અવકાશયાત્રી મળશે? ■

પુસ્તકોની દુનિયા
feedback@bombaysamachar.com

# રેસ્ટોરાં શરૂ કરવા માગતા સાહસિકોએ જરૂરથી વાંચવા જેવું પુસ્તક ‘બીયોન્ડ ધ મેનુ’

કોર્પોરેટ એક્ઝિક્યુટિવ, ઉદ્યોગપતિઓ, લેન્ડલોર્ડ, સેલિબ્રિટી અને પ્રોફેશનલ રેસ્ટોરાં મેનેજર અને શેફની ઈચ્છા રેસ્ટોરાં શરૂ કરવાની હોય છે. દર દસમાંથી એકની રેસ્ટોરાં શરૂ કરવાની મહેચ્છા હોય છે. આવા ઈચ્છુકોને મદદ કરે અને પાયાનું જ્ઞાન આપે એવું પુસ્તક અંગ્રેજીમાં ‘બીયોન્ડ ધ મેનુ’ હાલમાં પ્રકાશિત થયું છે. આ પુસ્તક ત્રણ દાયકાથી વધારે અનુભવ ધરાવતાં પીઢ વ્યૂહકાર અને આઈએચએમના ગ્રેજ્યુએટ તથા આઈઆઈએમ-મુંબઈના એલમ રવિ વઝીરે લખ્યું છે. તેમણે અનેક ટોચની રેસ્ટોરાંના વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે. તેમણે રેસ્ટોરાં બિઝનેસમાં તેમના અનુભવનો નિચોડ આ અંગ્રેજી પુસ્તકમાં આપ્યો છે. આ પુસ્તકના ચાર વિભાગમાં રેસ્ટોરાંની સ્થાપના, કેમ ચલાવવી, વિકટ સમયનો કેવી રીતે સામનો કરવો વગેરેની ચાવીઓ આપવામાં આવી છે. રેસ્ટોરાં ચાલુ કરવી એ વિકટ એન્ટરપ્રાઈઝ છે અને આ પુસ્તક આ કામ કેવી રીતે કરવું એમાં મદદ કરે છે. આ રેસ્ટોરાં ચાલુ કરવા માટેની ગાઈડ




છે. લેખકે વ્યવહારુ સલાહો આપી છે. આ પુસ્તક જેમની અગાઉથી રેસ્ટોરાં છે એને નફાકારક કેવી રીતે બનાવવી એના પણ સૂચનો આપે છે. આ પુસ્તકમાં બિઝનેસના જોખમને કેવી રીતે પહોંચી વળવાની સલાહ આપવામાં આવી છે. આ પુસ્તકમાં રેસ્ટોરાં ચાલુ કરવા માટે કઈ રીતે નાણાંનો ઉપયોગ કરવો, માર્કેટિંગ કેવી રીતે કરવું, માનવબળ પાસે કેવી રીતે કામ લેવું એની ટેક્નિકો બતાડવામાં આવી છે. જેમણે હોટેલ બિઝનેસનો જરા પણ અનુભવ ન હોય એ લોકો માટે આ દીવાદાંડી જેવું છે. તેમને દર્દનાક ભૂલોમાંથી બચાવશે.

**પુસ્તકનું નામ : બીયોન્ડ ધ મેનુ**
**લેખકનું નામ : રવિ વઝિર**
**પ્રકાશકનું નામ : જૈકો પબ્લિશિંગ હાઉસ, એ-૨, જશ ચેમ્બર્સ, ૭-એ, ફિરોઝશાહ મહેતા રોડ, ફોર્ટ, મુંબઈ-૦૧.**
**પુસ્તકનું મૂલ્ય : રૂ. ૪૯૯**

આજે આટલું જ
શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# કેવા પૂજ્ય દિવસોની પધરામણી!





છેલ્લા રવિવાર પછીની પછીના રવિવારે તમારા દેહનયન મારા અક્ષરદેહને નિરખતાં હશે ત્યારે તો વધુ દિવ્ય દિવસો અને વિક્રમ સંવત વર્ષની વિદાયની માંડણી જામવા માંડી હશે .

તો આજે આપણી જમાવટ પણ કરુણાથી છલકાવીએ અને આપવાની, કશું પણ આપવાની, કંઈ નહીં તો અજાણ્યાને એક સ્મિત આપવાની વાત વિસ્તારથી કરીએ .

હું આજે એવી નિરાંતમાં છું તમારી સાથે કે શું કહું તમને !

૧) તારામંડળનું પેકેટ, ટીકડીની સિંગલ ડબ્બી , એકાદ કોઠી કે ચકરડી કે એકાદ ફૂલ તમને વેચવા આવતા કોઈ પણ ભૂલકા ભટુરિયાને આજથી લઈ બીજા ૨૧ દિવસ એટલે કે બેસતા વરસ સુધી પાછા ન ઠેલતા. જરૂર ન હોય તો એની પાસેથી લઇ આગળના સિગ્નલ પરનાં આવાં કોઇકને આપી દેજો . તમારા નામે ચોપડે કૈંક અજબ જ લખાશે અને મંદિર ઇત્યાદિમાં વહેલા મોડા થવામાંથી આગોતરી માફી મળી જશે...

૨) અસલ કાઠિયાવાડી શૈલીના અગણિત થીંગડા ટાંકેલા કપડા પહેરી ૫ થી ૫૫-૬૦ વર્ષનો સ્ત્રીવર્ગ કંદીલ, રમકડાં, ફાનસ, સળીકામના નાજુક નમણા નમૂના તમને ઘરે તો એની બનાવટમાં બેઠેલા પરમાત્માના દર્શન જરૂર કરજો. થોડાક કાગળ ગજવેથી જતા કરી આકૃતિઓ ઘરે મૂકી શકાય તો પરમાત્મા તમારી સાથે વાતચીત જરૂર કરશે એની ગેરંટી.

૩) આજથી શરૂ થતા અને બેસતા વર્ષ સુધી ચાલતા બાકીના એકવીસે અકવીસ દિવસ, પહેલે દિવસ એટલે કે આજે ૧૦, કાલે ૧૫ એમ રોજના ૫ વધારતાં જઈને બેસતા વર્ષે ૧૧૧ એટલા અજાણ્યા માણસોને શુભેચ્છા અને સ્મિતની ખેરાત કરજો . પ્રતિસાદ મળે અને અડધીક મિનિટ થોભાય તો તો અતિ રૂડું... એ પછી, ભાઈબીજથી તો તમને જીવનના આવા રમ્ય કમ્ફર્ટ ઝોનમાં રહેવાની ટેવ પડી જશે.

૪) કશું કોઇક માંગે અને ઇચ્છા હોવા છતાં કોઈક કારણસર આપી ન શકાય તો એનો હાથ હાથમાં લઈ અને એને સમજાવજો . તમારી આંતરિક મોકળાશ ક્યાંની ક્યાં પહોંચી જશે અને માંગનારને દસ ગણું મળ્યાની અનુભૂતિ થશે.

૫) તમારી સામે વધુ અપેક્ષા ભરી નજરે જોતા અને હવે સાવ નિરર્થક બની ગયેલા પોસ્ટમેન , તાર કર્મચારી, ટેલિફોનના નોકરિયાત જો કદાચ આંગણે આવી ચઢે તો જાકારાને આવકારામાં બદલીને કૈંક આપવાની સાથે એની કથનીને કાન આપજો... એની આંખમાં હમણાં જ બાઝેલા બિંદુના ક્યાસનું પુણ્ય ગૌમુખના ગંગાસ્નાનથી ઓછું નથી એ ફક્ત તમારી એકલાની જાણ ખાતર.

૬) ઘરમાં તમારા અનુજ કે ઔનુજ(મેં નિપજાવેલો શબ્દ જેનો અર્થ પૌત્ર પૌત્રી)ને જે વિલાસથી તમે પરાવર્તિત કરો એ જ વિલાસ પૂર્વજ કે પૌર્વજ(પૂર્વજના પૂર્વજ ભાષાનું ક્યારેક ડ્રાય ક્લીનિંગ કરવું)ને ધરજો.

૭) તમને બધાને તમારા ભવ્ય લિવિંગ રૂમ, આલીશાન બેડરૂમ, કવર્ડ વરંડા-બાલ્કની અને ચમચમતી મોટરગાડીઓના મા લક્ષ્મીના આશીર્વાદની ઘણી ખમ્મા . પણ એ વૈભવી આવાસના પર્દા હટાવીને જોશો તો આપણી જ માનવજાતનો કેટલોક અંશ પરમાત્માની દરકારથી વંચિત રહી ગયો છે. આ ભૂલકાં-અપંગ-નારી અને ખાસ તો વૃદ્ધની દરકાર પરમાત્મા વતી કેટલાક રજિસ્ટર્ડ ટ્રસ્ટ સ્વયંદાનથી શરૂ કરી હકારાત્મક ચળવળના રૂપે લઇ ગયા છે.

પાછો મૂળ વાત પર આવું. તમારા કેટલા બધા મિત્રોની ભેટ સોગાદ તમને દિવાળીએ આવે છે, આવે છે ને? તમે આ બધાને સામે ય મોકલતા હશો જ . અહીં તમને એક સૂચન કરું આ ભેટ સોગાદમાંથી ૫૦% બિનઉપયોગી પડી રહે છે, ૭૦% મીઠાઈના બોક્સ ખૂલતા જ નથી અને ૫૦% ડ્રાયફ્રૂટને હવા લાગી જાય છે. તમે, રજિસ્ટર્ડ ટ્રસ્ટની ઓફિસમાં જઈ તમે જેટલી રકમ ભેટ સોગાદમાં ખરચવા માંગો છો એટલીનો જેટલા લોકોને મોકલવા માંગતા હો એનાથી ભાગાકાર કરીને એટલા રૂપિયાની ટ્રસ્ટની રિસિપ્ટ એ દરેક મિત્રોને મોકલી આપો. ૧૦ સાહેબો આજે જો દેગડામાં ચોખ્ખું, પ્રામાણિક દૂધ નાંખશે તો દેગડો ૧૦-૨૦-૩૦ દિવસમાં અમૃતથી છલકાવાનો જ.

૮) છેલ્લે ખાસ માત્ર આ ૨૧ જ દિવસ પૂરતાં ૧૦ ડેસિબલ ધીમા અવાજે ઘરમાં વાત કરશો તો વધુમાં વધુ બીજા જ દિવસથી , અચાનક રાજસ્થાનથી હિમાલય પહોંચી જાવ May મહિનામાં એમ અહમ્, પુરવાર કરવું અને અન્ય વ્યર્થ બધું ઘરમાંથી ગાયબ થવા માંડશે.

તમને આ બધું એટલે જણાવું છું કે આમાંનું થોડુંક મેં Covidકાળમાં આદર્યું હતું . હમણાં થોડું મંદ અને નિસ્તેજ બની ગયું છે. તો તમને સંબોધતાં હું મને પણ આ બધુ પુનઃ આદરવાનું તાજું કરાવી રહ્યો છું આ ક્ષણે...

અને એ Covidકાળમાં જ જે ભવ્ય પુરસ્કાર મોકલ્યો હતો મને આ બધા માટે એક ગઝલના રૂપે પરમાત્માએ, એ આજે તમને વહેંચું નહીં તો હું શોભિત શાનો ?!

*સદા શું યોગ્યતાઓ માંગણીની માપતાં રહેવું?*
*છે તારો ધર્મ કેવળ એટલો કે આપતાં રહેવું*
*અને કાયમ તમારી રાહમાં બસ, ટાંપતાં રહેવું*
*ભરાયા મીટમાં જેવા કે થરથર કાંપતાં રહેવું*
*કદી પણ હોઠે ના આવે, વસાવી લેવું એવું નામ*
*છુપાવીને બધાથી એ હંમેશાં જાપતા રહેવું*
*બીજું તો શું કરી શકવાના માણસ થઈ તમે અહીંયાં?*
*જીવો છો ત્યાં સુધી બસ માણસાઈ છાપતાં રહેવું*
*હવાપાણી નથી રહેવાનાં કૈં તરફેણમાં કાયમ*
*એ જાણીને જ કૂદકો મારવો, જળ કાપતાં રહેવું*
*જરૂરી જાગવા માટે છે બળતું તાપણું ભીતર*
*ક્વચિત ઊંચકીને અંગારો ત્વચાને ચાંપતા રહેવું*
*અસૂરજલોકનો અંધારપટ ઉલેચવો કાયમ*
*અને તક્તી મુકાવાની હો ત્યારે લાપતા રહેવું*

આવતા રવિવારે અમારે સર્જકોએ સ્વાર્થ ત્યજીને પરાર્થ સાધવાનો છે એ વાત કરવાનો છું તમારી સાથે... ગુજરાતી વર્તમાનપત્રની તવારીખમાં સૌથી બારીક અને કોમળ વાત. અઠવાડિયા સુધી તમે ય તમારી સ્વભાવગત નાજુકાઇની, પારિજાતની પાંદડીથી ધાર કાઢી રાખજો.

આજે આટલું જ... ■

સ્પોટ લાઈટ
મહેશ્વરી
feedback@bombaysamachar.com

# ‘વડીલોના વાંકે’ આજના પ્રેક્ષકોને ગમે ખરું?

પૃથ્વી ગોળ હોય છે એ શાળાના અભ્યાસ દરમિયાન આપણને ભૂગોળ વિષયમાં શીખવા - જાણવા મળે છે. જીવનમાં પણ દુનિયા ગોળ હોય છે એનો પરિચય સંસારના અનુભવ કરાવે છે. જુઓ ને, નાના પાયે મરાઠી નાટકોમાં અભિનય કરી પ્રગતિનું એક પછી એક પગથિયું ચઢી મહેશ્વરી એટલે કે હું ગુજરાતી નાટકોની પ્રથમ હરોળની હિરોઈન બની ગઈ. નાટ્ય જગતમાં જેનો દબદબો હતો એ ‘શ્રી દેશી નાટક સમાજ’ સાથે જોડાઈ અને અનેક ગુજરાતી નાટકો ભજવ્યાં. પ્રેમ, પૈસો અને પ્રસિદ્ધિ પામી. જોકે, સંજોગોએ પલટો માર્યો અને ગુજરાતી નાટ્ય પ્રવૃત્તિનો સાથ અચાનક છૂટી ગયો અને હું ફરી મરાઠી નાટકોમાં વ્યસ્ત થઈ ગઈ. સાચે જ દુનિયા ગોળ છે, હેં ને!

કોંકણ - ગોવામાં ‘બહરલા પારિજાત’, ‘પતિવ્રતા’ વગેરે મરાઠી નાટકોના પ્રયોગોને સફળતા મળી રહી હતી. મરાઠી પ્રેક્ષકોના પ્રેમ અને આદર મળી રહ્યા હતા. કામ વિનાની મહેશ્વરી એકદમ પ્રવૃત્તિમય બની ગઈ. મરાઠી મારી માતૃભાષા હોવાથી ભાષાની તો કોઈ સમસ્યા હતી જ નહીં અને અલગ જ પ્રકારના નાટકો ભજવવા મળતા હોવાથી આનંદ આવતો હતો.

એવામાં અચાનક એક દિવસ વિનયકાંત દ્વિવેદી (વિનુભાઈ) મળવા આવ્યા. મને કહે, ‘મહેશ્વરી, આપણે નાટક કરવાનું છે. તું તૈયાર રહેજે.’ એમની ઓફર સાંભળી હું સહેજ ચોંકી ગઈ, કારણ કે મરાઠી નાટકોની વ્યસ્તતા વચ્ચે ગુજરાતી નાટકની ભજવણી કરવાની હતી. એક સાથે બે ઘોડા પર સવાર થવાનું કામ કેટલું મુશ્કેલ હોય છે એ વાતથી ‘મુંબઈ સમાચાર’ના વાચકો સુપેરે પરિચિત હશે. બન્યું એવું કે નવી રંગભૂમિ સાથે સંકળાયેલા સિદ્ધહસ્ત કલાકાર ‘ભાઉ’ ગિરેશ દેસાઈની ઈચ્છા વિનુભાઈ સાથે જૂની રંગભૂમિના નાટકમાં કામ કરવાની હતી. ‘ગાડાનો બેલ’ નાટક ભજવવાનું નક્કી થયું. એમાં હીરોનો રોલ ગિરેશ ભાઈએ કર્યો હતો. આ નાટક સૌપ્રથમ શ્રી દેશી નાટક સમાજે ૧૯૪૬માં ભજવ્યું હતું. ‘ગાડાનો બેલ’ નામથી ગુજરાતી ફિલ્મ સુધ્ધાં બની હતી. એમાં નિરૂપા રોયએ કામ કર્યું હતું. ‘ગાડાનો બેલ’માં કામ કર્યા પછી નિરૂપા રોય હિન્દી ફિલ્મો તરફ વળી ગયાં હતાં. અમારા નાટકને ઠીક ઠીક સફળતા મળી અને એના ૭૫ શો થયા. મરાઠી નાટકો તો હું કરતી જ હતી અને સાથે ગુજરાતીની ઓફર આવી એટલે હું ખાસ્સી વ્યસ્ત થઈ ગઈ. અલબત્ત બે મોરચા સંભાળવા સહેલું તો નહોતું જ, પણ નવરા બેસી રહેવા કરતા કોઈ પણ કલાકારને અતિ વ્યસ્તતા કાયમ વહાલી લાગતી હોય છે.



## પૈસો બંધ થયા પછી ‘પૈસો બોલે છે’


તખ્તા પર ભજવાતા નાટકમાં ખેલ ભજવાય અને વાર્તા વળાંક લેતી આગળ વધતી જાય. ‘કહાની મેં ટ્વીસ્ટ’ ક્યારેક અકળાવનારી હોય તો ક્યારેક આનંદ આપનારી પણ હોય. જીવન પણ એક તખ્તો જ છે. અહીં પણ વિવિધ ખેલ ભજવાય અને જીવનકથામાં ધાર્યો - અણધાર્યો પલટો આવતો રહે છે. ‘આર્ય નૈતિક નાટક કંપની’ના માલિક નકુભાઈ શાહના પુત્ર નંદલાલ શાહને રંગભૂમિ માટે લાગણી જાગી અને કંપનીની ટિકિટબારી પર બેસી તેમણે શરૂઆત કરી. કંપનીમાં એક નાટક લખવામાં બે - ત્રણ તો ક્યારેક ચાર લેખકની મદદ લેવામાં આવતી હતી. ટિકિટ ફાડતા હાથને એક દિવસ કલમ ચલાવવાનો મોકો મળ્યો. ‘ન્યાયનાં વેર’ નાટકમાં બે પ્રવેશ લખવાની તક મળ્યા બાદ નંદલાલ ભાઈએ પહેલું સ્વતંત્ર નાટક ‘ભાવના બી.એ’ લખ્યું. બદલાયેલા વાતાવરણમાં તેમણે ગામડાઓમાં નાટકની ભજવણી શરૂ કરી. અન્ય કંપનીના નાટકો પરવાનગી લઈ ભજવ્યા પણ પ્રેક્ષકોનો પ્રતિસાદ ન મળતા કંપની બંધ કરવી પડી. ત્યારબાદ ‘શ્રી દેશી નાટક સમાજ’એ નંદલાલ ભાઈનું ‘પૈસો બોલે છે’ રજૂ કર્યું. નાટ્ય રસિકોએ વધાવી લીધું અને એના ૫૧૪ પ્રયોગ થયા. ત્રણ મહિના પહેલા બુકિંગ થઈ જતું અને રવિવારે બે ખેલ કરવા પડતા એવું કહેવાતું હતું. ‘પૈસો બોલે છે’ નાટક પરથી નંદલાલ ભાઈએ ફિલ્મ પણ બનાવી હતી. ટૂંકમાં કંપની બંધ કરવી પડતા પૈસા આવતા બંધ થયા અને પછી ‘પૈસો બોલે છે’ને કારણે પૈસો બોલવા લાગ્યો, પ્રસિદ્ધિ મળવા લાગી. (સંકલિત)

જૂની રંગભૂમિના નાટકોની પુનઃ ભજવણી કરવા ઉત્સુક વિનુભાઈએ ‘ગાડાનો બેલ’નો રિસ્પોન્સ જોઈ ‘વડીલોના વાંકે’ નાટક પણ ભજવવાનું નક્કી કર્યું. ગુજરાતી રંગમંચ પર પૂર્ણપણે નાયિકાનું વર્ચસ્વ હોય એવું આ પ્રસિદ્ધ ત્રિઅંકી નાટક પહેલી વાર મુંબઈના ભાંગવાડી થિયેટરમાં ૧૯૩૮માં ભજવાયું હતું. ૧૯૭૦ના દાયકામાં ‘શ્રી દેશી નાટક સમાજ’ આ નાટકના શો કરી રહ્યું હતું ત્યારે હું એના કોમિક કર્ટનમાં જમના ઝાપટેનો રોલ કરતી હતી અને અચાનક મને નાટકમાંથી કાઢી મૂકવામાં આવી હતી એ વાત થોડા હપ્તા પહેલા મેં કરી હતી. આમ એ નાટક સંદર્ભે થોડી કડવાશ મારા મનમાં હતી. જોકે, વિનુભાઈએ ‘તારે સમતાનો રોલ કરવાનો છે’ એમ કહ્યું ત્યારે હૈયું હરખાઈ ગયું અને બધી કડવાશ ઓગળી ગઈ. સમતાની ભૂમિકા ભજવનારી હું ચોથી અભિનેત્રી હતી. પહેલી વાર ભજવાયું ત્યારે મોતીબાઈ સમતાનો રોલ કરતા હતા. ત્યારબાદ મનોરમા બહેને એ ભૂમિકા ભજવી અને પછી રૂપકમલ બહેને એ પાઠ ભજવ્યો. આમ એક ઉજજવળ પરંપરા આગળ ધપાવવાની હતી. પહેલા શોના દિવસે મેં ગજબનો રોમાંચ અનુભવ્યો હતો. દરેક કલાકારના વ્યવસાયિક જીવનમાં એવો સમય આવતો હોય છે જ્યારે કશુંક નોખું કે પડકારરૂપ કામ કરવાની તક મળે ત્યારે એનામાં અનેરા ઉત્સાહનો સંચાર થતો હોય છે.

‘વડીલોના વાંકે’ ઓપન થયું અને નાટ્ય રસિકોએ એને જબ્બર પ્રતિસાદ આપ્યો. ૪૪ વર્ષ વીત્યા પછી પણ કોઈ કૃતિમાં દર્શકો રસતરબોળ થાય એ બહુ મોટી સિદ્ધિ કહેવાય. નાટકને મળેલી અસાધારણ સફળતા શેને આભારી છે એવા સવાલના જવાબમાં આ નાટકના રચયિતા પ્રભુલાલ દ્વિવેદી ૧૯૩૮માં એટલું જ બોલ્યા હતા કે ‘પ્રભુને.’ ૧૯૮૨માં તો એવું બન્યું કે પ્લાન ખુલે ને શો હાઉસફૂલ થઈ જાય. ત્યારે મંડળો અને સોલ્ડ આઉટ શોની પ્રથા ફૂલીફાલી નહોતી. લગભગ ૨૫૦ શો સુધી નાટ્ય રસિકોના ઉમળકાને કારણે ‘વડીલોના વાંકે’ ચાલ્યું. આજે ૪૨ વર્ષ વીતી ગયા એ વાતને. આજે રજૂ થાય તો ચાલે ખરું? પ્રેક્ષકોને ગમે ખરું? સમતા ઉપરાંત પુષ્કર, ગોપાળશેઠ જેવા પાત્રો આજના દર્શકોને ગમે ખરા? આ સવાલોના જવાબ મારી પાસે તો નથી. જૂની રંગભૂમિનો પ્રભાવ હજુ ઓસર્યો નથી એનો ખ્યાલ આવતા પછી ‘શંભુમેળો’, ‘સંપત્તિ માટે’, ‘સંતાનોને વાંકે’ વગેરે નાટકો પણ અમે કર્યા. વ્યવસાયિક જીવન બહુ સરસ રીતે ચાલી રહ્યું હતું, પણ અંગત જીવનમાં એવી ઘટના બની કે મારામાં એવો સંચાર થયો ને મેં એવું પગલું ભર્યું જેની કલ્પના પણ મેં ક્યારેય નહોતી કરી. ■

કેન્વાસ
અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# ગુડ ફેલોઝઃ રતન ટાટાના સૌથી યુવા મિત્ર શાંતનુનું અનોખું સ્ટાર્ટઅપ



‘પ્રેમની કિંમત પીડાથી ચૂકવવી પડે છે. આ મિત્રતા બાદ હવે જે ખાલીપો મારા જીવનમાં પ્રસરશે એને પૂરવા માટે હું જીવનભર પ્રયાસ કરીશ.’

આ શબ્દો છે રતન ટાટાના સૌથી યુવાન મિત્રના. રતન ટાટાની અંતિમક્રિયા વખતે એમના આ એક યુવા મિત્ર અને સહયોગીએ દેશભરના લોકોનું ધ્યાન ખેંચ્યું. એ યુવા મિત્રનું નામ છે શાંતનુ નાયડુ.

ટાટાના અવસાન બાદ શાંતનુએ ઉપરોકત શબ્દોમાં સોશિયલ મીડિયા પોસ્ટમાં પોતાનું દુઃખ વ્યક્ત કર્યું હતું.

રતન ટાટાના નિધન બાદ દેશને એક બાહોશ બિઝનેસમેન, સંનિષ્ઠ સમાજસેવક અને એક ઉત્તમ વિચારકની ખોટ પડશે. લોકો એમને ટાટા નેનો’ કે ટાટા કનસલ્ટન્સી સર્વિસ’ જેવા અનેક અલગ અલગ કારણથી યાદ કરશે, પરંતુ આ વ્યક્તિએ સમાજને આપેલા કેટલાંક એવા સ્ટાર્ટઅપ્સ અને આઈડિયાઝ પણ છે , જેના વિશે બહુ ઓછાં લોકો જાણે છે.

બિઝનેસમેન અને આંત્રપ્રીન્યોર વચ્ચેનો ભેદ સમજાવતી વખતે એક વાત પર ખાસ ભાર મૂકવામાં આવે છે અને એ છે જે તે વ્યક્તિના કારણે સમાજમાં આવતું પરિવર્તન. કોઈ વ્યક્તિ માત્ર પોતાનો ધંધો વધારવા માટે કે પૈસા કમાવા માટે જ બિઝનેસ કરે છે કે એના કામના કારણે સમાજમાં કંઇક સકારાત્મક પરિવર્તન પણ આવે છે? અહીં મોટિવ એટલે કે હેતુ મહત્ત્વનો છે. રતન ટાટાના મોટિવ અંગે તો દેશમાં એક પણ વ્યક્તિને શંકા ન જ હોય શકે, કારણ કે એમના સાલસ વ્યવહારથી લઈને આચાર વિચાર અંગે ભારતીયો સુપેરે પરિચિત છે અને એટલે જ આટલું સન્માન અને પ્રેમ એમને મળ્યા છે.

રતન ટાટા આજીવન અપરણિત રહ્યા. કદાચ એટલા માટે જ ઘડપણમાં લોકો કેટલી એકલતા અનુભવે છે એનો એમને અંદાજ હતો. એમણે શાંતનુ નાયડુ સાથે આ વિશે ચર્ચા કરી અને ત્યાંથી શરૂ થયું એક અનોખું સ્ટાર્ટઅપ : ‘ગુડ ફેલોઝ’, જેમાં ઘડપણમાં અનુભવાતી એકલતા સામે વૃદ્ધોને મદદ કરવાનો મૂળ હેતુ હતો. ભારતમાં અંદાજે ૧૪ કરોડ જેટલા વૃદ્ધ છે, જેમાંથી મોટાભાગના એકલતાનો અને તેના કારણે વિષાદનો અનુભવ કરતા હોય છે. આ સ્ટાર્ટઅપમાં કામ કરતા યુવાનોનો માત્ર આઇક્યુ જ નહીં , ઇક્યુ પણ તપાસવામાં આવે છે. એ યુવાનો વૃદ્ધો પ્રત્યે સહાનુભૂતિ દાખવી શકે છે કે નહીં, એમનો સહારો બની શકે છે કે નહીં એ પણ તપાસવામાં આવે છે.

‘ગુડ ફેલોઝ’ એપથી નહીં, પણ ફોન નંબરથી કામ કરે છે. વૃદ્ધો અહીં ફોન કરીને મદદ માગી શકે છે. પેન્શન મેળવતી વ્યક્તિને પોસાય એ પ્રમાણે જ ચાર્જ વસૂલવામાં આવે છે. સ્ટાર્ટઅપનો હેતુ મોટાભાગની સર્વિસ ફ્રી રાખવાનો છે, પરંતુ અમુક સર્વિસ પ્રીમિયમ તરીકે આપવામાં આવશે. વૃદ્ધો સાથે ફિલ્મ જોવા જવાની, બીજા શહેરમાં ટ્રીપ પર સાથે જવાની સુવિધા જેવા અવનવા આઈડિયા પણ આગળ જતાં અમલમાં આવશે એવી જાહેરાત કરવામાં આવી છે.

દુનિયા જે ઝડપે બદલાઈ રહી છે એ જોતાં ઘડપણમાં વ્યક્તિ એકલતા જ નહીં પણ પાછળ રહી ગયાની કે વિખૂટા પડી ગયાની લાગણી અનુભવે છે. આ સ્ટાર્ટઅપમાં યુવાનો વૃદ્ધોને સોશિયલ મીડિયા અને ગેજેટ્સ પણ શીખવાડે છે. એમને દવાખાને લઇ જવા, દવા યાદ કરાવવી, શોપિંગમાં સાથે જવું એવી તમામ પ્રવૃત્તિમાં સાથ સહકાર આપે છે.

શાંતનુ અને ટાટા વચ્ચે મિત્રતા થઈ બંનેના પ્રાણીપ્રેમના કારણે. એન્જિનિયર શાંતનુએ ૨૦૧૪ આસપાસ રખડતા શ્વાનની સલામતી માટે મિત્રો સાથે મળીને કોલર બેન્ડ બનાવવાનો આઈડિયા વિચારેલો. રતન ટાટાના પ્રાણીપ્રેમની અનેક વાતો અગાઉથી ઘણા બધા લોકો જાણે છે. બ્રિટનના પ્રિન્સ ચાર્લ્સ એમને રોયલ એવોર્ડ આપવાના હતા, પરંતુ ટાટાના પ્રિય શ્વાનના બીમાર પડી જવાના કારણે એમણે પ્રિન્સને ફોન કરીને માફી માંગી બ્રિટન જવાનું રદ કરેલું. યુવાનોના સારા અને સમાજને મદદરૂપ થઈ શકે એવા આઈડિયાને તરત સમર્થન કરતા રતન ટાટાએ શાંતનુને આર્થિક મદદ કરી. શાંતનુએ પ્રાણીઓ માટે ‘મોટોપોવ્સ’ નામનુ સ્ટાર્ટઅપ શરૂ કરેલું. આ રીતે બંને વચ્ચે મિત્રતા શરૂ થઈ અને ત્યાર પછી તો પ્રાણીઓ માટેની હોસ્પિટલ જેવા ઘણા નાના- મોટા પ્રોજેક્ટ્સ શરૂ કર્યા. સોશિયલ મીડિયા પર શાંતનુએ કેટલાક ફોટોઝ પણ અપલોડ કર્યા હતા, જેમાં રતન ટાટાના જન્મદિવસની ઉજવણીના ફોટો જોઈને લોકોને સુખદ આશ્ચર્ય થયું હતું. ટાટાના જીવનના અંતિમ વર્ષોમાં શાંતનુ એમનો મિત્ર અને મદદગાર બની રહ્યો.

એક સારો લીડર એ જ છે જે એની ગેરહાજરીમાં પણ એની ખોટ ન વર્તાવા દે. રતન ટાટાની વિદાયનું દુઃખ તો છે જ પણ એમણે પાછળ જે ટીમ અને વારસો છોડ્યો છે એની ખુશી પણ છે. શાંતનુ જેવા યુવાનો દેશની પ્રગતિમાં એટલો જ મોટો ફાળો આપશે એવી આશા અસ્થાને ન ગણાય. ■

ઊડતી વાત
ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# હરણનાં શિંગડાં કોને ભારે?

## રાજુ રદ્દી કરે છે જાત -તપાસ...

રાજુ રદી મેગ્નિફાઇંગ ગ્લાસ લઇને જેમ્સ બોન્ડ, શેરલોક હોમ્સ,કરમચંદ, વ્યોમકેશ બક્ષી જેવા જાનબાજ અને ચુનંદા જાસૂસની જેમ મારા ઘરમાં ગેરકાયદેસર પ્રવેશ કરે છે. ( જો કે ,રોજ આવી રીતે મારા ઘરમાં પ્રવેશ કરે છે.)કાયદાની ભાષામાં આને 'ટ્રેસ પાસિંગ' કહેવાય.મારા ઘરના ડ્રોઈંગ રૂમ ,બેડ રૂમ,ડાઇનિંગ રૂમ, બાથરૂમ, વોશરૂમમાં, સીબીઆઈ, ઇડી, ઇન્કમટેકસની જેમ ઘરનો ખૂણો ખૂણો અને ફિલ્મની ભાષામાં ચપ્પે ચપ્પા છાન મારે છે.

'રાજુ, આ બધું શું છે?મારી મંજૂરી વિના તું ઘરમાં કેવી રીતે સર્ચ કરે છે?'હું રાજુ પર બરાબર અકળાયો મિ. ગિરધરલાલ તમારા ઘરમાં મૃગશિંગ છે? મને શક છે! 'રાજુએ પોલીસ ઓફિસર જેવા રુઆબથી પૂછયું. રાજુ, મારા ઘરમાં મૃગશિંગની કયાં માંડે છે? મારા ઘરમાં ખારી શિંગ નથી. 'મેં રાજુને કરારા જવાબ આપ્યો.

મિસ્ટર બી સિરિયસ.મને ઉડાઉ જવાબ પસંદ નથી.'રાજુની કડકાઇ ચાલુ રહી. મેં તોબડુ ચઢાવ્યું . ગિરંધરભાઇ, હાથી દાંત એવું કંઇ ?'

રાજુએ પોઇન્ટેડ સવાલ પૂછ્યો.

' રાજુ, મારે દાંતનું ચોકઠું-ડેન્ચર છે. ચોકઠું રાખવું વન અધિનિયમ કે પ્રોટેકટેડ એનિમલ એકટ હેઠળ ગુનો હોય તો મારી ધરપકડ કરવાની છૂટ છે.' મેં રાજુને ગુસ્સામાં ચોપડાવ્યું.

'જુઓ ગિરધરભાઇ, આ તપાસ છે. તમારી બખડજંતર ચેનલ' કે તમારી હાસ્યના નામે હાસ્યાસ્પદ લખવાની કોલમ નથી. મનફાવે એવા જવાબ હું નહીં ચલાવું.' આજે રાજુ ઉંદરની જેમ ખરલ ચાટી ગયો હોય તેમ કૂદાકૂદ કરતો હતો.

તમારી પાસે વ્યાઘ્રચર્મ કે સિંહચર્મ એવું કાંઇ છે? 'રાજુની પ્રશ્નોતરી નોનસ્ટોપ નોનસેન્સની માફક ચાલતી હતી . તપાસ હિંદી ટીવી સિરિયલની માફક ખેંચાતી જતી હતી.'

રાજુ, ગરીબી, ફુગાવો, બેકારી, મોંઘવારી , કમ્મરતોડ કરવેરાની લીધે અમારા ચામડા અર્થતંત્રની જેમ લબડી ગયા છે. ત્યાં વ્યાઘ્રચર્મની કયાં પતર ખાંડે છે?'

હું કૌશિકમુનિ કે પરશુરામની જેમ ક્રોધથી આગબબુલા થઇ ગયો.



કૃષ્ણ ભગવાને કુરુક્ષેત્રમાં અર્જુનને વિકરાળ વિશ્વ સ્વરૂપના દર્શન કરાવ્યા હતા અને અર્જુન દિગ્મૂઢ થઇ ગયો હતો તેમ રાજુ મારા રૌદ્ર રૂપથી હકકોબકકો રહી ગયો .

'ગિરધરભાઇ ,જૂના જમાનાના મહેલ, કોઠી, બંગલાના દીવાનખંડમાં રાવ બહાદુર કરેલા શિકારના પુરાવા તરીકે સિંહ , સસલા, વાઘનું મસાલા ભરેલ મસ્તક વોલ પર ઝુલાવવાની ફેશન હતી.' રાજુએ જુના જમાનાની યાદ અપાવી.

રાજુ, રાજા-મહારાજા-નવાબો શિકારનો શોખ ધરાવતા હતા. એને શિકાર કહેવાય જ નહીં. એ લોકો માંચડા પર ચડી થ્રી નોટ થ્રીથી શિકાર કરતા હતા. કોઇ જાતના શૌર્યનું દર્શન-પ્રદર્શન નહીં. લોકો અવાજો કરીને વાઘ, સિંહ, હરણ, ચિત્તા, દીપડાને મચાન તરફ ધકેલે . મચાન ઉપર બેઠા બેઠા બંદૂકડી ફોડીને પ્રાણીની હત્યા કરે, જેને શિકાર' જેવું શોર્યવાન નામ આપવામાં આવતું . રજવાડી કોટ અને બ્રિચીજ પહેરેલા રાજા,નવાબો વગેરે સિંહ , હરણના મસ્તક પર પગ ટેકવી એક હાથમાં જોટાળી રાખી બીજા હાથે મૂંછોને વળ ચડાવતા હોય તેવા ફોટા પડાવતા. તેના લાર્જ સાઇઝના ઓઇલ પેઇન્ટ દીવાલ પર ટાંગતા હતા.....હકીકતમાં ગ્રીસમાં આખલા સાથે બથથમબથ કરવી કે ચેન્નાઇમાં જલીકટુમાં જીવ સટોસટ અને જીવલેણ રમતમાં ખરી 'ગિરધરભાઇ, તો તમારી પાસે છે શું? કંટાળીને રાજુએ પૂછયું.'

'રાજુ, મારી પાસે ઘોડા-ગધેડા, સસલા-શિયાળના શિંગડા છે. વનખાતું એને જપ્ત નહીં કરે ને?' મેં શંકા વ્યક્ત કરી.

ગિરધરભાઇ ,ફેંકવાની હદ હોય! હદ બહાર ફેંકવાનો એક જ વ્યકિતને અધિકાર છે. હું અલિગઢથી નથી આવ્યો .'રાજુએ લમણું તૂટે તેવો ટોન્ટ માર્યો.

હકીકતમાં અમારા રાજુ રદ્દીની આવી તપાસ પાછળ હમણા બની ગયેલો એક બનાવ કારણરૂપ હતો.. કોઇ એક ભાઈ ૧૯૭૫માં ગીરના જંગલમાંથી રોકડ અવેજ આપ્યા વિના નિર્દોષભાવે હરણના શિંગડા લઇ આવેલ. તંત્રની મીઠી નજર હેઠળ આનાથી વધુ કિંમતી વસ્તુઓ સગેવગે થતી રહે છે. પેલાએ હરણના શિંગડાની ટ્રોફી બનાવી ઘરમાં લટકાવેલી. કોઇ જાતના બનાવ વિના વર્ષો, દાયકા પસાર થઇ ગયા.કુંભકર્ણની જેમ ચિર ઘોર નિદ્રામાં સૂતું વનતંત્ર એકાએક ઊંઘમાંથી જાગ્યું . ચરણ ચાંપી મૂંછ મરડી તંત્ર સફાળું જાગ્યું. માત્ર સુડતાળીસ વરસના ક્ષુલ્લક અને નગણ્ય વિલંબ બાદ વન તંત્રે એ શિંગડા જપ્ત કર્યા. પેલા માણસને વીસ હજાર દંડ કર્યો. જો કે, તો પણ તંત્રનો આભાર માનવો રહે કે દંડનીય રકમ પર સાદું વ્યાજ કે ચક્રવૃદ્ધિ વ્યાજ ન ફટકાર્યું, નહીંતર બાર હાથનું ચીભડું અને તેર હાથનું બી જેવો ઘાટ થાત. આમ તો કહેવાય છે કે ભેંસના શિંગડા ભેંસને ભારે, પરંતુ હરણના આ શિંગડા પેલા ભાઇને ભારે પડશે તેવું એણે કે પેલા હરણ સુદ્ધાંએ સ્વપ્ને વિચાર્યું નહીં હોય. ■

વલો કચ્છ
ડૉ. પૂર્વી ગોસ્વામી
feedback@bombaysamachar.com

# આસ્થા સાથે બૌદ્ધિક આયોજનોની પરંપરા જાળવતું કચ્છ

માતાજીની આરાધનાના નોરતાં હંમેશાંની જેમ ધામધૂમથી આપણે ઉજવ્યા. સરહદી જિલ્લા કચ્છમાં અંતરિયાળ ઘણાં એવાં ગામો છે જ્યાંની લોકઢબે રચાતી નવરાત્રિ તો ખાસ છે જ, પરંતુ ઉમદાં નાટકો જ્ઞાન સાથે ભક્તિ રજૂ કરતાં શ્રેષ્ઠ અને બૌદ્ધિક આયોજનો માટે અમુક ગામો ખાસ બની જાય છે. વળી, દશેરાના ખાસ દિવસનું ઉમેરણ પણ!





આજથી લગભગ સો વર્ષ પહેલાંથી એટલે કે ટેલિવિઝન કે અન્ય મનોરંજનના સ્થાને ગામડાઓમાં થતા રંગમંચના નાટ્ય મહોત્સવ જ મુખ્ય ગણાતાં. જે લોકોને જ્ઞાન અને દર્શનની અદ્ભુત સમજણ મનોરંજન સાથે પીરસવાની ક્ષમતા ધરાવતા હતા. કચ્છ માટે આ પરંપરા આજે પણ અકબંધ છે જેમાં માંડવી તાલુકાના મોટી મઉ ગામની યાદ આવે જેમાં ગરબા જેટલું જ મહત્ત્વ આ નાટ્ય પ્રસ્તુતિનું હોય છે. મઉના ચાચર ચોકમાં નવરાત્રીના અડધા દિવસોમાં ગરબા તો બાકીના દિવસોએ નાટકો જ મુખ્ય આકર્ષણનું કેન્દ્ર હોય છે. કીર્તિ કોટક દ્વારા તૈયાર કરાતી વેશભૂષામાં અલગ અલગ ૧૫૦ જેટલા કલાકારો ભાગ લેતા હોય છે. એવું જ અન્ય એક અબડાસા તાલુકાનું નાનકડું ગામ એટલે વમોટી મોટી, જેમાં શ્રી નવદુર્ગા નવરાત્રી મિત્ર મંડળ દ્વારા છેલ્લા ૭૫ વર્ષથી દર વર્ષે મા જગદંબાની આરાધના સાથે નાટક મહોત્સવ ઉજવવામાં આવે છે. વર્ષોથી ચાલી આવતી પરંપરા આજે પણ અખંડ ચાલુ જ છે. આજના યુવાનો જ્યારે સોશિયલ મીડિયામાં આખો દિવસ વ્યસ્ત રહે છે ત્યારે અહીં નવરાત્રી દરમિયાન રંગમંચને ઉજાગર કરતા ઐતિહાસિક અને સામાજિક નાટકો દ્વારા ગ્રામજનો અને આજુબાજુના ગામથી આવતા લોકોને ઇતિહાસથી પરિચિત કરાવવા ઉપરાંત મનોરંજન પણ કરાવવામાં આવે છે. વમોટી મોટી ગામના આંગણે વર્ષોથી પહેલા શરૂ થયેલાં નાટકો જે સમસ્ત ગ્રામજનો, ક્ષત્રિય સમાજ, વિષ્ણુ સમાજની મહેનત અને લગનથી શરૂ થયેલ હતા તે આજે પણ પ્રથા તરીકે અકબંધ છે. નાટકમાં અભિનય કરનારા અને મોટા ભાઈ એવા શિવમ ગોસ્વામીએ પોતાના અનુભવ કહ્યા કે, શ્રી રમેશભાઈ જોશીના ડાયરેક્શન હેઠળ આ વખતે જયારે પાંજો કચ્છ જે ઝારાના યુદ્ધને આલેખીને તૈયાર કરેલ નાટક ભજવાયું હતું જેને જોવા હકડેઠઠ ભીડ જામી હતી. અગાઉ સતી દ્રૌપદી નામનો પૌરાણિક ઐતિહાસિક નાટક જે સતત ૫૫ વર્ષ સુધી ચાલુ રહ્યું હતું અને તે સદાબહાર નાટક ગણાતું. આ ઐતિહાસિક નાટકોમાં દાનેશ્વરી કર્ણ, શેઠ સગાળશા, પાંજો કચ્છ, વીર રામવાળો, વડસરનો વીર અબડો જામ, કુંવરબાઈનું મામેરું મુખ્ય હોય છે. તો અન્ય પક્ષે સાડા ચારસો વર્ષ જૂના નખત્રાણા તાલુકાના બીબર ગામમાં પ્રસિદ્ધ રામમંદિરમાં નવરાત્રિ દરમ્યાન રામાયણના પ્રસંગોમાંથી ઉદ્ભવેલી રામલીલા ભજવવાની અનોખી પ્રણાલી છેલ્લા ૭૫ વર્ષથી ભજવાય છે. ગામના માસ્તર પ્રેમજીભાઈ તેમજ રવિભાણ આશ્રમના મહંત તુલસીદાસ ભગતે રામલીલાના શ્રીગણેશ કર્યા પછી આજ દિવસ સુધી મંદિરના ટ્રસ્ટ દ્વારા અવિરત યાત્રા ચાલુ છે. જે માટે કલાકારો મહિના પહેલાં તૈયારી કરતાં હોય છે જે આજના આધુનિક વળગણમાં પણ લોકો તેને હસીખુશીથી માણે છે.

ભાવાનુવાદ: માતાજીજી આરાધનાજા નોરતાં હંમેશજી રીતે ધામધૂમસેં પાં ઉજવ્યા. સરહધિ જિલ્લે કચ્છમેં ગણે ઍડા઼ ગામડા઼ ઐં જિતજી લોકઢબમેં રચાંધિ નવરાત્રિ ત ખાસ આય જ ૫ નાટક ૫ જ્ઞાન ભેરા ભક્તિ રજૂ કરીંધલ શ્રેષ્ઠ ને બૌદ્ધિક આયોજનેંલા ખાસ ભની વિનેંતા. વરી, દસેરાજે ખાસ ડીં જો વધારો પણ!

અજનું લગભગ સોઆરોક વરે પેલા ઇતરે ક જડેં ટીવી ક બ્યા મનોરંજનજે બધલે ગામડેમેં થીંધલ રંગમંચજા નાટ્ય મોત્સવ જ મેન ગણાઇંધાવા. જુકો માડૂએંકે જ્ઞાન નેં ડરસનજી આઉગી સમજણ મનોરંજન ભેરો પીરસેજી છમતા ધરાઇંધા વા. કચ્છજે માટે હી પરંપરા આજ પણ અકબંધ આય જેમેં મડઇ તાલુકેજી મોટી મઉ ગામજી જાધ ડેરાય્તો જેમેં ગુરબે જિતરો જ માન નાટકેંજો આય. મઉજે ચાચર ચોકમેં નવરાત્રીજે અધ ડીંયેમેં ગુરબા ત બાકીજે ડીંમેં નાટક જ મેન આકર્ષણજો કેન્દ્ર હોયતા. કીર્તિ કોટક ભરાં તૈયાર કરાંધિ વેસભૂષામેં નિડારા નિડારા ૧૫૦ જિતરા કલાકારો ભાગ ગિનંધા હોયતા. ઍડો઼ જ બ્યો અભડાસેજો નિંઢો ગોઠ ઇતરે વમોટી મોટી, જિત શ્રી નવદુર્ગા નવરાત્રી મિત્ર મંડળ ભરાં છેલ્લા ૭૫ વરેનું મા જગદંબાજી આરાધના ભેરો નાટક મહોત્સવ ઉજવેમેં અચેતો. વરે જૂની હલંધી પરંપરા અજ પણ અખંઢ ચાલુ જ આય. અજજા જુવાન જડેં સોશિયલ મીડિયામાં સજો ડીં વ્યસ્ત વેંતા તેર હિતજી નવરાત્રી ધરમિયાન રંગમંચકે ઉજાગર કરીંધલ ઐતિહાસિક ને સામાજિક નાટકેં ભરાં ગામવારાને આજુબાજુજે ગામનું અચીંધલ માડૂએંકે ઇતિહાસસે પરિચય કરાય ભેરો મનોરંજન પીરસેમેં અચેતો. વમોટી મોટી ગામમેં કિઇક વરેં પેલા સરુ થેલ નાટક જુકો મિડે઼ ગામવારા, ક્ષત્રિય સમાજ, વિષ્ણુ સમાજજી મેનત ને લગનસેં સરુ કરેમેં આયા વા જુકો અજ પણ પ્રિથા તરીકે ચાલુ આય. નાટકજા અભિનેતા શિવમ ગોસ્વામી ચેંતા ક, શ્રી રમેશભાઈ જોશીજે ડાયરેક્શનમેં હિન વરે જેર પાંજો કચ્છ જુકો ઝારાજે જુદ્ધકે આલેખીને તૈયાર કેલ હો તેંકે ભજવ્યોં તેર જોડા઼જોડ઼ ભીડ઼ જામઇ હૂઇ. હિન પેલા સતી દ્રૌપદી નાલે પૌરાણિક ઐતિહાસિક નાટક જુકો સરાર ૫૫ વરે સુધી ચાલુ રયો હો. હિન ઐતિહાસિક નાટકેમેં દાનેશ્વરી કર્ણ, શેઠ સગાળશા, પાંજો કચ્છ, વીર રામવાળો, વડસરનો વીર અબડો જામ, કુંવરબાઈનું મામેરુ મુખ્ય વેંતા. ત બ્યે પાસે સાડા઼ ચારસો વરે જુનોં નખત્રાણે તાલુકેજો બીબર ગોઠજે પ્રસિદ્ધ રામમિંધરમેં નવરાત્રિ દરમ્યાન રામાયણજે પ્રિસંગે મિંજાનું ઉદ્ભવલ રામલીલા ભજેજી આઉગી પ્રિથા છેલ્લા ૭૫ વરેનું આય. ગામજા માસ્તર પ્રેમજીભા તીં રવિભાણ આશ્રમજા મહંત તુલસીદાસ ભગત રામલીલા ચાલુ કે તેનું અજ સુધિ હી જાતરા મિંધરજે ટ્રસ્ટ ભરાં ચાલુ આય. જેંલા કલાકાર મેણોં પેલા તૈયારી કરીંધા હોયતા નેં અજ્જે આધુનિકિકરણજે વડ઼ગણ મેં ૫ માડૂ હસીંખુસી માણીયેંતા. ■

ફોકસ
રશ્મિ શર્મા
feedback@bombaysamachar.com

# સંગીત સાંભળીને વધુ ખીલી ઊઠે છે છોડ

છોડને પણ મ્યુઝિક થેરાપીની જરૂર હોય છે એવું જર્નલ બાયોલોજી લેટર્સમાં પબ્લિશ થયું હતું. એક રિસર્ચમાં જાણવા મળ્યું છે કે સંગીત સાંભળીને છોડ વધુ ખીલી ઊઠે છે. સંગીત વગાડવુ એ પાક અને બગીચા માટે સારું હોય છે. સારુ ખાતર અને માવજતથી તો છોડનો વિકાસ થાય જ છે, પરંતુ યોગ્ય સંગીતથી છોડનો વિકાસ ઝડપી થાય છે.



એક પ્રકારની ફંગસનો ઉપયોગ એને કવક કહેવામાં આવે છે. જેને ખેતીમાં પાકને રોગથી બચાવવા, માટીમાં પોષકતત્ત્વોને સુધારવા અને વિકાસને વધારવા માટે કરવામાં આવે છે. આ ક્વકથી ભરેલી ડીશને રાખવા માટે નાના મ્યુઝિક બૂથ બનાવવામાં આવ્યા હતા. એને દરરોજ ન ડેસિબલના સ્તર પર દરરોજ અડધો કલાક સંગીત સંભળાવવામાં આવતું હતું. પાંચ દિવસો બાદ આ કવકોમાં વૃદ્ધિ દેખાઈ અને અન્ય કવકોની સરખામણીએ એમાં બી ઉત્પાદનની ક્ષમતામાં પણ વધારો દેખાયો હતો.

### છોડ પર સંગીતની અસર

શાસ્ત્રીય સંગીત સાંભળીને છોડ ખીલી ઊઠે છે. અમેરિકન ટીવી શૉ 'મિથબસ્ટર્સ'એ એનું પરીક્ષણ કર્યું હતું. તેમણે પોતાની રિસર્ચમાં નોંધ્યું કે જે છોડને સંગીત સંભળાવવામાં નથી આવતું એની સરખામણીએ સંગીત સાંભળતા છોડનો વિકાસ સારો રહ્યો હતો.

### ઓટાવા

ઓટાવાની યુનિવર્સિટીના બે શોધકર્તાએ ઘઉંને હાઇ-ફ્રિક્વન્સીવાળુ મ્યુઝિક સંભળાવ્યું હતું. છોડે મ્યુઝિકને સકારાત્મક પ્રતિસાદ આપ્યો હતો. એને કારણે ઘઉંનો પાક પણ બમણો થઈ ગયો હતો.

### ન્યુ યૉર્ક

ન્યુ યૉર્કમાં એક વ્યક્તિએ પોતાના છોડને સતત ધીમા સ્વરે સંગીત સંભળાવ્યું હતું. એને કારણે કેટલાક છોડ તેના સમય કરતા વહેલા ખીલી ઊઠ્યા હતાં.

### ઇલિનોય

ઇલિનોયમાં રહેતા બોટનિસ્ટ અને રિસર્ચરે મકાઈ અને સોયાબીનની ખેતી અલગ-અલગ ગ્રીનહાઉસમાં કરી હતી. એના પર તેમણે મ્યુઝિકનો પ્રયોગ કર્યો હતો. તેમણે સતત સંગીત ચાલુ રાખ્યું હતું. સંગીતથી મકાઈમાં ન ટકા અને સોયાબીનમાં ન ટકા પાકમાં વધારો નોંધવામાં આવ્યો હતો. આવી રીતે તેમના પાકમાં વધારો થયો હતો.

ભારતની અન્નામલાઈ યુનિવર્સિટીના બોટની વિભાગના પ્રમુખ ટી.સી. સિંહે કેટલાક છોડ પર સંગીતના પ્રયોગો કર્યા હતા. એમાં તેમને જાણ થઈ કે ચોખાનો પાક સરેરાશ કરતા ૨૫થી ૬૦ ટકા વધુ થયો હતો. તો બીજી તરફ શીંગદાણા અને તંબાકુમાં પચાસ ટકાનો વધારો નોંધ્યો હતો.

આવી રીતે જાણ થઈ છે કે છોડના વિકાસ માટે સંગીત ખૂબ જરૂરી હોય છે. ■

બ્રાન્ડ બનશે બિઝનેસ
સમીર જોશી
feedback@bombaysamachar.com

# ગ્રાહકનું માનીતું મોડેલ - સબ્સ્ક્રિપ્શન



સબ્સ્ક્રિપ્શન....

આ શબ્દ આજે વેપારમાં ઘણો પ્રચલિત છે. હાલમાં એક જાણીતી કાર કંપનીએ પણ આ પદ્ધતિ અપનાવી. આ મોડેલને બિઝનેસ અને માર્કેટિંગ બંને દૃષ્ટિએથી જોઈ શકાય. જોવા જઇએ તો આ મોડેલ આપણા માટે નવું નથી, કારણ કે વર્ષોથી આપણે આ મોડેલને આપણા જીવનમાં અપનાવ્યું છે, પણ મર્યાદિત ચીજો માટે, જેમ કે, રોજ સવારે દૂધ અને ન્યૂઝપેપર અર્થાત્ છાપાઓ ઘરે આવવા. આમ આ સર્વિસ આપણે વર્ષોથી મહાણી રહ્યા છીએ, જે કહે છે કે ૨૦૨૫ સુધી ૪૭૮.૨ બિલિયન સુધી પહોંચી જશે.

સબ્સ્ક્રિપ્શન બિઝનેસ મોડેલને સરળ અર્થમાં સમજીયે તો, આ રિકરિંગ રેવન્યુ મોડેલ છે, જેમાં ગ્રાહક તમારા ઉત્પાદનો અથવા સેવાઓના બદલામાં સાપ્તાહિક, માસિક કે વાર્ષિક ફી ચૂકવે છે. આ મોડેલ તમને તમારા ગ્રાહક સાથેના સંબંધની આડમાં આવકની સ્થિરતા પ્રદાન કરે છે. આ મોડેલ B2B અને B2C કંપનીઓ માટે અનુકૂળ થઈ શકે છે. તાજેતરનાં વર્ષોમાં જીમ મેમ્બરશિપ, OTT સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ્સથી લઈને ઘરેણાં, વાઈન અને ફૂડ સ્નેકિંગ કિટ્સ કે બોક્સ સુધીના તમામ પ્રકારના ઉત્પાદન અને સેવાઓ સબ્સ્ક્રિપ્શન મોડેલનો ઉપયોગ કરે છે. આ મોડેલ વધુને વધુ પ્રચલિત થઇ રહ્યું છે, કારણ તે ગ્રાહક માટે સરળ અને ફાયદાકારક છે. હવે પ્રશ્ન થશે કે શું સબ્સ્ક્રિપ્શન મોડેલ તમારી કંપની માટે યોગ્ય છે..? તો આવો, આના લાભ - ગેરલાભ જોઈએ,જેમકે.. અનુમાનિત આવક: જો કે તમને દર મહિને/ત્રિમાસિક/વર્ષે મળી શકે તેવા રજિસ્ટ્રેશન અને કેન્સલેશનની ચોક્કસ સંખ્યાનું અનુમાન લગાવવું અઘરું છે, પરંતુ અમુક ચોક્કસ સમયગાળા માટે તમે જાણી શકો છો કે કેટલા ઘરાકો તમારી પાસે છે. આના કારણે તમારી કસ્ટમર એક્વિઝિશન કોસ્ટ ઓછી થશે, કારણ તમે નવા કસ્ટમરની પાછળ સમય અને પૈસા ન લગાડતા હયાત કસ્ટમરને વિવિધ બેનિફિટ્સ આપી તમે એને તમારી સાથે બાંધી શકો છો.

ગ્રાહકનો વિશિષ્ટ અનુભવ: આજે લોકો વ્યસ્ત છે, આવા સમયે એમને ગમતા ઉત્પાદન જરૂર હોય ત્યારે એમને ઓછા પ્રયત્ને મળી શકે છે. અમુક વસ્તુઓ દર મહિને આપણા ઉપયોગમાં આવે છે (દા.ત. ટૂથપેસ્ટ, સાબુ, શેમ્પૂ, વાસણ અને કપડાં ધોવાના પાઉડર, કોસ્મેટિક, ફૂડ સપ્લિમેન્ટ્સ, વગેરે). સબ્સ્ક્રિપ્શનના સહારે ગ્રાહકે સ્ટોક રાખવાની ઝંઝટ નથી કરવી પડતી, કારણ કે સમયે સમયે આ પ્રોડક્ટ સામેથી એને ઘેર પહોંચી જાય છે. નવા પ્રોડક્ટના પ્રમોશન અને એનો અનુભવ કસ્ટમરને આપી શકાય છે, કારણ કે સબ્સ્ક્રિપ્શન પ્રોડક્ટ સીધી ઘરે જતી હોવાથી નવા પ્રોડક્ટને તમે સેમ્પલ તરીકે મોકલી શકો છે..

ગેરલાભમાં એ જ કે જે કસ્ટમરને ફ્રી ટ્રાયલ્સ અને ડિસ્કાઉન્ટેડ રેટ આપી તમારી સાથે જોડ્યા હશે એ સમયાવધિ પૂરી થયા બાદ તમારા જેવી જ બેનિફિટ આપતી બીજી કોઈ બ્રાન્ડ સાથે જોડાઈ શકે છે. બીજા શબ્દોમાં કહીએ તો કસ્ટમરને બાંધી રાખવા તે બેનિફિટ પણ છે ને ગેરલાભ પણ...

હવે પ્રશ્ન એ થાય કે સબ્સ્ક્રિપ્શન મોડેલને કેવી રીતે ઊભું કરવું અને તેનું પ્રમોશન કઈ રીત્યે પ્લાન કરવું?

સૌપ્રથમ વિચારો કે તમારી પ્રોડક્ટ કે સર્વિસ તમારા કસ્ટમરના રોજિંદા જીવન માટે કેટલી ઉપયોગી છે. તમે ચોક્કસ સબ્સ્ક્રિપ્શન કિંમતની વ્યૂહરચના પસંદ કરી શકો છો.

દાખલા તરીકે, તમે ફક્ત એક સ્ટાન્ડર્ડ પેકેજ બનાવીને પ્રારંભ કરી શકો છો અને જેમ જેમ તમને ગ્રાહકોના સકારાત્મક પ્રતિસાદ મળવા માંડે ને એમની પસંદગીઓ વિશે વધુ જાણવા લાગો પછી તમે જુદા જુદા સેગમેન્ટના ગ્રાહકો માટે વિવિધ પેકેજો બનાવી શકો છો.

યુઝર એક્સપિરિએન્સ સરળ રાખો, જેના થકી કસ્ટમરને સબ્સ્ક્રિપ્શન લેવું આસાન હોય. તમારી વેબસાઈટ કે એપની માહિતીઓ સરળ કરીને આપો, જેથી તે તરતજ જોઈતી વસ્તુઓ સબસ્ક્રાઇબ કરી શકે. પેમેન્ટની નીતિ- રીતિમાં પારદર્શિતા અને સરળતા રાખો....

અમુક સમય માટે ફ્રી ટ્રાયલ્સ ફ્રી સેમ્પલિંગનું કામ કરે છે તો તમે આના પર વ્યવસ્થિત રીતે કામ કરો કારણ કે આના અનુભવે ગ્રાહક નિર્ણય કરશે તમારી સાથે જોડાવાનો. તમે અમુક ફીચર્સ ફ્રી આપી બીજા ફીચર્સ વાપરવા માટે કિંમત ચૂકવવા ગ્રાહકને કહી શકો.

એજ રીતે, એડવાન્સ પેમેન્ટ આપનારા કસ્ટમરને અપફ્રન્ટ ડિસ્કાઉન્ટ આપો. ઇ-મેલ માર્કેટિંગ - સોશિયલ મીડિયા દ્વારા સતત એમના સંપર્કમાં રહો. કન્ટેન્ટ રસપ્રદ બનાવો, કારણકે રસપ્રદ કન્ટેન્ટ ગ્રાહકને તમારી તરફ આકર્ષશે તો એ જોડશે.

સબ્સ્ક્રિપ્શન આધારિત મોડેલની લોકપ્રિયતા વધી રહી છે અને વિવિધ પ્રકારના બિઝનેસ અને બ્રાન્ડ આનો ફાયદો લેવા તત્પર છે, કારણ કે આ અત્યંત નફાકારક મોડેલ બની શકે છે. વિવિધ કારણોસર આજનો કન્ઝ્યુમર આવા મોડેલો સાથે જોડાવા માગે છે તો એના માટે સમજી વિચારી વ્યૂહરચના ઘડો જે તમને તમારા પ્રતિસ્પર્ધીથી અલગ તારવીને આગળ રાખશે..

આમ સબ્સ્ક્રિપ્શન એ માત્ર ટૂંકી દોડ નથી-તે મેરેથોન છે માટે લાંબા અંતરની યાત્રા માટે તૈયાર રહો. ■

## ૭. ખુશખબર

**સિનિયર સિટિઝન**
મુંબઈમાં ૬૫ કે તેથી વધુ વયના વરિષ્ઠ નાગરિકોને નિઃશુલ્ક બપોરનું ટિફિન પહોંચાડશું. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા પ્રભાદેવી 9819006404. (એસડીબી-૨૧૮૩)

## ૯. લગ્ન સંબંધી

■ વિધવા, વિધુર, વડીલો, કુંવારા, કુંવારિકાઓ, હિન્દુ-મુસ્લીમ, ક્રિશ્ચિયન, પારસી, મેમણ, વોરા, ખોજા, અલ્ટ્રામોર્ડન સુખીલગ્ન માટે 9377992110, 7046555148, 9867510027. (દહેજ નહીં). (બી-૧૪૯૪૯)

**જૈન વૈષ્ણવ**
બધા Age ગ્રુપના યુવક-યુવતીઓના Bio-data whatsapp ગ્રુપમાં મળશે. Rs. 500/- "Kapil Sagpan" 9324863855. Sunday Get together છે. (દહેજ નહીં). (બી-૧૪૭૪૩)

**સમુહ જનોઈ**
બ્રાહ્મણ સેવા સમાજ તા. 17/11/2024 Rs. 10,000/-, કાંદિવલી ખાતે. સંપર્ક - અલકેશભાઈ વ્યાસ - 9819673665. (દહેજ નહીં). (૧૫૦૧૯-એ)

**મુંબઈ**
ડિસેમ્બર ૧૯૮૬ - Interior Designer યુવતી માટે Educated યુવક - Profile મોકલો. મોબાઈલ ૯૭૦૨૪૮૧૩૩૮, 9869781781. (દહેજ નહીં). (બી-૧૫૦૧૮)

## ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન-8879576963. (દહેજ નહીં.). (૧૫૦૪૬-એ)

**SAPTPADI**
**Highly Qualified Jain, Vaishnav Gujarati, Candidates. "Neela Sheth" - 9833676409 / 7045657510. (No Dowry) (15032-A)**

## ૧૦. મહિલાઓ માટે

**મહેમાનોનો ઉતારો**
બાપલી બંગલો રોજના ધોરણેથી બોરીવલી/કાંદિવલીમાં, બર્થડે, સગાઈ, પાર્ટી, એક્ઝિબિશન માટે 9821112796. (૧૫૦૪૬-જી)

## ૧૨. યાત્રા સહેલગાહ

**લોનાવાલામાં બંગલો**
**લોનાવાલામાં 7 સ્ટાર લક્ઝરી 4 BHK + 4 BHK બંગલો દરરોજ ભાડા પર ઉપલબ્ધ. મોટા પરિવારના વેકેશન, કોર્પોરેટ પાર્ટી, બર્થડે, એનીવર્સરી સેલિબ્રેશન, વેડિંગ, પ્રી-વેડિંગ શૂટિંગ અન્ય કોઈ પણ શુભ પ્રસંગ માટે ઉત્તમ જગ્યા. ડિસ્કો લાઈટ, સંગીત સાથેનો પાર્ટી હોલ. ZLINE D VILLA બુકિંગ માટે સંપર્કઃ મિસ ઝીલ શાહ 9769670155. ટ્રાવેલ એજન્ટોની ઈન્કવાયરી આવકાર્ય. (બી-૧૫૦૦૭)**

**નિઃશુલ્ક જાત્રા**
મુંબઈમાં ૬૫ વર્ષ ઉપરના માટે એક દિવસીય નેરુલ લોનાવાલામાં જૈન દેરાસર જાત્રા શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા ૭૩૦૪૪૭૨૫૮૧. (એસડીબી-૨૧૮૪)

# મુંબઈ સમાચાર ના ઓથોરાઈઝડ ક્લાસિફાઈડ ડેપો લીસ્ટ

MIRA ROAD
ASHANSHI ADVERTISING & PRESS RELATION
Tel: 28114235 / 28114295 / 28553722
DAHISAR
KENIA AD AGENCY
Tel: 28905993,28925993
BORIVALI
EXPRESS ADVTG. AG.
Tel. :9820401077/ 9820401099/ 28339977.
KOKISHA ADVERTISING
Tel.: 28950139 / 28932877
Mobile: 9820200500.
SHREE VERSATILE
Tel: 022-28993348 / 022-28993349
TENDER ADS.
Tel.: 28902057/28918881 / 28901049.
Mobile: 9821112796.
KANDIVALI
ARIHANT ADVERTISING
Tel: 28627468/28626679.
Fax: 28631357.
GAYATRI PUBLICITY CO.
Tel: 28055819/32508525.
NEW BOOM ADS.
Tel: 9821153364/9322232712
PRANAV PUBLICITY
Tel.: 28693300/9820295421/ 9820006816
Tele Fax: 28685505/28646115
JEET ADVERTISING AGENCY
Tel: 9820006816/ 28989990
Tele Fax: 55713747.
VIKSON ADVERTISING AGENCY
Tel: 28645005.
Fax: 28644004.
MALAD
SIGNATURE ADVERTISING
Tel. : 28811012
Mobile: 9820489442
SHRADDHA PUBLICITY
Tel: 28880404.
Mobile: 9224674744
SYNERGY ADVERTISING
Tel.: 28891428/9869101801/ 9029101801
YASHI ADVERTISING
Mobile: 9820855578/ 9820877810/ 28898297.
Tel.: Fax: 2807 8255
NOBLE PUBLICITY SERVICE PVT. LTD.
Tel: 28881426/28897301.
Fax: 28897567.
GOREGAON
ASHUTOSH LEGEND MULTI-MEDIA P. LTD.
Tel: 28779143, 28742201
Tel. Fax: 28741360.
ADRESULT SERVICES
Tel: 28726291
Tel. Fax: 28762157.
SHARK ADVERTISING PVT.LTD
Tel: 26863587 / 26863597
Mobile: 9820223503
SHREE REKHA AGENCY
Tel: 29275033/ 9819099563
JOGESHWARI
TECHNO-KRATS ENTERPRISES
Tel. Fax: 2679 5549.
ANDHERI
PRIME PUBLICITY SERVICE
Tel: 56771190/26839686.
Tel. Fax: 26830304
FAMS ADVERTISER
Tel: 26715389/64173276
SMART ADVERTISERS
Mobile: 9322006833
Tel. Fax: 26846833.
LOKHANDWALA ADVERTISING
Tel: (022) - 46732289
Tele. Fax: 26316960
VILE PARLE
MEHTA ADVERTISING AGENCY
Tel: 26711896, 9821522195
HINDUSTAN ADVERTISING & MARKETING
Tel. 26146229, Mob: 9869577941
SANTACRUZ
URS PUBLICITY
Tel: 26177838. Mobile: 9869088972.
KHAR
KIRTI AGENCIES
Tel: 26047542. Tel Fax: 26053675
MAHIM
CHARUDATTA ADVERTISING
Tel: 24221461. Fax: 24316482.
MATUNGA (C.R.)
PREVIEW ADS & DESIGNS
Tel: 24033462/32509565.
Fax: 24024313.
DADAR
B.Y. PADHYE PUBLICITY SERVICE
Tel: 24229241.
TARDEO
SARJAN ADVERTISING CO.
Tel: 66626983/66602032
OPERA HOUSE
Lemon Star Advertising Agency
Tel: 49711349, M-9323225769
GIRGAON
KAIRLEEN ARTS.
Tel: 23866072 / 23891317
Mobile: 9324945454 / 9892097470
BHULESHWAR
KHOOSHI CREATIONS
Mobile: 9869000624, 7977013553
Tel. 22425899.
BYCULLA
COLOR SPOT
Tel: 23748048/23714748
Tel. Fax:23732511.
TAJ PUBLICITY SERVICES
Tel: 23054894/23052149
Tel Fax: 23079854.
ABDUL REHMAN ST.
GANESH ADVERTISERS
Tel: 23429163/23414596.
MASJID BUNDER
GAUTAM ADVERTISING
Mobile: 09821054179/ 08080453839.
S. ARTS ADVERTISING
Tel: 23415111
Tel.Fax: 23415222
C. S. M. T.
JAYA ADVERTISING PVT. LTD.
Tel: 22070382/ 22072500
KALBADEVI
P. V. ADVERTISER
Tel: 26768888
Fax: 26790755
NARIMAN POINT
FCA COMMUNICATION
Tel: 22824213.
MARINE DRIVE
PARTH ADVERTISING & MARKETING
Tel: (022) 35948193
Mobile: 9820689070
THANE
HEM-HIRA PUBLICITY
Tel: 32935537
Tel. Fax: 25360269
Mobile: 9869489269
MULUND
MAHESH ADVERTISING AND DESIGNING
Tel: 25916735/2469.
Tel. Fax: 25682469.
PARESH ADVERTISING SERVICE
Tel: 25618851/25614505.
Mobile: 9820391544
SMITE PUBLICIZE
Tel: 022 - 25609674 - 25612007
Mobile: 9821364422 / 9324811105
GHATKOPAR
MARISHA COMMUNIQUE
Tel: 21022286
Tel.Fax: 21023498
ROYAL ADVERTISERS
Mobile: 9819995622/ 9819175581
Tel: 21026993
SMIT ADVERTISING
Mobile: 9821038260 / 9320038260
SINGHAL PUBLICITY
Tel: 55758001/25966504.
Fax: 25131327.
K PARTH PUBLICITY
Ph. 25010606/25103939
Mob.- 9819116116
CHEMBUR
AGARWAL ASSOCIATES
Tel: 25290741
Tel. Fax:25230002.
Mobile: 9004055773/4/6/2
BHAYANDER (EAST)
WHITE ADVERTISING
Tel: (0) - 28171216, 65229804
Mobile: 9324545986
NALLASOPARA (EAST)
RUTURAJ ADVERTISING AGENCY
Tel: 9082826024 / 9819760130, 9773082684
VIRAR (EAST)
AAKAR PUBLICITY
Mobile: 9768110020 / 9892780722

## ૧૨. યાત્રા સહેલગાહ

**■ નવીજ ઇનોવા ક્રિસ્ટા, કિયા કરન્સ, અર્ટિગા 6 સીટર ભાડે મળશે. ''નીલ - તેજ - ટ્રાવેલ્સ'' - 8828221010 / 9322694599. (બી-૧૪૭૭૯)**

## ૧૪. નોકરી ખાલી છે

**■ કાર માટે અનુભવી ગુજરાતી ડ્રાઈવર પાર્ટ ટાઈમ જોઈએ છે. 8971972599. (એસડીબી-૨૧૯૨)**

**અંધેરીમાં**
**રસોઈ, ઘરકામ અને અપંગ માસીની સારસંભાળ માટે ગુજરાતી, વૈષ્ણવ, બ્રાહ્મણ, જૈન બહેનની જરૂર છે. 8971972599. (એસડીબી-૨૧૯૩)**

■ મુલુંડસ્થિત નામાંકીત રીઅલ એસ્ટેટ કંપનીમાં 5 વર્ષના અનુભવી ફિમેલ એકાઉન્ટન્ટ માટે અમુલ્ય તક. ઉંમર ૨૫-૪૫ વર્ષ. ટેલી, TDS, GST રિટર્ન, કંપની એકાઉન્ટ ફાયનલાયઝેશન જાણકારી જરૂરી. પગાર 45000/- Email: office@horizonpromoters.com (૧૫૦૬૯-એ)

**REQD FOR SALES OF Heavy Chemicals in Cement, Perfume, Chemical and Textile Industries B2B and Retail for different parts of Mumbai. Min. exp. of 5 years in Chemicals field and command in English & Marathi Language. Interested Candidates Call: 9090656587. Email: info.vcchem@gmail.com (B-14999)**

**SALOON AT NALLASOPARA West Reqd. Staff for Chemical Hair Treatment, Nails, Makeup Advance Facial, Waxing, Manicure, Pedicure. Min exp. 2-5 years Mobile: 9601960108. (B-15000)**

## ૧૭. જગ્યા આપવી છે

**અંધેરી જૂહુલેન**
**વેસ્ટ 1 BHK ગ્રાઉન્ડ ફ્લોર શ્રીરામ સ્કૂલ પાછળ Residence/ Office માટે ૬૦,૦૦૦ ભાડાથી લેવા 9820601794 Bharat Mayani. (એસડીબી-૨૨૧૬)**

**બોરીવલી (વેસ્ટ)**
**3 બેડરૂમ (માસ્ટર બેડ) ઈસ્ટ - વેસ્ટ, OC, પાર્કિંગ, વેચવાનો. 9769047623. (૧૫૦૭૭-ઈ)**

**મુલુન્ડ (ઈસ્ટ)**
3 BHK, અંદાજિત 900' કાર્પેટ, ઓપન કાર પાર્કીંગ. ટાટા કોલોની/ હાઈવે, રોડ ફેસીંગ ફ્લેટ. 2.11 કરોડ. મધુકર ઠક્કર-9820016348. (૧૫૦૭૬-એ)

**JUHU GULMOHAR**
ભાડેથી નવા બિલ્ડિંગમાં, ૩ બેડરૂમ, (૧.૬૮) ફુલ્લી ફર્નીચર સાથે, સ્વીમીંગ પૂલ, જીમ, વોકીંગ ટ્રેક. 9930207780, 9930933398. (૧૪૪૮૭-ડી)

**હેવી ડીપોઝીટથી આપવાનો**
રૂમ કિચન રેસીડેન્સીયલ / કોમર્શીયલ બન્ને માટે, કાંદીવલી (વેસ્ટ) અન્ય પ્રપોઝલો લેવા-આપવા. મુકેશભાઈ 9082825482, 9321693211. (૧૪૪૮૭/બી)

**ગામદેવી ખાતે**
''સુગન હાઈટ્સ'', હરિશ્ચંદ્ર ગોરેગાંવકર રોડ, ગ્રાન્ટ રોડ, જૈન મંદિર અને શિવ તાપી બિલ્ડીંગ પાસે 1100 ચોરસ ફૂટ, ચોપાટી પાસે 3 BHK ફ્લેટ, 6 મહિનામાં કબજો, દલાલોનું પણ સ્વાગત છે. સંપર્કઃ 9967333000. (જેપી/૪૯૪૮-ડી)

**ઘાટકોપર**
૧, ૨, ૩ બેડરૂમના ફ્લેટ ભાડે મળશે તુરંત કબજો 9869051038. (૧૫૦૬૧-એ)

**જુહુ સ્કીમ ગુલમહોર રોડ**
**૨-૩-૪ બેડરૂમ - હોલ - કિચનના ફ્લેટો તૈયાર કબજો. ઓનરશીપથી લેવા. જયેશ 9820994954. (૧૫૦૬૪-એ)**

**પાર્લા (ઈસ્ટ-વેસ્ટ)**
**૨-૩-૪ બેડરૂમ - હોલ - કિચન તૈયાર કબજો. ઓનરશીપથી લેવા. જયેશ 9820994954. (૧૫૦૬૪-બી)**

**અંધેરી (ઈસ્ટ)**
**સ્ટેશનની નજીક, મોર્ડન એમેનીટીઝવાળા પ્રોજેક્ટમાં મોટા 2/3 બેડરૂમ તથા જોડી ફ્લેટો જેમાં 100 ફેમિલીએ બુકિંગ કરાવેલ છે. તેવા A/B/C/D ટાવરમાં વેચાણથી લેવા. ભરત પારેખ 9920675286. (એસડીબી-૨૧૬૨)**

**સાઉથ મુંબઈ**
કારમાઈકલ રોડ, 3 BHK, 1350'+150' ટેરેસ + ગેરેજ/ગામદેવી, 2 BHK, 1050' એક કાર પાર્કિંગ/બ્રીચકેન્ડી, 2 BHK, 850' સીવ્યુ. એક ગેરેજ/વાલકેશ્વર, સીવ્યુ, BHK, 1900' એક ગેરેજ/ગામડિયા રોડ, 2 BHK, 900' લેન પાર્કિંગ/પેડર રોડ, 2 BHK, 1340' + 250 ટેરેસ + ગેરેજ/ચોપાટી, 2000' જૂના ભાડાની જગ્યા, એક પાર્કિંગ વધુ વિગત માટે સાઉથ મુંબઈમાં જગ્યા લેવા વેચવા માટે સંપર્કઃ રાજેશ ઠક્કર - Thakkar Realty-9820157738. (બી-૧૪૯૮૪)

**સાઉથ મુંબઈ**
3 BHK ગામદેવી 1100 કાર્પેટ 2 પાર્કિંગ/2 BHK સ્લેટર રોડ 1100 કાર્પેટ/કેમ્પસ કોર્નર 3 BHK 1600 કાર્પેટ, સીવ્યૂ, 1 ગેરેજ/બ્રીચ કેન્ડી 3 BHK 1400 કાર્પેટ, 1 Parking સંપર્કઃ ઠક્કર રિયાલિટી રાજેશ ઠક્કર 9820157738. (બી-૧૪૯૮૬)

## ૧૭. જગ્યા આપવી છે

**ઘાટકોપર ઈસ્ટ-**
**ફ્લેટ વેચવાનો છે 1 BHK, 523 sq. ft. કારપેટ, કાર પાર્કિંગ સાથે, 10 ft 6 inch હાઈટ, નવી બિલ્ડિંગ વીથ ઓસી, ગાર્ડનની સામે, શાંત એરિયામાં, સ્પેસિયસ, વેલ મેઈનટેંઈન રજી. સોસાયટી, સારા પાડોશ. 1.45 cr. Negotiable. સંપર્કઃ- જીજ્ઞેશ છેડા 9892661495. (૧૫૦૫૬-એ)**

**અંધેરી વેસ્ટ**
ભરડાવાડી, જે.પી. રોડ તુરંત વેચવાનો છે. 1 બેડરૂમ ફુલ્લી ફર્નિશ્ડ (CONVERTED 2 BHK) 585 કાર્પેટ, પાર્કિંગ સાથે 1.65 CR, 2 બેડરૂમ 735 કાર્પેટ 2.25 CR, (નવા બિલ્ડિંગમાં), 500 કાર્પેટ 1.60 CR. સંપર્કઃ જિતેશભાઈઃ 9821122362. (૧૫૦૫૦-એ)

**કાંદિવલી વેસ્ટમાં**
સારા લોકેશનમાં, વન બેડરૂમ, હોલ કિચન વેચવો છે. બજાર, મંદિર, દેરાસર, સ્ટેશન, મેટ્રો, સ્કૂલ કોલેજની નજીક. - 9819807824. (બી-૧૪૯૯૨)

**પરેલ/શિવરી**
અશોક ગાર્ડન્સ / ટાવર્સ ૨/૩/૪/૫ બેડરૂમ લેવા/વેચવા/ભાડેથી - ૯૬૧૯૦૧૪૫૫૫ / ૯૮૨૧૦૧૪૫૫૫. (બી-૧૪૯૪૪)

**બાંદ્રા બોરીવલી**
૧/૨/૩/૪ બીએચકે ફ્લેટ્સ/શૉપ્સ વેચવા/ ખરીદવા ભાડેથી લેવા/આપવા સંપર્ક રાજઃ 8459614981/83. (બી-૧૪૯૬૯)

**વિલેપારલા (વેસ્ટ)**
**૨ બેડરૂમનો ફ્લેટ સારા લત્તામાં, ફુલ્લી ફર્નિશ્ડ, જૈન દેરાસર નજીક, ૧ પાર્કિંગ સાથે વેચવાનો. ફોનઃ ૯૮૨૦૯૫૨૦૬૦. (૧૪૪૮૪-એ)**

**કાંદિવલી (વેસ્ટ)**
3 બેડરૂમ, 1040' એમજીરોડ, સ્ટેશન, દેરાસર નજીક વેચાણથી. વિનોદભાઈ 8097960449. (૧૪૪૭૫/એ)

**કાંદિવલી (વેસ્ટ)**
સ્ટેશન 0.5 Km, 5 પોડિયમ + 22 માળના ટાવરમાં 2 બેડરૂમ 1.80 કરોડ Onwards 3 બેડરૂમ 2.55 કરોડ Onwards, 20 + એમીનિટી, પોડિયમ + Rooftop site એસવી રોડ સંપર્ક 9820964062-9820379493. (જેપી/૪૯૪૮-બી)

**■ 5 ગાર્ડન પાસે દાદર પારસી કોલોનિમાં જૂના ભાડાથી 900 કારપેટ 2 બીએચકે લિફ્ટ સાથે. ગાર્ડન સામે શાંત લોકેશન. રીડેવેલપમેન્ટ પાક્કુ. ઓનરઃ 8850311568. (બી-૧૪૯૩૮)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
**વેચાણથી. પંત નગર, 2 બેડરૂમ - 600' કારપેટ + 200' કારપેટ ટેરેસ (મ્હાડા બિલ્ડિંગ રીડેવ્લોપમેન્ટ શક્ય). વિશાલ મહેશ ઠક્કર (પ્રોપર્ટી કન્સલટન્ટ) 8879102888. (૧૫૦૮૭-ડી)**

**વિલેપાર્લા (વેસ્ટ)**
4 બેડરૂમ, 2300' લક્ઝરીયસ, પીસફૂલ લોકેશન, સ્ટેશન, માર્કેટ, દેરાસર નજીક, વેચાણથી. વિનોદભાઈ 8097960449, ભાવેશભાઈ 9324001110. (૧૪૪૭૫/સી)

**ઓબેરોય-સ્કાયસિટી**
**સોનીભાઈ-7050305030**
**બોરીવલી ઈસ્ટમાં 3/4 બેડરૂમના ફ્લેટો લેવા-વેચવા-ભાડેથી. (૧૪૯૯૯-ડી)**

**MATUNGA (WEST)**
**Sale 2 Bedroom 4 Cr. & 2 Bedroom 2.65 Cr. New Bldg. Ravi 9820109761. (JP/4948-F)**

**VILEPARLE (EAST)**
1700 usable carpet Flat fully furnished Lavishly done up on Higher Floor at Nariman Road asking 7.5 Cr. for inspection Call Sweet Living - 8657019990 / 9768246731. (B-15005)

**MULUND WEST**
3 BHK (2.65 Cr.) available Flat for Sale at City of Joy. Call Raj - 9320091716. (B-15020)

**GAMDEVI**
Dharam Castle, New Tower, OC will come, 3 BHK, 3 Bath, Full Sea View, Parking, 825 carpet, 4.75 Cr. Or Rent 1.10 Lakh. 9892387267. (14994-B)

**DOSTI FRIENDSHIP MONTH**
Xclusive offer and prices 0% Stamp Duty at Wadala Eastern Bay 2 Bed 2.65 Cr. 3 Bed 3.70 Cr. 4 Bed Jodi Flats 5.15 Cr. 7 Star amenities Free hold Land. +91 89761 02382. (B-14750)

**VILE PARLE EAST**
1037 cpt Higher Floor West Open Flat, Jain Temple, School for Outright Sell. Asking 5.10 Cr. Podium Parking OC received. Call Sweet Living - 8657019990 / 9768246731. (B-15008)

**KHAR (WEST)**
For Sale Near Ram Kishan mission, 3 BHK, 1046' Carpet, 1 stilt Parking, Higher Floor, Ready Possession. Call: Pankaj Parmar- 9821026788. (14487/C)

## ૧૮. જગ્યા જોઈએ છે

REQUIRED 4 BHK IN A grade apartment on an outright basis. Area Required 2000 Sq.Ft, Altamount Road, Breach Candy, Nepen Sea Road, Carmichael Road Contact Thakkar Realty Rajesh Thakkar 9820157738. (B-14985)

REQUIRED 4 BHK IN A grade apartment on Lease, Area required 3000 Sq Ft, Altamount Road, Breach Candy, Nepen Sea Road, Carmichael Road Contact Thakkar Realty Rajesh Thakkar 9820157738. (B-14983)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**ચીંચોટી (વસઈ)**
**9500 ફૂટ ગ્રાઉન્ડ + વન INDEPENDENT UNIT ભજનલાલ ડેરી ફાર્મ પાસે 100 HP પાવર, વેચાણથી/ ભાડેથી આપવાનું છે. (ઓનર) 9820050482. (૧૫૦૬૫-બી)**

**ભિવંડીમાં ઈન્વેસ્ટરોને**
**હાયવે ટચ, પ્રાઈમ લોકેશનમાં, જમ્બો વેરહાઉસ, 7.75% ROI, ભાડેથી લાગેલા, વેચાણથી. ''ઓનર'' 9321690977. (૧૫૦૬૬-એ)**

**નાયગાંવ**
**કામણ ભિવંડી રોડ (પોમણ) યુનીવર્સલ કોલેજની સામે 50,000/- સ્કે. ફુટ RCC ગ્રાઉન્ડ ફ્લોર, ૨૦ ફુટ હાઈટ. ભાડેથી આપવાનું છે. ગોડાઉન, વેરહાઉસ માટે ઉત્તમ. (ઓનર) 9820050482. (૧૫૦૬૫-એ)**

**વસઈ - કામણ**
**સાતીવલી - વાલીવ - હાઈવે - સિરસાડ - પોમણ - બાપાને - સસુનવધર - ઈન્ડસ્ટ્રીયલ - ગાળા - શેડ - યુનિટ - પ્લોટ - લેવા-વેચવા - ભાડેથી - ગોપીભાઈ - 9326472399, જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૩૮૦૮-એ)**

**વસઈ**
ઈન્ડસ્ટ્રીયલ ગાળા પ્લોટ લેવા/ વેચવા/ ભાડેથી રુષભ ઉપાધ્યાય 9049625073 હિતેષ ઉપાધ્યાય 9326470109. (એસડીબી-૨૧૮૯)

**KAMAN GALA RENT**
Gala No. C14, 15000 sf, GF 7500, FF 7500, Ganesh Indus Estate, behind Sagar Hotel, Kaman, Goods lift, 50 HP. Tejas - 9820633257. (JP-4948-C)

## ૨૦. ધંધાદારી જગ્યા

**ભાડેથી ઓફીસ**
મળશે. સાકીનાકા મેટ્રો સ્ટેશન પાસે, ૩૮૪' રેરા કારપેટ, ''૭૨ કોર્પ બિલ્ડિંગમાં'' સંપર્કઃ ૮૧૦૮૩૩૦૩૭૫. (૧૫૦૩૦-ડી)

**ANDHERI KURLA ROAD**
FF Office available for Outright Sell at Atrium, Near Courtyard Marriot, 2328 Carpet on Higher Floor Pics available on Request. For Inspections & Price Call Sweet Living - 8657019990 / 9768246731. (B-15005)

**LOWER PAREL**
1200 sqft Office available for Leave & Licence. Only WhatsApp 7304472581 (Owner). (SDB-2185)

**COMMERCIAL PREMISES REQUIRED**
Required for clinic on lease Minimum 2500 to 3000 area Opera House, Sukh Sagar, Chowpaty, Tardeo Contact Thakkar Realty Rajesh Thakkar 9820157738. (B-14982)

## ૨૩. મનોરંજન

**''બજેટ મુજબ''**
''દાંડિયા'', ''સંગીતસંધ્યા'', ''લગ્નગીત'', ''બર્થડે'', ''એનિવર્સરી'', ''પ્રાર્થના''. ''કમલેશ માંડલિયા'' - 9820889938. (૧૫૦૮૨-એ)

## ૨૫. શૈક્ષણીક

**સંગીત ક્લાસ**
હાર્મોનિયમ, કેસિયો, શાસ્ત્રીય સંગીત, ગાયન, છંદ, દુહા, લોકગીત તથા શ્લોક શીખો- ૯૯૩૦૪૬૧૭૭૯ ગદાધર. (બી-૧૪૯૯૮)

## ૩૧. નાણાંકીય

**૧૦,૦૦,૦૦૦**
વળતર મહિને ૬૦૦૦ પ્લસ ૧૦ વર્ષમાં ૨૦,૦૦,૦૦૦ અપનો શુભચિન્તક અભય-9223481847. (બી-૧૪૯૬૮)

## ૩૨. જમીન-મિલકત

**જમીન લેવેચ-ગુજરાત**
વાપીથી તાપી ઉમરગામથી સુરત તથા દમણમાં N.H. 48ની આજુબાજુ ૧ થી ૧૫૦ એકર એક જથ્થામાં IND/NA- RES./NA, FARM HOUSE અને RESORT માટે સંપર્ક. PATEL CONSULTANT AND DEVELOPERS. 705, SONOROUS, VAPI. Contact: UTTAMBHAI PATEL - 9904000075, 7096000075. (૧૫૦૭૧-એ)



**વિસર્જનઃ** પશ્ચિમ બંગાળના કોલકાતા ખાતે દુર્ગાપૂજાના અંતિમ દિવસ 'વિજયાદશમી'એ ગંગામાં દેવી દુર્ગાની પ્રતિમાનું વિસર્જન કરી રહેલા શ્રદ્ધાળુઓ. (પીટીઆઇ)

## ૩૨. જમીન-મિલકત

**ગુજરાતમાં**
સોલાર એનર્જી/ ખેતી/ ઈન્વેસ્ટમેન્ટ માટેની 500થી 1500 વીઘા જમીન વેચાણથી આપવાની છે. 09825064037. (૧૪૪૮૮/ઈ)

## ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**
50 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૦૫-એ)

**એકાઉન્ટ**
કોઈપણ પ્રકારનું એકાઉન્ટ રેગ્યુલર - તાત્કાલિક તૈયાર કરીને આપીશું. પિયુષભાઈ - 9869587290. (બી-૧૫૦૨૧)

**''પાણીની ટાંકીઓ''**
''મશીનથી કુવા - સોસાયટીની - ઘરની ટાંકીઓની સફાઈ''. ''યોગી એન્ટરપ્રાઇઝ'' - 9820776583 / 9892298963. (૧૫૦૦૬-સી)

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર- 9769691025/ 26822572. (બી-૧૪૮૫૬)

■ એક જ વખત રૂપિયા 2000/-, 3000/-, 4000/- રોકીને એક કેરીના ઝાડના માલિક બનો અને 5 વર્ષ સુધી ઉત્તમ પ્રકારની કેરી મફત ભેટ મેળવો. 9323549091/8104853768. (૧૫૦૨૮-એફ)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

■ ભાગ્યશ્રી જ્યોતિષ, બોરીવલી (વેસ્ટ), લવ પ્રોબ્લેમ, પ્રેમ લગ્ન, છૂટાછેડા, વ્યાપાર-ફેક્ટરીમાં લાભ, શત્રુ-સૌતન, પતિ-પત્ની ઝઘડા, વ્યસન મુક્તિ. 6355047120. (બી-૧૪૮૮૫)

***શ્રીજી જ્યોતિષ***
અશક્યને શક્ય કરનાર સચોટ નિવારણ. જન્માક્ષર, લગ્ન વિલંબ, સૌતન, પતિ-પત્ની અનબન, પ્રેમીમિલન, (લવ પ્રોબ્લમ, પર્સનલ પ્રોબ્લમ, સ્પેશિયાલિસ્ટ) 9372024547 (ઘાટકોપર) (નિરાશ થયેલા વ્યક્તિઓ ખાસ મળો). (બી-૧૪૯૫૧)

***શાસ્ત્રીજી ***
દરેક સમસ્યાનું ફોન માટે સલાહ જન્માક્ષર દ્વારા જાણો તમારું ભવિષ્ય (મુંબઈ) 9765396401. (બી-૧૪૯૮૭)

***શ્રીચામુંડા જ્યોતિષ***
**લગ્નમાં રુકાવટ, જૂની બીમારી, સંતાન, ચિંતા, લવ મેરેજ, પતિદુઃખ, છુટાછેડા, શત્રુથી પરેશાન, ફેમિલી પ્રોબ્લેમ - 9157999811 પારસનગર, જૈન દેરાસર પાસે શંકર ગલ્લી, કાંદિવલી (વેસ્ટ) 022-31970731. (બી-૧૪૯૫૦)**

## ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719/ 7208019515. (૧૫૦૨૬-એ)

**પરદેશમાં પાર્સલ**
અમેરિકા, લંડન, દુબઈ દુનિયાભરમાં પહોંચાડીશું ઓમદર્શન- 8879196093/ 9833631359. (બી-૧૫૦૦૧)


**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઇપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


# ૨૦૮ ઈન્ફ્રા પ્રોજેક્ટ મંજૂરી માટે મોકલાયા

## ₹૧૫.૩૯ લાખ કરોડના પ્રકલ્પની ભલામણ

નવી દિલ્હીઃ કેન્દ્ર સરકારે વિવિધ મંત્રાલય દ્વારા 'પીએમ ગતિશક્તિ' હેઠળ રૂપિયા ૧૫.૩૯ લાખ કરોડના ૨૦૮ ઇન્ફ્રા પ્રોજેક્ટની મંજૂરી માટે ભલામણ કરાઇ છે. આ પ્રકલ્પમાં માર્ગ અને રેલવેના પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે.

'પીએમ ગતિશક્તિ ઇનિશિએટિવ' હેઠળ નેટવર્ક પ્લાનિંગ ગ્રૂપની રચના ૨૦૨૧ની ૧૩ ઑક્ટોબરે કરાઇ હતી અને તેના દ્વારા આ પ્રોજેક્ટ્સની ભલામણ કરાઇ છે.

ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઑફ ઇન્ડસ્ટ્રી ઍન્ડ ઇન્ટરનલ ટ્રેડના સેક્રેટરી અમરદીપસિંહ ભાટિયાએ પત્રકારોને જણાવ્યું હતું કે માર્ગના ૧૦૧, રેલવેના ૭૩, શહેરી વિકાસના ૧૨ અને તેલ તેમ જ ગૅસ મંત્રાલયના ચાર પ્રોજેક્ટ માટે ભલામણ કરાઇ છે.

વિવિધ મંત્રાલયનો સમાવેશ કરતા નેટવર્ક પ્લાનિંગ ગ્રૂપની બેઠક દર પખવાડિયે મળે છે. નાણાં મંત્રાલય હેઠળના પબ્લિક ઇન્વેસ્ટમેન્ટ બોર્ડ કે ડિપાર્ટમેન્ટ ઑફ એક્સપેન્ડિચર દ્વારા આ પ્રોજેક્ટ્સને મંજૂરી અપાય, તે પહેલાં નેટવર્ક પ્લાનિંગ ગ્રૂપની બહાલી મળવી જરૂરી છે.

નેપાળ અને શ્રીલંકાએ પણ 'પીએમ ગતિશક્તિ ઇનિશિએટિવ'માં રસ દાખવ્યો હતો. (પીટીઆઇ) ■

# કર્ણાટકમાં ગેરકાયદે રહેતા આઠ બાંગ્લાદેશી ઝડપાયા

ઉડુપીઃ કર્ણાટકના ઉડુપી જિલ્લામાં ગેરકાયદેસર રીતે રહેતા આઠ બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ કરવામાં આવી છે. તેઓ છેલ્લા ત્રણ વર્ષથી જિલ્લાના હુડે ગામમાં માન્ય પાસપોર્ટ કે વિઝા વગર રહેતા હતા. આ જાણકારી પોલીસે શનિવારે આપી હતી.

ઉડુપીના પોલીસ અધિક્ષક અરુણ કે.ના જણાવ્યા અનુસાર જ્યારે મોહમ્મદ માણિક નામના આરોપીએ નકલી પાસપોર્ટનો ઉપયોગ કરીને મેંગલુરુ એરપોર્ટથી દુબઇ ભાગવાનો પ્રયાસ કર્યો ત્યારે ધરપકડ કરવામાં આવી હતી.

તેમણે જણાવ્યું કે ઇમિગ્રેશન અધિકારીઓની શંકાને કારણે પડોશી દક્ષિણ કન્નડ જિલ્લામાં બાજપે એરપોર્ટ પર તેની ધરપકડ કરવામાં આવી હતી.

પૂછપરછ દરમિયાન માણિકે ખુલાસો કર્યો કે હુડે ગામમાં તેની સાથે અન્ય સાત બાંગ્લાદેશી નાગરિકો ગેરકાયદેસર રીતે રહેતા હતા.

આ માહિતી ઉડુપી પોલીસને મોકલવામાં આવી હતી, ત્યારબાદ તેમણે આ વિસ્તારમાં દરોડો પાડ્યો હતો. પોલીસે શુક્રવારે સાત લોકોની અટકાયત કરી હતી અને ગેરકાયદે રહેવા અંગે વિગતવાર તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે આરોપીઓ પાસે નકલી આધાર કાર્ડ હતા.

એસપી અરુણે જણાવ્યું કે આરોપીઓએ આ નકલી આધાર કાર્ડ કેવી રીતે મેળવ્યા અને તેઓ બાંગ્લાદેશથી ભારતીય સરહદમાં કેવી રીતે પ્રવેશ્યા તે જાણવા માટે તપાસ ચાલી રહી છે. હાલમાં આઠ બાંગ્લાદેશી નાગરિકો પોલીસ કસ્ટડીમાં છે અને તેને સ્થાનિક કોર્ટમાં રજૂ કરવામાં આવે તેવી અપેક્ષા છે. ■

# નિકાસકારોને સ્કીમોના લાભ મેળવવા માટે રજિસ્ટ્રેશન કમ મેમ્બરશિપ સર્ટિફિકેટ ફરજિયાત નથીઃ ડીજીએફટી

નવી દિલ્હીઃ વાણિજ્ય મંત્રાલય હેઠળના ડિરેક્ટોરેટ જનરલ ઑફ ફોરેન ટ્રેડ એ તાજેતરમાં સ્પષ્ટતા કરી હતી કે નિકાસકારોને સ્કીમો હેઠળ ડ્યૂટી ડ્રોબેક અને રમિસન્સ ઑફ સ્ટેટ લેવીઝ જેવા લાભ લેવા માટે રજિસ્ટ્રેશન કમ મેમ્બરશિપ સર્ટિફિકેટ ફરજિયાત નથી.

વિદેશ વેપાર નીતિ અનુસાર નીતિ હેઠળ લાભ મેળવવા નિકાસકારો માટે રજિસ્ટ્રેશન કમ મેમ્બરશિપ સર્ટિફિકેટ જરૂરી છે. આ સર્ટિફિકેટ રાખવાથી નિકાસકારોને કસ્ટમ્સ અને એક્સાઈઝનાં સંદર્ભમાં લાભ મેળવવામાં પણ મદદરૂપ થઈ શકે છે. સામાન્યપણે આ સર્ટિફિકેટ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ અને કૉમૉડિટી બોર્ડ દ્વારા જારી કરવામાં આવે છે. ડીજીએફટીએ જણાવ્યું હતું કે ડ્યૂટી ડ્રોબેક, રિબેટ ઑફ સ્ટેટ ઍન્ડ સેન્ટ્રલ ટેક્સીસ ઍન્ડ લેવીઝ અને રેમિસન ઑફ ડ્યૂટીઝ ઍન્ડ ટેક્સીસ ઓન એક્સપોર્ટ પ્રોડક્ટસ જેવી સ્કીમો રેમિસન આધારીત સ્કીમોની શ્રેણીમાં આવે છે. આ સ્કીમનો હેતુ નિકાસ થયેલા ઉત્પાદનો પરના વેરાના વળતર માટે હોવાથી આ સ્કીમો માટે રજિસ્ટ્રેશન કમ મેમ્બરશિપ સર્ટિફિકેટ આવશ્યક નથી. આ સર્ટિફિકેટ વિના નિકાસકારો સ્કીમના લાભ માટે દાવો કરી શકે છે, ડીજીએફટીએ ટ્રેડ નોટિસમાં જણાવ્યું છે.અન્ય એક આદેશમાં ડીજીએફટીએ સ્પષ્ટતા કરી હતી કે ડેમો, ડિસ્પ્લે, પ્રદર્શનો અને મેળામાં ભાગ લેવા અથવા ભારત અથવા વિદેશમાં ભાગ લેવા માટેના નએક્ઝિબિટ ઍન્ડ સેમ્પલથની આયાત/પુનઃનિકાસનું નિયમન વિદેશ વેપાર નીતિના ચોક્કસ ધોરણો અનુસાર કરવામાં આવશે.

# જ્વેલરોની લેવાલીને ટેકે બે મહિના પછી પહેલી વાર વિશ્વબજારની સરખામણીમાં ભાવ પ્રીમિયમમાંઃ ઊંચા મથાળેથી તહેવારોની અપેક્ષિત માગ ફિક્કી પડવાની ભીતિ

**કોમૉડિટી**
**રમેશ ગોહિલ**

વિતેલા સપ્તાહના અંતિમ સત્રોમાં અમેરિકાના આર્થિક ડેટાઓ બજારની અપેક્ષા કરતાં નબળા આવ્યા હોવાથી ખાસ કરીને છેલ્લાં બે સત્ર દરમિયાન વૈશ્વિક બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં ઊંચા મથાળેથી પીછેહઠ જોવા મળવાની સાથે મધ્ય પૂર્વના દેશોના રાજકીય-ભૌગોલિક તણાવ યથાવત્ રહ્યો હોવાથી સોનાની તેજીને સલામતી માટેની માગનો પણ ટેકો મળ્યો હતો. વધુમાં સ્થાનિક ઝવેરી બજારમાં પણ એકંદરે સપ્તાહ દરમિયાન નરમાઈનું વલણ રહ્યા બાદ અંતિમ બે સત્રમાં ઘટ્યા મથાળેથી સુધારો આવતા એકંદરે ભાવમાં આગલા સપ્તાહની સરખામણીમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૪૧નો સાધારણ ઘટાડો નોંધાયો હતો. ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર સ્થાનિકમાં ગત સપ્તાહના આરંભે હાજરમાં ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૪ ઑક્ટોબરના ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૫,૯૬૪ના બંધ ભાવ (વેરા રહિત) સામે નરમાઈના અન્ડરટોને ૭૫,૫૮૬ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૭૪,૮૩૦ અને ઉપરમાં રૂ. ૭૫,૯૩૩ની રેન્જમાં અથડાઈને અંતે આગલા સપ્તાહની તુલનામાં ૦.૪૫ ટકા અથવા તો રૂ. ૩૪૧ના ઘટાડા સાથે રૂ. ૭૫,૬૨૩ના મથાળે રહ્યા હતા. એકંદરે સપ્તાહ દરમિયાન દશેરાના તહેવાર પશ્ચાત્ સોનાની ખરીદી માટે સપરમા તહેવાર ગણાતા ધનતેરસ અને દિવાળીની અપેક્ષિત માગને ધ્યાનમાં લેતા સોનામાં જ્વેલરોની લેવાલી નીકળી હતી. આમ જ્વેલરોની માગને ટેકે સ્થાનિક સ્તરે અંદાજે બે મહિના જેટલા લાંબા સમયગાળા બાદ સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ ત્રણ ડૉલર આસપાસના પ્રીમિયમમાં ક્વૉટ થઈ રહ્યા હોવાનું ડીલરોએ જણાવતા ઉમેર્યું હતું કે આ પૂર્વેના સપ્તાહમાં સ્થાનિકમાં સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ ૨૧ ડૉલર ડિસ્કાઉન્ટમાં ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, તાજેતરમાં સોનાના ભાવમાં વિશ્વ બજાર પાછળ ચમકારા આવી રહ્યા હોવાથી સપ્તાહના અંત આસપાસ રિટેલ સ્તરની માગમાં નોંધપાત્ર ઘટાડો થયો હોવાનું પીએનજી જ્વેલર્સનાં ચેરમેન સૌરભ ગાડગીલે રૉઈટર્સને એક અહેવાલમાં જણાવ્યું હતું. તે જ પ્રમાણે મુંબઈ સ્થિત એક ડીલરે જણાવ્યું હતું કે હાલ જ્વેલરોની દુકાનોમાં ગ્રાહકોની અવરજવર તો જરૂર છે, પરંતુ ઊંચા ભાવને કારણે કામકાજનું વૉલ્યુમ પ્રમાણમાં ઓછું છે. જો આગામી તહેવારો દરમિયાન ભાવસપાટી ઊંચી રહેશે તો અપેક્ષિત માગનો વસવસો જોવા મળે તેવી શક્યતા નકારી ન શકાય, એમ તેમણે ઉમેર્યું હતું.

એકંદરે ગત સપ્તાહ દરમિયાન અમેરિકી ફેડરલ રિઝર્વની છેલ્લી નીતિવિષયક બેઠકની જાહેરાતમાં બહુધા નીતિઘડવૈયાઓ વ્યાજદરમાં કપાત માટે સહમત થયા હતા, પરંતુ ભવિષ્યમાં વ્યાજદરમાં કપાત માટે ડેટા પર અવલંબન રહેવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જોકે, મિનિટ્સની જાહેરાત બાદ ગત પાંચમી ઑક્ટોબરના રોજ પૂરા થયેલા સપ્તાહે બેરોજગારી ભથ્થું મેળવવા માટેની અરજીઓની સંખ્યા અપેક્ષિત ૨,૩૦,૦૦૦ સામે વધીને ૨,૫૮,૦૦૦ની સપાટીએ રહી હોવાના અહેવાલ સાથે આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં વધ્યા મથાળેથી પીછેહઠ જોવા મળી હતી અને ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર સોનાના ભાવમાં સુધારો આવ્યો હતો. વધુમાં ગત શુક્રવારે અમેરિકાનો સપ્ટેમ્બર મહિનાનો પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સ સ્થિર અથવા તો યથાવત્ રહ્યો હોવાથી બજારમાં ફેડરલ રિઝર્વ આગામી નવેમ્બર મહિનાની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં કાપ મૂકે તેવો આશાવાદ પ્રબળ બનતાં ડૉલર ઈન્ડેક્સની નરમાઈ અને સલામતી માટેની માગને ટેકે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર ગત સપ્તાહના અંતે હાજરમાં સોનાના ભાવ ૧.૧ ટકા વધીને ઔંસદીઠ ૨૬૫૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ સતત બીજા સપ્તાહમાં સોનાના ભાવમાં સાપ્તાહિક ધોરણે સુધારો નોંધાયો હતો. આમ ગત સપ્તાહે જાહેર થયેલા ડેટા વ્યાજદરમાં કપાત માટે સાનુકૂળ રહ્યા હોવાથી ફેડરલ રિઝર્વ આગામી બેઠકમાં વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી શક્યતા પ્રબળ બનતાં સોનામાં તેજીનું વલણ જોવા મળે તેવી શક્યતા કિટકો મેટલ્સનાં વિશ્લેષક જિમ વાઈકોફે વ્યક્ત કરી હતી. અમેરિકાના આર્થિક ડેટાઓ અર્થતંત્રમાં મજબૂતીના સંકેતો આપી રહ્યા છે તેમ છતાં હાઉસિંગ જેવાં અમુક ક્ષેત્રના ડેટા નબળા હોવાથી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કપાતની વિચારણા કરી શકે છે, એમ આરજેઓ ફ્યુચર્સના વિશ્લેષક ડેનિયલ પેવિલિયને જણાવતાં ઉમેર્યું હતું કે હાલમાં રેટ કટના આશાવાદનો અને મધ્યપૂર્વના દેશોના તણાવને કારણે સલામતી માટેની માગનો સોનાની તેજીને ટેકો મળી રહ્યો છે. એકંદરે ફુગાવાની ચિંતા, રાજકીય-ભૌગોલિક તણાવ અને અમેરિકાના ખાતેની ચૂંટણીના પરિણામોની અનિશ્ચિતતા વચ્ચે વર્ષ ૨૦૨૫ સુધીમાં સોનાના ભાવ ઔંસદીઠ ૩૦૦૦ ડૉલર સુધી પહોંચે તેવી શક્યતા નકારી ન શકાય, એમ તેમણે ઉમેર્યું હતું. નોંધનીય બાબત એ છે કે હાલ સોનામાં રોકાણલક્ષી માગ પણ જળવાઈ રહેતાં ગત સપ્ટેમ્બરના અંતે પૂરા થયેલા ત્રિમાસિકગાળામાં સોનાના એક્સચેન્જ ટ્રેડેડ ફંડોમાં ૯૫ ટન સોનાનો ઉમેરો થયો હોવાના અહેવાલ હતા. દરમિયાન ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહ્યા બાદ અમેરિકના જાહેર થયેલા આર્થિક ડેટા વ્યાજદરમાં કાપની તરફેણ કરી રહ્યાનો નિર્દેશ આપતા હોવાથી સપ્તાહના અંતે ડૉલર ઈન્ડેક્સમાં વધ્યા મથાળેથી પીછેહઠ થવા ઉપરાંત ઈઝરાયલ-લેબેનોન-ઈરાન વચ્ચેના તણાવને કારણે સલામતી માટેની માગનો ટેકો મળતાં સોનામાં પુનઃ તેજીનો સંચાર થયો હોવાનું એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સ ઍન્ડ ઍડ્વાઈઝર્સના વિશ્લેષકે જણાવતાં ઉમેર્યું હતું કે વર્તમાન પરિબળોને ધ્યાનમાં લેતા આગામી સપ્તાહ દરમિયાન સોનાના વૈશ્વિક ભાવ ઔંસદીઠ ઔંસદીઠ ૨૫૮૦થી ૨૬૯૦ની રેન્જમાં તથા સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૪,૨૦૦થી ૭૬,૯૦૦ની રેન્જમાં રહે તેવી શક્યતા જણાય છે.


## મુંબઈ સમાચાર ક્લાસિફાઇડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે 30મી સપ્ટેમ્બર ૨૦૨૪ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

**વધારાની એક જાહેરાત મફત મેળવો**

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

**રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી.** માં મેળવો

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં

**ક્લાસિફાઈડ રેટ કાર્ડ**

ડેઈલી અને વીકલી

**ખાસ નોંધઃ** તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેક્સીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.૦૦ શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેક્સીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨૦૦.૦૦ દર સ્કે. સે. મી. |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૩૦૦.૦૦ દર સ્કે. સે.મી. |

ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે ૧લી મે, ૨૦૨૪ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૫ સુધી

**સ્કીમ***

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ


# સીધા વેરાની ચોખ્ખી વસૂલી ૧૮ ટકા વધીને ₹ ૧૧.૨૫ લાખ કરોડ

નવી દિલ્હીઃ વર્તમાન નાણાકીય વર્ષમાં ગત ૧૦મી ઑક્ટોબર સુધીમાં દેશમાં સીધા વેરાની ચોખ્ખી વસૂલી ગત સાલના સમાનગાળાના રૂ. ૯.૫૧ લાખ કરોડ સામે ૧૮.૩ ટકા વધીને રૂ. ૧૧.૨૫ લાખ કરોડની સપાટીએ રહી હોવાનું સરકારી આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે.

અત્યાર સુધીમાં થયેલી કુલ રૂ. ૧૧.૨૫ લાખ કરોડની વસૂલીમાં વ્યક્તિગત આવક વેરાની વસૂલી રૂ. ૫.૯૮ લાખ કરોડ અને કોર્પોરેટ વેરાની વસૂલી રૂ. ૪.૯૪ લાખ કરોડ રહી છે. આ સિવાય સિક્યોરિટી ટ્રાન્ઝેક્શન ટેક્સની વસૂલી રૂ. ૩૦,૬૩૦ કરોડ અને ઈક્વલાઈઝેશન લેવી અને ગિફ્ટ ટેક્સ સહિતના અન્ય વેરાની વસૂલી રૂ. ૨૧૫૦ કરોડ રહી હતી.

વધુમાં આવકવેરા વિભાગે ગત પહેલી એપ્રિલથી ૧૦મી ઑક્ટોબર સુધીના સમયગાળામાં જારી કરેલા રિફંડ ગત સાલના સમાનગાળાની તુલનામાં ૪૬ ટકા વધીને રૂ. ૨.૩૧ લાખ કરોડના સ્તરે રહ્યા હતા. જોકે, આ સમયગાળામાં કુલ (ગ્રોસ) અથવા તો એકંદર સીધા વેરાની વસૂલી ગત સાલના સમાનગાળાની તુલનામાં ૨૨.૩ ટકા વધીને રૂ. ૧૩.૫૭ લાખ કરોડ રહી હતી, જેમાં રૂ. ૭.૧૩ લાખ કરોડ વ્યક્તિગત આવક વેરાનો અને રૂ. ૬.૧૧ લાખ કરોડ કોર્પોરેટ વેરાનો સમાવેશ થાય છે. અત્રે નોંધનીય બાબત એ છે સરકારે વર્તમાન નાણાકીય વર્ષ માટે સીધા વેરાની વસૂલીનો અંદાજપત્રીય લક્ષ્યાંક રૂ. ૨૨.૦૭ લાખ કરોડનો મૂક્યો છે.

# બીજા ત્રિમાસિકગાળામાં ડી-માર્ટનો ચોખ્ખો નફો ૫.૮ ટકા વધ્યો

નવી દિલ્હીઃ વર્તમાન નાણાકીય વર્ષમાં ગત સપ્ટેમ્બરના અંતે પૂરા થયેલા બીજા ત્રિમાસિકગાળામાં દેશમાં ડી-માર્ટ રિટેલ ચેઈન ધરાવતી એવેન્યુ સુપરમાર્ટસ લિ.નો કોન્સોલિડેટેડ ધોરણે ચોખ્ખો નફો ગત સાલના સમાનગાળાના રૂ. ૬૨૩.૩૫ કરોડ સામે ૫.૭૮ ટકા વધીને રૂ. ૬૫૯.૪૪ કરોડની સપાટીએ રહ્યો હોવાનું આજે કંપનીએ બૉમ્બે સ્ટોક એક્સચેન્જને એક રેગ્યુલેટરી ફાઈલિંગમાં જણાવ્યું હતું.

કંપનીની યાદી અનુસાર સમીક્ષા હેઠળના સમયગાળામાં કંપનીની કાર્યકારી આવકો ૧૪.૪૧ ટકા વધીને રૂ. ૧૪,૪૪૪.૫૦ કરોડ (રૂ. ૧૨,૬૨૪.૩૭ કરોડ)ના સ્તરે અને કુલ ખર્ચ ૧૪.૯૪ ટકા વધીને રૂ. ૧૩,૫૭૪.૮૩ કરોડના સ્તરે રહી છે, જ્યારે અન્ય આવક સહિત કુલ આવક ૧૪.૩૪ ટકા વધીને રૂ. ૧૪,૪૭૮.૦૨ કરોડના સ્તરે રહી હોવાનું કંપનીએ યાદીમાં જણાવતાં ઉમેર્યું હતું કે આ સમયગાળામાં ડી-માર્ટે છ નવાં સ્ટોર ખોલતા સ્ટોરની કુલ સંખ્યા ૩૭૭ના સ્તરે પહોંચી છે.

# વિદેશી હૂંડિયામણની અનામતના વધારાને બ્રેક, ૩.૭૧ અબજ ડૉલરનો ઘટાડો

મુંબઈઃ ગત ૪ ઑક્ટોબરના રોજ પૂરા થયેલા સપ્તાહે દશની વિદેશી હૂંડિયામણની અનામત ૩.૭૦૯ અબજ ડૉલર ઘટીને ૭૦૧.૧૭૬ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહમાં વિદેશી હૂંડિયામણની અનામત ૧૨.૫૮૮ અબજ ડૉલરના ઉછાળા સાથે ૭૦૪.૮૮૫ અબજ ડૉલરની ઐતિહાસિક ઊંચી સપાટીએ રહી હતી.

દરમિયાન સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામતમાં મુખ્ય હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૩.૫૧૧ અબજ ડૉલરના ઘટાડા સાથે ૬૧૨.૬૪૩ અબજ ડૉલરના સ્તરે રહી હતી. જોકે, વિદેશી ચલણી અસ્ક્યામતોમાં સપ્તાહ દરમિયાન ડૉલર સિવાયના અન્ય યુરો, પાઉન્ડ અને યેન જેવાં વૈશ્વિક ચલણો સામે રૂપિયામાં થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.

વધુમાં સપ્તાહ દરમિયાન સોનાની અનામત ચાર કરોડ ડૉલર ઘટીને ૬૫.૭૫૬ અબજ ડૉલર, ઈન્ટરનેશનલ મૉનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ અથવા તો એસડીઆર ૧૨.૩ કરોડ ડૉલર ઘટીને ૧૮.૪૨૫ અબજ ડૉલર તથા ઈન્ટરનેશનલ મૉનેટરી ફંડ સાથેની અનામત પણ ૩.૫ કરોડ ડૉલરના ઘટાડા સાથે ૪.૩૫૨ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્કે આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું.

# સપ્ટેમ્બરમાં ખાદ્યતેલની આયાત ૨૯ ટકા ઘટીને ૧૦.૬૪ લાખ ટન

નવી દિલ્હીઃ ગત સપ્ટેમ્બર મહિનામાં ક્રૂડ અને રિફાઈન્ડ પામતેલની શિપમેન્ટમાં ઘટાડો થવાથી કુલ ખાદ્યતેલની આયાત સપ્ટેમ્બર, ૨૦૨૩ના ૧૪,૯૪,૦૮૬ ટન સામે ૨૯ ટકાના ઘટાડા સાથે ૧૦,૬૪,૪૯૯ ટનની સપાટીએ રહી હોવાનું તાજેતરમાં સોલ્વન્ટ એક્સ્ટ્રેક્ટર્સ એસોસિયેશને સંકલિત કરેલી વનસ્પતિ તેલની આયાત અંગેની આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે.

એસોસિયેશનની ગત સપ્ટેમ્બર મહિનામાં અખાદ્યતેલની આયાત સપ્ટેમ્બર, ૨૦૨૩ના ૫૭,૯૪૦ ટન સામે ઘટીને ૨૨,૯૯૦ ટનના સ્તરે અને ખાદ્યતેલની આયાત સપ્ટેમ્બર, ૨૦૨૩ના ૧૫,૫૨,૦૨૬ ટન સામે ૩૦ ટકા ઘટીને ૧૦,૮૭,૪૮૯ ટનના સ્તરે રહી છે. એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્ટેમ્બર મહિનામાં ખાદ્યતેલની આયાતમાં ક્રૂડ પામતેલની આયાત ઘટીને ૪,૩૨,૫૧૦ ટન (૭,૦૫,૬૪૩ ટન) અને રિફાઈન્ડ પામતેલની આયાત ઘટીને ૮૪,૨૭૯ ટન (૧,૨૮,૯૫૪ ટન)ની સપાટીએ રહી હતી. આ સિવાય ક્રૂડ સનફ્લાવર તેલની આયાત પણ ઘટીને ૧,૫૨,૮૦૩ (૩,૦૦,૭૩૨ ટન)ના સ્તરે રહી હતી.

એકંદરે સપ્ટેમ્બર મહિનાની આયાતમાં ઘટાડો મુખ્યત્વે ગત જુલાઈ તથા ઑગસ્ટ મહિનામાં આયાતના પ્રમાણમાં વધારો અને માગ નબળી રહેતાં બંદર પર માલના ભરાવાને આભારી તેમ જ ભાવની ચંચળતાને ધ્યાનમાં લેતા આયાતકારોએ અપનાવેલા સાવચેતીના અભિગમની આયાત પર અસર પડી હોવાનું એસોસિયેશને જણાવ્યું હતું.

વધુમાં આ સમયગાળામાં સોયાબીન અને સનફ્લાવર તેલના ભાવની સરખામણીમાં પામતેલના ભાવ ઊંચા રહ્યા હોવાથી પણ સ્થાનિક ખેલાડીઓએ આયાતમાં ઘટાડો કર્યો હોવાનું એસોસિયેશને યાદીમાં ઉમેર્યું હતું.

એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર વર્તમાન તેલવર્ષ ૨૦૨૩-૨૪ (નવેમ્બર-ઑક્ટોબર)ના ગત સપ્ટેમ્બર સુધીના ૧૧ મહિનામાં દેશની કુલ વનસ્પતિ તેલની આયાત ગત મોસમના સમાનગાળાના ૧,૫૬,૭૩,૧૦૨ ટન સામે છ ટકા ઘટીને ૧,૪૭,૭૫,૦૦૦ ટનના સ્તરે રહી હતી. જેમાં ખાદ્યતેલની આયાત ગત મોસમના સમાનગાળાના ૧,૫૪,૬૮,૯૧૨ ટન સામે ઘટીને ૧,૪૫,૩૫,૯૫૫ ટનના સ્તરે અને અખાદ્યતેલની આયાત ગત સાલના સમાનગાળાના ૨,૦૪,૧૯૦ ટન સામે વધીને ૨,૩૯,૦૪૫ ટનની સપાટીએ રહી છે. સામાન્યપણે દેશમાં પામતેલની આયાત ઈન્ડોનેશિયા અને મલયેશિયાથી થઈ રહી છે, જ્યારે સોયાબીન તેલની આયાત બ્રાઝિલ અને આર્જેન્ટિનાથી થાય છે.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે દેશની કુલ ખાદ્યતેલની માગ પૈકી ૫૦ ટકા માગ આયાતથી સંતોષાય છે. આગામી ટૂંક સમયમાં વર્તમાન ખરીફ તેલીબિયાંની લણણી પૂર્વે સરકારે આયાતી તેલની ડ્યૂટીમાં વધારો કર્યો છે.

# ભારત દ્વારા આયાતી તેલમાં ડ્યૂટી વધારાની અસર કામચલાઉઃ મલયેશિયા

કુઆલાલમ્પુરઃ તાજેતરમાં ભારત દ્વારા પામતેલ પરની આયાત જકાતમાં કરવામાં આવેલા વધારાની અસર કામચલાઉ ધોરણે રહેશે અને આ કૉમૉડિટીની માગમાં મક્કમ વલણ જળવાઈ રહેશે, એમ મલયેશિયાના પ્લાન્ટેશન અને કૉમૉડિટી ખાતાના પ્રધાન દાતુક સેરી જોહરી અબ્દુલ ઘાનીએ જણાવ્યું હતું. તેમણે ફાઈટર એરક્રાફ્ટ ટ્રાન્સફરની અવેજીમાં પામતેલના પુરવઠા માટે મલયેશિયા અને ભારત વચ્ચેની જોગવાઈઓ અંગેની અટકળોને પણ નકારી કાઢી હતી. નોંધનીય બાબત એ છે કે ભારત ખાદ્યતેલનો વૈશ્વિક અગ્રણી આયાતકાર દેશ છે અને ગત ૧૪મી સપ્ટેમ્બરના રોજ ક્રૂડ પામતેલની અસરકારક જકાત જે ૫.૫ ટકા હતી તે વધારીને ૧૨.૭ ટકા અને રિફાઈન્ડ તેલની અસરકારક જકાત જે ૧૩.૭૫ ટકા હતી તે વધારીને ૩૫.૭૫ ટકા કરી હતી. અત્રે યોજાયેલ મલયેશિયા પામ ઑઈલ ફોરમ અંગે યોજાયેલી પરિષદ પશ્ચાત્ પત્રકાર વર્તુળોને જણાવ્યું હતું કે મારા મતે આ ડ્યૂટી વધારાની અસર કામચલાઉ ધોરણે છે અને ભારત દ્વારા ડ્યૂટીમાં થયેલા વધારાથી કોઈ સમસ્યા નહીં થાય. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારતની વસતી ૧.૪ અબજ છે તેમની પાસે ખાદ્યતેલના પામતેલ સહિત સૂર્યમુખી અને સોયાબીન તેલ સહિતના ઘણાં વિકલ્પો છે અને અમારી ભારત સાથેની ભાગીદારી જળવાયેલી રહેશે અને પામતેલનો પુરવઠો પૂરો પાડતા રહીશું, એમ તેમણે ઉમેર્યું હતું મલયેશિયાએ ભારતને સ્થાનિકમાં પામતેલની ખેતીને ટેકો આપવાની પણ ઑફર કરી હોવાનું જણાવ્યું છે.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

## મધ્ય રેલવે

ટેલિકોમ વર્ક્સ

ઇ-ટેન્ડર નોટિસ ક્રમાંક. સીઆર-બીબી-ટીઇએલઇ-૨૦૨૪-૫૫

પહેલા માળે, પાર્સલ ઑફિસ બિલ્ડિંગ, પી.એફ.ક્રમાંક ૧૩, સેન્ટ્રલ રેલવે, મુંબઈ સીએસએમટી ૪૦૦ ૦૦૧ પાસે આવેલી ડિવીઝનલ રેલવે મેનેજર(એસ ઍન્ડ ટી)ની ઑફિસ દ્વારા ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેમના તરફથી પ્રતિષ્ઠિત કોન્ટ્રેક્ટરો પાસેથી એક ટેન્ડર(ઓપન ટેન્ડર) મગાવવામાં આવે છે. આ ટેન્ડર દાખલ કરવાની છેલ્લી તારીખ ૧૪-૧૧-૨૦૨૪, બપોરે ૩:૦૦ વાગ્યા સુધીની રહેશે. **કામઃ** મુંબઈ ડિવીઝનના કલ્યાણ સેક્શન ખાતે નેટવર્ક કનેક્ટિવિટી અને કોન્ફરન્સ સિસ્ટમ સહિતના ટેલિકોમ ઉપકરણો પૂરા પાડવા, બેસાડવા, પરખવા અને કમિશન કરવા. **કામનો અંદાજિત ખર્ચઃ** રૂ. ૮૬,૧૯,૪૬૯ રૂપિયા. **ઇએમડીઃ** રૂ. ૧,૭૨,૪૦૦ **ક્લોઝિંગનો સમયઃ** ૧૪-૧૧-૨૦૨૪ના ૧૫:૦૦ કલાકે **મુદતઃ** ૬૦ દિવસ **કામ પૂરું કરવાનો સમયઃ** ૧૨ મહિના. સુધારણાઓ સાથેનું સંપૂર્ણ વિગતવાર ટેન્ડર ભારતીય રેલવેની સત્તાવાર વેબસાઇટ www.ireps.gov.in પર મળી રહેશે. ટેન્ડરના તમામ દસ્તાવેજો આ વેબસાઇટ પરથી ડાઉનલોડ કરી શકાશે. ડિવીઝનલ રેલવે મેનેજર(એસ ઍન્ડ ટી) સીએસએમટી ખાતે આવેલી ઑફિસના 'નોટિસ બૉર્ડ' પર પણ ટેન્ડર વિશેની તમામ માહિતી ઉપલબ્ધ હશે. આ ટેન્ડર પબ્લિક પ્રોક્યોરમેન્ટ પોલિસી ઑર્ડર ૨૦૧૭, ૧૫.૦૬.૨૦૧૭ કાયદા મુજબ છે. 467

रेल्वे फाटक को बंद स्थिति में पार करना मना है


# કઠોળના જથ્થાબંધ ભાવમાં આવેલો ઘટાડો ગ્રાહકોને પસાર કરવા સરકારનો અનુરોધ

નવી દિલ્હીઃ તાજેતરમાં જથ્થાબંધ બજારોમાં કઠોળના ભાવમાં જોવા મળેલો ઘટાડો ગ્રાહકોને પસાર કરવાનું સરકારે રિટેલરોને જણાવ્યું છે અને જો નફાખોરી ધ્યાનમાં આવશે તો જરૂરી પગલાંઓ લેવામાં આવશે, એમ સરકારે જણાવ્યું છે.

ગ્રાહક બાબતોના સચિવ નિધિ ખરેના વડપણ હેઠળ રિટેલર્સ એસોસિયેશન ઑફ ઈન્ડિયા અને અગ્રણી સંગઠિત રિટેલ ચેઈન સાથે થયેલી બેઠકમાં મુખ્ય કઠોળના ભાવના વલણના સિનારિયા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હોવાનું એક અધિકૃત યાદીમાં જણાવ્યું છે. વર્તમાન ખરીફ મોસમમાં કઠોળના વાવેતર વિસ્તારમાં વધારો તેમ જ સ્થાનિકમાં ઉપલબ્ધતા વધવાની સાથે સાથે આગામી તહેવારોની મોસમની માગને ધ્યાનમાં લેતા આ બેઠક મહત્ત્વપૂર્ણ રહી હતી. ખરેએ જણાવ્યું હતું કે મુખ્ય મંડીઓમાં તુવેર અને અડદના ભાવમાં ઘટાડાતરફી વલણ છે અને છેલ્લા ત્રણ મહિનામાં સરેરાશ ૧૦ ટકા જેટલો ભાવઘટાડો થયો છે, પરંતુ રિટેલ સ્તરમાં તેની અસર નથી જોવા મળી. આ સિવાય છેલ્લા એક મહિનાથી ચણાના ભાવમાં પણ ઘટાડો થયો હોવા છતાં, રિટેલ સ્તરે ભાવ વધી રહ્યા છે. જથ્થાબંધ અને રિટેલ બજારના ભાવનું વિપરીત વલણ દર્શાવે છે કે રિટલરો ગેરવાજબી ધોરણે વધુ નફો રળી રહ્યા છે અર્થાત્ નફાખોરી કરી રહ્યા છે. ભાવના વલણ પર સરકાર બારીકાઈથી નજર રાખી રહી છે અને જો જથ્થાબંધ અને રિટેલ ભાવ વચ્ચેનો તફાવત વધતો રહેશે તો સરકાર જરૂરી પગલાં લેશે, એમ યાદીમાં ઉમેર્યું હતું.

નોંધનીય બાબત એ છે કે આ બેઠકમાં રિટેલર્સ એસોસિયેશન ઑફ ઈન્ડિયાના અધિકારીઓ, રિલાયન્સ રિટેલ લિના પ્રતિનિધિઓ, વિશાલ માર્ટ, ડીમાર્ટ, સ્પેન્સર અને મોર રિટેલના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. હાલમાં કઠોળની પર્યાપ્ત ઉપલબ્ધિ અને મંડીઓમાં ઘટી રહેલા ભાવને ધ્યાનમાં લેતા ગ્રાહકોને દાળ-કઠોળ વાજબી ભાવે ઉપલબ્ધ થાય તે માટે સરકારને શક્ય એટલો ટેકો આપવા સચિવે રિટેલ ઉદ્યોગને અનુરોધ કર્યો હોવાનું યાદીમાં ઉમેર્યું છે.

વધુમાં તેમણે સંગઠિત રિટેલ ચેઈનને એનસીસીએફ તથા નાફેડ સાથે ભારત દાળ અને તેમાં પણ ખાસ કરીને ભારત મસૂર દાળ અને ભારત મગદાળના વિતરણ માટે સહકાર આપવા જણાવ્યું હતું. આ સિવાય કઠોળની ઉપલબ્ધતા અંગે તેમણે જણાવ્યું હતું કે નવા અડદ અને મગની મંડીમાં આવકો શરૂ થઈ ગઈ છે, જ્યારે આયાતી તુવેર અને અડદની પૂર્વ આફ્રિકન તથા મ્યાનમારથી નિયમિત આયાત થતી હોવાથી સ્થાનિક ઉપલબ્ધિમાં વધારો થઈ રહ્યો છે.

એકંદરે મોટા ચેઈન રિટેલરો દ્વારા સાપ્તાહિક ધોરણે પોર્ટલ પર દર્શાવાઈ રહેલી સ્ટોકની સ્થિતિને ધ્યાનમાં લેતાં દેશમાં એકંદરે સ્ટોકની સ્થિતિ પણ સંતોષજનક હોવાનું તેમણે યાદીમાં જણાવ્યું હતું.

# આગામી નાણાકીય વર્ષમાં પીક પાવર માગ ૨૭૦ ગિગા વૉટે પહોંચશેઃ સીઈએ

નવી દિલ્હીઃ આગામી નાણાકીય વર્ષમાં દેશની પીક પાવર માગ ૨૭૦ ગિગા વૉટના સ્તરે અને વર્ષ ૨૦૩૫ સુધીમાં ૪૪૬ ગિગા વૉટના સ્તરે પહોંચે તેવી શક્યતા સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી ઑથૉરિટી (સીઈએ)ના અધ્યક્ષ ઘનશ્યામ પ્રસાદે વ્યક્ત કરી છે.

અત્રે નોંધનીય બાબત એ છે કે ફિક્કી અને સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી ઑથૉરિટીનાં સહયોગમાં આગામી ૧૪-૧૫ ઑક્ટોબર દરમિયાન નઈન્ડિયન પાવર સેક્ટર સિનારિયો ૨૦૪૭' અંગે બે દિવસીય સત્રના આયોજન અંગે માહિતી આપતા તેમણે પત્રકાર વર્તુળોને જણાવ્યું હતું કે વર્તમાન નાણાકીય વર્ષમાં પાવર જનરેશન (ઊર્જા ઉત્પાદન)ની ક્ષમતામાં ૪૦ ગિગા વૉટનો વધારો થવાની શક્યતા વ્યક્ત કરી હતી અને વર્તમાન નાણાકીય વર્ષમાં પીક પાવર માગ ૨૬૦ ગિગા વૉટની સપાટીએ રહેવાનો સરકારે અંદાજ મૂક્યો હતો, જોકે આ વર્ષે ઉનાળામાં વરસાદ થયો હોવાથી તાપમાન નીચી સપાટીએ રહેતાં પીક પાવર માગ ૨૫૦ ગિગા વૉટના સ્તરે રહી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

આ બે દિવસીય સત્રમાં પાવર ક્ષેત્રનાં ઉત્પાદન, ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશન સહિતના તમામ પાસાંઓને આવરી લેવામાં આવશે, એમ જણાવતા તેમણે ઉમેર્યું હતું કે ભવિષ્યની પાવરની માગને સંતોષવા માટે પર્યાપ્ત ઉત્પાદન ક્ષમતામાં વધારો કરવાની આવશ્યકતા છે. અન્ય એક પ્રશ્નના ઉત્તરમાં તેમણે કહ્યું હતું કે વર્તમાન નાણાકીય વર્ષમાં પીક પાવર માગ ૨૭૦ ગિગા વૉટ અને આગામી વર્ષ ૨૦૩૫ સુધીમાં પીક પાવર માગ ૪૪૬ ગિગા વૉટના સ્તર સુધી પહોંચવાની શક્યતા છે. વર્તમાન નાણાકીય વર્ષમાં ઉત્પાદન ક્ષમતામાં ૧૦ ગિગા વૉટ થર્મલ, ૨૫થી ૩૦ ગિગા વૉટ વિન્ડ મારફતે, ત્રણ ગિગા વૉટ હાઈડ્રો મારફતે અને ૭૦૦ મેગા વૉટ ન્યુક્લિયર ક્ષમતા મારફતે મળી કુલ ૪૦ ગિગા વૉટનો વધારો થતાં નાણાકીય વર્ષ ૨૦૨૬ની પીક પાવર માગ સરળતાથી સંતોષાઈ જશે. જોકે, આ વર્ષે ગૅસ આધારિત ઊર્જા ઉત્પાદન ક્ષમતામાં કોઈ વધારો નહીં થાય. વધુમાં તેમણે આગામી થોડાં વર્ષો દરમિયાન દેશની ઊર્જાની માગ વાર્ષિક સરેરાશ સાતથી આઠ ટકાના દરે વૃદ્ધિ પામે તેવી શક્યતા વ્યક્ત કરી હતી.


## મધ્ય રેલવે

વાર્ષિક જાળવણી કોન્ટ્રાક્ટ

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી અનુભવી કોન્ટ્રાકટરો પાસેથી વેબસાઈટ www.ireps.gov.in દ્વારા ઓપન ટેન્ડર મંગાવે છે. **કામનું નામઃ** ત્રણ વર્ષની મુદત માટે ફ્લૂડ લાઈટ અને હાઈ માસ્ટ ટાવર્સ માટે વાર્ષિક જાળવણી કોન્ટ્રાકટ. **ટેન્ડર નોટિસ નં.** ૩૫/૨૦૨૪ (BB.LG.W.KYN.૨૦૨૪.૦૭) **કામની અંદાજિત કિંમતઃ** રૂ. ૧,૫૮,૦૫,૨૪૯/- **બારડીઃ** ૨,૨૯,૦૦૦/- **ટેન્ડર ફોર્મની કિંમતઃ** રૂ. ૫,૦૦૦/- **માન્યતાઃ** ૬૦ દિવસ. **જાળવણી મુદતઃ** ૩૬ મહિના (M) **સૂચનાઃ** (૧) ટેન્ડર ઉપરોક્ત સદર ટેન્ડરની બંધ થવાની તારીખ અને સમયઃ ૧૧.૧૧.૨૦૨૪ના ૧૩.૦૦ ક. સુધી અને તે ૧૩.૦૦ કલાક પછી ખૂલશે. (૨) સંભવિત ટેન્ડરર્સએ ટેન્ડરો અને સુધારાની સંપૂર્ણ વિગતો માટે કૃપા કરીને વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લેવી, જો કોઈ હોય તો. (૩) ટેન્ડરરે ફક્ત વેબસાઈટઃ www.ireps.gov.in દ્વારા ઈલેક્ટ્રોનિક રીતે ઉપરોક્ત ઈ-ટેન્ડરમાં ભાગ લઈ શકે છે અને ટેન્ડર સામે મેન્યુઅલ ઓફર્સ સુપ્રત કરવાની મંજૂરી નથી. મેન્યુઅલી, જો સુપ્રત કરવામાં આવે તો તેને ખોલવામાં આવશે નહીં. (૪) વધુ પૂછપરછ માટે, સંપર્ક કરી શકે છેઃ સિનિયર ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (જનરલ સર્વિસ), એનેક્સ બિલ્ડિંગ, ૧લો માળ, સેન્ટ્રલ રેલવે, મુંબઈ - CSMT (૫) આ ટેન્ડર તારીખ ૧૫.૦૬.૨૦૧૭ના જાહેર પ્રાપ્તિ નીતિ ઓર્ડર ૨૦૧૭નું પાલન કરે છે.

Sr. DEE(G), CSMT, મુંબઈ 465

रेल्वे फाटक को बंद स्थिति में पार करना मना है

હું બાળ ઠાકરેનો શિવસૈનિક, આનંદ દિઘેનો ચેલો...

# હું નથી રણ-છોડઃ એકનાથ શિંદે



આઝાદ મેદાનમાં મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ પક્ષની દશેરા રેલીને સંબોધી હતી. (પી.ટી.આઈ.)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિવસેના બે જૂથોમાં વિભાજિત થયા પછી, બંને જૂથોએ મુંબઈમાં બે જુદા જુદા મેદાનમાં દશેરાની રેલી કરી હતી. એકનાથ શિંદેની શિવસેનાએ દક્ષિણ મુંબઈના આઝાદ મેદાનમાં દશેરા રેલીનું આયોજન કર્યું હતું. આ સભામાંથી મુખ્ય પ્રધાને ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અને શિવસેના (યુબીટી) પાર્ટીના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે પર જોરદાર પ્રહારો કર્યા હતા. એકનાથ શિંદેએ વિરોધીઓને ચેતવણી આપતાં કહ્યું હતું કે હું બાળ ઠાકરેનો શિવસૈનિક અને આનંદ દિઘેનો ચેલો છું હું રણમેદાન છોડીને ભાગી જનારો નથી.

એકનાથ શિંદેએ જણાવ્યું હતું કે, જનતા જનાર્દનના આશીર્વાદથી અમે જેમ-તેમ નહીં પણ મક્કમતાથી બે વર્ષ પૂરા કર્યા છે. કારણ કે હું બાળાસાહેબ ઠાકરેનો શિવસૈનિક છું, આનંદ દિઘેનો શિષ્ય છું, સહેલાઈથી પાછો નહીં જાઉં. તો મને હળવાશથી ન લેશો. સાચા શિવસૈનિકો ક્યારેય મેદાન છોડતા નથી. બાળાસાહેબ ઠાકરેના વિચારો શિવસૈનિકો છોડતા નથી. તેથી અમે બાળાસાહેબ ઠાકરેના વિચારો સાથે આગળ વધ્યા છીએ.

એકનાથ શિંદેએ કહ્યું હતું કે, હું તમામ શિવસૈનિકોને કહેવા માંગુ છું કે આ એકનાથ શિંદે મહારાષ્ટ્રમાં જ્યાં પણ જાય છે દરેક વ્યક્તિ તેમને સ્મિત સાથે આવકારે છે અને આશીર્વાદ આપે છે. આ અમારી છેલ્લા બે વર્ષની કમાણી છે. અમારી સરકાર 'લાડકી' સરકાર બની છે. બહેનો, ભાઈઓ અને ખેડૂતોની 'લાડકી' સરકાર બની છે. બાળાસાહેબ ઠાકરેએ અમને શીખવ્યું હતું કે, અન્યાય થાય તો પેટી ઉઠો, સહન ન કરો. અન્યાયને લાત મારો, તેથી જ અમે બળવો કર્યો. જો અમે આ બળવો ન કર્યો હોત તો શિવસેના અને શિવસૈનિકોનો નાશ થયો હોત. સાચા શિવસૈનિકોનું અપમાન થઈ રહ્યું હતું. આપણું આ મહારાષ્ટ્ર ઘણાં વર્ષો પાછળ જતું રહ્યું હોત.

એકનાથ શિંદેએ કહ્યું હતું કે, અમારી સરકાર સત્તામાં આવ્યા બાદ આ રાજ્ય ફરી એકવાર ઘણી બાબતોમાં નંબર વન બની ગયું છે. અગાઉની સરકાર વખતે આપણું રાજ્ય દેશમાં ત્રીજા ક્રમે હતું, પરંતુ અમે સખત મહેનત કરીને તેને ફરી નંબર વન પર લાવ્યા છીએ. મારી દાઢી માટે મારી ટીકા કરવામાં આવે છે. જો કે, આ (જુઓ પાનું ૪) ▶▶

# આ છે ભાજપની સત્તા જિહાદઃ ઉદ્ધવ ઠાકરે



શિવાજી પાર્કમાં દશેરા રેલીને સંબોધી રહેલા ઉદ્ધવ ઠાકરે. (જયપ્રકાશ કેળકર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભાજપ જ્ઞાતિ સંઘર્ષ ઊભો કરવાનું કામ કરી રહી છે. શું વર્તમાન ભાજપ સંઘને સ્વીકાર્ય છે, અમે આ ભાજપને સ્વીકારતા નથી. પહેલા ભાજપ પવિત્ર હતો. વર્તમાન ભાજપ વર્ણસંકર બની ગયો છે. આ ભાજપ આપણા પર રાજ કરી શકે નહીં. ભારતીય જનતા પાર્ટીને ભારતીય કહેતા શરમ આવવી જોઈએ. જનતાની પાર્ટી હવે રહી નથી એવી ટીકા ઉદ્ધવ ઠાકરેએ કરી હતી અને ઉમેર્યું હતું કે તેઓ ચોર અને ગદ્દારોને માથે ચઢાવી રહ્યા છે.

આ મહાભારત છે. કૌરવો ૧૦૦ હતા. પાંડવો પાંચ હતા. શકુની મામા કોણ છે તે બધા જાણે છે. ભાજપ શિવસેનાને ખતમ કરવા જઈ રહી છે. અમે તેમને ટેકો આપીને ભૂલ કરી હતી. એ આપણું પાપ છે. હવે અમે ભાજપને ખભો આપવા માગીએ છીએ.


(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

## ઉદ્ધવ-સેનાની રતન ટાટાને સ્મરણાંજલિ

ઉદ્ધવ ઠાકરે જૂથે શિવાજી પાર્કમાં યોજેલી દશેરા રેલી દરમિયાન સ્વર્ગીય ઉદ્યોગપતિ રતન ટાટાને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. ઉદ્ધવ ઠાકરેએ રેલીમાં પોતાનું ભાષણ શરૂ કર્યું એ પહેલા ત્યાં હાજર તમામ લોકોને ઊભા થઇને મૌન રાખીને રતન ટાટાને શ્રદ્ધાંજલિ આપવા જણાવ્યું હતું. રતન ટાટાને સ્મરણાંજલિ અર્પણ કર્યા પછી જ ઉદ્ધવે પોતાનું ભાષણ શરૂ કર્યું હતું. ■

special offer
Airfare Inclusive
South KOREA



10 DAYS
SEOUL - BUSAN - JEJU
DATE OF DEP | 29th OCT | 04th NOV | 23rd MAR | 02nd APR
PACKAGE INCLUSIONS
- Hyundai Motorstudio, Han River Cruise, Songdo Cable Car, SeaLife Aquarium, Love Land અને Nanta Show નો અદભુત અનુભવ.
- રીટર્ન ઈકોનોમી ક્લાસ એરફેર.
- આપણા પોતાના જ રાજસ્થાની મહારાજ - શુદ્ધ શાકાહારી / જૈન જમણ.
- ગુજરાતી, હિન્દી અને ઈંગલિશ જાણતા ટૂર મેનેજર ની સેવા.
- વીઝા, એન્ટ્રન્સ ફી સહિત તમામ ખર્ચ ટૂર કોસ્ટ માં જ સામેલ.

SHAH HOLIDAYS
203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle (W), Mum-56.
07506679945, 09004994449, 09324064281 (022) 26103073, 74

महाराष्ट्र शासन म.रा.र.वि.म.



नरेंद्र मोदी
प्रधानमंत्री

महाराष्ट्र राज्य रस्ते विकास महामंडळ (मर्या.), महाराष्ट्र शासनाचा उपक्रम

सायन- पनवेल महामार्गावरील ठाणे खाडी पूल क्र. 3 च्या उत्तर वाहिनीचे लोकार्पण


रेवस ते रेडी (सिंधुदुर्ग) सागरी महामार्गावरील सात खाडी पुलांच्या कामांचे भूमिपूजन दूरदृश्य प्रणालीद्वारे



एकनाथ शिंदे
मुख्यमंत्री

रविवार, दि. १३ ऑक्टोबर २०२४ रोजी, सकाळी ११.०० वा | स्थळ : ठाणे खाडी पूल, मानखुर्द बाजू

शुभहस्ते
एकनाथ शिंदे
मुख्यमंत्री
मुख्य अतिथी
देवेंद्र फडणवीस उपमुख्यमंत्री
अजित पवार उपमुख्यमंत्री
प्रमुख अतिथी
दादाजी भुसे
मंत्री, सार्वजनिक बांधकाम (सार्वजनिक उपक्रम)
विनित
डॉ. अनिलकुमार गायकवाड
उपाध्यक्ष व व्यवस्थापकीय संचालक
महाराष्ट्र राज्य रस्ते विकास महामंडळ (मर्या.)
श्रीमती. मनिषा पाटणकर - म्हैसकर, भा.प्र.से
अपर मुख्य सचिव
सार्वजनिक बांधकाम विभाग



देवेंद्र फडणवीस उपमुख्यमंत्री
एकनाथ शिंदे मुख्यमंत्री
अजित पवार उपमुख्यमंत्री
दादाजी भुसे मंत्री, सार्वजनिक बांधकाम (सार्वजनिक उपक्रम)

सायन पनवेल महामार्गावरील ठाणे खाडी पुल क्र. 3
- प्रकल्पामधील कामाचा वाव : प्रत्येकी ३ मार्गिकेचे २ पूल बांधणे (मुंबईहुन पुण्याकडे जाणारी उत्तर वाहिनी काम पूर्ण व पुण्याहून मुंबईकडे जाणारी दक्षिण वाहिनी काम प्रगतीपथावर)
- प्रकल्पाची एकूण किंमत : रु. ५५९ कोटी.
- पुलाची लांबी : ३१८० मी.
- सद्यास्थितीत उत्तर वाहिनी पुलाचे काम पूर्ण करुन ती वाहतूकीस खुली करण्यात येत आहे.

रेवस ते रेडी (सिंधुदुर्ग) या सागरी महामार्गावरील ७ पुलांच्या कामाचे भूमिपूजन (दूरदृश्य प्रणाली द्वारे)
- रेवस ते रेडी (सिंधुदुर्ग) सागरी महामार्गाची एकूण लांबी : ४९८ किमी.
- पर्यटनाच्या दृष्टीने अत्यंत महत्वाचा महामार्ग, कोकण किनारपट्टी वरील सर्व सागरी किनारे यांना गतिमान महामार्गाने जोडणारा प्रकल्प.
- सागरी महामार्गावरील खालील नमुद ७ पुलांचे भूमिपूजन आज होत आहे.
- सर्व ७ पुलांची एकूण लांबी २६.७० किमी आणि एकूण प्रशासकीय मान्यता रु. ७८५१ कोटी इतकी आहे.

रेवस- कांरजा भागातील धरमतर खाडीवरील पुल :
- एकूण लांबी : १०.२० किमी.
- प्रशासकीय मान्यता : रु. ३०५७ कोटी
- पुलाचा प्रकार : स्टिल ब्रिज (लोखंडी पुल)
- कामाची मुदत : ३ वर्ष – २०२७ मध्ये पूर्ण होईल.

रेवदांडा- साळाव भागातील कुंडलिका खाडीवरील पुल :
- एकूण लांबी : ३.८२ किमी.
- प्रशासकीय मान्यता रक्कम : १७३६ कोटी
- पुलाचा प्रकार : केबल स्टे
- कामाची मुदत : ३ वर्ष

दिघी आगरदांडा भागातील आगरदांडा खाडीवरील पुल :
- एकूण लांबी : ४.३१ किमी.
- प्रशासकीय मान्यता रक्कम : १३१५ कोटी.
- पुलाचा प्रकार : केबल स्टे
- कामाची मुदत : ३ वर्ष

बागमांडला वेश्वी भागातील बाणकोट खाडीवरील पुल :
- एकूण लांबी : १.७११ किमी.
- प्रशासकीय मान्यता रक्कम : रु. ४०८ कोटी
- पुलाचा प्रकार : केबल स्टे
- कामाची मुदत : ३ वर्ष

केळशी भागातील केळशी खाडीवरील पुल :
- एकूण लांबी : ६७० मी.
- प्रशासकीय मान्यता रक्कम : रु. १४८ कोटी
- पुलाचा प्रकार: बॉक्स गर्डर
- कामाची मुदत : ३ वर्ष

जयगड खाडीवरील पुल :
- एकूण लांबी : ४.४० किमी.
- प्रशासकीय मान्यता रक्कम : रु. ९३० कोटी
- पुलाचा प्रकार : केबल स्टे
- कामाची मुदत : ३ वर्ष

कुणकेश्वर येथील पुलाचे बांधकाम
- एकूण लांबी : १५८० मी.
- प्रशासकीय मान्यता रक्कम : रु. २५७ कोटी
- पुलाचा प्रकार : केबल स्टे

(ROC-C4477)

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Weekly) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1689/1957.** ''મુંબઈ સમાચાર સાપ્તાહિક'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1689/1957.**